BAOU
Education for All

ડો.બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# MASTER IN
# SOCIAL WORK



## MSW-105
## સામાજિક સમસ્યાઓ

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# MSW-105
# સામાજિક સમસ્યાઓ
# Social Problems

વિભાગ

# 1

## સામાજિક સમસ્યાઓનો પરિચય

એકમ-1 સામાજિક સમસ્યાઓનો પરિચય

એકમ-2 સામાજિક સમસ્યાઓના તત્ત્વો અને કારણો

એકમ-3 સામાજિક સમસ્યાના પ્રકાર

એકમ-4 સામાજિક સમસ્યાઓના અભિગમો

**ISBN : 978-81-943679-2-5**


**લેખક**

| | |
|---|---|
| **ડૉ. અલ્પેશ પ્રજાપતિ** | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>સમાજશાસ્ત્ર વિભાગ, શ્રી આર. કે. પરીખ<br>આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદ. |

**પરામર્શક (વિષય)**

| | |
|---|---|
| **ડૉ. શિવાની મિશ્રા** | ડાયરેક્ટર<br>સમાજકાર્ય વિભાગ,<br>સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર. |

**પરામર્શક (ભાષા)**

| | |
|---|---|
| **પ્રિ. ઘનશ્યામ કે. ગઢવી** | નિવૃત્ત પ્રિન્સિપાલ<br>શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ<br>કૉલેજ, મહેસાણા |


**Edition : 2020**

**Copyright©2020 Knowledge Management & Research Organization.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## MSW-105 સામાજિક સમસ્યાઓ

**વિભાગ-1 : સામાજિક સમસ્યાઓનો પરિચય**

એકમ-1 સામાજિક સમસ્યાઓનો પરિચય

એકમ-2 સામાજિક સમસ્યાઓના તત્ત્વો અને કારણો

એકમ-3 સામાજિક સમસ્યાના પ્રકાર

એકમ-4 સામાજિક સમસ્યાઓના અભિગમો

**વિભાગ-2 : સામાજિક સમસ્યાઓ, તેના ઉકેલ અને સમાજ કાર્યકરની ભૂમિકા ભાગ-1**

એકમ-1 ગરીબી

એકમ-2 બેકારી

એકમ-3 ભિક્ષાવૃત્તિ

એકમ-4 અસ્પૃશ્યતા

એકમ-5 મદ્યપાન

એકમ-6 નશાખોરી

**વિભાગ-3 : સામાજિક સમસ્યાઓ અને તેના ઉકેલો અને સમાજકાર્યકરની ભૂમિકા ભાગ-2**

એકમ-1 બાળકો સબંધિત સામાજિક સમસ્યાઓ : બાળ તસ્કરી, બાળ દુરપયોગ

એકમ-2 મહિલાઓ સબંધિત સામાજિક સમસ્યાઓ : દહેજ, મહિલા વિરુદ્ધ હિંસા

એકમ-3 કિશોર કે બાળ-અપરાધ

એકમ-4 એચ.આઈ.વી./એઈડ્સ

**વિભાગ-4 : સામાજિક સમસ્યાની સારવાર પદ્ધતિઓ**

એકમ-1 સામાજિક નીતિ

એકમ-2 સામાજિક ફાયદા

એકમ-3 સામાજિક ક્રિયા

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાંથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

## પ્રસ્તાવના

દૂરવર્તી શિક્ષણની અભ્યાસ-સામગ્રી તૈયાર કરવા માટે વિવિધ બાબતોની કાળજી રાખવાની થાય છે. પ્રસ્તુત પુસ્તક દરેક વિદ્યાર્થીની અધ્યયન વિષયક સજ્જતા કેળવવામાં સહાયક નીવડશે તેવી શ્રદ્ધા છે. વિષયલક્ષી વિભાવનાઓની સરળ સમજ આ પુસ્તિકાને વિદ્યાર્થીભોગ્ય બનાવે છે.

આશા છે કે, સ્વ-અધ્યયન અને અધ્યાપનના ક્ષેત્રે આ પ્રકારની અભ્યાસ-સામગ્રી વિષયક્ષેત્રની સમજનો વિસ્તાર કરશે. કારકિર્દી ઘડતરના નિર્ણાયક તબક્કે આપને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ.

## ઘટક પરિચય :

પ્રસ્તુત વિભાગ કુલ ચાર એકમોમાં વિભાજીત છે, જેમાં સામાજિક સમસ્યાની પ્રાથમિક સમજ તેમજ સામાજિક સમસ્યાઓનો વૈજ્ઞાનીક ખ્યાલ રજૂ કરવામાં આવ્યો છે. સામાજિક સમસ્યાઓનો તત્ત્વો, લક્ષણો, કારણો, પ્રકારો તેમજ અભિગમોની જુદાજુદા સાહિત્યિક સ્ત્રોતો અને સંદર્ભમાં રજૂ કરવામાં આવી છે.

પ્રથમ એકમમાં સામાજિક સમસ્યાની વ્યાખ્યા, અર્થ, વિભાવના અને સામાજિક સમસ્યાની લાક્ષણિકતાઓ રજૂ કરવામાં આવી છે. બીજા એકમમાં સામાજિક સમસ્યાઓના તત્ત્વો અને વિવિધ કારણોની રજૂઆત કરવામાં આવી છે.

ત્રીજા એકમમાં સામાજિક સમસ્યાઓના પ્રકારો જેમાં શારીરિક સમસ્યાઓ, સહાયક સમસ્યાઓ અને નૈતિક સમસ્યાઓની ચર્ચા કરવામાં આવી છે. સાથે સાથે સામાજિક સમસ્યાઓના આર્થિક પરિબળો, સાંસ્કૃતિક પરિબળો, જૈવિક પરિબળો તેમજ માનસિક પરિબળોને આધારે વર્ગીકરણ રજૂ કરવામાં આવ્યું છે.

ચોથા એકમમાં સામાજિક સમસ્યાઓના વિવિધ અભિગમો જેવાંકે સામાજિક રોગનિદાનશાસ્ત્ર, સામાજિક વિઘટન-અભિગમ, મૂલ્ય-સંઘર્ષ અભિગમ, વિચલિત-વર્તન અભિગમ લેબલિંગ અભિગમની ચર્ચા કરવામાં આવી છે.

## ઘટકના હેતુઓ :

1. સામાજિક સમસ્યાઓને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી સમજવી.

2. સામાજિક સમસ્યાઓના પ્રકારો અને પરિબળો સમજવા.

3. સામાજિક સમસ્યા સંબંધિત વિવિધ અભિગમોથી પરિચય મેળવવો.

4. સામાજિક સમસ્યાઓ તરફ વૈજ્ઞાનિક અભિગમ કેળવવો.

# એકમ–1 સામાજિક સમસ્યાનો પરિચય

## : એકમનું માળખું :

1.1 પ્રસ્તાવના

1.2 એકમના હેતુઓ

1.3 સામાજિક સમસ્યાની વ્યાખ્યા, અર્થ અને વિભાવના

1.4 સામાજિક સમસ્યાનો ખ્યાલ અને લાક્ષણિકતાઓ

1.5 તમારી પ્રગતિ ચકાસો

1.6 ઉપસંહાર

1.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1.8 ચાવીરૂપ શબ્દો

1.9 સ્વાધ્યાય લેખન

1.10 પ્રવૃત્તિ

1.11 કેસ સ્ટડી

1.12 સંદર્ભગ્રંથ

## 1.1 પ્રસ્તાવના

સામાજિક સમસ્યાઓ માનવ સંબંધોની સમસ્યા છે, જે સમાજ માટે ગંભીર ખતરો ઉત્પન્ન કરે છે. સામાજિક સમસ્યાઓ સમાજ કે વ્યક્તિઓની ધ્યેય પ્રાપ્તિમાં બાધક બને છે. સામાજિક સમસ્યા એક એવી પરિસ્થિતિ છે, જેને સમાજના મોટાભાગના વ્યક્તિઓ સામાજીક નિયમો કે ધોરણોનું વિચલન માનતા હોય. સામાજિક સમસ્યા એક એવી સ્થિતિ, જેને સમાજના મોટાભાગના વ્યક્તિઓ પ્રભાવિત થતા હોય, અને આવી પરિસ્થિતિને દૂર કરવા માટે સામૂહિક પ્રયત્નો અનિવાર્ય હોય. સમાજ એક રચાનાતંત્રીય અને કર્યાત્મક વ્યવસ્થાનું માળખું છે. સામાજિક વ્યવસ્થાનું સુચારુ સંચાલન અને વ્યવસ્થાની જાળવણી માટેના ધોરણો સમાજમાં વિદ્યમાન હોય છે, જયારે-જયારે આ ધોરણોનું ઉલ્લંઘન થાય છે ત્યારે-ત્યારે સામાજિક વિચલન કે વિઘટન પેદા થાય છે જેના-થકી સામાજિક સમસ્યાઓનું નિર્માણ થવા પામે છે. આમ પ્રચલિત સામાજિક ધોરણો અને નૈતિક-મૂલ્યો વિરુધ્ધના વર્તનને સમજાવતી પરિસ્થિતિ એટલે સામાજિક સમસ્યા. સામાજિક સમસ્યા એક એવું વર્તન છે જેને મોટાભાગના વ્યક્તિઓ સામાજિક વ્યવસ્થા માટે ધોરણભંગ કે ધોરણોનું ઉલંઘન માનતા હોય છે. સામાજિક સમસ્યા સાપેક્ષ ખ્યાલ છે, એક સમુદાય કે જૂથ માટે જે પરિસ્થિતિ સામાજિક સમસ્યા હોય તેજ પરિસ્થિતિ બીજાં સમુદાય કે જૂથ માટે સામાજિક સમસ્યા નપણ હોય. આથી સામાજિક સમસ્યાને જેતે સંદર્ભમાળખામાં સમજવાનો પ્રયત્ન કરવો અનિવાર્ય છે. સામાજિક સમસ્યાના સ્વરૂપને જેતે સામાજિક-વ્યવસ્થામાં જેતે સ્થળ અને કાળના અનુસંધાનમાં સમજવી જોઈએ. સામાજિક સમસ્યા એક સાપેક્ષ ખ્યાલ છે, ઉદાહરણ તરીકે આઝાદી પહેલાં ભારતમાં બાળલગ્ન સામાજિક સમસ્યા નહોતી પરંતુ જેમ-જેમ સામાજિક પરિવર્તનો આવતા ગયા, શિક્ષણ વધતું ગયું જેને કારણે પ્રવર્તમાન સમયમાં બાળલગ્ન એક સામાજિક સમસ્યા છે. સામાજિક સમસ્યાઓ સમાજની પ્રગતિ અને વિકાસમાં બાધક બને છે, માટે આ પ્રકારની સમસ્યાત્મક પરિસ્થિતિઓને દૂરકરવી અનિવાર્ય હોય છે. કોઈપણ સામાજિક સમસ્યાને દૂર કરવા માટે સમસ્યાના વાસ્તવિક કારણો શોધવા જરૂરી છે, જેના માટે વૈજ્ઞાનિક સંશોધનો અનિવાર્ય બની રહે છે. સમાજ-કાર્યકર તરીકે સામાજિક સમસ્યાના સમાધાનો શોધવા માટે જેતે સામાજિક સમસ્યાના કારણો

શોધવા જરૂરી બની રહે છે, જેને માટે સંશોધનો કરી સમસ્યા ઊભી કરનાર પરિબળો શોધી તેના ઉકેલ માટે પ્રયત્નો થઇ શકે. સમાજ-કાર્યકર દ્વારા સામાજિક સમસ્યાના અભ્યાસો કરતા પહેલા સામાજિક સમસ્યા અંગેનો સિદ્ધાંતિક, પદ્ધતિશાસ્ત્રીય અને સમાજશાસ્ત્રીય ખ્યાલ હોવો અનિવાર્ય છે.

## 1.2 એકમના હેતુઓ

- સામાજિક સમસ્યાનો વૈજ્ઞાનિક ખ્યાલ મેળવવો
- સામાજિક સમસ્યાની વિભાવના સમજવી
- સામાજિક સમસ્યાઓના લક્ષણો સમજવા

## 1.3 સામાજિક સમસ્યાની વ્યાખ્યા, અર્થ અને વિભાવના

સામાજિક સમસ્યા ધોરણભંગ વર્તનનું પરિણામ છે. સામાજિક સમસ્યા એક એવી ધોરણભંગ પરિસ્થિતિ છે, જે પરિસ્થિતિ જે-તે સમાજ કે સમુદાયના મોટાભાગના લોકને પ્રભાવિત કરતી હોય, જેને હાનિકારક માનવામાં આવતી હોય, તેમજ સામૂહિક પ્રયત્નો દ્વારા તેનું નિવારણ લાવી શકાય છે તેવો લોકોમાં વિશ્વાસ હોય જેને સામાજિક સમસ્યા તરીકે ઓળખવામાં આવે છે.

"સામાજિક સમસ્યા એ એવી વર્તણૂક છે કે જેને સામાજિક વ્યવસ્થાનો મોટોભાગ સર્વસામાન્ય અને સ્વીકૃત ધોરણોનું ઉલ્લંઘન ગણે." (Robert Merton and Robert Nisbet:1971:1)

"સામાજિક સમસ્યા સામાજિક આદર્શોનું વિચલન છે, જેનું નિવારણ સામૂહિક પ્રયત્નો થકી શક્ય છે."(Walsh Mary and Furfer:1961:01)

"Social Problems have both subjective and objective aspects. Their subjective aspect appears in the perceptions and evaluations of social conditions by people in the society and their objective aspect in the social condition themselves." (Robert Merton and Robert Nisbet: 1976:13)

સમાજશાસ્ત્રીય વિશ્વકોશ મુજબ "એવી કોઈ આપત્તિજનક અને અનિચ્છનીય દશા, સ્થિત અથવા વહેવાર-પ્રતિમાન જે કોઈ સમાજના મોટાભાગના વ્યક્તિઓ દ્વારા અસહનીય તેમજ નિંદનીય માનવામાં આવે છે, તથા તેના સુધાર અને નિદાન માટે સામૂહિક ક્રિયા આવશ્યક લાગતી હોય, તેને સામાજિક સમસ્યા તરીકે ઓળખવામાં આવે છે. સામાજિક સમસ્યાઓ સામાજિક વહેવારોનું તૂટવું, ભંગ થવું અથવા વિચલનની પરિસ્થિતિને દર્શાવે છે. અપરાધ, ભિક્ષુવૃત્તિ, માદક પદાર્થોનું સેવન અને દૂરુપયોગ, બેકારી, વગેરે સામાજિક સમસ્યાઓના ઉદાહરણ છે. કોઈપણ સામાજિક સ્થિતિ ત્યારે સામાજિક સમસ્યા બને છે, જયારે તે સ્થિતિ સંપૂર્ણ સામાજિક પ્રણાલીને પ્રભાવિત કરે અને વ્યક્તિઓની તેમાં સહભાગિતા હોય. આમ એવી સમસ્યાઓનો પણ સમાવેશ થાય છે જે અંતર્નિહિત સામાજિક પરિસ્થિતિઓને કારણે ઉત્પન થઇ હોય તથા જેના પરિણામો સામાજિક વ્યવસ્થાને પ્રભાવિત કરે છે."(હરિકૃષ્ણ રાવત:1998:339-340)

"સામાજિક સમસ્યા એક એવી સ્થિતિ છે જે મોટાભાગના લોકોને હાનિકારક રીતે પ્રભાવિત કરતી હોય, જેનું નિવારણ સામૂહિક પગલાઓ દ્વારા જ લાવી શકાય છે."(Horton Paul and Leslie: 1960:04)

"સામાજિક સમસ્યા એવી એક પરિસ્થિતિ છે કે જેને વ્યક્તિઓની નોંધપાત્ર સંખ્યા પોતે અપનાવેલ સામાજિક ધોરણોના ભંગ તરીકે ગણતી હોય. આમ, દરેક સામાજિક સમસ્યા વસ્તુલક્ષી પરિસ્થિતિ અને આત્મલક્ષી અર્થઘટનની બનેલી હોય છે."(Fuller Richard and Myers: 1941:324)

"સામાજિક સમસ્યા એટલે એવી કોઈપણ સામાજિક પરિસ્થિતિ, જે સમાજની અંદરના જ યોગ્ય નિરિક્ષકો નોંધપાત્ર સંખ્યાનું ધ્યાન ખેંચે છે અને તે કોઈ એક યા બીજા સ્વરૂપના સામાજિક પગલાં દ્વારા કોઈક ફેર ગોઠવણી અથવા ઉપાય કરવાની માંગ કરતી પરિસ્થિતિ છે એવી લાગણી તેઓમાં પેદા કરે છે."(Case Clarence: 1956:06)

પારિભાષિક કોશ-સમાજશાસ્ત્રમાં સમાજશાસ્ત્રી ડૉ. વિદ્યુત જોષી જણાવે છે કે, "એવી સામાજિક

પરિસ્થિતિ કે જે સમૂહ અથવા સમાજની નોંધપાત્ર સંખ્યાને અસરકર્તા હોય, જેમાં તેમના મહત્ત્વના એક કે તેથી વધુ સામાજિક મૂલ્યો કે ધોરણોનો ભંગ કે અનાદર થાય અથવા તેમનું અસ્તિત્વ જોખમાય કે તેમ થવાનો ગંભીર ભય ઊભો થાય તેમજ જેને લીધે સામાજિક સંબંધો તથા સમાજના કાર્યમાં વિક્ષેપ પડે કે પડવાનો ભય ઊભો થાય તેથી કે અન્ય કારણોસર સંબંધિત લોકોને તે પરિસ્થિતિ અનિચ્છનીય અને નુકસાનકારક લાગે તથા તેવી લાગણીની અભિવ્યક્તિ થાય. આવી પરિસ્થિતિનો ભોગ બનેલ વ્યક્તિઓને તેનું નિવારણ થઇ શકે તેમ છે તેવું લાગે અને નિવારણ માટે સામૂહિક રીતે કોઈક ને કોઈક અસરકારક પગલાં ભરવા જ જોઈએ એવી ઓછેવત્તે અંશે તીવ્ર લાગણી તેમનામાં ફેલાય અને સભ્યો તેના નિવારણ માટે સક્રિય બને તેવી સામાજિક પરિસ્થિતિને સામાજિક સમસ્યા કહેવામાં આવે છે." (ડૉ. વિદ્યુત જોષી:2016:190)

"એક એવી પરિસ્થિતિ છે જે લોકોની નોંધપાત્ર સંખ્યાને અસર કરતી હોય, જેમાં મહત્ત્વના સામાજિક મૂલ્યો કે ધોરણભંગ અથવા અનાદર થાય તો તેમનું અસ્તિત્ત્વ જોખમાવવાનો ગંભીર ભય ઉભો થાય તેમજ જેના લીધે પ્રસ્થાપિત સામાજિક સંબંધો તથા સમાજના ચલનમાં વિક્ષેપ પાડવાનો ભય ઉભો થાય તેને કારણે અથવા અન્ય કારણોસર સંબંધિત લોકોને અનિચ્છનીય અણઘટતી અને નુકસાનકારક લાગે તેવી લાગણી અભિવ્યક્ત થાય તેમજ આ પરિસ્થિતિના નિવારણ માટે કંઈક થઇ શકે તેમ છે એવું લાગે અને એથી આગળ વધીને જ્યારે તેના નિવારણ માટે યોગ્ય અને અસરકારક પગલાં ભરવા જોઈએ એવી લાગણી થોડેઘણે અંશે ફેલાય તેવી સામાજિક પરિસ્થિતિને સામાજિક સમસ્યા કહેવામાં આવે છે." (ડૉ. હર્ષિદા દવે:2016:8-9)

ઉપરોક્ત વ્યાખ્યા પરથી કહી શકાય કે સામાજિક સમસ્યા એવી પરિસ્થિતિ છે, જે લોકોની નોંધપાત્ર સંખ્યા પર અનિચ્છનીય રીતે અસર કરે છે અને આવી પરિસ્થિતિ અંગે સામૂહિક પગલાં અને પ્રયત્નો દ્વારા કઈંક કરી શકાય તેમ છે તેવી માન્યતા લોકો ધરાવતા હોય છે. ભરતીય સમાજના સંદર્ભમાં અનેક સામાજિક સમસ્યાઓ અંગે અભ્યાસો થયા છે, જેમકે ગરીબી, બેકારી, કોમવાદ, ભ્રષ્ટાચાર, મદ્યપાન, નશાખોરી, નશીલા-પદાર્થોની હેરા-ફેરી, છૂટાછેડા, દહેજ, વૃદ્ધોની સમસ્યા, એચ.આઈ.વી./એઇડ્સ, પર્યાવરણ સંબંધિત સમસ્યાઓ, યુવાનોની સમસ્યાઓ, બાળમજુરો, બાળલગ્ન, કિશોરા-અપરાધ, ભ્રૂણહત્યા, માનવ-તસ્કરી જેવી અનેક સામાજિક સમસ્યાઓ અંગે અભ્યાસો થયા છે.

## 1.4 સામાજિક સમસ્યાનો ખ્યાલ અને લાક્ષણિકતાઓ

સામાજિક સમસ્યાને સમજવા માટે સામાજિક સમસ્યાના લક્ષણો સમજવા જરૂરી છે. ઉપરોકત વ્યાખ્યાઓના માધ્યમથી સામાજિક સમસ્યાના કેટલાક સર્વસામાન્ય લક્ષણો નીચે મુજબ તારવી શકાય.

### 1.4.1 એક પરિસ્થિતિ જેની તરફ સમાજનું ધ્યાન ખેંચાય છે

સામાજિક સમસ્યા એક એવી પરિસ્થતિ છે જેની તરફ મોટાભાગના લોકોનું ધ્યાન દોરાય છે. સામાજિક સમસ્યા સમાજ ઉપર દબાણ ઊભું કરે છે, જેને કારણે સમાજના લોકોનું ધ્યાન તે સમસ્યા પર જાય છે. ઉદાહરણ તરીકે ભારતીય સમાજમાં ગરીબી એક એવી સમસ્યા છે જેના પ્રત્યે સમાજના લોકોનું ધ્યાન જાય છે તેમજ તેને દૂર કરવા માટે સરકાર તેમજ અન્ય વ્યવસ્થા પર દબાણ સર્જાય છે. સામાજિક સમસ્યા તરીકે જેને ઓળખવામાં આવે છે તે સામાજિક પરિસ્થિતિ જ હોય છે, કરણ કે તેમાં માનવ વ્યક્તિઓ અને સમૂહો, તેમની વચ્ચે થતી સીધી કે આડકતરી આંતરક્રિયાઓ તેમ જ તેમાંથી તેમની વચ્ચે બંધાતા વિવિધ પ્રકારના સામાજિક સંબંધો અને મૂલ્યો તથા સામાજિક-સાંસ્કૃતિક અન્ય પેદાશો તેમ જ તેના સંદર્ભમાં થતા માનવ વર્તન વ્હવહારો મુખ્યત્વે સંકળાયેલા હોય છે. આમ સામાજિક સમસ્યા એક પરિસ્થિતિ છે જેના તરફ સમાજનો લોકોનું ધ્યાન ખેંચાય છે. ઉદાહરણ તરીકે સમજીએ તો પહેલાના સમયમાં ભ્રૂણહત્યા એક સામાજિક સમસ્યા તરીકે સ્વીકૃત નહોતી પામી, પરંતુ સમયાંતરે સ્ત્રી-પુરષના અસમાન જાતિ-પ્રમાણે અનેક સમસ્યાઓનું સર્જન કરતાં દીકરીઓની ભ્રૂણહત્યા પ્રવતમાન સમયમાં એક સામાજિક સમસ્યા બની ગઈ છે, જેની તરફ સમાજના નોંધપાત્ર લોકોનું ધ્યાન ગયું છે. તેથી જ વર્તમાન સમયમાં 'બેટી બચાઓ, બેટી પઢાઓ' ના સૂત્રને વેગ મળ્યો છે.

### 1.4.2 સમાજના નોંધપાત્ર સંખ્યાને અસરકર્તા

કોઈપણ સામાજિક પરિસ્થિતિને ત્યાં-સુધી સામાજિક સમસ્યા ગણવામાં આવતી નથી જ્યાં સુધી તે સામાજિક વ્યવસ્થાના નોંધપાત્ર સંખ્યાને તે નૈતિક રીતે વાંધાજનક અને ધોરણભંગનું કૃત્ય ન લાગે. કોઈપણ સામાજિક પરિસ્થિતિને સામાજિક સમસ્યા ગણવા માટે નોંધપાત્ર લોકોની સંખ્યાને તે અંગેની ચિંતા અને જાગૃતિ જરૂરી છે. ભૂતકાળમાં ભારતીય સમાજને ઘણી જ્ઞાતિઓમાં દારૂના સેવનને સામાજિક સમસ્યા ગણવામાં નહોતી આવતી, કેમકે મોટાભાગના લોકો તેને સ્વાભાવિક માનતા, પરંતુ વર્તમાન સમયમાં નશાખોરીને સામાજિક સમસ્યા ગણવામાં આવે છે કેમકે નશાખોરી ગુનાનું કારણ અને નૈતિક-મૂલ્યો માટે જોખમરૂપ માનવામાં આવે છે. તથા તેના ઉકેલ માટે જાગૃત થઈ રસ લેતાં થયાં છે. પ્રવર્તમાન ભારતીય સમાજમાં ભ્રૂણહત્યા એક સામાજિક સમસ્યા ગણવામાં આવે છે કેમકે તે સમાજના નોંધપાત્ર લોકોને અસર કરે છે, ધ્યાન ખેંચે છે અને તેના સમાધાન માટે કઈક કરવાની ભાવના કે લાગણી ધરાવે છે. સામાજિક સમસ્યાના સંદર્ભમાં એકલદોકલ ઘટનાઓ સમાજનું ધ્યાનાકર્ષક બનતી નથી પરંતુ જયારે તે સમસ્યા કે પરિસ્થિતિ સામાજિક વ્યવસ્થાના મોટાભાગના વ્યક્તિઓ તેમજ સામાજિક માળખાને નકારત્મક રીતે પ્રભાવિત કરે છે ત્યારે તે સામાજિક સ્થિતિ સમસ્યાના સ્વરૂપ તેરીકે સ્વીકૃતિ પામે છે.

### 1.4.3 સામાજિક ધોરણો અને મૂલ્યોની દૃષ્ટિએ અનિચ્છનીય પરિસ્થિતિ

આજથી સૌ વર્ષ પહેલાં બાળલગ્ન સામાજિક સમસ્યા નહોતી ગણાતી પરંતુ પ્રવર્તમાન સમયમાં સામાજિક ધોરણો અને મૂલ્યોના સંદર્ભમાં તેને સામાજિક સમસ્યા ગણવામાં આવે છે. મહત્ત્વના ગણાતા સામાજિક ધોરણો અને મૂલ્યોની દૃષ્ટિએ સભ્યોને નોંધપાત્ર સંખ્યા કેટલીક સામાજિક પરિસ્થિતિઓને જોખમી, અનિષ્ટ અને અનિચ્છનીય લાગે છે. જેમકે ગુનાખોરીની પરિસ્થિતિ સમાજના ધોરણો અને મૂલ્યોના વિઘટન અને સમાજ માટે જોખમી ગણવામાં આવે છે, તેથી ગુનાખોરી એક સામાજિક સમસ્યા બની ગઈ છે. સામાજિક ધોરણો અને મૂલ્યો સમાજમાં નિયંત્રણ અને વ્યવસ્થાની જાળવણીની મહત્ત્વની ભૂમિકા ભજવે છે; આવા સંજોગોમાં કોઈ સામાજિક પરસ્થિતિ સામાજિક આ ધોરણો અને મૂલ્યો પર અનિચ્છનીય અસરો ઉપજાવે ત્યારે તેને મોટાભાગના લોકો અનિચ્છનીય અને જોખમી પરિસ્થિતિ ગણતા હોય છે, જે એક સામાજિક સમસ્યા તરીકે પરિભાષિત થાય છે. સમય સાથે સામાજિક વ્યવસ્થામાં પરિવર્તનો સ્વાભાવિક છે, સામાજિક ધોરણો અને મૂલ્યો બદલાતી સામાજિક પરિસ્થિતિમાં ઘણીવાર બિનઉપયોગી બનતા હોય છે. તેમના સ્થાને નવા ધોરણો અને મૂલ્યો સમાજમાં સ્થાપિત થતા હોય છે. સમય સાથે આ ધોરણો અને મૂલ્યોમાં પરિવર્તન ન આવે તો તેનાથી સર્જાતી સામાજિક સ્થિતિ સમાજના લોકો માટે અનિચ્છનીય વાતાવરણ સર્જી સામાજિક સમસ્યાઓ માટે જવાબદાર બની જાય છે.

### 1.4.4 સમસ્યાનું નિવારણ જરૂરી અને શક્ય હોય છે

કોઈપણ સામાજિક પરિસ્થિતિ ત્યારેજ સામાજિક સમસ્યા બને જયારે તે પરિસ્થિતિ સમાજના મોટાભાગના લોકોને અનિચ્છનીય લગતી હોય અને તેને સામૂહિક પ્રયત્નો કે પગલાંઓ ભરી નિવારણ લાવી શકાય તેવી ઈચ્છા અને ભાવના હોય. જે સામાજિક સમસ્યાનું નિવારણ શક્ય હોય તેવી પરિસ્થિતિનેજ સામાજિક સમસ્યામાં સમાવી શકાય છે. જેમકે આતંકવાદ એક સામાજિક સમસ્યા છે, જેનું નિવારણ શક્ય અને જરૂરી છે. અનિચ્છનીય, પીડાદાયક કે વિસંગત ગણાતી સામાજિક પરિસ્થિતિનું નિવારણ કે તેમાં સુધારો અથવા પરિવર્તન જરૂરી છે અને તે સાથે તે શક્ય પણ છે એવી સભાનતા અને લાગણી સભ્યોની નોંધપાત્ર સંખ્યા હોવી તે પણ સામાજિક સમસ્યાનું અનિવાર્ય લક્ષણ કહી શકાય. કોઈપણ સામાજિક સમસ્યાનું નિવારણ આવશ્યક હોય છે કેમકે તે સામાજિક વ્યવસ્થા અને સમાજના લોકોના જીવનને પ્રભાવિત કરી બીજે અનેક સમસ્યાઓનું મૂળ બનતી હોય છે.

મ

### 1.4.5 સહિયારા પ્રયત્નો થકી સમસ્યાનું સમાધાન શક્ય હોય તેવી લાગણી

સામાજિક પરિસ્થિતિમાં સુધાર કે પરિવર્તન માટે સભ્યોના સહિયારા પ્રયત્નો કે પગલાંની જરૂર અને તે દ્વારા ઉકેલની શક્યતા અંગની સભાનતા સામાજિક સમસ્યાનું મહત્ત્વનું લક્ષણ છે. સભ્યોની નોંધપાત્ર સંખ્યા એક-યા બીજા પ્રકારના કોઈક સામાજિક સહિયારા પગલાં દ્વારા ફેર-ગોઠવણી અથવા ઉકેલ

માંગતી પરિસ્થિતિ એટલેજ સામાજિક સમસ્યા. એચ.આઈ.વી./એઇડ્સ એક સામાજિક સમસ્યા છે જેને દૂર કરવા માટે સમાજના સહિયાર પ્રયત્નો થકી જાગૃતતા ફેલાવી સમાધાન લાવી શકાય છે. સામાજિક સમસ્યા અનેક લોકો સાથે સંકળાયેલ હોવાને કારણે તેના સમાધાન માટે લોક-ભાગીદારી અને સહિયારો પ્રયત્ન અનિવાર્ય લક્ષણ કહી શકાય. વ્યક્તિઓના એકલદોકલ વૈયક્તિક પ્રયત્નોથી નહિ પરંતુ સહિયારા સામૂહિક પ્રયત્નો પરિસ્થિતિને સુધારવામાં કે અંકુશમાં લાવવામાં ઉપયોગી નીવડી શકે છે. કોઈપણ સામાજિક સમસ્યા આપમેળે દૂર થતી નથી સમસ્યાના કારણો તપાસી સમાજના સહિયારા પ્રયત્નો થકી તેનું સમાધાન શોધી શકાય છે. ઉદાહરણ તરીકે પ્રવતમાન સમયમાં એચ.આઈ.વી./એઇડ્સ જેવી સામાજિક સમસ્યાના સમાધાન માટે સરકાર, સ્વૈચ્છિક સંગઠનો, સમાજ-કાર્યકર અને લોક ભાગીદારીના સહિયારા પ્રયાસો વેગવાન બન્યા છે.

ટૂંકમાં સામાજિક સમસ્યા સામાજિક સમતુલા માટે ઓછેવત્તે અંશે પણ દબાણ ઊભું કરનારી સામાજિક પરિસ્થિતિ છે. આવી પરિસ્થિતિ પ્રત્યે સમાજના મોટાભાગના લોકોને ધ્યાન આપવુજ પડે છે, તેની અવગણના ન થઇ શકે.

આમ ઉપરોક્ત પાંચે લક્ષણો ધરાવનાર સામાજિક પરિસ્થિતિને સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યમાં સામાજિક સમસ્યા તરીકે ઓળખવામાં આવે છે. આમાંથી એકપણ લક્ષણની ગેરહાજરી હોય તો તે સામાજિક પરિસ્થિતિ સમાજશાસ્ત્રીય દૃષ્ટિએ સામાજિક સમસ્યા બની શકતી નથી.

## 1.5 તમારી પ્રગતિ ચકાસો

(1) સામાજિક વિઘટન કોની સાથે સંકળાયેલ ખ્યાલ છે ?

(અ) ધોરણભંગ (બ) સંસ્કૃતિ

(ક) વિચારો (ડ) સમાજ સાથે

(2) "સામાજિક સમસ્યા સામાજિક આદર્શોનું વિચલન છે, જેનું નિવારણ સામૂહિક પ્રયત્નો થકી શક્ય છે."

(અ) Walsh Mary and Furfer (બ) Merton

(ક) Nisbet (ડ) Case Clarence

(3) સામાજિક સમસ્યાનું કયું એક લક્ષણ છે ?

(અ) હેતુઓ (બ) વ્યક્તિગત સમસ્યાઓ

(ક) નોંધપાત્ર સંખ્યાને અસરકરતા (ડ) મૂલ્ય

(4) સામાજિક સમસ્યાનું તત્ત્વ કયું છે ?

(અ) હકારાત્મક (બ) તટસ્થ

(ક) સામાજિક (ડ) હાનિકારક પ્રભાવ

(5) સામાજિક સમસ્યાના નિવારણ માટે કઈ બાબત મહત્ત્વની છે ?

(અ) સામૂહિક પગલાં (બ) પોલિસ

(ક) ન્યાયતંત્ર (ડ) ભેગા થવું

## 1.6 ઉપસંહાર

ઐતિહાસિક સમયથી અનેકવિધ સમસ્યાઓ સામાજિક વ્યવસ્થામાં વિદ્યમાન છે, પરંતુ તેમનો સામાજિક પદ્ધતિશાસ્ત્રીય અભ્યાસ છેલ્લા કેટલાક વર્ષોથી શરૂ થયો છે. કોઈપણ સામાજિક સમસ્યાના સમાધાન માટે સમસ્યાનો વિજ્ઞાનિક દૃષ્ટિકોણથી અભ્યાસ કરી તેના ઉદ્‌ભવ માટેના કારણો જાણવા-સમજવા અનિવાર્ય છે. સામાજિક સમસ્યાની વિભાવના તેમજ લક્ષણો સમજવાથી સામાજિક સમસ્યાના અભ્યાસ માટેનો વૈજ્ઞાનિક ખ્યાલ, સંશોધક કે સમાજ-કાર્યકરમાં આવે છે. અભ્યાસના માધ્યમથી કોઈપણ સામાજિક સમસ્યાઓનો અભ્યાસ કરી તેના ઉકેલ માટેના સામૂહિક પ્રયત્નોના સૂઝાવ આપી શકાય.

## 1.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો (MCQ)

પ્રશ્ન-1- (અ)

પ્રશ્ન-2- (અ)

પ્રશ્ન-3-(ક)

પ્રશ્ન-4-(ડ)

પ્રશ્ન-5-(અ)

## 1.8 ચાવીરૂપ શબ્દો

**1. સામાજિક સમસ્યા**

"સામાજિક સમસ્યા એવી એક પરિસ્થિતિ છે કે જેને વ્યક્તિઓની નોંધપાત્ર સંખ્યા પોતે અપનાવેલ સામાજિક ધોરણના ભંગ તરીકે ગણતી હોય. આમ દરેક સામાજિક સમસ્યા વસ્તુલક્ષી પરિસ્થિતિ અને આત્મલક્ષી અર્થઘટનની બનેલી હોય છે."(Fuller Richard and Myers:1941:324)

**2. સામાજિક વિઘટન**

રોનાલ્ડ વારેનેના મતે "સામાજિક વિઘટન એટલે સમાજમાં એકાત્મકતાની ઉણપ, સંસ્થાઓમાં એકીકરણનો અભાવ અને સામાજિક નિયંત્રણના સાધનોની અપર્યાપ્તતા જોવા મળે છે." (Roland Warren: 1949:84).

**3. ધોરણભંગ વર્તન**

"સ્વાભાવિક વર્તનના નિયમભંગને ધોરણભંગ વર્તન કહે છે. સમાજશાસ્ત્રીય અભ્યાસો વ્યક્તિગત અને સમૂહના વર્તનને અસાધારણ વર્તન તરીકે ગણાવે છે. સામાજિક અને મનોવૈજ્ઞાનિક રીતે જોઈએ તો અલગ અલગ સંસ્કૃતિ, સામાજિક પરિસ્થિતિ તેમજ ઐતહાસિક પરિસ્થિતિના તફાવતોને શોધી શકાય. સમાજમાં સામાજિક પ્રવૃત્તિઓ દ્વારા અસાધારણ વર્તનનો ચોક્કસ ખ્યાલ આવી શકે."(ડૉ. જોષી વિદ્યુત:2016:68)

**4. સામાજિક અભિગમ**

સામાજિક અભિગમ એટલે કોઈપણ પરિસ્થિતિને સામાજિક દૃષ્ટિકોણથી તપાસવી, સંશોધન અને પરિસ્થિતિનું અર્થઘટન કરી વિજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત કરવી. ઘટના કે પરિસ્થિતિ બનાવ પાછળ રહેલા સામાજિક કારણો અને પરિબળોને તપાસવાનો દૃષ્ટિકોણ એટલે સામાજિક અભિગમ.

**5. સામૂહિક પ્રયત્ન**

કોઇપણ સામાજિક સમસ્યાના સમાધાન હેતુ જન-ભાગીદારીના માધ્યમથી જેતે સમસ્યાનું સમાધાન શોધવા અને હળવી કરવા માટે કરવામાં આવતા પ્રયાસો એટલે સામૂહિક પ્રયત્ન. કોઈપણ સમુદાયના મોટાભાગના લોકો એક મત થઇ સમસ્યા કે પરિસ્થિતિને દૂર કરવા માટે કરતા ઉપાયોને સામૂહિક પ્રયત્ન તરીકે પરિભાષિત કરી શકાય.

## 1.9 સ્વાધ્યાય લેખન

(1) સામાજિક સમસ્યાની વિભાવના સમજાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(2) સામાજિક સમસ્યાની વ્યાખ્યા આપી, સામાજિક સમસ્યાઓના લક્ષણો સમજવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 1.10 પ્રવૃત્તિ

(1) તમારા વિસ્તારની કોઈ એક સમસ્યાના કારણો તપાસો

## 1.11 કેસ સ્ટડી

(1) નિસંતાન દંપતીનો એકમ અભ્યાસ કરી તેમની સમસ્યાઓ જાણો

## 1.12 સંદર્ભગ્રંથ


(1) Merton Robert K. And Nisbet Robert (1971 and 76), Contemporary Social Problems, Harcourt Brace íLkovanovich, Inc., New York (3rd and 4th Edition)

(2) Horton Paul B. and Leslie Gerald R. (1960), the Sociology of Social Problems, Appleton Century Inc. New York. (Second edition and Fourth edition)

(3) Fuller Richard C. and Myers R. (íLkune-1941) the Natural History of a Social Problem, American Sociological Review.

(4) Case Clarence M. (1956) Analyzing Social Problems (Revised edition), The Dryden Press, New York.

(5) Roland L. Warren (1949) American Sociological Review, Vol-14,

(5) ડૉ. આહુજા રામ,(હિન્દી) મીનાક્ષી પ્રકાશન, બેગમ બ્રીજ, મેરઠ.

(6) પટેલ હસમુખભાઈ (1976) રચના પ્રકાશન, નવરંગપુરા, અમદાવાદ.

(7) પટેલ જી. જે. અને શુક્લ એન.પી.(1976) સી. જમનાદાસની કંપની, તિલક માર્ગ, અમદાવાદ.

(8) શાહ એ.જી. અને જગદીશ કે. દવે (1993)અનડા બુક ડીપો, ગાંધી-માર્ગ, અમદાવાદ.

(9) ડૉ. દવે હર્ષિદા એચ. (2016) સામાજિક સમસ્યાઓ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(10) રાવત હરિકૃષ્ણ (2002) સમાજશાસ્ત્ર વિશ્વકોશ, રાવત પબ્લિકેશન, જયપુર.(હિન્દી)

(11) યંગ કિમ્બાલ અને રેમંડ ડબ્લ્યું મેક (હિન્દી), સમાજશાસ્ત્રના સિદ્ધાંતો, ઇવાન્સટન, ઇલિનોય.

(12) ઘુર્યે ગોવિંદ સદાશિવ (1961) પોપ્યુલર પ્રકાશન, તાડદેવ રોડ, મુંબઈ,(હિન્દી)

(13) સિહ રામ ગોપાલ (1987), ભારતમાં સામાજિક પરિવર્તન અને સામાજિક સમસ્યાઓ, મધ્યપ્રદેશ હિન્દી ગ્રંથ અકાદમી, ભોપાલ.

(14) ગોયલ દ્વારકાદાસ (1976), કૈલાશ પુસ્તક સદન, ગ્વાલિયર, ભોપાલ (હિન્દી)

(15) દુબે સરલા (1971) સામાજિક વિઘટન અને સુધાર, સરસ્વતી સદન, જવાહરનગર, દિલ્લી (હિન્દી)

(16) રાવત હરિકૃષ્ણ (2007), સમાજશાસ્ત્રીય ચિંતક અને સિદ્ધાંતકાર,રાવત પબ્લિકેશન, જયપુર. (હિન્દી)

(17) ઠાકોર જયશ્રી બી. (1974) સામાજિક કાર્યની પદ્ધતિઓ વ્યક્તિગત કાર્ય, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

(18) શ્રીનિવાસ એમ.એન.(1966) આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન, રાજકમલ પ્રકાશન પ્રાઈવેટ લિમીટેડ, દિલ્લી, (હિન્દી)

(19) ડૉ. જોષી વિદ્યુત (2016) પારિભાષિક કોશ-સમાજશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ

(20) ડૉ. પ્રસાદ ગોવિંદ (2007), આધુનિક સમાજની સમસ્યાઓ, ડીસ્કવરી પબ્લિશિંગ હાઉસ, નવી દિલ્લી. (હિન્દી)

(21) ડૉ. ત્રિપાઠી આર. એન. (2011) સમકાલીન ભારતની સામાજિક સમસ્યાઓ, શિવાંક પ્રકાશન, નવી દિલ્લી. (હિન્દી)

(22) વર્મા જ્યોતિ (2007) સામાજિક સમસ્યાઓ, ડીસ્કવરી પબ્લિશિંગ હાઉસ, નવી દિલ્લી. (હિન્દી)

(23) શર્મા ઋચા (2011)ભારતમાં સામાજિક સમસ્યાઓ, સાગર પુબ્લીશર્સ, જયપુર (હિન્દી)

# એકમ–2 સામાજિક સમસ્યાઓના તત્ત્વો અને કારણો

## : એકમનું માળખું :


**2.1 પ્રસ્તાવના**

**2.2 એકમના હેતુઓ**

**2.3 સામાજિક સમસ્યાના તત્ત્વો**

**2.4 સામાજિક સમસ્યાના કારણો**

**2.5 તમારી પ્રગતિ ચકાસો**

**2.6 ઉપસંહાર**

**2.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**2.8 ચાવીરૂપ શબ્દો**

**2.9 સ્વાધ્યાય લેખન**

**2.10 પ્રવૃત્તિ**

**2.11 કેસ સ્ટડી**

**2.12 સંદર્ભગ્રંથ**


## 2.1 પ્રસ્તાવના

કોઈપણ સામાજિક સમસ્યાને વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં સમજવા માટે સમસ્યાના તત્ત્વો અને કારણો જાણવા અનિવાર્ય છે. સમાજ-કાર્યકર તરીકે સામાજિક સમસ્યાઓના સમાધાન હેતુ જેતે સામાજિક સમસ્યાના વસ્તુલક્ષી અને આત્મલક્ષી પાસાંઓને સમજવા જરૂરી છે. સામાજિક સમસ્યા એવી પરિસ્થિતિ છે, કે જે સમાજના મોટાભાગના લોકો ઉપર અનિચ્છનીય અસરો પેદા કરતી હોય અને સામાજિક વ્યવસ્થા માટે ખતરો ઊભો કરતી હોય. દરેક સામાજિક સમસ્યાને મૂળથી દૂર કરવી શક્ય ના હોય અથવા-તો તેમાં લાંબો સમય માંગી-લે તેમ હોય ત્યારે સમસ્યાને હળવી કરવામાં સામાજિક કાર્યકરની ભૂમિકા મહત્ત્વની બની જાય છે. સામાજિક કાર્યકર કોઈપણ સામાજિક સમસ્યાને વિજ્ઞાનિક દષ્ટિકોણથી તપાસી, સંશોધન કરી તેના તત્ત્વો અને કારણો સમજી તે સામાજિક સમસ્યાના સમાધાન માટેના પ્રયત્ન કરતો હોય છે. સામાજિક સમસ્યાના તત્ત્વો અને કારણો થકી જ ભવિષ્યના આયોજન કરી સમસ્યાને હળવી કે દૂર કરી શકાય છે. માટે સામાજિક સમસ્યાના કેટલાંક સર્વસામાન્ય તત્ત્વો અને કારણો નીચે મુજબ છે. સામાજિક સમસ્યા એક સાપેક્ષ ખ્યાલ હોવાથી ભિન્ન-ભિન્ન સામાજિક સમસ્યાઓના તત્ત્વો અને કારણો ભિન્ન-ભિન્ન હોય શકે છે.

## 2.2 એકમના હેતુઓ

- સામાજિક સમસ્યાના સર્વસામાન્ય કારણો સમજવા
- સામાજિક સમસ્યાના તત્ત્વો સમજવા
- સામાજિક સમસ્યાઓનો વૈજ્ઞાનિક ખ્યાલ મેળવવો.

## 2.3 સામાજિક સમસ્યાના તત્ત્વો

હાર્ટન અને લેસ્લે (Horton and Leslie) એ સામાજિક સમસ્યાના ચાર તત્ત્વો પોતાની પુસ્તક The Sociology of Social Problems (1960)માં ચર્ચા કરી છે.

### 2.3.1 એક એવી સ્થિતિ જે મોટાભાગના લોકોને પ્રભાવિત કરે

સામાજિક સમસ્યા એક એવી સામાજિક પરિસ્થિતિ છે, કે જેમાં મોટાભાગના લોકોને પ્રત્યેક્ષ કે પરોક્ષ અસરકર્તા હોય. વ્યક્તિગત સમસ્યાઓ જ્યાં સુધી સમાજના મોટાભાગના વ્યક્તિઓને પ્રભાવિત કે અસર ઉપજાવનાર નહોય ત્યાં સુધી તે પરિસ્થિતિ સામાજિક સમસ્યા બનતી નથી. સામાજિક સમસ્યા મોટાભાગના લોકોને નકારાત્મક પ્રભાવોથી અસરકારક હોય છે. આમ સામાજિક સમસ્યા જેતે સંદર્ભ સમૂહ કે જૂથના મોટાભાગના લોકોને પ્રભાવિત કરી ધ્યાન ખેંચે છે. આમ પ્રભાવનું તત્ત્વ સામાજિક સ્થિતિને સામાજિક સમસ્યા બનાવવા માટે મહત્ત્વનું કહી શકાય.

### 2.3.2 પ્રભાવ હાનિકારક હોય

સામાજિક સમસ્યાનું બીજું મહત્ત્વનું તત્ત્વ એ છે કે, સામાજિક સમસ્યાનો પ્રભાવ હાનિકારક હોય છે, અને આ હાનિકારક અસરોના નિવારણ માટે સમાજના મોટાભાગના વ્યક્તિઓ જોડાવાની ભાવના રાખતાં હોય છે. સમાજમાં ઊભી થતી પરિસ્થિતિ નકારાત્મક અને સામાજિક વ્યવસ્થા માટે જોખમ-કારક અને હાનિકારક હોય તેવું જેતે સમાજ કે સમુદાયનો મોટો વર્ગ સ્વીકારતો હોય તોજ કોઈપણ પરિસ્થિતિ સામાજિક સમસ્યા બંને છે. આમ હાનિકારક પ્રભાવ સામાજિક સમસ્યા માટેનું મહત્ત્વનું તત્ત્વ કહી શકાય. ઉદાહરણ તરીકે ભારતીય સમાજમાં બાળ-મજૂરી એક સામાજિક સમસ્યા છે જે પ્રવર્તમાન અને આવનાર ભારતીય સમાજ માટે જોખમકારક અને હાનિકારક પરિણામો સર્જી શકે છે તેથી બાળ-મજુરી એક સામાજિક સમસ્યાનું સ્વરૂપ છે.

### 2.3.3 નિવારણ શક્ય માનવામાં આવતું હોય

સમાજમાં ઊભી-થતા સામાજિક પ્રશ્નો કે પરિસ્થિતિ ત્યારેજ સામાજિક સમસ્યા બને છે, જયારે તે પ્રશ્ન કે સમસ્યાનું નિવારણ કે સમાધાન માટે પગલાં લઈ શકાય અને ભવિષ્યમાં તે સમસ્યાનું નિવારણ લાવી શકાય તેવી મોટભાગના લોકોની લાગણી હોય. જે સમસ્યાનું નિવારણ શક્ય હોય તેને જ સામાજિક સમસ્યા ગણવામાં આવે છે. આમ સામાજિક સમસ્યામાં નિવારણનું તત્ત્વ મહત્ત્વનું કહી શકાય છે. દહેજ એક સામાજિક સમસ્યા છે જેને દૂર કરવા માટે અનેક સંસ્થાઓ તેમજ સરકાર પ્રયત્નો કરે છે, કેમકે દહેજની સમસ્યાનું નિવારણ શક્ય છે, તેમ માનવામાં આવે છે.

### 2.3.4 નિવારણ સામૂહિક પગલાઓથી શક્ય હોય

કોઈપણ સામાજિક પરિસ્થિતિ ત્યારે સામાજિક સમસ્યા બને જયારે તેના નિવારણ માટે સામૂહિક પ્રયત્નો કે પગલાઓ ભરી દૂર કરવાની શક્યતાઓ હોય.ઉદાહરણ તરીકે ભારતમાં ભ્રષ્ટાચારની સમસ્યાના નિવારણ માટે ભારતના તમામ ક્ષેત્રોમાં, તમામ લોકોના સહિયારા પ્રયત્નો થકી હળવી કરી શકાય, તેવી જ રીતે સામૂહિક પ્રયત્નો થકી આતંકવાદની સમસ્યાનું નિવારણ લાવી શકાય છે. આમ સમાજની પ્રત્યેક સમસ્યાનું સમાધાન કે નિવારણ સામૂહિક ભાગીદારીથી ઝડપથી લાવી શકાય છે.

સામાજિક સમસ્યાના તત્ત્વોના સંદર્ભમાં ત્રણ બાબતો સમજવી અનિવાર્ય છે

**(1) આત્મલક્ષી અને સાપેક્ષતા**

કોઇપણ સામાજિક સ્થિતિને સામાજિક સમસ્યા તરીકે સ્વીકારવી કે નહિ તેનો આધાર સમાજ કે સમૂહની આત્મલક્ષી બાબત છે. કોઈક સામાજિક પરિસ્થિતિને સામાજિક સમસ્યા કહેવી તે આત્મલક્ષી બાબત છે. સમાજના લોકો કઈ પરિસ્થિતિને સામાજિક સમસ્યા તરીકે મુલવે છે તે તેનું આત્મલક્ષી પાસું છે. આમ જેતે પરિસ્થિતિને સમાજના લોકો સામાજિક સમસ્યા તરીકે સ્વીકારે અથવા માને તેન સામાજિક સમસ્યાનું મહત્ત્વનું તત્ત્વ ગણવામાં આવે છે. એક સમાજ કે સમુદાય માટે જે પરિસ્થિતિ સમસ્યા જનક હોય તેજ પરિસ્થિતિ અન્ય સમાજ કે સમુદાય માટે સમસ્યા જનક નાપણ હોય તેવું બની શકે જેનો આધાર પરિસ્થિતિની સાપેક્ષતા અને આત્મલક્ષી તત્ત્વ પર નિર્ભર કરે છે. ઉદાહરણ તરીકે પશ્ચિમના ઘણા સમાજોમાં લીવ ઇન રિલેશનશિપ સામાન્ય બાબત છે જયારે ભારતમાં તેને સામાન્ય બાબત ગણવામાં આવતી નથી.ભારતના અન્ય રાજ્યોમાં જ્યાં દારૂબંધી નથી ત્યાં દારૂ એક સામાજિક દૂષણ નથી જયારે ગુજરાતમાં દારૂને એક દૂષણ ગણવામાં આવે છે.

### (2) જટિલતા

સામાજિક સમસ્યાઓમાં જટિલતાનું તત્ત્વ રહેલું છે. એક સામાજિક સમસ્યા બીજી અનેક સામાજિક સમસ્યાઓ સાથે જોડાયેલી હોય છે. અન્ય સામાજિક બાબતોને જેમ સામાજિક સમસ્યાઓ પણ એકબીજા સાથે ગૂંથાયેલી હોય છે. પરસ્પર કાર્યકારણના સંબંધથી તેઓ સંકળાયેલી હોય છે. જેમકે ગરીબી, બેકારી, વસ્તી વધારો, ગંદાવસવાટ, પ્રાથમિક સુવિધાઓનો અભાવ, ખામીયુક્ત સામાજીકરણ, નિમ્ન-શિક્ષણ વગેરે વ્યક્તિને ગુના કરવા પ્રેરે છે. આમ સામાજિક સમસ્યાઓ પરસ્પર અસરકર્તા અને કાર્યકારણના સંબંધથી ગૂંથાયેલ હોય છે. એટલુ જ નહિ પણ તે સમસ્યાત્મક પરિસ્થિતિ અનેક સામાજિક પરિબળો, પ્રક્રિયાઓ, ઘટનાઓ વગેરે સાથે પણ કાર્યકારણના સંબંધને ઓછેવત્તે અંશે જટિલ રીતે ગૂંથાયેલી હોયજ છે.

### (3) સામાજિક અને કુદરતી સમસ્યાઓ

સામાજિક સમસ્યાઓ અને કુદરતી સમસ્યાનો વચ્ચે કાર્યકારણ સંબંધ રહેલો છે, કુદરતી સમસ્યાઓ અનેક સામાજિક સમસ્યાઓનું સર્જન કરે છે. જેમકે ધરતીકંપ કે દુષ્કાળ એ કુદરતી ઘટનાઓ છે, પરંતુ તેને કારણે ઘણી સામાજિક સમસ્યાઓ ઊભી થાય છે, જેવી કે નિરાધાર બાળકો, સ્થળાંતર, પુનર્વસનના પ્રશ્નો, ચોરી, લુંટ, ગુનાખોરી વગેરે. અટેલે સમસ્યાઓના સામાજિક અને કુદરતી એવા પ્રકારો પાડવા નિર્થક છે.

ઉપરોક્ત સામાજિક સમસ્યાના તત્ત્વો સાથે ઘણીવાર સામાજિક સમસ્યા અણધાર્યા પરિણામો ઉપજાવે છે જેને વિકાર્યા તરીકે ઓળખવામાં આવે છે. જેમકે વધતી જતી ભ્રૂણહત્યા એ પુરુષો માટે ફરજીયાત કુંવારાપણાની સમસ્યાનું સર્જન કર્યુ છે. આમ ઘણીવાર સામાજિક સમસ્યાઓ અણધાર્યા પરિણામો નીપજાવે છે. એક સામાજિક સમસ્યા બીજી અનેક સમસ્યાઓને જન્મ આપી શકે છે તેથી સામાજિક સમસ્યાઓમાં અણધાર્યા પરિણામોનું તત્ત્વ પણ રહેલું છે.

સામાજિક સમસ્યાઓ અંગે ઘણીવાર સમાજમાં કેટલીક ગેરસમજો પણ પ્રવર્તે છે જેમકે સામાજિક સમસ્યાઓ કુદરતી અને અનિવાર્ય છે, સામાજિક સમસ્યાઓ તેમની વાતો અને ચર્ચાઓમાંથી સર્જાય છે, સામાજિક સમસ્યાઓ ખરાબ લોકો ઉત્પન્ન કરે છે, બધાજ લોકોને સમસ્યાનો ઉકેલ લાવવો ગમે છે, સમસ્યા આપ મેળે ઉકેલાઈ જાય છે, સમસ્યા અંગેની હકીકતોની પ્રાપ્તિ સમસ્યાને હલ કરે છે તેમજ સમસ્યાઓ અસામાન્ય, અણધારી અને સમજવી મુશ્કેલ છે. આ પ્રકારની ગેરસમજો દૂર કરવા માટે સમાજ-કાર્યકરે સમસ્યાનું વૈજ્ઞાનિક સંશોધન કરી સમસ્યાના નિવારણ માટે પ્રયત્નો કરવા જોઈએ. સમાજ-કાર્યકરે સમાજના લોકોને સમસ્યાથી જાગૃત કરવાના પ્રયત્નો કરવા જોઈએ, જેથી સામાજિક સમસ્યા અને તેના તત્ત્વોને સમજવાનો લોકોમાં વિજ્ઞાનિક અભિગમ વિકસાવી શકાય.

## 2.4 સામાજિક સમસ્યાના કારણો

પ્રત્યેક સામાજિક સમસ્યા માટે જવાબદાર અનેક પરિબળો હોય છે, તેથી દરેક સામાજિક સમસ્યાને જે તે સમાજના સંદર્ભમાળખાના સંદર્ભમાં સમસ્યાને તપાસવાનો પ્રયત્ન થવો અનિવાર્ય છે, કેમ કે સામાજિક સમસ્યા સાપેક્ષ ખ્યાલ છે. સામાજિક સમસ્યા સાપેક્ષ હોવાને કારણે જેતે સમસ્યાના કારણો જેતે સમુદાય-જૂથ કે સમાજના સંદર્ભમાં શોધવા અને તપાસવા અનિવાર્ય છે. જુદીજુદી સમસ્યાના કારણો જેમ જુદા-જુદા હોય છે તેમ સમાજે-સમાજે સમસ્યાઓનો ખ્યાલ બદલાતો હોય છે. માટે જ સમસ્યાના ઉદ્ભવતાં પરિબળો જે તે સમાજ કે સમુદાયમાં શોધવા જરૂરી છે. આમતો સામાજિક સમસ્યા સાપેક્ષ ખ્યાલ છે, પરંતુ કેટલાક સર્વસામાન્ય કારણો નીચે મુજબ દર્શાવી શકાય છે.

### 2.4.1 વ્યક્તિગત સમાંયોજનમાં નિષ્ફળતા

વ્યક્તિગત સમાંયોજનમાં નિષ્ફળતા માટે સામાજીકરણની ખામીને મહત્ત્વનું પરિબળ માનવામાં આવે છે. જન્મથી અથવાતો કોઈ કારણોસર ખોડ-ખાંપણ ધરાવતી વ્યક્તિને સમાંયોજનમાં મુશ્કેલી ઊભી થતી હોય છે. વ્યક્તિનું સામાજિક અને માનસિક આરોગ્ય સમાજમાં સમાયોજન માટે મહત્ત્વની

ભૂમિકા ભજવે છે. વ્યક્તિ તેના સમાજજીવનમાં અનેક ધોરણ-મૂલ્યો તેમજ સમસ્યાઓથી ઘેરાયેલો છે. ઘણાલોકો સમસ્યામાંથી પોતાની માનસિક ક્ષમતાને આધારે રસ્તો શોધી નાખે છે, જ્યારે કેટલાક વ્યક્તિઓ માટે સમસ્યાઓ બીજી અનેક સમસ્યાઓનું સર્જન કરે છે. આત્મહત્યા એક સામાજિક સમસ્યા છે જેમાં વ્યક્તિ 'એનોમી' ની સ્થિતિમાં સમાજના અન્ય જૂથો અને વ્યક્તિઓથી વિમુખ થઇ ગયાની માનસિકતા અનુભવી આત્મહત્યા કરવા પ્રેરાય છે. વ્યક્તિનું જીવન સામાજિક રીવાજો, ધોરણો અને મૂલ્યોની આસ-પાસ જીવાતું હોય છે, આવા સંજોગોમાં વ્યક્તિએ જીવનના અનેક તબ્બકે સમાયોજન સાધવાની જરૂર પડે છે. આવા સંજોગોમાં વ્યક્તિ જયારે સમાયોજન સાધવામાં નિષ્ફળ જાય ત્યારે સમસ્યાઓનું સર્જન થાય છે. છૂટાછેડા, દહેજ, ઘરેલુહિંસા, ગરીબી, બેકારી, એચ.આઈ.વી. વગેરે સમસ્યાઓ વ્યક્તિગત સામાજિક સમાંયોજનથી ઉભી થતી મુશ્કેલીઓને કારણે સર્જાય છે.

### 2.4.2 સામાજિક માળખામાં દોષ

સામાજિક વ્યવસ્થામાં જેટલા ઝડપથી પરિવર્તનો આવે છે, તેટલા ઝડપથી સામાજિક વ્યવસ્થા અને તેની રૂઢિઓ તેમજ પરંપરાઓમાં પરિવર્તનો આવતા નથી. જેના પરિણામ સ્વરૂપે સામાજિક રચનાતંત્ર અને તેના માળખામાં દોષ ઊભાં થાય છે, જે અનેક સમસ્યાઓ સર્જે છે. ગરીબોની ઉપ-સંસ્કૃતિ તેનું ઉત્તમ ઉદાહરણ છે. વ્યક્તિના યોગ્ય સામાજીકરણમાં સામાજિક માળખાની મહત્ત્વની ભૂમિકા રહેલી છે. જયારે વ્યક્તિને યોગ્ય સામાજિક વાતવરણ ન મળે ત્યારે તે ધોરણભંગ વર્તન તરફ દોરાય છે. અને ધોરણભંગ વર્તન સામાજિક સમસ્યાને જન્મ આપે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો, ઝુપડપટ્ટી અને ગંદા વસવાટમાં ઉછરેલ બાળક જ્યાં દારૂના અડ્ડા અને જુગાર રમાતો હોય તેવા સામાજિક વાતાવરણમાં મોટા થયેલ સંતાનો ગુનાખોરી જેવી સામાજિક સમસ્યામાં સપડાય તેમાં સામાજિક વ્યવસ્થાનો દોષ પણ રહેલો હોય છે. બાળલગ્નને સામાજિક સમસ્યા ગણીએ ત્યારે પરંપરાગત સામાજિક માળખાના દોષ દૃષ્ટિ ગોચર થાય છે. સધરલેન્ડ ગુનાખોરી માટે સમાજ અને તેના માળખાને જવાબદાર ગણે છે, તેવીજ રીતે ભારતીય સમાજમાં અસ્પૃશ્યતા એક સામાજિક સમસ્યા કહી શકાય.

### 2.4.3 સંસ્થાગત સમાંયોજનમાં નિષ્ફળતા

ઘણીવાર વ્યક્તિગત મૂલ્યોમાં આવત પરિવર્તનો અને પરંપરાગત સંસ્થાઓમાં આવતા પરિવર્તનો વચ્ચે પ્રમાણ અને માત્રામાં તફાવત જોવા મળે છે. આવા સંજોગોમાં સમાંયોજનની સમસ્યા પેદા થવાની સંભાવના રહેલી હોય છે. આ પ્રકારની સામાજિક પરિસ્થિતિ વિઘટનને જન્મ આપે છે. ઉદાહરણ તરીકે વર્તમાન સમયમાં યુવાપેઢી પોતની રીતે જીવનસાથી પસંદ કરવા માંગે છે જયારે પરંપરાગત લગ્ન સંસ્થા અને જ્ઞાતિના મૂલ્યો તેમને બંધનમાં બાંધવાનો પ્રયત્ન કરે છે, આવી પરિસ્થિતિમાં ધોરણભંગ વર્તન સર્જાય છે. જેમાં ઘણીવાર આત્મહત્યા, આંતરજ્ઞાતિય કે આંતરધર્મીય જેવી પરિસ્થિતિ ઘણી કુટુંબો માટે સામાજિક પ્રશ્નો સર્જે છે. કુટુંબની ઈચ્છા જ્ઞાતિમાં લગ્નની હોય જયારે યુવાપેઢીની ઈચ્છા જ્ઞાતિ બહાર લગ્નની હોય ત્યારે કુટુંબસંસ્થા અને લગ્નસંસ્થા સાથેના સમાયોજનમાં પ્રશ્નો અને સમસ્યાઓ સર્જાય છે.

### 2.4.4 સામાજિક ધોરણો-રિવાજોમાં ખામી

સામાજિક પરિવર્તન એક નિરંતર ચાલતી પ્રક્રિયા છે. બદલાતી સામાજિક વ્યવસ્થા સાથે સામાજિક ધોરણો અને રિવાજોમાં પરિવર્તનો આવવા જરૂરી છે, પરંતુ આવું ન બને ત્યારે સામાજિક સમસ્યાઓનું સર્જન થાય છે. ભારતની ઘણી જ્ઞાતિઓ આજેપણ બાળલગ્નોની પરંપરા અને રિવાજના મૂલ્યને વળગી રહી છે, જયારે બદલાતા સામાજિક માળખામાં બાળલગ્ન એક સામાજિક સમસ્યા ગણવામાં આવે છે. પ્રવર્તમાન સમયમાં મહિલાઓના કાયદાકીય અધિકારો વધ્યા છે, પરંતુ પરંપરાગત ધોરણો અને રીવાજોને કારણે ભારતીય સમજમાં આજે પણ મહિલાઓને પુરુષ-પ્રધાન સામાજિક વ્યવસ્થાનો ભોગ બનવું પડે છે. લગ્નમાં દહેજ અને કર્યાવર આજે પણ સામાજિક સમસ્યાઓ તરીકે યથાવત છે. ભારતના કેટલા કુટુંબોમાં દીકરીને પિતાની મિલકતમાં અધિકારો મળ્યાં છે તે અભ્યાસનો વિષય છે. આમ સમાજના સામાજિક ધોરણો અને રીવાજોમાં સમય સાથે પરિવર્તનો ન આવતા હોવાને કારણે અનેક સમસ્યાઓ પ્રવર્તમાન સમયમાં ભારતીય સામાજિક વ્યવસ્થામાં જોવા મળે છે.

## 2.5 તમારી પ્રગતિ ચકાસો (MCQ)

(1) હાર્ટન અને લેસ્લેએ સામાજિક સમસ્યાના કેટલાં તત્ત્વો દર્શાવ્યાં છે?

(અ) એક (બ) સાત

(ક) ત્રણ (ડ) ચાર

(2) સામાજિક સમસ્યાનું કારણ કયું છે?

(અ) સામાજિક માળખામાં દોષ (બ) મૂલ્યો

(ક) રિવાજો (ડ) શારીરિક

(3) કેવાં પ્રયત્નો થાકી સામાજિક સમસ્યાનું સમાધાન લાવી શકાય છે?

(અ) સ્વયં (બ) એકલ-દોકલ

(ક) સહિયારા (ડ) મિત્રો દ્વારા

(4) 'The Sociology of Social Problem" પુસ્તકના લેખક કોણ છે?

(અ) હાર્ટન અને લેસ્લ (બ) રોબટ

(ક) નીશ્બતે (ડ) દુખીમ

(5) સંસ્થાગત સમાંયોજનામાં કઈ બાબત મુશ્કેલી ઉભી કરે છે ?

(અ) વ્યક્તિ (બ) રોગ

(ક) ધોરણો (ડ) સામાજિક સમસ્યા

## 2.6 ઉપસંહાર

સામાજિક સમસ્યા એક સાપેક્ષ ખ્યાલ છે. દરેક સામાજિક સમસ્યાના તત્ત્વો અને કારણો તેના સામાજિક માળખાના સંદર્ભમાં તપાસવા અનિવાર્ય છે. સમસ્યા-સમસ્યાએ કારણો અને તત્ત્વો બદલાતાં રહે છે. ઘણી સામાજિક સમસ્યાઓ એકબીજાં સાથે પરસ્પર આંતરક્રિયા સંકળાયેલી હોય છે. એક સમાજ કે સમુદાય માટે જે પરિસ્થિતિ સામાજિક સમસ્યારૂપ હોય તેજ પરિસ્થિતિ બીજાં સમુદાય કે સમાજ માટે સામાજિક સમસ્યા નપણ હોય તેવું બની શકે, માટે સમાજ-કાર્યકરે સામાજિક સમસ્યાના કારણો તેના આનુસંગિક તેમજ સંદર્ભ માળખાને કેન્દ્રમાં રાખીને તપાસવા કે અભ્યાસ કરવો જોઈએ.

## 2.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો (MCQ)

પ્રશ્ન-1-(ડ)

પ્રશ્ન-2-(અ)

પ્રશ્ન-3-(ક)

પ્રશ્ન-4-(અ)

પ્રશ્ન-5-(ડ)

## 2.8 ચાવીરૂપ શબ્દો

### 1. સમસ્યાના તત્ત્વો

સામાજિક સમસ્યાના આત્મલક્ષી અને વસ્તુલક્ષી પાસાઓ એટલે સમસ્યાના તત્ત્વો. સમસ્યાની સાપેક્ષતા અને આત્મલક્ષિતાના તત્ત્વોને લીધે જે એક સમાજ અથવા સમૂહ માટે જે પરિસ્થિતિ સામાજિક સમસ્યા હોય તે બીજા સમાજ કે સમૂહ માટે સામાજિક સમસ્યા હોતી નથી, આમ સામાજિક સમસ્યાનું તત્ત્વ સામાજિક સમસ્યાને પરિભાષિત અને વ્યાખ્યા કરતુ તત્ત્વ એટલે સમસ્યાનું તત્ત્વ. આમ તત્ત્વો સમસ્યાના ઉદ્ભવ, કારણો અને નિવારણ માટેની વ્યાખ્યા કરતું મહત્ત્વનું પરિબળ છે. ટૂંકમાં સામાજિક સમસ્યાની લાક્ષણિક્તાઓ અને સ્વરૂપને સ્પષ્ટ કરતી બાબત એટલે સમસ્યાનું તત્ત્વ.

**2. સમસ્યાના કારણો**

સમાજમાં બનતી ઘટનાઓ વચ્ચે કાર્ય-કારણ સંબંધ જોવા મળે છે. દરેક સામાજિક ઘટનાઓ અને પરિસ્થિતિના સર્જન માટે જવાબદાર પરિબળોને કારણો તરીકે પરિભાષિત કરવામાં આવે છે. સામાજિક સમસ્યાના સર્જન માટેના જવાબદાર પરિબળો કે પરિસ્થિતિને સમસ્યાના કારણો કહેવામાં આવે છે, જેમાં બે ઘટનાઓ વચ્ચેનો કાર્ય-કારણ સંબંધ કે બે પરીવર્ત્યઓ વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરતા વિધાનવાક્યો સમસ્યાના કારણો બને છે. જેમકે જાતીય-શિક્ષણનો અભાવ વ્યક્તિને એચ.આઈ.વી. ગ્રસ્ત બનાવી શકે છે. આમ જાતીય શિક્ષણનો અભાવ એચ.આઈ.વી./એઈડ્સની સમસ્યાનું કારણ બની રહે છે

**3. હાનિકારક પ્રભાવ**

એવી સામાજિક સ્થિતિ કે જે સામાજિક સમૂહ કે તેને આશ્રિત અથવા આધીન સમૂહોની જીવનરીતિ અથવા તેના ભવિષ્યને અસર કરવાની કે નિયંત્રિત કરવાની શક્તિ ધરાવે છે.જે ઘટના, પરિસ્થિતિ કે પ્રભાવ જે સમાજવ્યવસ્થા અને તેના લોકો માટે નકારાત્મક વાતવરણનું નિર્માણ કરતી હોય તેને હાનિકારક પ્રભાવ કહેવાય છે. ખરાબ અસરો એટલે હાનિકારક પ્રભાવ જે તત્કાલીન સામાજિક વ્યવસ્થા સામે જોખમ ઉભી કરતી સ્થિતિ.

**4. સામાજિક માળખું**

"સામાજિક રચાનાતંત્ર એક એવી સંજ્ઞા છે કે જે એકબીજા સાથે સંબંધિત પ્રક્રિયાઓ, એજન્સીઓ અને સામાજિક શૈલીઓ તથા જૂથના સભ્યો જે દરજ્જા અને ભૂમિકા ધરાવે છે તેને વિશિષ્ટ ગોઠવણી માટે ઉપયોગમાં લેવામાં આવે છે. સમાજમાં વ્યક્તિઓ દરજ્જાઓ ધરાવે છે.આ દરજ્જાઓ પરથી ભૂમિકા ભજવાય છે. આ ભૂમિકાઓ અમુક ચોક્કસ સંબંધોમાં અને અમુક પરિસ્થિતિમાં ભજવાય છે. આં રીતે ભૂમિકાઓ વ્યવસ્થિત સામાજિક સંબંધોની ગૂંથણી તૈયાર કરે છે જેને સામાજિક રચના કે માળખું કહેવાય.

રચના એટલે એકબીજા સાથે સંકળાયેલ વિભિન્ન ભાગો-અંગોની ગોઠવણી કે જેનાથી સમગ્ર માળખું તૈયાર થાય છે. ઘર એ ભૌતિક રચના છે કારણકે તે ઇંટો, સિમેન્ટ, રેતી, પાણી, ચૂનો વગેરેની વ્યવસ્થા ગોઠવણીથી તૈયાર થયેલું માળખું છે. કુટુંબ એક સામાજિક રચના છે. તે પતિ-પત્ની અનેક સંતાનોના સંબંધોની ગોઠવણી છે.(ડૉ. જોષી વિદ્યુત:2016:187)

## 2.9 સ્વાધ્યાય લેખન

(1) સામાજિક સમસ્યાની વ્યાખ્યા આપી, સામાજિક સમસ્યાના તત્ત્વો સમજાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(2) સામાજિક સમસ્યાના કારણો ઉદાહરણ સહિત સમજાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 2.10 પ્રવૃત્તિ

(1) સંદર્ભ પુસ્તકોને આધારે કોઈ એક સામાજિક સમસ્યાની પુસ્તકનું કન્ટેન્ટ એનાલિસીસ કરો.

## 2.11 કેસ સ્ટડી

(1) ભારતની કોઈ એક સામાજિક સમસ્યાના કારણોનો અભ્યાસ કરો

## 2.12 સંદર્ભગ્રંથ


(1) Merton Robert K. And Nisbet Robert (1971 and 76), Contemporary Social Problems, Harcourt Brace íLkovanovich, Inc., New York (3rd and 4th Edition)

(2) Horton Paul B. and Leslie Gerald R. (1960), the Sociology of Social Problems, Appleton Century Inc. New York. (Second edition and Fourth edition)

(3) Fuller Richard C. and Myers R. (íLkune-1941) the Natural History of a Social Problem, American Sociological Review.

(4) Case Clarence M. (1956) Analyzing Social Problems (Revised edition), The Dryden Press, New York.

(5) Roland L. Warren (1949) American Sociological Review, Vol-14,

(6) ડૉ. આહુજા રામ,(હિન્દી) મીનાક્ષી પ્રકાશન, બેગમ બ્રીજ, મેરઠ.

(6) પટેલ હસમુખભાઈ (1976) રચના પ્રકાશન, નવરંગપુરા, અમદાવાદ.

(7) પટેલ જી. જે. અને શુક્લ એન.પી.(1976) સી. જમનાદાસની કંપની, તિલક માર્ગ, અમદાવાદ.

(8) શાહ એ.જી. અને જગદીશ કે. દવે (1993)અનડા બુક ડીપો, ગાંધી-માર્ગ, અમદાવાદ.

(9) ડૉ. દવે હર્ષિદા એચ. (2016) સામાજિક સમસ્યાઓ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(10) રાવત હરિકૃષ્ણ (2002) સમાજશાસ્ત્ર વિશ્વકોશ, રાવત પબ્લિકેશન, જયપુર.(હિન્દી)

(11) યંગ કિમ્બાલ અને રેમંડ ડવ્લ્યું મેક (હિન્દી), સમાજશાસ્ત્રના સિદ્ધાંતો, ઇવાન્સટન, ઇલિનોય.

(12) ધુર્યે ગોવિંદ સદાશિવ (1961) પોપ્યુલર પ્રકાશન, તાડદેવ રોડ, મુંબઈ,(હિન્દી)

(13) સિહ રામ ગોપાલ (1987), ભારતમાં સામાજિક પરિવર્તન અને સામાજિક સમસ્યાઓ, મધ્યપ્રદેશ હિન્દી ગ્રંથ અકાદમી, ભોપાલ.

(14) ગોયલ દ્વારકાદાસ (1976), કૈલાશ પુસ્તક સદન, ગ્વાલિયર, ભોપાલ (હિન્દી)

(15) દુબે સરલા (1971) સામાજિક વિઘટન અને સુધાર, સરસ્વતી સદન, જવાહરનગર, દિલ્લી (હિન્દી)

(16) રાવત હરિકૃષ્ણ (2007), સમાજશાસ્ત્રીય ચિંતક અને સિદ્ધાંતકાર,રાવત પબ્લિકેશન, જયપુર (હિન્દી)

(17) ઠાકોર જયશ્રી બી. (1974) સામાજિક કાર્યની પદ્ધતિઓ વ્યક્તિગત કાર્ય, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

(18) શ્રીનિવાસ એમ.એન.(1966) આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન, રાજકમલ પ્રકાશન પ્રાઈવેટ લિમીટેડ, દિલ્લી, (હિન્દી)

(19) ડૉ. જોષી વિદ્યુત (2016) પારિભાષિક કોશ-સમાજશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ

(20) ડૉ. પ્રસાદ ગોવિંદ (2007), આધુનિક સમાજની સમસ્યાઓ, ડિસ્કવરી પબ્લિશિંગ હાઉસ.

# એકમ–3 સામાજિક સમસ્યાઓના પ્રકારો

## : એકમનું માળખું :


**3.1 પ્રસ્તાવના**

**3.2 એકમના હેતુઓ**

**3.3 સામાજિક સમસ્યાઓના પ્રકારો**

**3.3.1 શારીરિક સમસ્યાઓ**

**3.3.2 સહાયક સમસ્યાઓ**

**3.3.3 નૈતિક સમસ્યાઓ**

**3.4 સામાજિક સમસ્યાઓના પરિબળોને આધારે વર્ગીકરણ**

**3.4.1 આર્થિક પરિબળો**

**3.4.2 સાંસ્કૃતિક પરિબળો**

**3.4.3 જૈવિક પરિબળો**

**3.4.4 માનસિક પરિબળો**

**3.5 તમારી પ્રગતિ ચકાસો**

**3.6 ઉપસંહાર**

**3.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**3.8 ચાવીરૂપ શબ્દો**

**3.9 સ્વાધ્યાય લેખન**

**3.10 પ્રવૃત્તિ**

**3.11 કેસ સ્ટડી**

**3.12 સંદર્ભગ્રંથ**


## 3.1 પ્રસ્તાવના

વિશ્વ અને ભારતના ઘણાં સમાજ વૈજ્ઞાનિકો દ્વારા સામાજિક સમસ્યાઓનો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી અભ્યાસ કર્યો છે, આ અભ્યાસોને આધારે સામાજિક સમસ્યાઓના સર્વસામાન્ય પ્રકારો તેમજ પરિબળોની ચર્ચા કરી છે. સામાજિક સમસ્યાના પ્રકારોને બે રીતે વિભાજીત કરી શકાય છે, એક તેમના ઉદભવના કારણોને આધારે અને બીજું સામાજિક સમસ્યાના સ્વરૂપને આધારે. સામાજિક સમ્સ્યાનોને સમજવા માટે સમાજ-કાર્યકરે સામાજિક સમસ્યાનું વર્ગીકરણ અને સમસ્યાના સ્વરૂપને સમજવા અનિવાર્ય છે.દરેક સમાજનું માળખું તે સમાજમાં રહેવાવાળા લોકોની જરૂરિયાતો પુરતી કરવા માટેનું સાધન છે. પરંતુ સમય જતા આ સામાજિક વ્યવસ્થામાં કેટલીક એવી પરિસ્થિતિ પેદા થાય છે જે સામાજિક વ્યવસ્થા માટે જોખમી બની જાય છે, જેને સામાજિક સમસ્યાના સ્વરૂપમાં વર્ગીકરણ કરવામાં આવે છે. સમાજના મોટાભાગના વ્યક્તિઓ સામાજિક અપેક્ષાથી વિપરીત વર્તન કે ભૂમિકા ભજવે છે ત્યારે સામાજિક સમસ્યાઓ પેદા થવાનો ભય રહેલો હોય છે. દરેક સામાજિક સમસ્યાના સમાધાન હેતુ સમાજ-કાર્યકરની ભૂમિકા મહત્ત્વની બની રહે છે. એવી સામાજિક પરિસ્થિતિ કે જે સમૂહ અથવા સમાજની નોંધપાત્ર સંખ્યાને અસરકર્તા હોય, જેમાં તેમના મહત્ત્વના એક કે તેથી વધુ સામાજિક મૂલ્યો કે ધોરણોનો ભંગ કે અનાદર થાય અથવા તેમનું અસ્તિત્વ જોખમાય કે તેમ થવાનો ગંભીર ભય ઊભો

થાય તેમજ જેને લીધે સામાજિક સંબંધો તથા સમાજના કાર્યમાં વિક્ષેપ પડે કે પડવાનો ભય ઊભો થાય તેથી કે અન્ય કારણોસર સંબંધિત લોકોને તે પરિસ્થિતિ અનિચ્છનીય અને નુકસાનકારક લાગે તથા તેવી લાગણીની અભિવ્યક્તિ થાય. આવી પરિસ્થિતિનો ભોગ બનેલ વ્યક્તિઓને તેનું નિવારણ થઇ શકે તેમ છે તેવું લાગે અને નિવારણ માટે સામૂહિક રીતે કોઈક ને કોઈક અસરકારક પગલાં ભરવા જ જોઈએ એવી ઓછેવત્તે અંશે તીવ્ર લાગણી તેમનામાં ફેલાય અને સભ્યો તેના નિવારણ માટે સક્રિય બને તેવી સામાજિક પરિસ્થિતિને સામાજિક સમસ્યા કહેવામાં આવે છે. તેથી સામાજિક સમસ્યાને સમજવા માટે સામાજિક સમસ્યાના પ્રકારો અને વર્ગીકરણ સમજવું જરૂરી બની રહે છે.

## 3.2 એકમના હેતુઓ

- સામાજિક સમસ્યાના પ્રકારો સમજવા
- સામાજિક સમસ્યાનું સ્વરૂપ સમજવું
- સામાજિક સમસ્યાના વર્ગીકરણનો ખ્યાલ પ્રાપ્ત કરવો

## 3.3 સામાજિક સમસ્યાઓના પ્રકારો

સામાજિક સમસ્યા એક સાપેક્ષ ખ્યાલ છે. જેના બે મહત્ત્વના પાસાઓ છે, એક વસ્તુલક્ષી અને બીજું આત્મલક્ષી. સામાજિક સમસ્યાના પ્રકારો પાડતા પહેલા સાપેક્ષતા તેમજ વસ્તુલક્ષી અને આત્મલક્ષી પાસાઓને ધ્યાનમાં રાખવા અનિવાર્ય છે. મોટાભાગની સામાજિક સમસ્યાઓ એકબીજા સાથે આંતર-સંબંધિત હોય છે, જુદાં જુદાં વિદ્વાનોએ સામાજિક સમસ્યાઓના પ્રકારો આપ્યા છે, જેમકે આર્થિક પરિબળો, શારીરિક પરિબળો, સામાજિક-સાંસ્કૃતિક પરિબળો, જૈવિક-વારસા સંબંધિત પરિબળો, ગ્રામીણ-શહેરી પરિબળો, કાર્ય-વિકાર્ય વગેરેને આધારે સામાજિક સમસ્યાઓના પ્રકારો રજૂ કર્યા છે.

નીચે દર્શાવેલ સમસ્યાઓના પ્રકારો વિદ્યાર્થીને સરળ સમજુતી માટે રજૂ કરેલ છે. Fuller Richard C. and Myers R. દ્વારા જુન 1941માં અમેરિકન સોશિયોલોજીકલ રીવ્યુમાં પ્રકાશિત થયેલ પોતાનો લેખ “The Natural History of a Social Problem”ના પેજ નંબર 324 થી 329માં સામાજિક સમસ્યાઓના પ્રકારો નીચે મુજબ પ્રસ્તુત કર્યા છે.

### 3.3.1 શારીરિક સમસ્યાઓ

જૈવિક કે શરીર સંબંધિત સમસ્યાઓને શારીરિક સમસ્યાઓ તરીકે ઓળખવામાં આવે છે. જેમકે શારીરિક ખોડખાંપણ, જન્મજાત રોગો, વારસામાં મળતા શારીરિક-માનસિક રોગો, શીતળા, ટી.બી., કેન્સર વગેરે. સ્વસ્થ અને તંદૂરસ્ત માનવ-શરીર સ્વસ્થ-સમાજના નિર્માણમાં અગત્યની જરૂરિયાત બની રહે છે. કુપોષણ અને પોલિયો એક સામાજિક સમસ્યાઓ છે, જેને શારીરિક સમસ્યા તરીકે પારિભાષિત કરી શકાય. પુર અને દુષ્કાળની સ્થિતિમાં ફેલાતો રોગચાળો અનેક શારીરિક-માનસિક સમસ્યાઓ ઊભી કરે છે. રોગી-શરીર સામાજિક ભૂમિકાને નકરાત્મક રીતે પ્રભાવિત કરી બીજી અનેક સમસ્યાઓનું સર્જન કરે છે.

### 3.3.2 સહાયક સમસ્યાઓ

સહાયક સમસ્યા એટલે મૂળ સમસ્યા માટે બીજી અન્ય સામાજિક સમસ્યાઓ કે પરિસ્થિતિ સહાયક ભૂમિકા ભજવતી હોય, જેમકે જ્યારે કોઈ વ્યક્તિ અપરાધી કે ગુનેગાર બને છે ત્યારે તેના માટે ગરીબી-બેકારી જેવી સામાજિક પરિસ્થિતિ અપરાધી પ્રવૃત્તિ માટે સહાયક કે જવાબદાર હોય છે. વ્યક્તિ જન્મથી ગુનેગાર હોતો નથી પરંતુ સામાજિકરણ દરમ્યાન તેને મળેલ સહાયક પરિબળો તેને અપરાધી બનવા મજબુર કરે છે. ચોરી માટે ગરીબી-બેકારી સહાયક સમસ્યાઓ બની રહે છે. અસુરક્ષિત જાતીય સંબધોની પરિસ્થિતિ એચ.આઈ.વી. જેવાં ચેપનો ભોગ બનાવે છે, અને એચ.આઈ.વી.ગ્રસ્ત બીજી અનેક સામાજિક સમસ્યાઓ માટે સહાયક સમસ્યાનું નિર્માણ કરે છે.

### 3.3.3 નૈતિક સમસ્યાઓ

નૈતિકતા માનવ-સમાજનું મહત્ત્વનું મૂલ્ય છે. સમાજ દરેક વ્યક્તિ પાસેથી નૈતિકતાની અપેક્ષા રાખે છે.

દારૂ પીનાર વ્યક્તિ નશાની હાલતમાં પોતાના નૈતિક વર્તન અને જવાબદારીઓ ભૂલી જાય છે માટે નશાખોરી એક સામાજિક સમસ્યા છે. ભારતીય સમાજમાં લગ્નને હિન્દુ સંસ્કાર માનવમાં આવે છે, પરંતુ જયારે લગ્ન પછી પતિ-પત્ની વચ્ચે સમાંયોજનમાં નિષ્ફળતા છુટાછેડા જેવી સમસ્યાઓને જન્મ આપે છે, આવા છૂટાછેડાને નૈતિક પતનની દૃષ્ટિથી જોવામાં આવે છે. માદક પદાર્થોનું સેવન વ્યક્તિના સામાજિક વર્તનને નકારાત્મક રીતે પ્રભાવિત કરે છે, તેથી તેને નૈતિકતાની સમસ્યા ગણવામાં આવે છે.

સામાજિક સમસ્યાઓના કેટલાંક અન્ય પ્રકારો પણ પડી શકાય છે.

**(1) ધાર્મિક સમસ્યાઓ**

ધાર્મિક આચરણો અને વિચારો સંબંધિત સમસ્યાઓને ધાર્મિક સમસ્યાઓમાં મુકવામાં આવે છે. જેમ કે કોમવાદ, ધર્માંતર સંબંધિત સમસ્યાઓ, ભારતમાં કેટલેક અંશે અસ્પૃશ્યતા અને ભિક્ષાવૃત્તિ વગેરે સમસ્યાઓને ધાર્મિક સમસ્યાઓ તરીકે પરિભાષિત કરવામાં આવે છે.

**(2) રાજકીય સમસ્યાઓ**

આ પ્રકારની સમસ્યાઓમાં રાજ્ય સત્તાવી પ્રાપ્ત, રાજ્યની ચૂંટણી સંબંધિત સમસ્યાઓ, રાજ્ય સંચાલન, રાજકીય સંબંધો, સુરક્ષા, સલામતી, સત્તાપ્રાપ્તિ માટેના પ્રશ્નો જેવી સમસ્યાઓ રાજકીય સમસ્યાઓ તરીકે ઓળખાય છે.

**(3) આર્થિક સમસ્યાઓ**

આર્થિક સમસ્યાઓમાં ગરીબી-બેકારી, ઉત્પાદન, વહેંચણી સાથે સંકળાયેલ સમસ્યાઓને આર્થિક સમસ્યાઓ તરીકે ઓળખવામાં આવે છે. ઉદ્યોગ અને ઉત્પાદન અંગેની વિવિધ સમસ્યાઓ, માલનો ભરાવો, ફુગાવો વગેરે આર્થિક સમસ્યાઓ છે.

**(4) મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ**

મનોવૈજ્ઞાનિક સમસ્યાઓમાં સમાજના સભ્યોના માનસિક પાસાઓને કેન્દ્રમાં રાખી સમસ્યાને તપાસવામાં આવે છે, જેમકે માનસિક તણાવ, હતાંશા, સંઘર્ષ, આત્મહત્યાના વિચારો કરવા, મંદબુદ્ધિ, ગાંડપણ, માનસિક રોગો વગેરે મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ તરીકે ઓળખવામાં આવે છે.

**(5) શૈક્ષણિક સમસ્યાઓ**

શૈક્ષણિક બાબતો સાથે સંકળાયેલ પ્રશ્નોને શૈક્ષણિક સમસ્યાઓ તરીકે પરિભાષિત કરવામાં આવે છે. વિદ્યાર્થી અજંપો અને હતાંશા, શિક્ષક અને વિધ્યાર્થીઓ વચ્ચેનો સંબંધ અને સંઘર્ષ, શિક્ષણ સંબંધિત પ્રશ્નો, પરીક્ષા સંબંધિત પ્રશ્નો અને આત્મહત્યાઓ, શિક્ષણના મૂલ્યો સાથે સંબંધિત સમસ્યાઓ વગેરે સમસ્યાઓને શૈક્ષણિક સમસ્યાઓ તરીકે ઓળખવામાં આવે છે.

**(6) સાંસ્કૃતિક-સામાજિક સમસ્યાઓ**

સાંસ્કૃતિક-સામાજિક સમસ્યાઓમાં લગ્ન-કુટુંબ સંસ્થા સાથે સંબંધિત સમસ્યાઓ. બાળ-લગ્ન, દહેજ, છૂટાછેડા, પડદા કે ઘૂમટાં-પ્રથા, માસિક-ધર્મ દરમ્યાન પડતા બંધનો, કન્યાવિક્રય, વિધવા વગેરે સમસ્યાઓને સાંસ્કૃતિક-સામાજિક સમસ્યાઓ તરીકે ઓળખવામાં આવે છે.

**(7) વસ્તીને લગતી સમસ્યાઓ**

ભારતીય સમાજમાં વસ્તી અને તેને સંબંધિત સમસ્યાઓ વિદ્યમાન છે. વધારે વસ્તી કોઇપણ રાષ્ટ્ર કે સમાજ માટે એક સમસ્યારૂપ સ્થિતિ હોય છે. વસ્તી વધારાને કારણે બીજી અનેક સમસ્યાઓ સર્જાય છે જેને વસ્તી સંબંધિત સમસ્યાઓ તરીકે ઓળખવામાં આવ છે. વસ્તીશાસ્ત્ર સામાજિક બંધારણનો વૈજ્ઞાનિક પરિપ્રેક્ષથી અભ્યાસ કરે છે. જેમાં, જેતે વિસ્તાર કે સમાજમાં વસવાટ કરતા લોકોમાં સ્ત્રી-પુરુષનું પ્રમાણ, વયજૂથ પ્રમાણ, 0 થી 6 વર્ષના બાળકોનું પ્રમાણ. લગ્ન, કુટુંબનો પ્રકાર, ધંધા-રોજગાર, જન્મદર, મૃત્યુદર, સાક્ષારતા દર, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, વ્યંઢળ, વિકલાંગ, ગ્રામીણ-શહેરી વસ્તી અને રહેઠાણ, ગીચતા,

શહેરીકરણ, સ્થળાંતર વગેરે જેવા સમાજ જીવનને સ્પર્શતા મુદ્દાઓનો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી અભ્યાસ કરતુ શાસ્ત્ર છે. સમાજક બંધારણમાં જેતે નિશ્ચિત ભૌગોલિક વિસ્તારમાં વસવાટ કરતા લોકોની આર્થિક પ્રવૃત્તિઓ, ધર્મ અને જાતિ, લિંગ-પ્રમાણ, લગ્ન, કુટુંબ, શહેરી-ગ્રામીણ, વગેરે પાસાઓ અને તેને સંબંધિત સમસ્યાઓનો અભ્યાસ કરવામાં આવે છે.

**(8) જાહેર-આરોગ્ય અને ખોડ-ખાંપણ ધરાવતી વ્યક્તિઓની સમસ્યાઓ**

જાહેર-આરોગ્ય સરકાર અને સમાજની સંયુક્ત જવાબદારી બની રહે છે. જાહેર આરોગ્ય સંબંધિત સમસ્યાઓમાં ચેપીરોગો, જીવલેણ રોગો, એચ.આઈ.વી./એઇડ્સ, શારીરિક સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ, ડૉક્ટર, હોસ્પિટલ, આરોગ્ય સંબંધિત પ્રશ્નો વગેરે જાહેર-આરોગ્યલક્ષી સમસ્યાઓ તરીકે પરિભાષિત કરવામાં આવે છે. અકસ્માત કે જન્મથી અપંગ કે ખોડખાંપણ જેવી વ્યક્તિઓ સંબંધિત સમસ્યાઓને વ્યાખ્યાબદ્ધ કરવામાં આવે છે.

## 3.4 સામાજિક સમસ્યાઓના પરિબળોને આધારે વર્ગીકરણ

કોઈ એક સામાજિક સમસ્યા પેદા થવા માટે એકથી વધારે પરિબળો જવાબદાર હોય છે. સામાજિક સમસ્યાઓ પેદા થવા પાછળના જવાબદાર પરિબળોને આધારે સામાજિક સમસ્યાના પ્રકારો નીચે મુજબ પાડી શકાય છે.

### 3.4.1 આર્થિક પરિબળો

ઘણી સામાજિક સમસ્યાઓનું સર્જન આર્થિક પરિબળોને કારણે થતું હોય છે જેને આર્થિક સમસ્યાઓ કહેવામાં આવે છે. જેમકે આર્થિક અસમાનતા, ગરીબી,-બેકારી, વર્ગ-સંઘર્ષ, હડતાલ, તાળાબંધી વગેરે સમસ્યાઓ આર્થિક સમસ્યાઓને કારણે ઉભી થાય છે. હેરોલ્ડ ફેલ્પસે (Harold Phelps) આર્થિક પરિબળોમાંથી ઉદ્‌ભવતી સામાજિક સમસ્યાઓનું વર્ગીકરણ આપ્યું છે, જેમાં ગરીબાઈ, બેકારી અને આર્થિક પરાવલંબન જેવી સમસ્યાઓની ચર્ચા કરી છે. માનવીની ભૌતિક જરૂરિયાતોની પૂર્તિ કરવા માટે અગત્યનું માધ્યમ આર્થિક વ્યવસ્થા છે. જ્યારે આર્થિક પરિબળોમાં અસમતુલા પેદા થયા છે ત્યારે બેરોજગારી-ગરીબી જેવી સમસ્યાઓ પેદા થાય છે.

### 3.4.2 સાંસ્કૃતિક પરિબળો

એવા પ્રકારની સમસ્યાઓ કે જેમાં સાંસ્કૃતિક બાબતો જવાબદાર હોય. ભૌતિક-સંસ્કૃતિમાં જેટલું ઝડપથી પરિવર્તન આવે છે તેટલું ઝડપીથી પરિવર્તન અભૌતિક-સંસ્કૃતિમાં આવતું નથી જેના કારણે સંસ્કૃતિ સાથે અસમતુલાની સ્થિતિ પેદા થાય છે, જે સામાજિક વિઘટનની સમસ્યાઓ પેદા કરે છે. સાંસ્કૃતિક પરિબળો જવાબદાર હોય તેવી સમસ્યાઓમાં આંતરપેઢી સંઘર્ષ, વૃદ્ધોના પુનર્વસનની સમસ્યા, આદિવાસી સમાજની સમસ્યાઓ, સામાજિક-સાંસ્કૃતિક અસમાનતાઓ, છૂટાછેડા, વિધુર અને વિધવાના જીવનની સંબંધિત સમસ્યાઓ, ગુનાખોરી, બાળ અપરાધ, ધાર્મિક અને જાતીય સંઘર્ષ વગેરે સમસ્યાઓ સાંસ્કૃતિક ધોરણો સાથે સંકળયેલ સમસ્યાઓ છે. હેરોલ્ડ ફેલ્પસે (Harold Phelps) આ પ્રકારની સમસ્યાઓમાં વૃદ્ધાવસ્થાની સમસ્યાઓ, નિરાધાર લોકોની સમસ્યાઓ, લગ્ન વિચ્છેદની સમસ્યાઓ, અસ્પૃશ્યતા, ગુનાખોરી અને કિશોર-ગેરવર્તનની સમસ્યા, જાતિ સમસ્યા તથા ધાર્મિક સમસ્યાઓ વગેરે જેવી સામાજિક સમસ્યાઓનો સમાવેશ કર્યો છે.

### 3.4.3 જૈવિક પરિબળો

જે સામાજિક સમસ્યા માટે જૈવિક પરિબળો જવાબદાર હોય તેને જૈવિક પરિબળ જન્ય સમસ્યાઓ તરીકે ઓળખવામાં આવે છે. જૈવિક વારસાને લગતી સમસ્યાઓ જેવીકે વસ્તીનું પ્રમાણ, સંતતિ નિયમન, રોગ, વસ્તી વિસ્ફોટ સાથે સંબંધિત સમસ્યાઓનો સમાવેશ જૈવિક પરિબળો સાથે સંકળાયેલ સમસ્યાઓમાં થાય છે. હેરોલ્ડ ફેલ્પસે (Harold Phelps) આ પ્રકારની સમસ્યાઓમાં તેમણે શારીરિક મહારોગો જેવા કે શીતળા, ટી.બી., કેન્સર, વસ્તીનું સંખ્યા

પ્રમાણ, વસ્તીની ગુણવત્તાનું પ્રમાણ, સુપ્રજનન, સંતતિનિયમન, વગેરેને તથા શારીરિક રીતે અપંગ અથવા ખોડખાંપણવાળાઓને લગતી સામાજિક સમસ્યાઓનો સમાવેશ કર્યો છે. ઘણા શારીરિક-માનસિક રોગો વારસામાં મળતા હોય છે જેને જૈવિક પરિબળોની સમસ્યાઓની શ્રેણીમાં મુકવામાં આવે છે.

### 3.4.4 માનસિક પરિબળો

મનોવૈજ્ઞાનિક પરિબળોને કારણે ઊભી થતી સામાજિક સમસ્યાઓને માનસિક પરિબળોથી સર્જાતી સમસ્યાન તરીકે ઓળખવામાં આવે છે. મનોવૈજ્ઞાનિક પરિબળો સાથે સંબંધિત સમસ્યાઓમાં માનસિક રોગો, માનસિક અસ્થિરતા, હતાંશા, આત્મહત્યા, વ્યક્તિત્ત્વને લગતી સમસ્યાઓ, દારૂનું વ્યસન, સમાંયોજનમાં મુશ્કેલીઓ. હેરોલ્ડ ફેલ્પસે (Harold Phelps)ના મત મુજબ માનવશાસ્ત્રીય પરિબળોમાંથી ઉગમ પામેલી સામાજિક સમસ્યાઓમાં ન્યોરોસેસ (Neuroses), સાઇકોસિસ (Phychoses), માનસિક અસ્થિરતા તથા મંદતા, વાઈ (Epilepsy), નશાખોરી, વ્યક્તિમત્તાની વિસંવાદી ગૂંથણી(Personality maladjustment), આત્મહત્યા વગેરે જેવી સમસ્યાઓને સ્થાન આપ્યું છે.

સામાજિક સમસ્યાઓના ભૌગોલિક વિસ્તાર અને તેના પરિબળોને ધ્યાનમાં રાખી ત્રણ પરિબળોમાં વર્ગીકૃત કરી શકાય છે.

**(1) આંતરરાષ્ટ્રીય સમસ્યાઓ**

આંતરરાષ્ટ્રીય સમસ્યાઓ એટલે કોઈ સામાજિક-આર્થિક સમસ્યાની વિશ્વના તમામ દેશો ઉપર તેની નકારાત્મક અસરો. જેવી કે વિશ્વયુદ્ધ, અણુશસ્ત્રો, જીવલેણ વાઈરસ, સાયબર અપરાધો, સંસ્થાનવાદ વગેરે સમસ્યાઓને આંતરરાષ્ટ્રીય સમસ્યાઓ તરીકે ઓળખવામાં આવે છે.

**(2) રાષ્ટ્રીય સમસ્યાઓ**

રાષ્ટ્રીય સમસ્યાઓ જેતે રાષ્ટ્રના સામાજિક-સાંસ્કૃતિક, આર્થિક અને ઐતહાસિક દષ્ટિકોણથી જેતે રાષ્ટ્રને નકારત્મકરીતે પ્રભાવી કરતી સમસ્યાઓ છે. જેમકે ભારતમાં અસ્પૃશ્યતા, મહિલાઓનો નિમ્ન દરજ્જો, બાળ-લગ્ન, દહેજ વગેરે સમસ્યાઓ રાષ્ટ્રીય સમસ્યાઓ તરીકે ઓળખવામાં આવે છે.

**(3) પ્રાદેશિક સમસ્યાઓ**

પ્રાદેશિક સમસ્યાઓ જેતે પ્રાદેશિક વિસ્તારને પ્રભાવિત કરતી સમસ્યાઓ છે. જેમકે બે રાજ્યો વચ્ચેની ભૌગોલિક સીમાના પ્રશ્નો, રણપ્રદેશ અને ઘાસિયા મેદાનો સાથે સંકળાયેલ પ્રશ્નો જેવી સમસ્યાઓ પ્રાદેશિક કે સ્થાનિક સમસ્યાઓ તરીકે વર્ગીકૃત કરી શકાય.

---

### 3.5 તમારી પ્રગતિ ચકાસો (MCQ)

---

(1) સામાજિક સમસ્યાનો પ્રકાર કયો છે?

(અ) શારીરિક સમસ્યાઓ (બ) રિવાજો

(ક) પરંપરા (ડ) ફેશન

(2) સામાજિક સમસ્યા માટે કયું એક પરિબળ જવાબદાર હોઈ શકે?

(અ) કાયદો (બ) ન્યાય વ્યવસ્થા

(ક) આર્થિક પરિબળ (ડ) નૈતિક મૂલ્યો

(3) જે સમસ્યાના સર્જનમાં સંસ્કૃતિ જવાબદાર હોય તેન કયા પરિબળ તરીકે ઓળખવામાં આવે છે ?

(અ) સાંસ્કૃતિક પરિબળ (બ) આર્થિક પરિબળ

(ક) સમાજ (ડ) મૂલ્ય પરિબળ

(4) છૂટાછેડા કેવા પ્રકારની સમસ્યા છે ?

(અ) આર્થિક (બ) નૈતિક

(ક) રાજકીય (ડ) ધાર્મિક

(5) ‘Contemporary Social Problems’ પુસ્તક કોણે લખ્યું છે ?

(અ) Merton and Nisbet (બ) Durkheim

(ક) I. P. Desai (ડ) D. P. Mukharji

## 3.6 ઉપસંહાર

જ્યાં સુધી સમાજ-કાર્યકર સામાજિક સમસ્યાના વાસ્તવિક તથ્યો સુધી પહોચી શકતો નથી, ત્યાં સુધી તેના ઉકેલ માટેના પગલાઓ ભરી શકાતા નથી. સામાજિક સમસ્યાને સમાપ્ત કરવા માટે સામાજિક સમસ્યાના ઉદ્‌ભવ માટેના સામાજિક કારણો, પ્રકારો અને વર્ગીકરણને સમજવું અનિવાર્ય છે. જેમકે કોઈ અપરાધીને શારીરિક સજા કરવાથી તે ફરીવાર અપરાધ નહિ કરે તેની શું ખાતરી ? સમાજશાસ્ત્રી સધરલેન્ડના માટે અપરાધી વર્તન માટે સમાજ અને તેના સામાજીકરણની ઢબ જવાબદાર હોય છે. આમ સમાજમાં અપરાધી પ્રવૃત્તિ ઓછી કરવા માટે સામાજિક વ્યવસ્થામાં બદલાવ લાવવો અનિવાર્ય બાબત છે,માત્ર શારીરિક સજા નહી. આમ કોઈપણ સામાજિક સમસ્યાના સમાધાન માટે સમસ્યાના પ્રકારો અને જવાબદાર પરિબળોને આધારે વર્ગીકરણ કરી સમાજ-કાર્યકરે પોતાની ભૂમિકા નક્કી કરવી જોઈએ.

## 3.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો (MCQ)

પ્રશ્ન-1-(અ)

પ્રશ્ન-2-(ક)

પ્રશ્ન-3-(અ)

પ્રશ્ન-4 (બ)

પ્રશ્ન-5 (અ)

## 3.8 ચાવીરૂપ શબ્દો

1. **સામાજિક સમસ્યા** : સમાજશાસ્ત્રીય વિશ્વકોશ મુજબ “એવી કોઈ આપત્તિજનક અને અનિચ્છનીય દશા, સ્થિત અથવા વહેવાર-પ્રતિમાન જે કોઈ સમાજના મોટાભાગના વ્યક્તિઓ દ્વારા અસહનીય તેમજ નિંદનીય માનવામાં આવે છે, તથા તેના સુધાર અને નિદાન માટે સામૂહિક ક્રિયા આવશ્યક લાગતી હોય, તેને સામાજિક સમસ્યા તરીકે ઓળખવામાં આવે છે. સામાજિક સમસ્યાઓ સામાજિક વહેવારોનું તૂટવું, ભંગ થવું અથવા વિચલનની પરિસ્થિતિને દર્શાવે છે. અપરાધ, ભિક્ષુવૃત્તિ, માદક પદાર્થોનું સેવન અને દૂરુપયોગ, બેકારી, વગેરે સામાજિક સમસ્યાઓના ઉદાહરણ છે. કોઈપણ સામાજિક સ્થિતિ ત્યારે સામાજિક સમસ્યા બને છે, જયારે તે સ્થિતિ સંપૂર્ણ સામાજિક પ્રણાલીને પ્રભાવિત કરે અને વ્યક્તિઓની તેમાં સહભાગિતા હોય. આમ એવી સમસ્યાઓનો પણ સમાવેશ થાય છે જે અંતર્નિહિત સામાજિક પરિસ્થિતિઓને કારણે ઉત્પન થઇ હોય તથા જેના પરિણામો સામાજિક વ્યવસ્થાને પ્રભાવિત કરે છે.”(હરિકૃષ્ણ રાવત:1998:339-340)

2. **સામાજિક પરિબળો :** કોઈપણ પરિસ્થિતિ માટે જવાબદાર સામાજિક બાબતો એટલે સામાજિક પરિબળો. સામાજિક સમસ્યાઓના ઉદભવ માટે જવાબદાર સામાજિક પાસાઓને સામાજિક પરિબળો તરીકે ઓળખવામાં આવે છે. જેમકે દહેજ, બાળ-લગ્ન અને મહિલાઓનો નિમ્ન દરજ્જા જેવી સમસ્યાઓ માટે સામાજિક બાબતો જવાબદાર હોય છે જેને સામાજિક પરિબળો તરીકે ઓળખવામાં આવે છે. સામાજિક પરિસ્થિતિ અને સમસ્યાઓ વચ્ચે કાર્ય-કારણ સંબંધ સામાજિક પરિબળોના માધ્યમથી પરિભાષિત કરવામાં આવે છે.

3. **નૈતિક-મૂલ્યો :** સામાજિક-વ્યવસ્થાની જાળવણી અને નિભાવ માટે સમાજ કે સમુદાય દ્વારા નિયમો કે ધોરણો વિદ્યમાન છે. પરંપરાથી સમાજવ્યવસ્થામાં નૈતિક મૂલ્યો જેવાકે સત્ય, અહિંસા, પુણ્ય વગેરે જોવા મળે છે. નૈતિક-મૂલ્ય એ સામાજિક વ્યવસ્થાના એવા ધોરણો છે કે જેના પાલન માટે સમાજની વધુ અપેક્ષાઓ રહેલી હોય છે.

4. **જૈવિક નિર્ણાયકવાદ** : "એક એવી વિચારપદ્ધતિ જેના સમર્થકો એવું માને છે કે માનવ વ્યવહાર મુલત: જન્મજાત, વારસાગત જાતીય અથવા પ્ર-જાતીય લાક્ષણિકતાઓનું પરિણામ છે. તેમની આ વિશેષતાઓ જુદીજુદી વ્યક્તિઓની જુદીજુદી અભિવૃતિઓ અને કાર્યક્ષમતાઓ માટે જવાબદાર હોય છે."(ડૉ. જોષી વિદ્યુત:2016:59)

5. **સમાજકાર્ય :** "સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાનના સિદ્ધાંતોને વ્યવહારમાં મૂકતું એક વિશિષ્ટ વ્યાવસાયિક ક્ષેત્ર. આ સિદ્ધાંતના અમલથી સમુદાયની સમસ્યાઓ હલ થશે તથા લોકોની સ્થિતિ સુધારશે તેમ માનવામાં આવે છે. સામાજિક કાર્યકરો જે સમસ્યાઓ હલ કરવા કામ કરે છે તેમાં ગરીબી, બેરોજગારી, ગુનેગાર, વેશ્યાવૃત્તિ, નશાખોરી, સમાંયોજનના પ્રશ્નો, કૌટુંબિક વિઘટન, સ્વાસ્થ્ય વગેરેનો સમાવેશ થાય છે. સમાજકાર્ય મુખ્યત્વે એકમ કાર્ય (કેસ વર્ક-વૈયક્તિક કિસ્સામાં મદદ), જૂથ કાર્ય (યુવાનો, વેશ્યાઓ) તથા સમુદાયકાર્ય (ઝુપડપટ્ટી) એમ ત્રણ વિભાગોમાં વહેચાઈ જાય છે." (ડૉ. જોષી વિદ્યુત:2016:153)

## 3.9 સ્વાધ્યાય લેખન

(1) સામાજિક સમસ્યાના પ્રકારો ઉદાહરણ સહિત સમજાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(2) સામાજિક સમસ્યાઓના પરિબળોને આધારે વર્ગીકરણ રજૂ કરો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 3.10 પ્રવૃત્તિ

(1) ભારતની સામાજિક સમસ્યાઓના વર્ગીકરણ કરતો ચાર્ટ કે આકૃતિ તૈયાર કરો.

## 3.11 કેસ સ્ટડી

(1) સામાજિક સમસ્યાઓ સાથે કાર્યરત એન.જી.ઓ. નો અભ્યાસ કરો

## 3.12 સંદર્ભગ્રંથ


(1) Merton Robert K. And Nisbet Robert (1971 and 76), Contemporary Social Problems, Harcourt Brace íLkovanovich, Inc., New York (3rd and 4th Edition)

(2) Horton Paul B. and Leslie Gerald R. (1960), the Sociology of Social Problems, Appleton Century Inc. New York. (Second edition and Fourth edition)

(3) Fuller Richard C. and Myers R. (íLkune-1941) the Natural History of a Social Problem, American Sociological Review.

(4) Case Clarence M. (1956) Analyzing Social Problems (Revised edition), The Dryden Press, New York.

(5) Roland L. Warren (1949) American Sociological Review, Vol-14,

(5) ડૉ. આહુજા રામ,(હિન્દી) મીનાક્ષી પ્રકાશન, બેગમ બ્રીજ, મેરઠ.

(6) પટેલ હસમુખભાઈ (1976) રચના પ્રકાશન, નવરંગપુરા, અમદાવાદ.

(7) પટેલ જી. જે. અને શુક્લ એન.પી.(1976) સી. જમનાદાસની કંપની, તિલક માર્ગ, અમદાવાદ.

(8) શાહ એ.જી. અને જગદીશ કે. દવે (1993)અનડા બુક ડીપો, ગાંધી-માર્ગ, અમદાવાદ.

(9) ડૉ. દવે હર્ષિદા એચ. (2016) સામાજિક સમસ્યાઓ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(10) રાવત હરિકૃષ્ણ (2002) સમાજશાસ્ત્ર વિશ્વકોશ, રાવત પબ્લિકેશન, જયપુર.(હિન્દી)

(11) યંગ કિમ્બાલ અને રેમંડ ડબ્લ્યું મેક (હિન્દી), સમાજશાસ્ત્રના સિદ્ધાંતો, ઇવાન્સટન, ઇલિનોય.

(12) ઘુર્યે ગોવિંદ સદાશિવ (1961) પોપ્યુલર પ્રકાશન, તાડદેવ રોડ, મુંબઈ,(હિન્દી)

(13) સિહ રામ ગોપાલ (1987), ભારતમાં સામાજિક પરિવર્તન અને સામાજિક સમસ્યાઓ, મધ્યપ્રદેશ હિન્દી ગ્રંથ અકાદમી, ભોપાલ.

(14) ગોયલ દ્વારકાદાસ (1976), કૈલાશ પુસ્તક સદન, ગ્વાલિયર, ભોપાલ (હિન્દી)

(15) દુબે સરલા (1971) સામાજિક વિઘટન અને સુધાર, સરસ્વતી સદન, જવાહરનગર, દિલ્લી (હિન્દી)

(16) રાવત હરિકૃષ્ણ (2007), સમાજશાસ્ત્રીય ચિંતક અને સિદ્ધાંતકાર,રાવત પબ્લિકેશન, જયપુર. (હિન્દી)

(17) ઠાકોર જયશ્રી બી. (1974) સામાજિક કાર્યની પદ્ધતિઓ વ્યક્તિગત કાર્ય, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

(18) શ્રીનિવાસ એમ.એન.(1966) આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન, રાજકમલ પ્રકાશન પ્રાઈવેટ લિમીટેડ, દિલ્લી, (હિન્દી)

(19) ડૉ. જોષી વિદ્યુત (2016),પારિભાષિક કોશ-સમાજશાસ્ત્ર યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ

(20) ડૉ. પ્રસાદ ગોવિંદ (2007), આધુનિક સમાજની સમસ્યાઓ, ડીસ્કવરી પબ્લિશિંગ હાઉસ,

# એકમ–4 સામાજિક સમસ્યાઓના અભિગમો

## : એકમનું માળખું :


4.1 પ્રસ્તાવના

4.2 એકમના હેતુઓ

4.3 સામાજિક સમસ્યાઓના અભિગમો

4.3.1 સામાજિક રોગ નિદાનશાસ્ત્ર

4.3.2 સામાજિક વિઘટન અભિગમ

4.3.3 મૂલ્ય સંઘર્ષ અભિગમ

4.3.4 વિચલિત વર્તન અભિગમ

4.3.5 લેબલિંગ અભિગમ

4.4 તમારી પ્રગતિ ચકાસો

4.5 ઉપસંહાર

4.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

4.7 ચાવીરૂપ શબ્દો

4.8 સ્વાધ્યાય લેખન

4.9 પ્રવૃત્તિ

4.10 કેસ સ્ટડી

4.11 સંદર્ભગ્રંથ


## 4.1 પ્રસ્તાવના

કોઈપણ સામાજિક ઘટના કે પરિસ્થિતિને તપાસવા માટેના જુદાજુદા અભિગમો વિકાસ પામ્યા છે. કોઈ એક-જ સામાજિક ઘટના કે પરિસ્થિતિને જુદાંજુદાં પાસાંઓથી તપાસી શકાય છે, જેને અભિગમ કે સિદ્ધાંત તરીકે ઓળખવામાં આવે છે. સિદ્ધાંતો સામાજિક ઘટનાઓ અવલોકનના પાયા પર થતા વારંવારના નિરિક્ષણોને આધારે રચાતા હોય છે. બે સામાજિક ઘટનાઓ વચ્ચેના કાર્ય-કારણ સંબંધને સ્થાપિત કરવા માટે થતા સંશોધનોને આધારે અભિગમોનો વિકાસ થાય છે. સામાજિક સમસ્યા એક સામાજિક પરિસ્થિતિ છે, જેને સામાજિક સંદર્ભમાળખામાં તપાસવા માટે જુદાંજુદાં દૃષ્ટિકોણનો ઉપયોગ થાય છે, જેને અભિગમ તરીકે પરિભાષિત કરવામાં આવે છે. સામાજિક સમસ્યાઓની સામાજિક રચાનાતંત્ર ઉપર પ્રભાવ અને સમાજ વ્યવસ્થાનો સામાજિક સમસ્યાઓ ઉપર કેવો પ્રભાવ પડે છે તેનો અભ્યાસ આ સિદ્ધાંતિક અભિગમોને આધારે કરવામાં આવતો હોય છે. કોઈપણ સિદ્ધાંત સંશોધનને આભારી હોય છે, એટલેકે સિદ્ધાંત કે અભિગમ વિકસાવવાનો પાયો સંશોધન હોય છે. સામાજિક સમસ્યાઓને તપાસવા માટે જુદાંજુદાં અભિગમો વિકાસ પામ્યા છે, જેમકે સામાજિક રોગ નિદાનશાસ્ત્ર, સામાજિક વિઘટન અભિગમ, મૂલ્ય સંઘર્ષ અભિગમ, વિચલિત વર્તન અભિગમ લેબલિંગ અભિગમ વગેરે. આ અભિગમોની ચર્ચા નીચે મુજબ છે.

## 4.2 એકમના હેતુઓ

- સામાજિક સમસ્યાનો સિદ્ધાંતિક ખ્યાલ મેળવવો
- સામાજિક સમસ્યાના અભિગમો સમજવા
- સામાજિક સમસ્યાઓના અભિગમો સમજી સંશોધનમાં તેનો ઉપયોગ કરવો.

## 4.3 સામાજિક સમસ્યાઓના અભિગમો

### 4.3.1 સામાજિક રોગ-નિદાનશાસ્ત્ર

સમાજ એક કર્યાત્મક વ્યવસ્થા છે, જેમાં જુદીજુદી સંસ્થાઓ પરસ્પર એક-બીજાં સાથે કર્યાત્મક સંબંધોથી જોડાયેલી છે. જેમ શરીરના જુદાજુદા અંગો એકબીજા સાથે પરસ્પર કર્યાત્મક સંબંધથી સંકળાયેલા છે તેવીજ રીતે સામાજિક વ્યવસ્થાના જુદાંજુદાં ભાગો પરસ્પર એકબીજાં સાથે જોડાયેલા છે. માનવ શરીરના જુદાંજુદાં અંગો પોતાનું કાર્ય યોગ્ય રીતે કરેતો શરીર તંદૂરસ્ત રહે છે તેવીજ રીતે સમાજની જુદીજુદી સંસ્થાઓ કે ભાગો પોતાની યોગ્ય ભૂમિકા ભજવે તો સમાજ પ્રગતિ અને વિકાસ કરે છે. માનવ શરીરના કોઈ અંગમાં બિમારી આવેતો તેની નકારાત્મક અસરો સમગ્ર શરીર પર પડતી હોય છે, તેવીજ રીતે સમજની કોઈ પેટા-વ્યવસ્થામાં સમસ્યા ઉભી થાયતો તેની અસર સમગ્ર સામાજિક માળખા કે રચાનાતંત્ર ઉપર નકારાત્મક કે વિઘટનની અસરો પેદા કારતી હોય છે. શરીરની બિમારીઓને દૂર કરવા નિદાનની અનિવાર્યતા હોય છે, તેવીજ રીતે સમાજમાં જોવા મળતી રોગ સ્વરૂપની સામાજિક સમસ્યાઓને દૂર કરવી અનિવાર્ય છે. સામાજિક સમસ્યાઓને દૂર કરવા માટે નિદાનાત્મક પગલાંઓની સમજુતી આપતો સિદ્ધાંત એટલે સામાજિક રોગ-નિદાન અભિગમ.

વીસમી સદીના પહેલા દાયકામાં ચાર્લ્સ હેન્ડરસન અને સેમ્યુલ સ્મિથ નામના સમાજશાસ્ત્રીઓએ સામાજિક રોગ-નિદાનશાસ્ત્રનો અભિગમ રજૂ કર્યો હતોં. આ અભિગમમાં આરોગ્ય વિજ્ઞાન અને સામાજિક દર્શનશાસ્ત્રના વિકસેલ સમાજને શરીર કે દેહ તરીકે તપાસવાનો દૃષ્ટિકોણ પાયાની બાબત રહી છે. આ અભિગમની શરૂઆતમાં સમાજને એક શરીરની ઉપમા આપી સમજવાનો પ્રયત્ન કરવામાં આવે છે. હર્બટ સ્પેન્સરે સામાજિક વ્યવસ્થાને શરીરરચના સાથે સરખાવી છે. માનવ શરીરની જેમ સામાજિક વ્યવસ્થા એક જટિલ રચનાતંત્ર છે. શરીર જેમ જુદાંજુદાં અંગોથી પરસ્પર આંતરક્રિયાઓના માધ્યમથી જોડાયેલ છે, તેવીજ રીતે સામાજિક વ્યવસ્થા જુદીજુદી સંસ્થાઓ તેમજ જૂથોના માધ્યમથી પરસ્પર આંતરક્રિયાના સંબંધથી જોડાયેલ છે. સમાજની કોઈ એક વ્યવસ્થામાં આવતા પરિવર્તનો અન્ય વ્યવસ્થાને અસર કરે છે. સમાજમાં જોવા મળતી સમસ્યાઓને માંદગી કે રોગ તરીકે ઘણી તેનો ઉપચાર કરી સામાજિક વ્યવસ્થાને તંદૂરસ્ત કરવાના નિદાનાત્મક પગલાઓ ભરવામાં આવે છે. સામાજિક રોગનિદાનશાસ્ત્ર સામાજિક સંબંધોમાં કુમેળ કે વિસંવાદિતા સૂચવે છે. સામાજિક સંબંધોમાં કુમેળ કે વિસંવાદિતા સમાજરૂપી શરીરમાં ઉદભવેલ રોગ કે માંદગીને સામાજિક સમસ્યા તરીકે પારિભાષિત કરવામાં આવે છે. સમાજજીવનમાં વ્યક્તિને અનુકૂલન સાધવામાં પડતી મુશ્કેલીઓ તેમજ સામાજિક રચનાતંત્રના અનુકૂલનના અભાવની સ્થિતિને તપાસવા માટે સામાજિક રોગનિદાન અભિગમથી તપાસવામાં આવે છે.

જે રીતે વ્યક્તિના શરીરમાં રોગના કારણો તપાસી તેનો ઈલાજ કરવામાં આવે છે, તેવીજ રીતે સમાજમાં ઉભી થયેલ સમસ્યાઓના કારણો શોધી તેને દૂર કરવા માટેના પગલાઓ ભરવામાં આવે છે. ઘણી સામાજિક સમસ્યાઓના મૂળમાં સમાંજીકરણની ખામીને જવાબદાર માનવામાં આવે છે. સામાજિક રોગનિદાન અભિગમથી સામાજિક સમસ્યાઓના સંજોગો, સામાજિક સમસ્યાઓના પરિણામાં અને સામાજિક સમસ્યાઓના ઉકેલો શોધવામાં આવે છે. આમ રોગનિદાન અભિગમનાં મૂળ સમાજને શરીર સાથે સરખામણીમાં રહેલાં છે. આ અભિગમનો હેતુ સમાજ-વ્યવસ્થામાં પ્રવેશેલા રોગ એટલે કે સામાજિક રોગ સમાન સામાજિક સમસ્યાઓનો કારણો અને પરિણામો તપાસી સમસ્યા કે રોગને દૂર કરવાના ઉપાયો કરવામાં આવે છે.

### 4.3.2 સામાજિક-વિઘટન અભિગમ

સામાજિક વિઘટન એવી સામાજિક પરિસ્થિતિ છે, કે જેમાં સમૂહના સભ્યો વર્તન ઉપરની સામાજિક નિયંત્રણની વ્યવસ્થા તૂટી પડી હોય. સમૂહની અગાઉની વર્તન-તરેહો અને સામાજિક નિયંત્રણો અસરકારક ન રહેવાને કારણે સમાજ અથવા સમૂહનાં ઐક્ય અને સંવાદિતા ભાંગી પડ્યા હોય. સામાજિક વિઘટન એટલે ધોરણ શૂન્ય અને ધોરણના અભાવવાળી પરિસ્થિતિ. સામાજિક ધોરણભંગનું

એટલું મોટું પ્રમાણ કે જેથી સમાજ કે વિશાળ સમૂહ આખાની સમગ્ર ધોરણાત્મક વ્યવસ્થા પડી ભાંગે તેવો ખ્યાલ સામાજિક વિઘટનનું અનિવાર્ય તત્ત્વ છે. માત્ર એકલ-દોકલ ધોરણભંગ વર્તન નહિ. વિશાળ સમૂહ, સમુદાય કે સમાજના ઘણા લોકોનું વિઘટન સમાજ વ્યવસ્થામાં સમસ્યાઓ સર્જે છે.

સામાજિક વિઘટનને કારણે ઉત્પન થતી સામાજિક સમસ્યાઓમાં માનનાર વિધવાનો એવું મને છેકે, ભૂતકાળમાં સમસ્યાઓ હતીજ નહિ અથવા ઘટનાઓને સમસ્યા માનવામાં આવતીજ નહોતી. સમાજ એક સ્થિર વ્યવસ્થા કે જેમાં ક્રિયાઓ અને મૂલ્યોનું સમન્વય હતું. કાળક્રમે એવા પરિવર્તનો આવ્યા કે જેણે સમન્વય ખતમ કર્યો. આ પરિવર્તનોને કારણે નવી ક્રિયાઓ અને નવી પરિસ્થિતિનું નિર્માણ થયું, જેમાં જૂની ક્રિયાઓ સમાપ્ત થઇ અથવા તો તેમને બિનઉપયોગી માનવામાં આવી. આ પ્રકારે ઉત્પન થયેલ અવ્યવસ્થિત સ્થિતિમાં જૂના નિયમો કે ધોરણો અસ્વીકાર્ય અને ઉપેક્ષિત બનતા ગયા, પરંતુ નવા ધોરણો કે નિયમો હજુ સર્વસામાન્ય સ્વીકૃતિ પામ્યા નોહતાં. પરિવર્તને જૂની સામાજિક વ્યવસ્થાના માળખાને એ-હદે પ્રભાવિત કર્યું કે તેમાં વિઘટન પેદા થયું. અથવાતો એવી સ્થિતિ ઉત્પન થઇ જેમાં વ્યક્તિ પોતાના સમાજના ધોરણો અને નિયમોથી નિયંત્રિત નહોતો થતો. વ્યક્તિ પોતાનાજ સામાજિક મૂલ્યો અને નૈતિકતા મુજબ કાર્ય કરતો નોહતોં. આ સામાજિક વિઘટનની પરિસ્થિતિને કારણે અનેક સમસ્યાઓ ઉત્પન થઇ. આ પ્રકારે પેદા થવાવળી સમસ્યાઓને સમજાવતો સિદ્ધાંત એટલે સામાજિક-વિઘટનનો અભિગમ.

રોનાલ્ડ વારેનેના મતે "સામાજિક વિઘટન એટલે સમાજમાં એકાત્મકતાની ઉણપ, સંસ્થાઓમાં એકીકરણનો અભાવ અને સામાજિક નિયંત્રણના સાધનોની અપર્યાપ્તતા જોવા મળે છે." (Roland Warren: 1949:84). સમાનતાના અભાવને કારણે સમૂહ કે સમાજના ધ્યેયો બાબતે મતભેદ અને ભાવનાત્મક ધારણાઓમાં વિરોધાભાસ જોવા મળે છે. આવી સ્થિતિમાં સમાજની જુદીજુદી સંસ્થાઓ એક-બીજા સામે વિપરીત કાર્ય કરે છે અને તેને કારણે ઊભી થતી પરિસ્થિતિમાં વ્યક્તિ ધોરણો મુજબ પોતાની ભૂમિકા ભજવતો નથી. વિઘટિત સમાજનું ઉદાહરણ છે, આકસ્મિક ભયને કારણે સેનાનું ભાગવું કે ગભરાઈ જવું, જેને કારણે એક કુશળ સેનામાત્ર એક ભીડ બનીને રહી જાય છે. આ રીતે આપણે કહી શકીએ કે સામાજિક વિઘટન દરજ્જા અને ભૂમિકાની અનિશ્ચિતતા, નિયંત્રણના સાધનોનો અભાવ તેમજ એકતાનો અભાવ છે.

દરેક સામાજિક સમસ્યામાં વિઘટનનાં કેટલાક પાસાંઓ પણ રહેલા હોય છે. અને સાથોસાથ ધોરણભંગનાં કેટલાંક પાસાંઓ પણ રહેલા હોય છે. કેટલીકવાર તે બંને સ્વરૂપ સામાજિક સમસ્યામાં સ્વતંત્ર રીતે રહેલા હોય છે, જયારે કેટલીકવાર એકબીજામાં એટલા ઓતપ્રોત થઇ ગયા હોય છે કે જુદાં પાડવા મુશ્કેલ બને. સામાજિક વિઘટન એક સાપેક્ષ ખ્યાલ છે, તેવીજ રીતે સામાજિક સમસ્યા એક સાપેક્ષ ખ્યાલ છે. કોઈપણ સામાજિક સમસ્યા જેતે સામાજિક માળખ કે વ્યવસ્થા માટે વિઘટનાત્મક પરિસ્થિતિનું નિર્માણ કરે છે. સામાજિક દરજ્જો અને ભૂમિકાઓની સામાજિક વ્યવસ્થામાં જયારે વિસંવાદિતા અને નિષ્ફળતા એવી રીતે આવે કે સભ્યોના સહિયારા હેતુઓ અને વ્યક્તિગત ધ્યેયોની પ્રાપ્તિ મુશ્કેલ બને ત્યારે તેવી પરિસ્થિતિને સામાજિક વિઘટન કહેવામાં આવે છે, આ વિઘટનો ઘણીવાર સામાજિક સમસ્યાને જન્મ આપે છે. આમ સામાજિક સમસ્યા સામાજિક વિઘટન અને સામાજિક વિઘટન સામાજીક સમસ્યા માટે મહત્ત્વનું તત્ત્વ બની રહે છે.

સામાજિક-વિઘટન અભિગમથી થતા અભ્યાસો માટે હાર્ટન અને લેસ્લે (Horton and Leslie) કેટલાક નમૂનારૂપ સવાલો આપ્યા છે, જેમકે પરંપરગત નિયમો અને ક્રિયાઓ કઈ હતી?, કયા પ્રકરના સામાજિક પરિવર્તનોએ તેમને નિરર્થક અને વ્યર્થ બનાવી દીધા છે?, કયા જૂના નિયમો સમાપ્ત થઈ ગયા છે?, શું સમાજમાં પરિવર્તન હજુપણ આવી રહ્યું છે? અને હા તો કઈ દિશા અને ગતિમાં પરિવર્તનો આવી રહ્યા છે? અસંતુષ્ટ સમૂહ કયા-કયા છે અને તેમની સમસ્યાઓના સમાધાન માટે કયા ઉપાયો સૂચવી શકાય? વગેરે.

### 4.3.3 મૂલ્ય-સંઘર્ષ અભિગમ

આ અભિગમ મૂલ્યાત્મક રચનાતંત્ર, મૂલ્યતંત્ર, મૂલ્ય-યોજના અથવાતો મૂલ્ય-સંઘર્ષના નામે

ઓળખાય છે. આ અભિગમના મુખ્ય સમર્થક તરીકે ફુલ્લર અને માયર્સનાં નામ જાણીતા છે. આ અભિગમ મુજબ દરેક સામાજિક સમસ્યાનું પાયાનું લક્ષણ સામાજિક મૂલ્યોનો સંઘર્ષ છે. સામાજિક સમસ્યાનો સમાજશાસ્ત્રીય પરિચય તેમાં ગુંથાયેલાં લાક્ષણિક મૂલ્યો તથા તેમની વચ્ચેના સંઘર્ષમાંથી મળી રહે છે.

સામાજિક મૂલ્ય સામાજિક વ્યવસ્થામાં ઘણા મહત્ત્વના છે, સામાજિક મૂલ્યોને આધારે નક્કી થાય છેકે સમાજ માટે કઈ બાબત મહત્ત્વની છે. વ્યક્તિને મૂલ્યો માધ્યમથી ખબર પડે છેકે, કઈ બાબતો પ્રાપ્ત કરવી જોઈએ અને કઈ બાબતો છોડી દેવી જોઈએ. મહત્ત્વના મૂલ્યો બાબતે ભિન્ન-ભિન્ન સામાજિક વ્યવસ્થામાં મૂલ્યોનો ખ્યાલ ભિન્ન-ભિન્ન હોય છે. કેટલાક મૂલ્યો અમુક સમાજ કે સમુદાય માટે ખુબજ મહત્ત્વના હોય છે, જયારે તેજ મૂલ્ય અન્ય સમાજ કે સમુદાય માટે ઓછા મહત્ત્વના હોય છે. જુદાંજુદાં સમૂહના જુદાંજુદાં મૂલ્યો હોય તેવું પણ બને, જેને મૂલ્ય મતભેદ તરીકે ઓળખવામાં આવે છે. આમ મૂલ્યોના મતભેદ અથવા મૂલ્યોના અર્થમાં પરિવર્તનને કારણે સર્જાતી સમસ્યાઓને મૂલ્ય-સંઘર્ષના અભિગમથી તપાસવામાં આવે છે. ભિન્ન-ભિન્ન સામાજિક જૂથોમાં મૂલ્યોની અસમાનતા અને પોતાના મૂલ્યો સર્વશ્રેષ્ઠ બતાવાની માન્યતા સંઘર્ષને જન્મ આપે છે જેમાંથી અનેક સમસ્યાઓનું સર્જન થાય છે. ઉદારહણ તરીકે આપણા આર્થિક સ્વાર્થના કારણે અપરાધ અને ભ્રષ્ટાચારની સમસ્યાઓ પેદા થઇ છે. મુડીપતિઓની નફાખોરીને કારણે મજૂરોમાં બેકારી જેવી સમસ્યાઓ પેદા થાય છે. મજૂરો અને મૂડીપતિઓના મૂલ્યમાં તફાવત મૂલ્ય-સંઘર્ષ અને તેના કારણે ઊભી થતી સમસ્યાઓને જન્મ આપે છે.

પ્રવર્તમાન ભરતીય સમાજમાં બે પ્રકારના મૂલ્યો વચ્ચે સંઘર્ષની સ્થિતિ જોવા મળે છે, એક જૂની વિચારધારા ધરાવતો વૃદ્ધોનો વર્ગ જયારે આધુનિક મૂલ્યોનો સ્વીકાર કરતો આજનો યુવાવર્ગ. વૃદ્ધો લગ્નને પવિત્રતા, આસ્થા અને પરંપરા ગણે છે જયારે આજનો યુવાવર્ગ સમાનતા, શિક્ષણ, વ્યક્તિગત યોગ્યતા, અને આધુનિક વિચારધારાઓને કેન્દ્રમાં રાખીને લગ્નને જોવે છે. આ મૂલ્ય-સંઘર્ષ આંતરપેઢી-સંઘર્ષની સમસ્યા માટે જવાબદાર કહી શકાય. આમ મૂલ્યોનો તફાવત સંઘર્ષને જન્મ આપે છે અને સંઘર્ષ સામાજિક સમસ્યાઓને.

મૂલ્ય સંઘર્ષના અભિગમથી થતા અભ્યાસો માટે હાર્ટન અને લેસ્લે (Horton and Leslie) કેટલાંક નમૂનારૂપ સવાલો પ્રસ્તુત કર્યા છે, જેમકે કયા મૂલ્યમાં સંઘર્ષ જોવા મળે છે?, મૂલ્ય-સંઘર્ષ કેટલો ગંભીર છે?, સમસ્યાના સમાધાન માટે રજૂ થયેલ સૂઝાવ કયા સામાજિક મૂલ્યને ખતમ કરવા માંગે છે? વગેરે જેવા સવાલો પૂછી શકાય છે.

### 4.3.4 વિચલિત-વર્તન અભિગમ

સામાજિક વિઘટનના અભિગમમાં આપણે જોયુંકે, કયા-કયા ધોરણો, નિયમો, મૂલ્યો અને ક્રિયાઓનો ભંગ થાય છે, કયા પરિવર્તનનોને કારણે ધોરણભંગ થાય છે અને કયા-કયા નવા ધોરણ અને નિયમો પેદા થાય છે. જયારે વિચલનના અભિગમમાં આપણે એવા વ્યક્તિઓની પ્રેરણા અને અને વહેવારોનો અભ્યાસ કરીએ છીએ જે સમસ્યાઓને સર્જવામાં મહત્ત્વની ભૂમિકા ભજવતાં હોય. એવા લોકો વિચલિત વર્તન કરે છે જેઓ સામાજિક સમસ્યાઓની ઉત્પત્તિ માટે જવાબદાર હોય. વિચલિત-વર્તન અભિગમથી વૈક્તિક વિચલન કેવીરીતે પેદા થાય છે અને સામાજિક સમસ્યાઓમાં કેવા પ્રકારે વૈક્તિક વિચલન જોવા મળે છે તેનો અભ્યાસ કરવામાં આવે છે.

વિચલિત-વર્તનના બે લક્ષણો જોવા મળે છે એક સમાજ દ્વારા માન્યતા પ્રાપ્ત ધોરણોના પાલનમાં અસમર્થતા અને બીજું સમાજ દ્વારા માન્યતા પ્રાપ્ત ધોરણ પાલનમાં નિષ્ફળતા. આમ વિચલિત-વર્તન એવા વ્યક્તિઓમાં જોવા મળેશે, જેમનું સામાજીકરણ યોગ્ય રીતે ના થયું હોય અથવા વિચલિત વર્તન ત્યારે પેદા થયા છે જયારે સામાજીકરણની પ્રકિયાની અસફળતાને કારણે સર્જાય છે. વૈક્તિક વિચલન બે પ્રકારે થાય છે એક માન્યતા પ્રાપ્ત ધોરણોનું વિચલન અને બીજું સ્વયં બનવેલા ધોરણો કે નિયમોવાળા વિચલિત ઉપ-સંસ્કૃતિનું સર્જન.

હર્ટન અને લેસ્લે સામાજિક સમસ્યાઓના વિચલિત-વર્તન અભિગમમાં અભ્યાસ માટેના અમુક

સવાલો આપ્યા છે, જેમકે કેવા પ્રકારના વ્યક્તિ કે સમૂહ નિયમોથી વિચલન થાય છે?, શું વિચલિત વ્યક્તિ સમાજ માટે સમસ્યાત્મક છે? અથવા તે સમસ્યા પેદા કરે છે?, અને સમસ્યા પેદા કરે છે તો કેવી રીતે?, શું વિચલિત વ્યક્તિ કુસમાંયોજન વ્યક્તિ છે?, કઈ માન્યતાઓ તેમને વિચલિત વર્તન માટે પ્રેરણા આપે છે?, કઈ-કઈ વિચલિત વર્તનની ઉપ-સંસ્કૃતિ જોવા મળે છે?, નિયમોથી વિચલિત થવાવાળા વ્યક્તિઓ માટે પુનઃ સામાજીકરણ માટે કયા-કયા સુજાવ છે? વગેરે.

### 4.3.5 લેબલિંગ અભિગમ

લેબલિંગ અભિગમને સામાજિક પ્રત્યાઘાત કેન્દ્રી અભિગમ તરીકે પણ ઓળખવામાં આવે છે. લેબલિંગ અભિગમના પ્રણેતાઓમાં એડવિન લેમટ્ર, હોવર્ડ બેકર, કાઈટી એરિકસન, જહોન કિત્સુસ અને આરોન સિસોરેરલને મનવામાં આવે છે. ધોરણભંગ સમાજ દ્વારા સર્જાય છે, આનો અર્થ છે, ધોરણભંગના કારણો ધોરણભંગ કરનારની સામાજિક પરિસ્થતિમાં રહેલાં છે. જેના ઉલંઘનથી સામાજિક ધોરણભંગ થાય છે તે ધોરણો બનાવીને અથવા નિયમો અમુક લોકોને લાગુ પાડીને સમાજ કે સમુદાય પોતેજ ધોરણભંગની સ્થિતિ ઊભી કરે છે. આ રીતે ધોરણભંગ વર્તન કોઈ વ્યક્તિની ખાસિયત નથી, પરંતુ અન્ય લોકો કે સમાજ દ્વારા તેને લગાવતા લેબલ કે સજાનું પરિણામ છે. ધોરણભંગ કરનાર વ્યક્તિને ગુનેગાર કે ધોરણભંગ કરનારનું લેબલ, સંજ્ઞા કે પ્રતિક લગાડવામાં આવે છે. જેથી તે અન્ય વધારે ધોરણભંગ વર્તન કરવા પ્રેરાય છે. સામાજિક વ્યેવસ્થાની વ્યક્તિઓજ અમુક વર્તનોને ધોરણભંગ તરીકે પરિભાષિત કરે છે, તેઓ દ્વારા થતા આવા વર્ગીકરણો ધોરણભંગ વર્તનનું પ્રમાણ વધારે છે. આ બાબતને કેન્દ્રમાં રાખી લેબલિંગ અભિગમનો વિકાસ થયો છે.

સમાજના વ્યક્તિઓ સામાજીક નિયંત્રણ દ્વારા ધોરણભંગ વર્તન તરીકે કરવામાં આવતું અર્થઘટન અને અપાતું લેબલ અથવા નામ અને તેમની તેની સજા સ્વરૂપનો પ્રત્યાઘાત કોઈપણ સામાજિક વર્તનને ધોરણભંગ બનાવે છે. જેમકે કોઈ વ્યક્તિના ભ્રષ્ટાચારને સજાના ભાગરૂપે સમાજ દ્વારા ભ્રષ્ટાચારી તરીકેનું લેબલ લગાડવામાં આવે તો તે વ્યક્તિ વધારે ભ્રષ્ટાચાર કરવા પ્રેરાય છે.

આ અભિગમના પાયામાં કેટલાંક સત્યો રહેલાં છે જેમકે સામાજિક ધોરણોના અસ્તિત્ત્વ વિના ધોરણભંગ શક્ય નથી. કેમકે ધોરણજ ન હોયતો ધોરણભંગ ક્યાંથી થવાનું. ધોરણભંગ વર્તનના પ્રત્યાઘાત અને વર્તનને 'ધોરણભંગ વર્તનનું' આપવામાં આવતું લેબર કે પ્રતિક એ બંને બાબતો તેના અનુગામી વર્તન ઉપર અસર પાડે છે. ચોરી એક સામાજિક સમસ્યા છે, જો વ્યક્તિને સમાજ કે સમુદાય દ્વારા ચોરી જેવા ધોરણભંગ વર્તન કરવા બદલ તેને 'ચોરનું લેબલ' લગાવી દેવામાં આવેતો, તે ચોર તરીકેની સંજ્ઞા કે પ્રતિક તેના વ્યક્તિત્વની લાક્ષણિકતા બની જાય છે. આવી સંજ્ઞા કે પ્રતીકો હંમેશા નકારાત્મક સ્વરૂપની હોય છે, આવી છાપ મારવાની પ્રક્રિયા, તેના કારણો, સંજોગો અને પરિણામોનો અભ્યાસ કરતો દૃષ્ટિકોણ એટલે લેબલિંગ અભિગમ.

કોઈપણ સામાજિક સમસ્યાના બે પાસાઓ હોય છે, એક આત્મલક્ષી અને બીજું વસ્તુલક્ષી. લેબલિંગ અભિગમ આત્મલક્ષી ખ્યાલ પર વધારે ભાર મુકે છે. કોઈપણ વ્યક્તિને ગુનેગાર તરીકેનું લેબલ કે છાપ મારવાના બે પરિણામો આવી શકે છે, એક તે વ્યક્તિમાં વિચલનનું વિસ્તૃતીકરણ થાય છે અને બીજું વિચલનના સાતત્ય અંગેની અપેક્ષા ઊભી થાય છે. લેબલિંગ અભિગમ સામાજિક સમસ્યા કે ધોરણભંગના ઉકેલ તરીકે સામાજિક સમસ્યાની અને વિચલનની વ્યાખ્યા બદલવાનું તથા લેબલિંગમાં રહેલા ફાયદા-લાભ અને કમાણીનું તત્ત્વ નાબૂદ કરવાનું સૂચવે છે.

## 4.4 તમારી પ્રગતિ ચકાસો

(1) સામાજિક સમસ્યાને રોગ સાથે સરખાવતો અભિગમ?

(અ) રોગ-નિદાન અભિગમ (બ) મૂલ્યતંત્ર

(ક) આર્થિક અભિગમ (ડ) લેબલિંગ અભિગમ

(2) સામાજિક નિયંત્રણ વ્યવસ્થામાં શું સર્જે છે?

(અ) સામાજિક વિઘટન (બ) ધોરણ

(ક) સંસ્કૃતિ (ડ) સંરચના

(3) મૂલ્ય-સંઘર્ષ અભિગમ બીજાં કયા નામે ઓળખાય છે?

(અ) મૂલ્યતંત્ર (બ) મૂલ્યનું ધોવાણ

(ક) લેબલિંગ અભિગમ (ડ) રોગ અભિગમ

(4) વિચલિત-વર્તન અભિગમ કઈ બાબત ઉપર ભાર મુકે છે?

(અ) વર્તન (બ) સામાજિક વ્યસ્થા

(ક) ધોરણભંગ (ડ) ધોરણ અનુરૂપ

(5) લેબલિંગ અભિગમનું કેન્દ્રબિંદુ કયું છે?

(અ) છાપ કે સજાનું પરિણામ (બ) સજા

(ક) સુધારણા (ડ) સામૂહિક પ્રયાસ

## 4.5 ઉપસંહાર

આમ આપણે સામાજિક સમસ્યાઓના મુખ્ય અભિગમોની ચર્ચા કરી, પરંતુ આખરે સામાજિક સમસ્યાઓને આ તમામ સમાજશાસ્ત્રીય અભિગમો જે-તે સામાજિક સમસ્યાઓને પોત-પોતાના યથાર્થ સંદર્ભમાં સમજવા-સમજાવવા તથા પૃથક્કરણ કરવા માટે પ્રયોજાયેલા હોય છે. જુદાંજુદાં સ્વરૂપની વિવિધ સમસ્યાઓને તેમ જ કોઈ એક સામાજિક સમસ્યામાં પણ સંકળાયેલા વિવિધ સ્વરૂપના અનેકવિધ પરિબળો અને બાબતોને સમાજવ-સમજાવવા માટેના પ્રયત્નોમાંથી જ ઉપરોક્ત વિવિધ સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો કે અભિગમો વિકસ્યા છે.

## 4.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

પ્રશ્ન-1-(અ)

પ્રશ્ન-2-(અ)

પ્રશ્ન-3-(અ)

પ્રશ્ન-4-(ક)

પ્રશ્ન-5-(અ)

## 4.7 ચાવીરૂપ શબ્દો

1. **રોગ-નિદાનશાસ્ત્ર :** રોગ નિદાન અભિગમ થકી સમાજવ્યવસ્થાને શરીર સાથે તુલના કરી, જેમ શરીરમાં રોગ થયો હોય તો તેના કારણો તપાસી તેનું નિદાન કરવામાં આવે છે તેવીજ રીતે સામાજિક વ્યવસ્થામાં ઊભી થતી રોગરૂપી સમસ્યાઓના નિદાનને કેન્દ્રમાં રાખી સામાજિક-વ્યવસ્થા અને સમસ્યાઓની વ્યાખ્યા કરતો અભિગમ એટલે રોગ-નિદાનશાસ્ત્ર.

2. **સામાજિક વિઘટન** : "સામાજિક રચાનાતંત્રના અંગરૂપ એકમો અને વિવિધ ભાગોનું પૂરતું સંકલન ન રહે, તેઓ પોતાના સામાજિક કાર્યો ન કરી શકે, સભ્યો વચ્ચેની વિવિધ ભૂમિકાઓ, સામાજિક કોટિક્રમ તથા સામાજિક સંબંધોની ગૂંથણી સર્વાંશે અથવા ઘણે ખરે અંશે છિન્નભિન્ન થઈ જાય તેવી પરિસ્થિતિને વિઘટન કહે છે. પ્રવર્તમાન ઘણા ખરા સામાજિક ધોરણોનો ઘણાં ખરા સભ્યો દ્વારા મહદઅંશે ભંગ, ઉપેક્ષા કે અનાદર થાય ત્યારે તે ધોરણો સભ્યોના વર્તને બિન-અસરકારક બની જાય છે અને તે ધોરણો ધરાવતું સંગઠન વિઘટનમાં પરિણમે છે."

3. **ભૂમિકા-સંઘર્ષ** : "કોઈ વ્યક્તિ પરસ્પર વિરુદ્ધ જરૂરિયાતો ધરાવતી ભૂમિકા એક સાથે

ભજવવાનો પ્રયાસ કરે છે ત્યારે એક ભૂમિકાની ભજવણી બીજી ભૂમિકા માટે દખલ ઊભી કરે છે, ત્યારે ભૂમિકા સંઘર્ષ સર્જાય છે."

4. **અભિગમ કે સિદ્ધાંત** : "સિદ્ધાંત એ ખ્યાલો, વ્યાખ્યાઓ, અને કથનોની નિગમનાત્મક તાર્કિક વ્યવસ્થા છે, કે જે ઘટનાઓ ઘટનાના બે કે વધુ પસંદગીયુકત પાસાઓ વચ્ચેના સંબંધ રજૂ કરે છે, જેના ઉપરથી કસોટી થઈ શકે તેવી ઉપકલ્પનાઓ મેળવી શકાય છે.."

5. **લેબલિંગ :** વ્યક્તિના ધોરણભંગ વર્તનના પ્રત્યાઘાત અને વર્તનને 'ધોરણભંગ વર્તનનું' આપવામાં આવતું લેબર કે પ્રતિક એ બંને બાબતો તેના અનુગામી વર્તન ઉપર અસર પાડે છે. ચોરી એક સામાજિક સમસ્યા છે, જો વ્યક્તિને સમાજ કે સમુદાય દ્વારા ચોરી જેવા ધોરણભંગ વર્તન કરવા બદલ તેને 'ચોરનું લેબલ' લગાવી દેવામાં આવેતો, તે ચોર તરીકેની સંજ્ઞા કે પ્રતીક તેના વ્યક્તિત્ત્વની લાક્ષણિકતા બની જાય છે. આવી સંજ્ઞા કે પ્રતીકો હંમેશા નકારાત્મક સ્વરૂપની હોય છે, આવી છાપ મારવાની પ્રક્રિયા, તેના કારણો, સંજોગો અને પરિણામોનો અભ્યાસ કરતો દૃષ્ટિકોણ એટલે લેબલિંગ અભિગમ.

## 4.8 સ્વાધ્યાય લેખન

(1) સામાજિક વિઘટન અને રોગનિદાન અભિગમની ચર્ચા કરો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(2) સામાજિક સમસ્યાના સંદર્ભમાં મૂલ્ય-સંઘર્ષ અને વિચલિત વર્તન અભિગમ સમજાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(3) સામાજિક સમસ્યાનો લેબલિંગ અભિગમ કે સિદ્ધાંત ઉદાહરણ સહિત સમજાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 4.9 પ્રવૃત્તિ

(1) કોઈ એક સામાજિક સમસ્યા પસંદ કરી તેને સામાજિક રોગના સંદર્ભમાં તપાસો.

## 4.10 કેસ સ્ટડી

(1) લેબલિંગ અભિગમના સંદર્ભમાં કોઈ એક સમસ્યાને એકમ લઈ તપાસો.

## 4.11 સંદર્ભગ્રંથ


(1) Merton Robert K. And Nisbet Robert (1971 and 76), Contemporary Social Problems, Harcourt Brace íLkovanovich, Inc., New York (3rd and 4th Edition)

(2) Horton Paul B. and Leslie Gerald R. (1960), the Sociology of Social Problems, Appleton Century Inc. New York. (Second edition and Fourth edition)

(3) Fuller Richard C. and Myers R. (íLkune-1941) the Natural History of a Social Problem, American Sociological Review.

(4) Case Clarence M. (1956) Analyzing Social Problems (Revised edition), The Dryden Press, New York.

(5) Roland L. Warren (1949) American Sociological Review, Vol-14,

(5) ડૉ. આહુજા રામ,(હિન્દી) મીનાક્ષી પ્રકાશન, બેગમ બ્રીજ, મેરઠ.

(6) પટેલ હસમુખભાઈ (1976) રચના પ્રકાશન, નવરંગપુરા, અમદાવાદ.

(7) પટેલ જી. જે. અને શુક્લ એન.પી.(1976) સી. જમનાદાસની કંપની, તિલક માર્ગ, અમદાવાદ.

(8) શાહ એ.જી. અને જગદીશ કે. દવે (1993)અનડા બુક ડીપો, ગાંધી-માર્ગ, અમદાવાદ.

(9) ડૉ. દવે હર્ષિદા એચ. (2016) સામાજિક સમસ્યાઓ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(10) રાવત હરિકૃષ્ણ (2002) સમાજશાસ્ત્ર વિશ્વકોશ, રાવત પબ્લિકેશન, જયપુર.(હિન્દી)

(11) યંગ કિમ્બાલ અને રેમંડ ડબ્લ્યું મેક (હિન્દી), સમાજશાસ્ત્રના સિદ્ધાંતો, ઈવાન્સટન, ઈલિનોય.

(12) ઘુર્યે ગોવિંદ સદાશિવ (1961) પોપ્યુલર પ્રકાશન, તાડદેવ રોડ, મુંબઈ,(હિન્દી)

(13) સિહ રામ ગોપાલ (1987), ભારતમાં સામાજિક પરિવર્તન અને સામાજિક સમસ્યાઓ, મધ્યપ્રદેશ હિન્દી ગ્રંથ અકાદમી, ભોપાલ.

(14) ગોયલ દ્વારકાદાસ (1976), કૈલાશ પુસ્તક સદન, ગ્વાલિયર, ભોપાલ (હિન્દી)

(15) દુબે સરલા (1971) સામાજિક વિઘટન અને સુધાર, સરસ્વતી સદન, જવાહરનગર, દિલ્લી (હિન્દી)

(16) રાવત હરિકૃષ્ણ (2007), સમાજશાસ્ત્રીય ચિંતક અને સિદ્ધાંતકાર,રાવત પબ્લિકેશન, જયપુર. (હિન્દી)

(17) ઠાકોર જયશ્રી બી. (1974) સામાજિક કાર્યની પદ્ધતિઓ વ્યક્તિગત કાર્ય, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

(18) શ્રીનિવાસ એમ.એન.(1966) આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન, રાજકમલ પ્રકાશન પ્રાઈવેટ લિમીટેડ, દિલ્લી, (હિન્દી)

(19) ડૉ. જોષી વિદ્યુત (2016),પારિભાષિક કોશ-સમાજશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ

(20) ડૉ. પ્રસાદ ગોવિંદ (2007), આધુનિક સમાજની સમસ્યાઓ, ડીસ્કવરી પબ્લિશિંગ હાઉસ, નવી દિલ્લી. (હિન્દી)

(21) ડૉ. ત્રિપાઠી આર. એન. (2011) સમકાલીન ભારતની સામાજિક સમસ્યાઓ, શિવાંક પ્રકાશન, નવી દિલ્લી. (હિન્દી)

(22) વર્મા જ્યોતિ (2007) સામાજિક સમસ્યાઓ, ડિસ્કવરી પબ્લિશિંગ હાઉસ, નવી દિલ્લી. (હિન્દી)

(23) શર્મા ઋચા (2011)ભારતમાં સામાજિક સમસ્યાઓ, સાગર પબ્લિશર્સ, જયપુર (હિન્દી)

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# MSW-105
# સામાજિક સમસ્યાઓ
# Social Problems

વિભાગ

# 2

## સામાજિક સમસ્યાઓ અને તેના ઉકેલો અને સમાજકાર્યકરની ભૂમિકા ભાગ-1


એકમ-1 ગરીબી

એકમ-2 બેકારી

એકમ-3 ભિક્ષાવૃત્તિ

એકમ-4 અસ્પૃશ્યતા

એકમ-5 મદ્યપાન

એકમ-6 નશાખોરી

**ISBN : 978-81-943679-2-5**

| **લેખક** | |
|---|---|
| **ડૉ. સંગીતા એસ. પટેલ** | આસિસ્ટન્ટ પ્રોફેસર<br>સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી,<br>અમદાવાદ. |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. શિવાની મિશ્રા** | ડાયરેક્ટર,<br>સમાજકાર્ય વિભાગ,<br>સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર. |
| **પરામર્શક (ભાષા)** | |
| **પ્રિ. ઘનશ્યામ કે. ગઢવી** | નિવૃત્ત પ્રિન્સિપાલ<br>શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ<br>કૉલેજ, મહેસાણા |

**Edition : 2020**

**Copyright©2020 Knowledge Management & Research Organization.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be

## ઘટક પરિચય :

આ યુનિટમાં આપણે વિવિધ સામાજિક સમસ્યાઓ તથા આ સમસ્યાઓના ઉકેલમાં સમાજ કાર્યકરની ભૂમિકા અંગે વિસ્તૃત સમજ મેળવીશું.

પહેલા એકમમાં ગરીબીની સમસ્યાનો અર્થ, ગરીબીના કારણો, ગરીબી નિવારણના ઉપાયો વગેરેની ચર્ચા કરીશું કારણ કે ગરીબીની સમસ્યા બીજી અનેક સમસ્યાઓની જનની છે. ઉપરાંત ગરીબીની સમસ્યાના નિવારણમાં સમાજકાર્યકર કેવી ભૂમિકા ભજવી શકે તે પણ જોઈશું.

ગરીબી અને બેકારી પરસ્પર જોડાયેલી સમસ્યાઓ છે. તેથી એકમ બે માં બેકારીની સમસ્યા, તેના કારણો અને નિવારણના ઉપાયો અંગે અભ્યાસ કરીશું.

એકમ ત્રણમાં ભિક્ષાવૃત્તિની સમસ્યા, તેનો અર્થ, ભિક્ષાવૃત્તિના કારણો, કેટલાંક કેસ સ્ટડી તથા ભિક્ષાવૃત્તિ નિવારણમાં સમાજકાર્યકર પોતે શું કરી શકે તેનો અભ્યાસ કરીશું કારણ કે સમાજકાર્યકરનું મુખ્ય કાર્ય સામાજિક પ્રશ્નોના નિરાકરણ સાથે જોડાયેલું છે.

પરંપરાગત જ્ઞાતિ વ્યવસ્થા સાથે સંકળાયેલી અસ્પૃશ્યતાની સામાજિક સમસ્યા અંગેનો અભ્યાસ એકમ ચારમાં કરીશું.

એકમ પાંચ માં મદ્યપાનની સમસ્યા, તેના કારણો, નિવારણના ઉપાયો વગેરેનો અભ્યાસ કરીશું. મદ્યપાન એ વ્યક્તિગત બાબત છે પરંતુ તેનું અતિ સેવન સામાજિક વિઘટન તરફ દોરી જાય છે. મદ્યપાનની સાથે-સાથે નશીલા દ્રવ્યોના સેવનની સમસ્યા પણ વિઘાતક અસરો જન્માવે છે. એકમ છ માં નશાખોરી, નશીલાં દ્રવ્યો કોને કહેવાય, નશીલાં દ્રવ્ય સેવનના કારણો, નિવારણના ઉપાયો વગેરેનો વિસ્તૃત અભ્યાસ કરીશું.

## ઘટકના હેતુઓ :

- વિવિધ સામાજિક સમસ્યાઓના અર્થની જાણકારી મેળવવી.
- સામાજિક સમસ્યાના કારણો અંગે સમજ મેળવવી.
- સામાજિક સમસ્યાના નિવારણ માટેના ઉપાયો અંગેની સમજૂતી મેળવવી.
- સામાજિક સમસ્યાના નિવારણમાં સમાજ કાર્યકરની ભૂમિકા અંગે જાણકારી મેળવી તેનો ક્ષેત્રમાં ઉપયોગ કરવો.

| **એકમ–1** | **ગરીબી** |
|---|---|

## : એકમનું માળખું :


**1.1 પ્રસ્તાવના**

**1.2 એકમના હેતુઓ**

**1.3 ગરીબીનો અર્થ**

**1.4 ગરીબીના કારણો**

**1.5 ગરીબી નિવારણના ઉપાયો**

**1.6 સમાજ કાર્યકરની ભૂમિકા**

**1.7 તમારી પ્રગતિ ચકાસો**

**1.8 ઉપસંહાર**

**1.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**1.10 ચાવીરૂપ શબ્દો**

**1.11 સ્વાધ્યાય લેખન**

**1.12 પ્રવૃત્તિ**

**1.13 કેસ સ્ટડી**

**1.14 સંદર્ભ ગ્રંથ**


### 1.1 પ્રસ્તાવના :

સામાજિક સમસ્યાઓ દરેક સમાજમાં સાર્વત્રિક રીતે જોવા મળે છે. પરંતુ સામાજિક સમસ્યાનું સ્વરૂપ, તેના પ્રકારો, વ્યાપ, પ્રમાણ વગેરેમાં સમાજે-સમાજે વિભિન્નતા દૃષ્ટિગોચર થાય છે. એક રીતે કહીએ તો માનવસમાજના ઉદ્દભવ સાથે જ સમસ્યાઓ સંકળાયેલી છે. પ્રશિષ્ટ સમાજશાસ્ત્રીઓથી માંડી આધુનિક સમાજશાસ્ત્રીઓએ કોઈને કોઈક રીતે સમાજની વિવિધ સમસ્યાઓના અભ્યાસ તરફ અંગુલિનિર્દેશ કર્યો છે. સમાજશાસ્ત્રની એક મહત્ત્વની શાખા તરીકે સામાજિક સમસ્યાઓનો અભ્યાસ કરવામાં આવે છે. સમાજશાસ્ત્ર સામાજિક સમસ્યાનો અર્થ, સ્વરૂપ, લાક્ષણિકતાઓ, સામાજિક સમસ્યાના અભ્યાસ અંગેના વિવિધ અભિગમો (દા.ત. લેબલિંગ, સામાજિક વિઘટન, રોગનિદાન વગેરે) સામાજિક સમસ્યાના કારણો, પરિણામો, નિવારણ માટેના ઉપાયો એમ સમગ્રલક્ષી અભ્યાસ કરે છે.

સ્વતંત્ર ભારતમાં સંસ્થાનવાદ પહેલાની અને સ્વતંત્રતા બાદની એમ બે પ્રકારની સમસ્યાઓ વિદ્યમાન હતી. સામાજિક દૂષણોની સાથે-સાથે ગરીબીનો મોટો સામાજિક પ્રશ્ન હતો. ગરીબી વ્યક્તિગત બાબત હોઈ શકે પરંતુ સમગ્ર સમાજના સંદર્ભમાં જોઈએ તે સામાજિક છે અને સમગ્ર દેશને અસર કરે છે. ગરીબી એ કુદરતી ઘટના નથી. પરંતુ માનવસર્જિત સમસ્યા છે અને તે અનેક સામાજિક-આર્થિક પાસા ધરાવે છે. સ્વતંત્ર ભારતમાં વિવિધ પંચવર્ષીય યોજનાઓમાં ગરીબીની સમસ્યા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે અને એ રીતે ગરીબીને નાબૂદ કરવાના અનેક પ્રયાસો થઈ રહ્યા છે.

### 1.2 એકમના હેતુઓ :

- સામાજિક સમસ્યાનું સ્વરૂપ સમજી શકશો.
- ગરીબીનો અર્થ અને કારણો જાણી શકશો.

- ગરીબીના પરિણામો અને તેના નિવારણના ઉપાયો અંગેની જાણકારી મેળવી શકશો.
- ઉપરોકત સમસ્યાઓ સંદર્ભે સામાજિક કાર્યકરની ભૂમિકા સમજવા સક્ષમ બનશો.

## 1.3 અર્થ :

"ગરીબી એવી દશા છે જેમાં એક વ્યક્તિ પોતાની અપર્યાપ્ત આવકના કારણે પોતાનું જીવનસ્તર સુધારી શકતા નથી. શારીરિક-માનસિક ક્ષમતા હોવા છતાં પોતાના આશ્રિતોને પોતાના સમાજના સ્તર અનુસાર ઉપયોગી રીતે કાર્ય કરવા યોગ્ય બનાવી શકતા નથી."

**– ગિલિન & ગિલિન**

ઉપરોક્ત વ્યાખ્યામાં ગરીબી જીવન સ્તર સાથે સંકળાયેલી છે. ઓછી આવકને કારણે વ્યક્તિ પોતે અને તેના કુટુંબીજનો અભાવની સ્થિતિમાં જીવન જીવવા મજબૂર બને છે. ખોરાક, કપડા અને રહેઠાણ જેવી જીવનની પ્રાથમિક જરૂરિયાતો તેમજ શિક્ષણ અને તબીબી સારવાર જેવી સેવાઓનો અભાવને ગરીબી કહેવામાં આવે છે.

United Nations ગરીબીની વ્યાખ્યા આ પ્રમાણે રજૂ કરી છે. "Fundamentally poverty is a denial of choices and opportunities, a violation of human dignity. It means lask of basic capacity to participate effectively in society. It means not having enough to feed and cloth(e) a family, not having a school or clinic to go to, not having the land on which to grow one's food or a job to earn one's living, not having access to credit. It means insecurity, powerlessness and exclusion of Individuals, households and communities. It means susceptibility to violence, and it offen implies living on marginal or fragile environments, without access to clean water or sanitation"

આ વ્યાખ્યામાં ગરીબીનો વિસ્તૃત ખ્યાલ રજૂ થયો છે. ગરીબી બહુવિધ આયામો ધરાવે છે. એટલે કે માત્ર આર્થિક બાબતો નહિ પરંતુ વ્યક્તિને મળતી તકોના અભાવની પરિસ્થિતિ છે. શૈક્ષણિક, આરોગ્ય વિષયક સેવાઓથી ગરીબો સતત વંચિત રહે છે અને અનેક અભાવોની વચ્ચે પોતે પોતાના કે પોતાના કુટુંબ માટે કંઈ કરી શકવા સક્ષમ રહેતાં નથી. એક માનવી તરીકે સ્વમાનભેર જીવનથી પણ ગરીબી વંચિત રાખે છે અને એને કારણે સામાજિક બહિષ્કારનો ભોગ પણ બનવું પડે છે.

ગરીબીના ખ્યાલને વધુ સ્પષ્ટ રીતે સમજવા માટે સાપેક્ષ ગરીબી અને નિરપેક્ષ ગરીબીને સમજવી અનિવાર્ય છે. સાપેક્ષ ગરીબીના ખ્યાલમાં વ્યક્તિઓ કે જૂથોની આવકની સરખામણી થાય છે અને ઓછી આવક ધરાવતી વ્યક્તિ કે જૂથને ગરીબ ગણવામાં આવે છે. નિરપેક્ષ ગરીબીના ખ્યાલમાંની આવકને જીવનધોરણનું ચોક્કસ સ્તર પ્રાપ્ત કરવા માટે લઘુત્તમ આવક સાથે સરખાવવામાં આવે છે. નિરપેક્ષ ગરીબીનો અંદાજ મેળવવા ગરીબી રેખા નક્કી કરવામાં આવે છે.

જીવનજરૂરી ચીજવસ્તુઓ અને સેવાઓને ખરીદવા માટે નક્કી કરવામાં આવેલ આવક કે ખર્ચની લઘુત્તમ સપાટી એટલે ગરીબીરેખા. લાકડાવાલા કમિટીના રીપોર્ટ મુજબ ભારતમાં 2011-12 માં 22% લોકો ગરીબીરેખા નીચે જીવન જીવતાં હતાં. ગુજરાતમાં 2011-12 માં 16.6% લોકો ગરીબીરેખા નીચે જીવન જીવતા હતા. આમ, ગરીબી એ અનેક પ્રકારે અભાવ અને વંચિતતાની પરિસ્થિતિ છે જે વ્યક્તિને શારીરિક-માનસિક બંને રીતે તોડી પાડે છે.

## 1.4 ગરીબીના કારણો :

(1) **વ્યક્તિગત કારણ :** ભૂતકાળથી એવી માન્યતા છે કે વ્યક્તિ પોતે જ પોતાની સ્થિતિનો જવાબદાર હોય છે, જયારે કોઈ વ્યક્તિ બીમાર, દુર્ઘટના, માનસિક અસંતુલન, નૈતિક મૂલ્યોનું પતન, અવિવેકપૂર્ણ ખર્ચ વગેરે સ્થિતિમાં આવે ત્યારે ગરીબી ઉત્પન્ન થાય છે. વ્યક્તિગત અયોગ્યતા પણ ગરીબી પેદા કરે છે. આવી અયોગ્યતાના અનેક કારણો છે. જેમાં વ્યક્તિ વંશાનુગત રોગો, માનસિક બીમારી અથવા માનસિક અસંતુલનથી પીડાતી હોય છે. કોઈ વ્યક્તિ કલા, વિજ્ઞાન, તકનીકી તથા સાહિત્ય ક્ષેત્રોમાં રુચિ હોય પણ તેઓ કશું કરતા ન હોય અથવા રુચિ

ન હોય, આમ બીમારી વૃદ્ધાવસ્થા, દુર્ઘટના, અપંગતા વગેરે કારણોના લીધે વ્યક્તિ શારીરિક શક્તિનો પ્રયોગ કરી શકતો નથી અને આના કારણે ગરીબીમાં ધકેલાવું પડે છે.

(2) **આર્થિક કારણ :** ગરીબીનું બીજું કારણ આર્થિક પાસા સાથે છે. અપર્યાપ્ત ઉત્પાદન, આર્થિક ઉતારચઢાવ, અસમાન વિવરણ, બેરોજગારી-બેકારી, મંદિ વગેરે ગરીબીને જન્મ આપે છે. ભારતમાં ઉત્પાદન માટે મુખ્યત્વે પરંપરાગત સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. જરૂરિયાત ઉત્પાદનના અભાવને કારણે ગરીબી ઉદ્દભવે છે. જ્યારે ઉત્પાદન યોગ્ય થતું હોય પણ ઉત્પાદનના વિતરણમાં અસમાનતા આવે ત્યારે પણ ગરીબીનો સામનો કરવો પડે છે. વ્યાપારમાં મંદિ તથા બેકારીના લીધે પણ ગરીબી ઊભી થાય છે. વ્યાપારમાં મંદીના કારણે કેટલાંય લોકોને દેવું થાય છે અને તેમની મૂડી ખર્ચ થઈ જાય છે અને પોતાની જરૂરિયાતો પૂર્ણ કરી શકતા નથી. આમ ગરીબી બીજું મુખ્ય કારણ આર્થિક કારણ પણ કહી શકાય.

(3) **વસ્તીવધારો :** ભારતમાં આઝાદી બાદ મૃત્યુદર ઘટવા પામ્યો છે અને જન્મદર તેટલા પ્રમાણમાં ઘટ્યો નહિ. માલ્થસે પોતાના લેખ "એન એસય ઑન પોપ્યુલેશન" (An Essay on Population) માં વધતી જતી વસ્તીને માટે ગરીબીનું જવાબદાર કારણ કહ્યું છે. વસ્તીની તુલનામાં જ્યારે ઉત્પાદન ન થાય ત્યારે આર્થિક સંતુલનમાં મુશ્કેલી સર્જાય છે. ભારતમાં દર વર્ષ વધતી જતી વસતી વધારાને લીધે ગરીબી વધવા લાગી છે. જે ગતિથી વસ્તીમાં વધારો થાય છે એ મુજબ જીવન માટેના પૂરતા સાધનો અને સુવિધા મળતી નથી. પરિણામે લોકોમાં બેકારી, ભુખમરો ગરીબીનો સામનો કરવો પડે છે.

(4) **બેકારી-બેરોજગારી :** બેકાર વ્યક્તિ અને અન્ય વ્યક્તિ ઉપર આધાર રાખે છે. પુરતી આવક ન થવાને કારણે વ્યક્તિ પોતે અને પોતાના પર નિર્ભર અન્ય વ્યક્તિઓનું ભરણ-પોષણ કરી શકતો નથી. વ્યક્તિ કામ કરવા તૈયાર હોય છતાં કામ ન મળે ત્યારે બેકારી ઉદ્‌ભવે છે. કેટલીક વાર આવી પરિસ્થિતિમાં બેકાર વ્યક્તિએ ભીખ માંગીને જીવન જીવવું પડે છે.

(5) **નિરક્ષરતા :** નિરક્ષરતા એ ગરીબીનો પાયો છે. ભારતના ગરીબ લોકો નિરક્ષર હોવાથી તેઓ કાયદાકીય લાભ લઈ શકતા નથી. નિરક્ષરતાને લીધે ગરીબોની કાર્યક્ષમતા સુધરતી નથી. તેઓ સ્વાવલંબી બની સ્વતંત્રપણે રોજગારીની નવી તકો સર્જી શકતા નથી. પરિણામે તેઓ ગરીબ જ રહે છે.

(6) **ખેતી :** ખેતીની ખરાબ થતી જતી પરિસ્થિતિના કારણે તથા સિંચાઈના સાધનોના અભાવના કારણે ગ્રામીણ ક્ષેત્રોમાં ભૂખમરા ગરીબી જેવી પરિસ્થિતિનો સામનો કરવો પડે છે. ખેતી સાધનો, બિયારણ, દવાના અભાવના લીધે તથા પરંપરાગત ખેતીના કારણે ખેતીની ઉપજ એટલી થતી નથી કે તેઓ પોતાના પરિવારનું ભરણપોષણ કરી શકે. ભારતમાં ખેતી વરસાદ ઉપર આધારિત છે. જ્યારે વરસાદ સારો થાય તો ખેતી સારી થાય નહિ તો મુશ્કેલી તથા દેવું કરી જીવનનું ભરણપોષણ કરવું પડે છે. પરિણામે ખેડૂત અથવા ખેતીમાં મુશ્કેલી સામનો કરવો પડે છે અને ગરીબી સર્જાય છે.

(7) **ઔદ્યોગિકરણ :** પરંપરાગત ઉદ્યોગોનું સ્થાન જ્યારે મોટા મોટા મશીનોએ લીધું ત્યારે લઘુઉદ્યોગો પડી ભાંગ્યા, મોટા મોટા ઉદ્યોગો સ્થાપિત કરવાથી પરિણામે નાના કુટિર ઉદ્યોગો, ગ્રામીણ પરંપરાગત ઉદ્યોગો નાશ પામ્યા અને લોકોને મોટા ઉદ્યોગોમાં મજુર તરીકે કરાવવા લાગ્યા. કેટલાક લોકોના પરંપરાગત વ્યવસાય નાશ થવાથી બેકાર અને નિર્ધન બન્યા.

(8) **ઐતિહાસિક કારણો :** ઈતિહાસકારોના મત મુજબ 17મી સદીમાં ભારત પ્રમાણમાં વધુ શહેરીકૃત અને વ્યાવસાયિક રાષ્ટ્ર હતું. પરંતુ વિદેશી પ્રજાના આગમન બાદ તેમની સંસ્થાનવાદી શોષણ નીતિને કારણે ભારતમાં ખેતી અને ઉદ્યોગોની પરિસ્થિતિ ખરાબ થતી ગઈ. એક તરફ ખેતી વરસાદ પર આધારિત હતી ત્યાં અંગ્રેજ સરકારે સિંચાઈ માટે મૂડીરોકાણમાં રસ દાખવ્યો નહીં. ઉપરાંત ખેડૂતો પર ઊંચા કરવેરા નાખવામાં આવ્યા. પરિણામે ખેડૂત અને ખેતી બેહાલ બન્યા કારણ કે વારંવાર પડતા દુષ્કાળ, જમીનદારી પ્રથા, જમીન મહેસૂલ વગેરે કારણે ખેડૂતો

પાયમાલ થયાં. આ ઉપરાંત ઔદ્યોગિકરણને વેગ આપવામાં આવ્યો. જેનાથી ભારતના ગૃહઉદ્યોગો-લઘુઉદ્યોગો ભાંગી પડ્યા. પરિણામે ગરીબી વધી.

**(9) સામાજિક કુપ્રથા / કુરિવાજો :** હિન્દુ સમાજમાં દહેજ, લગ્ન, મૃત્યુભોજન સાથે સંબંધિત ઘણાં રિવાજો પ્રચલિત છે. આવી અનેક રીત-રિવાજોના કારણે વ્યક્તિ પોતાની સામાજિક પ્રતિષ્ઠા માટે પોતાની આર્થિક સ્થિતિથી વધારે ખર્ચ કરવો પડે છે. આના લીધે દેવું કરવું પડે છે અને ખેતીજમીન, મકાન ઘરેણાંઓ ગિરવે મૂકે ને મજૂરી કરે છે અને મજૂરી દ્વારા પોતાના સ્વજનોનું ભરણ-પોષણ કરે છે. અંધવિશ્વાસ, ધાર્મિક માન્યતાઓના કારણે કેટલાય લોકો ગરીબીને ઈશ્વરની દેન માને છે. આમ ઘણાં લોકો આવી પરિસ્થિતિમાંથી બહાર નીકળી શકતાં નથી તથા ગરીબી સાથે જીવન જીવતા હોય છે.

## 1.5 ગરીબી નિવારણના ઉપાયો :

### (1) ખેતીક્ષેત્ર શ્રમિકોની ઉત્પાદકતા વધારવી

ખેતીક્ષેત્ર શ્રમિકોની ઉત્પાદકતા વધારવ જાહેર કાર્યક્રમો દ્વારા સુધારેલી ટેકનોલોજી, પુરતા પ્રમાણમાં અને સસ્તા દરે કૃષિ નીપજકો, સુધારેલી માળખાકીય સેવા, ઉત્પાદન માટે પૂરતાં બજાર ભાવો આવક વધારી ગરીબીને ઘટાડી શકાય છે.

### (2) અસંગઠિત ક્ષેત્રોનો વિકાસ

અસંગઠિત ક્ષેત્ર એટલે કે શાકભાજી વેચનાર, બાંધકામ ક્ષેત્રના મજૂરો, ખેતમજૂરો, હાથલારી ચલાવનારા વગેરેનો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય આયોગ દ્વારા આવક કામદાર વર્ગોની સ્થિતિ સુધારવા જીવન વીમા, સ્વાસ્થ્ય તેમજ વૃદ્ધાવસ્થામાં પેન્શન જેવી સામાજીક સુરક્ષા પુરી પાડવી તથા નાના અને સીમાંત ખેડૂતોને ખેતી માટે પાણીની વ્યવસ્થા, ધિરાણ સગવડોની ભલામણ કરવી જોઈએ.

### (3) બેકારીને દૂર કરવી

બેરોજગારી-બેકારીને દૂર કરવાના પ્રયાસ કરવા જોઈએ. ગ્રામીણ લોકો વર્ષમાં 4-5 મહિના બેકાર બેસી રહે છે. ત્યારે ગ્રામીણ ક્ષેત્રોમાં ગૃહઉદ્યોગો-વ્યવસાયો શરૂ કરવા જોઈએ. જેથી બેકારી દૂર થાય, બેકારી દૂર થવાથી ગરીબી આપોઆપ દૂર થાય છે.

### (4) સામાજિક કુરિવાજોથી લોકોને જાગૃત કરવા જોઈએ

દહેજ, લગ્ન, બાળ-લગ્ન, મૃત્યુભોજન જેવાં કુરિવાજો સામે કાયદાકીય કડક વ્યવસ્થા બનાવવી જોઈએ. સાથે સાથે જન-જાગૃતિના કાર્યક્રમો તૈયાર કરવાં જોઈએ.

### (5) વ્યસનોની ટેવ

ગરીબીના કારણે લોકો માનસિક ચિંતા અને નિરાશાવાદી બની જાય છે અને આવી પરિસ્થિતિમાંથી મુક્તિ મેળવવા માટે વ્યસનો તરફ દોરાય છે. કેટલાક લોકો ચિંતાનો દૂર કરવા દારુ કે અન્ય વ્યસનો તરફ વળે છે. ચોક્કસ પ્રકારના આયોજનો દ્વારા આ પરિસ્થિતિ દૂર કરવાના પ્રયાસો કરવા જોઈએ.

મ

## 1.6 સમાજકાર્યકરની ભૂમિકા :

સમાજકાર્યકરની મુખ્ય ભૂમિકા સમાજના વિવિધ સ્તરના લોકોની મદદ કરવાની છે. તેથી જ કહેવાય છે કે સમાજકાર્ય એ માત્ર વ્યવસાય નથી પરંતુ સમાજની મહત્ત્વની સંપત્તિ છે. સમાજકાર્યના મુખ્ય સિધ્ધાંતોમાં સામાજિક ન્યાય, માનવ અધિકારનું જતન, સામૂહિક જવાબદારી, વૈવિધ્યનો સાદર સ્વીકાર, વ્યવહારૂ સમજ વગેરે સમાવિષ્ટ છે. વિશ્વમાં સમાજકાર્ય અંગેની બે મહત્ત્વની સંસ્થાઓ કાર્યરત છે. (1) The International Federation of Social Workers (IFSW) અને (2) The International Association of Social Work (IASSW) સમાજકાર્ય એક વ્યવસાય ચોક્કસ છે પરંતુ તે માનવતા અને માનવીય મૂલ્યોના રક્ષણ સાથે નજીકથી સંકળાયેલો છે માટે વિશેષ મહત્ત્વ

ધરાવે છે અને આ કારણે જ અન્ય વ્યવસાયિકો કરતા સમાજકાર્યકરની ભૂમિકા પણ કંઈક અંશે જુદી અને મહત્ત્વની છે.

(1) ગરીબીની સમસ્યા સંદર્ભે સમાજકાર્યકરે ગરીબોની પ્રાથમિક જરૂરિયાતો જેવી કે ખોરાક, કપડાં, રહેઠાણ વગેરે મળી રહે એ માટે સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓની મદદથી કાર્ય કરવું જોઈએ.

(2) ગરીબોની પ્રાથમિક જરૂરિયાતો ઉપરાંત મૂળભૂત અધિકારો જેમ કે શિક્ષણ અને આરોગ્યની સેવાઓ પ્રત્યે વૈશ્વિક સંસ્થાઓ, સરકારી સંસ્થાઓ તથા સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે મળીને કાર્ય કરવું. શિક્ષણ, આરોગ્ય, સ્વચ્છતાની હકારાત્મક અસરો પરત્વે ગરીબોને સમજાવવા જાગૃત કરવા. દા.ત. અમદાવાદમાં ગુલબાઈ ટેકરા વિસ્તારની ગરીબ વસાહતમાં શ્વાસ સંસ્થાના સામાજિક કાર્યકરો ગરીબોના બાળકોને શિક્ષણ આપવાનું સુંદર કાર્ય છેલ્લાં ઘણાં વર્ષોથી કરી રહ્યાં છે.

(3) સામાજિક કાર્યકર મુખ્ય સમાજ અને ગરીબોને જોડતી મહત્ત્વની કડીરૂપ ભૂમિકા છે. સરકારની યોજનાઓથી ગરીબોને અવગત કરાવવા અને જે-તે યોજનાના લાભો ગરીબો સુધી પહોંચે એ માટેના પ્રયાસો કરવા. દા.ત. બી.પી.એલ. કાર્ડ કેવી રીતે કઢાવવું, બી.પી.એલ. કાર્ડથી કયા લાભો મળે, રેનબસેરા અંગેની માહિતી આપવી વગેરે. બીજી તરફ ગરીબોની ખરેખર જરૂરિયાતો જાણી સ્વૈચ્છિક સંસ્થાઓ અને સરકારી આયોજનો સુધી પહોંચાડવી.

(4) ગરીબી અનેક પ્રકારના અભાવો અને વંચિતતાની સ્થિતિ છે જેમાં ઘણી વખત વ્યક્તિ કે જૂથ માત્ર બે ટંકના ભોજનથી આગળ કશું વિચાર કરી શકતી નથી. (દા.ત. થોડા સમય પહેલા વોટ્સએપમાં એક રેલ્વેસ્ટેશન પર નીચે પડેલ રોટલી લઈ નળના પાણીથી ધોઈને ખાતા જોયો હશે) આવી સંવેદનશીલ પરિસ્થિતિમાં સામાજિક કાર્યકરની ભૂમિકા વધુ જવાબદારીવાળી બની રહે છે. ગરીબી વ્યક્તિમાં વિવિધ પ્રયત્નો દ્વારા આત્મવિશ્વાસ જગાડવાનો છે અને એ માટે સામાજિક કાર્યકરે ગરીબોની સહાયને એક મિશન તરીકે જોવાની છે.

(5) ગરીબોને માત્ર આર્થિક મદદ કરવાથી સ્થિતિ સુધરી જશે એવું નથી પરંતુ સામાન્ય સમાજમાં તેમની સામાજિક સ્વીકૃતિ મહત્ત્વની છે અને આ માટે સામાજિક કાર્યકરે ગરીબો પ્રત્યે સંવેદનાની સાથે-સાથે તેમનો આવકાર થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ. દા.ત. ટૂંકી ફિલ્મો, નાટકો, નુક્કડ નાટક વગેરે.

## 1.7 તમારી પ્રગતિ ચકાસો

(1) ગરીબી સંકળાયેલી છે.

(અ) ખોરાક (બ) શિક્ષણ

(ક) જીવનધોરણ (ડ) બધાં સાથે

(2) ગરીબીનું એક મહત્ત્વનું કારણ કયું છે ?

(અ) ગુનાખોરી (બ) બેરોજગારી

(ક) માંદગી (ડ) એક પણ નહિ.

(3) નિરપેક્ષ ગરીબી શેની સાથે સંકળાયેલી છે?

(અ) જીવનધોરણ (બ) શિક્ષણ

(ક) આરોગ્ય (ડ) લઘુતમ આવક

(4) સમાજકાર્ય શેની સાથે સંકળાયેલું છે?

(અ) આવક (બ) સામાજિક કલ્યાણ

(ક) શિક્ષણ (ડ) વ્યવસાય

(5) નીચેનામાંથી કયો લેખ માલ્થસનો છે.

(અ) An Essay on Poverty (બ) An Essay on Population

(ક) An Essay on Pollution (ડ) An Essay on Baggery

## 1.8 ઉપસંહાર

આમ, આપણે ગરીબીની સમસ્યાનો અર્થ, તેના કારણો અને પરિણામોની સમજ મેળવી. પરંતુ સામાજિક, સાંસ્કૃતિક વૈવિધ્ય અને સ્થળ-કાળના સંદર્ભમાં તેના કારણો, પરિણામો જુદાં હોઈ શકે છે. એ જ રીતે સામાજિક કાર્યકરની ભૂમિકા માત્ર શિક્ષણપ્રશિક્ષણ પૂરતી મર્યાદિત નથી. પરંતુ વ્યવહારૂ ભૂમિકા છે. તેથી સામાજિક કાર્યકરની આંતરસૂઝ અને અનુભવ મહત્ત્વના છે.

## 1.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

પ્રશ્ન-1 (ડ) બધા સાથે

પ્રશ્ન-2 (બ) બેરોજગારી

પ્રશ્ન-3 (ડ) લઘુતમ આવક

પ્રશ્ન-4 (બ) સામાજિક કલ્યાણ

પ્રશ્ન-5 (અ) An Essay on Poverty

## 1.10 ચાવીરૂપ શબ્દો

**ગરીબી** : મુખ્યત્વે અનેક પ્રકારના અભાવો અને વંચિતતાની સ્થિતિ છે. મુખ્યત્વે ગરીબીરેખા નીચે જીવન જીવતા વ્યક્તિને ગરીબ કહેવામાં આવે છે. સાંપ્રત સમયમાં સમાજશાસ્ત્રીય, મનોવૈજ્ઞાનિક અને રાજકીય પાસાંઓ પણ ગરીબીની સંકલ્પનામાં સમાવેશ કરવામાં આવે છે.

**સાપેક્ષ ગરીબી** : અહીં અમુક એક સમય, ચોક્કસ સ્થળ, પ્રવર્તતા જીવનધોરણને આધારે ગરીબીને માપવામાં આવે છે.

## 1.11 સ્વાધ્યાય લેખન

(1) ગરીબીની વ્યાખ્યા આપી તેના કારણોની ચર્ચા કરો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

(2) ગરીબી નિવારણના ઉપાયો સવિસ્તાર જણાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..................................................................

..................................................................

..................................................................

(3) ગરીબી નિવારણના પ્રયાસોમાં સામાજિક કાર્યકરની ભૂમિકા સમજાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 1.12 પ્રવૃત્તિ

(1) તમારી આસપાસની ગરીબ વસાહતની મુલાકાત લઈ ગરીબોના પ્રશ્નોની યાદી બનાવો.

(2) તમારી નજીકની ગરીબ વસાહત એક અઠવાડિયા માટે બાળકોને શિક્ષણ અને સ્વચ્છતાના પાઠ શીખવો.

## 1.13 કેસ સ્ટડી

તમારી નજીકની સ્વૈચ્છિક સંસ્થા જે ગરીબો માટે કાર્યરત હોય તેના કાર્યનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરવો.

## 1.14 સંદર્ભ સૂચિ


- Gurr T. R. 1970, Why Men Rebel, Princeton University Press, Princeton
- Khandker S. R., J. Haughton. Zooa Handbook on Poverty Inequality, The World Bank-Washington, DC

# એકમ–2 બેકારી

## : એકમનું માળખું :

2.1 પ્રસ્તાવના
2.2 એકમના હેતુઓ
2.3 અર્થ
2.4 બેકારીના કારણો
2.5 બેકારી નિવારણના ઉપાયો
2.6 સમાજ કાર્યકરની ભૂમિકા
2.7 તમારી પ્રગતિ ચકાસો
2.8 ઉપસંહાર
2.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો
2.10 ચાવીરૂપ શબ્દો
2.11 સ્વાધ્યાય લેખન
2.12 પ્રવૃત્તિ
2.13 કેસ સ્ટડી
2.14 સંદર્ભ સૂચિ

### 2.1 પ્રસ્તાવના :

બેકારીની સમસ્યા મૂળભૂત રીતે શ્રમશક્તિ સાથે સંકળાયેલી છે. બેકારી આર્થિક અને સામાજિક બંને રીતે સમગ્ર સમાજને અસર કરે છે. બેકારી એ એવી પરિસ્થિતિ છે જેમાં વ્યક્તિની યોગ્યતા, ઈચ્છા હોવા છતાં કાર્ય કરવાથી વંચિત રહે છે. વ્યક્તિ પોતાના કૌશલ્યનો ઉપયોગ કરી શ્રમબજારમાં જોડાય છે અને અર્થોપાર્જન કરે છે. પરંતુ જ્યારે વ્યક્તિ આવી તકોથી વંચિત રહે છે ત્યારે તે બેકાર બને છે. બેકારીની જે-તે વ્યક્તિને અસર થાય છે તેની સાથે તે સમગ્ર સમાજને અસર કરે છે કારણ કે બેકાર વ્યક્તિ સામાજિક-આર્થિક વિકાસમાં યોગદાન નથી આપી શકતા અને આધારિત બની રહે છે. આવી આધારિત વસતિનું વધુ પ્રમાણ જે-તે દેશના વિકાસમાં અવરોધક બને છે. આ એકમમાં બેકારીની સમસ્યાનો અર્થ, તેના કારણો, નિવારણના ઉપાયો, સમાજકાર્યકરની ભૂમિકા વગેરેની રજૂઆત કરવામાં આવી છે.

### 2.2 એકમના હેતુઓ :

- બેકારીનો અર્થ સમજી શકશો.
- બેકારીના કારણોઅને નિવારણના ઉપાયો જાણી શકશો.
- બેકારીની સમસ્યા સંદર્ભે સમાજ કાર્યકરની ભૂમિકા જાણી તેનો ક્ષેત્રમાં ઉપયોગ કરી શકશો.

### 2.3 અર્થ :

મદનના મતે ''જે દેશમાં કામ કરવા સમર્થ હોય એવી અને કામ કરવાની ઉંમર સુધી પહોંચેલી વ્યક્તિઓ કામ કરવાની ઈચ્છા રાખતી હોય છતાં પ્રવર્તમાન વેતનકક્ષા પ્રમાણે કામ મેળવી શકતી ન હોય તે વ્યક્તિ બેકાર છે એમ કહી શકાય.'' મદનની વ્યાખ્યામાં બે બાબતો મહત્ત્વની છે. (1) કામ

કરવાની શારીરિક-માનસિક ક્ષમતા અને (2) ઉંમર. એટલે કે વ્યક્તિ કામ કરવા લાયક હોય, આવડત હોય, ઈચ્છા હોય છતાં પણ કામ ન મળે એ વ્યક્તિ બેકાર છે.

ડી. મૈલોના મતે ''બેકારી એવી પરિસ્થિતિ છે જેમાં વ્યક્તિની ઈચ્છા હોવા છતાં પ્રવર્તમાન વ્યવસાયની સ્થિતિમાં નથી.'' ગોપાલદાસના મતે ''બેકારી અનિચ્છનીય નિષ્ક્રિયતાની સ્થિતિ છે.'' ઉપરોક્ત વ્યાખ્યાઓને આધારે બેકારીનો અર્થ સમજી શકાય છે. વ્યક્તિની અનિચ્છાએ વ્યવસાય, કાર્યથી વંચિત રહેવું પડે છે. એટલે કે તે અર્થોપાર્જનથી વંચિત રહે છે. સાથે-સાથે પોતાની આવડત, કૌશલ્યનો યોગ્ય ઉપયોગ કરી શકતાં નથી. તેથી માનસિક બોજો અનુભવે છે અને અનિચ્છાએ આધારિત વ્યક્તિ તરીકે જીવવું પડે છે. આમ, બેકારી વ્યક્તિને માનસિક રીતે તોડી પાડે છે.

સમાજશાસ્ત્રીઓ બેકારીના કારણો સાથે બેકારીના સામાજિક પરિબળોને પણ ધ્યાનમાં લે છે. ફેરફાઈલ્ડના મતે સામાન્ય સ્થિતિમાં શ્રમિકોને તેમની ઈચ્છા વિરૂદ્ધ અને બળપૂર્વક પ્રવર્તમાન શ્રમકાર્યથી અલગ કરી દેવામાં આવે એ પરિસ્થિતિ બેકારી છે. શારીરિક અને માનસિક રીતે દુર્બળ, વૃદ્ધ કે અન્ય વ્યક્તિને પોતાનું ભરણપોષણ મેળવવા માટે પોતાને સાનુકૂળ કામ કરવા ઈચ્છે પણ જો એ ન મળે ત્યારે તેને સામાજિક રીતે બેકારી કહી શકાય. આ સંદર્ભમાં ગિલિન જણાવે છે કે, ''પોતાની અને પોતાના કુટુંબની જરૂરિયાતોની પૂર્તિ માટે પોતાની કમાણી ઉપર આધાર રાખતી વ્યક્તિને જ્યારે રોજગાર નથી મળતો અને એવી પરિસ્થિતિ વિશેની રજૂઆત કરવામાં આવે છે ત્યારે તેને સામાજીક બેકારી કહેવામાં આવે છે.'' સામાજિક દૃષ્ટિએ બેકારી વ્યક્તિગત અને કૌટુંબિક વિઘટન સર્જતી પરિસ્થિતિ છે.

## 2.4 બેકારીના કારણો :

મોટાભાગના અર્થશાસ્ત્રીઓના મતે મૂડીનો અભાવ. વધુ ઉત્પાદનને કારણે બેકારી વધે છે. કેટલાંક વિદ્વાનોના મતે બેકારીમાં માત્ર આર્થિક કારણો જ જવાબદાર નથી.

સામાજિક અને વ્યક્તિગત બાબતો પણ બેકારીને પ્રોત્સાહન આપે છે. સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણ પ્રમાણે અપમાનજનક સામાજિક પ્રતિષ્ઠા ભૌગોલિક મંદતા, વસ્તી વૃદ્ધિ, દોષયુક્ત શિક્ષણપ્રણાલી વગેરે સામાજિક બાબતે અને વ્યક્તિગત બાબતો જેવી કે બિનઅનુભવ વ્યવસાયિક અયોગ્યતા, શારીરિક કે માનસિક બીમારી, કામ કરવાની અસમર્થતા વગેરે બેકારી માટે જવાબદાર છે. બેકારી માટેના જવાબદાર વિવિધ કારણો નીચે મુજબ છે.

(1) વ્યક્તિગત કારણ

(2) સામાજિક કારણ

(3) આર્થિક કારણ

(4) વસ્તી વધારો

(5) વ્યાપક ગરીબી

(6) ઔદ્યોગિકરણ

(7) શૈક્ષણિક અને વિકાસની અસમતુલા

(8) સ્થળાંતર

**(1) વ્યક્તિગત કારણો :**

બેરોજગારી માટે ઉંમર, શારીરિક અશક્તિ, વ્યવસાયિક અક્ષમતા, સ્વૈચ્છિકપણું વગેરે વ્યક્તિગત બેરોજગારીના મહત્ત્વના કારણો છે. યુવા વ્યક્તિ કે જેને પોતાનું શિક્ષણતાલીમ પૂર્ણ કર્યા બાદ નોકરી મળતી નથી અને ઉંમર વધતી જતી હોય છે. એવી જ રીતે ૫૦-૫૫ વર્ષ થયાં હોય તેવા વ્યક્તિને પણ નોકરી કે વ્યવસાયમાં મુશ્કેલી આવે છે. શારીરિક માંદગી, અશક્તિ, બીમારી, શારીરિક ખોડખાંપણના લીધે વ્યવસાય-નોકરીમાં મુશ્કેલીઓ ઊભી થાય છે. વ્યક્તિની ઉંમર હોય શારીરિક રીતે અશક્ત હોય, વ્યવસાયિક ક્ષમતા હોય પણ

વ્યક્તિની ઈચ્છા ન હોય તો તેણે બેકારીનો સામનો કરવો પડે છે. આ બાબત પણ વ્યક્તિગત છે.

**(2) સામાજિક કારણો :**

બેકારીના સામાજિક કારણોમાં સ્ત્રી અને પુરૂષ બન્નેનો દૃષ્ટિકોણ અલગ અલગ હોય છે. વ્યક્તિના પોતાના મૂલ્યો, માન્યતાઓ, વલણો એ એની બેકારી સર્જવામાં સહાયરૂપ થાય છે. કેટલાક લોકોને અમુક કામ Bello dignity એટલે પોતાની દરજ્જાથી નીચું લાગતું હોય તો પણ વ્યક્તિ બેકાર રહે તેવી સ્થિતિ સર્જાય છે.

દરેક સમાજની સંસ્કૃતિને પોતાની કેટલીક માન્યતા હોય છે. ભારતીય સમાજમાં સ્ત્રીઓને અમુક દૃષ્ટિકોણથી જોવામાં આવે છે. પુરૂષપ્રધાન સમાજ હોવાથી સામાન્ય રીતે સ્ત્રીઓનો દરજ્જો નીચો ગણાય છે. વ્યવસાયના અમુક ક્ષેત્રોમાં સ્ત્રીઓને કામ ન મળે એવું લોકો ઈચ્છતા હોય છે. સ્ત્રી-પુરૂષની ભૂમિકા અંગેના કેટલાકં મૂલ્યો હોય છે જેમ કે 'સારા ઘરની સ્ત્રીઓ આવું કામ / નોકરી ન કરે' આવા મૂલ્યોના કારણે તેવી સ્ત્રીઓને કામ મળતું નથી. સામાજીક મૂલ્ય અને સંસ્કૃતિ સ્ત્રી-પુરૂષને જુદાં-જુદાં માપદંડથી જુએ છે અને એને લીધે કેટલાક વ્યવસાયમાંથી બાકાત રહેવું પડે છે અને બેરોજગારીની સ્થિતિ સર્જાય છે.

**(3) આર્થિક કારણો :**

બેકારી કે બેરોજગારીના આર્થિક કે યાંત્રિક કારણો જોઈએ તો ગ્રામીણ અને શહેરી બન્ને સમુદાયમાં એની પરિસ્થિતિ જુદી જુદી હોય છે. મૂડીની તંગી, વિકાસના કાર્યક્રમોનો અભાવ, યોગ્ય વ્યક્તિનો અભાવ, માનસીક શક્તિ અને આયોજનનો અભાવ, વ્યવસાય રચનાની સ્થગિતા, માંગ અને પુરવઠાની અસમતુલા, મૂડીવાદી ઉત્પાદન પદ્ધતિ, ફુગાવો, બજાર પદ્ધતિ વગેરે આર્થિક કારણો બેરોજગારી માટે જવાબદાર છે.

**(4) વસ્તી વધારો :**

ભારતમાં વસ્તીના વિસ્ફોટક વધારાએ બેકારીનું સર્જન કર્યું છે. એટલું જ નહિ પણ આ સમસ્યાને અત્યંત તીવ્ર બનાવી દીધી છે. દેશના મર્યાદિત આર્થિક સાધનો પુખ્તવયની બધી જ વ્યક્તિઓને રોજગારી પૂરી પાડવામાં અપૂરતા નીવડ્યા છે. આર્થિક સમતુલા જળવાય એ રીતે આર્થિક વિકાસનો દર વધારી શકાયો નહી હોવાથી બેકારીની સમસ્યામાં સંખ્યા પ્રતિવર્ષ વધી રહી છે. વિકાસના નીચા દરના કારણે ગરીબ કુટુંબમાં જન્મતાં બાળકોને પૂરતી શૈક્ષણિક અને વ્યવસાયિક તક મળતી નથી. પરિણામે વસ્તી વૃદ્ધિને સાથેસાથે બેકારીની સમસ્યા વધુને વધુ તીવ્ર બને છે. આમ બેરોજગારીની સંખ્યા વસ્તી-વૃદ્ધિ સાથે વધતી રહે છે.

**(5) ગરીબી :**

બેકારીના કારણ અને પરિણામ એમ બન્ને રીતે ગરીબીનો વિચાર કરી શકાય. ગરીબી શૈક્ષણિક વિકાસની તકને અવરોધે છે. સાથોસાથ વ્યવસાય માટે જરૂરી નાણાંકીય રોકાણની અશક્તિ સૂચવે છે. પરિણામે ગરીબ માણસને માટે નાણાંકીય રોકાણનો પ્રશ્ન ઊભો થાય છે અને તેના પરિણામે ગરીબ માણસને અમૂક પ્રકારનો વ્યવસાય કરવાની કે નોકરી મેળવવાની શક્યતાઓ ઘટી છે. ઓછો આર્થિક વિકાસ, તીવ્ર વસ્તી વૃદ્ધિ વગેરે કારણોસર ભારતમાં ગરીબીની સમસ્યા ઉદ્‌ભવી છે.

**(6) ઔદ્યોગિકરણ :**

ઔદ્યોગિકરણની પ્રક્રિયામાં ચીજવસ્તુઓના ઉત્પાદનમાં માનવ સંચાલિત સાધનોનો અથવા હાથથી ચલાવતાં ઉત્પાદનના સાધનોનું સ્થાન યંત્રોએ લીધું છે. ઔદ્યોગિકરણ અર્થવ્યવસ્થાનું પરિવર્તન સૂચવે છે. આ પ્રકારના પરિવર્તન થાય છે. બ્રિટિશરોએ અપનાવેલ ઔદ્યોગિક નીતિને લીધે શોષણની સામે ભારતની રોજગારી પર અસર પડી અને રોજગારી મેળવતો વિશાળ વર્ગ બેકાર કે અર્થબેકાર બન્યો.

**(7) શૈક્ષણિક વિકાસ અને આર્થિક વિકાસ વચ્ચે અસમતુલા :**

ભારતીય સમાજ સામાજિક વિકાસની પ્રક્રિયામાંથી પસાર થઈ રહેલો સમાજ છે. વિક્ટર ડિસોઝા કહે છે તેમ સાધ સમાજની વિકસિત સમાજમાં રૂપાંતર થવાની ઘટનાને સામાજિક વિકાસની પ્રક્રિયા તરીકે ઓળખાવે છે. સામાજિક વિકાસની પ્રક્રિયામાં વિવિધ પરિબળો નિમ્ન સ્તરમાંથી ઉચ્ચ સ્તરમાં એક સાથે જ બદલવા પડે છે એટલે કે સામાજિક વિકાસ માટે સામાજિક આર્થિક જીવનમાં વિવિધ પરિબળો વચ્ચે સમતુલા સ્થાપવી જરૂરી બને છે. આવી સમતુલા સ્થાપવામાં ન આવે તો વિવિધ સામાજિક સમસ્યાઓ જન્મે છે. સામાજિક વિકાસની પ્રક્રિયા અનુભવી રહેલા ભારતીય સમાજમાં સામાજિક-આર્થિક જીવનના આર્થિક અને શૈક્ષણિક ક્ષેત્રોમાં સપ્રમાણ વિકાસ સાધી શકાયો નહીં હોવાથી બેરોજગારીની સમસ્યા સર્જાય છે.

## 2.5 બેકારી નિવારણના ઉપાયો :

**(1) વસ્તી નિયંત્રણ :**

અતિવસ્તીએ બેકારી માટે મહત્ત્વનું સહાયક પરિબળ છે. હાલના બેકારોને રોજગારી પૂરી પાડવા માટે નવી તકો વિકસાવવામાં આવે છે. પરંતુ તીવ્ર વસ્તી વૃદ્ધિને કારણે નવા બેકારોનો ઉમેરો થતો હોવાથી બેકારી વ્યકતિઓને રોજી પૂરી પાડવા અને સાથોસાથ થવા બેકાર નિવારણના પ્રયાસો ફળિભૂત થતાં નથી. તેથી બેકાર વ્યક્તિઓને રોજી પૂરી પાડવા અને સાથોસાથ નવા બેકાર ન સર્જાય તે માટે વસ્તી નિયંત્રણને મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે.

**(2) રોજગારલક્ષી આયોજન :**

આપણે આયોજન પશ્ચિમના દેશોમાંથી અપનાવ્યું છે. તેથી અત્યાર સુધી આપણું આયોજન વિકાસલક્ષી રહ્યું છે. તે માટે બીજી પંચવર્ષીય યોજનાથી આપણે મોટા પાયા પરના ઉદ્યોગો અને મૂડીપ્રધાન ઉદ્યોગો પ્રત્યે સભાન બન્યાં. આવા ઉદ્યોગોની સ્થાપનાને લીધે વપરાશી વસ્તુઓનું ઉત્પાદન વધશે. પરિણામે રોજગારી વધવા સાથે સ્થિરતા જળવાશે. નાના પાયા કરતા મોટા પાયા પરના ઉદ્યોગોમાં વધુ નાણાંની જરૂર હોય છે.

**(3) શિક્ષણ પદ્ધતિમાં સુધારો :**

બેકારીને દૂર કરવા અંગ્રેજોએ વારસામાં આપેલી કારકુનો પેદા કરતી શિક્ષણ પદ્ધતિને ધરમૂળથી ફેરફાર કરવાની જરૂર છે. વિનિમય અને વાણિજ્યના સ્નાતક બન્યા પછી પણ વ્યક્તિ લાંબા સમય સુધી બેકાર રહે છે. તેથી વેપાર વાણિજ્ય તેમજ ઉદ્યોગોને અનુરૂપ વ્યવસાયલક્ષી શિક્ષણ અને તાલીમ આપવી. શિક્ષણના કારણે બેકારીની સમસ્યા હળવી કરી શકાય.

**(4) સામાજિક સેવાઓનું વિસ્તરણ :**

શિક્ષણ આરોગ્ય શ્રમકલ્યાણ ગંદાવસવાટ ઝૂંપડપટ્ટી નાબૂદી, કુટુંબ નિયોજન અને સામાજિક સેવાઓ જો સરકાર વિસ્તરણ કરે તો શિક્ષિત બેકારોને લાભપૂર્વક રોજગારીની ગણનાપાત્ર તક આપી શકાય. આવી સેવાઓ ઉપલબ્ધ થતા લોકોનો રૂઢિગત માનસમાં ફેરફાર થશે. વિકાસની અનુકૂળ ભૂમિકા રચાશે. સામાજિક સેવા અંતર્ગત પ્રાથમિક શિક્ષણ, ગ્રામ આરોગ્ય, પાણી ગ્રામ રસ્તા, આહાર, શહેરી ગંદાવસવાટોની સુવિધાઓ વગેરે અગત્યની બાબતો છે.

**(5) ટેકનિકલ તાલીમ યોજના :**

કેટલાંક વ્યવસાયોમાં કામ કરવા માટે પુરતા માણસો મળતાં નથી. આથી બેકાર માણસોને વિવિધ પ્રકારની ટ્રેનિંગ આપવાની વ્યાવસાયિક સભાનતા લાવવાની શરૂઆત થઈ છે. વાયરમેન, પ્લમ્બિંગ વગેરે યોજનાઓ મહત્ત્વની છે.

આ ઉપરાંત બાળમજૂરી દૂર કરવી, શારીરિક ખોડખાંપણવાળા બેકારોને વ્યવસાયિક તાલીમ આપવાનો પ્રબંધ, SC, ST અન્ય પછાત વર્ગોના લોકો પણ રોજગારીની વિશિષ્ટ સવલતો આપવી જોઈએ. ખેતીનું આધુનિકીકરણ, ગ્રામીણ ક્ષેત્રે રોજગારી સર્જવા પ્રત્યે ધ્યાન આપવું.

## 2.6 સમાજકાર્યકરની ભૂમિકા :

- બેરોજગારી નિયંત્રણ માટેની સરકારી યોજનાઓ અંગેની માહિતી બેકાર વ્યક્તિઓ સુધી પહોંચાડવી અને એ માટે જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડવું. દા.ત. ટીમરૂપાન એકત્રીકરણ, સંગ્રહ અને વાહતુક યોજના જેમાં ગુજરાત રાજ્યની પૂર્વ પટ્ટીના 13 જિલ્લામાં આવેલ 35000 થી વધુ આદિવાસી ભાઈ-બહેનો અંદાજે રૂા.13 થી 15 કરોડની આંશિક રોજગારી મેળવે છે. આવી અનેક યોજનાઓની જાણકારી સામાજિક કાર્યકરે જરૂરિયાતમંદો સુધી પહોંચાડવી જોઈએ.
- કૌશલ્ય અને આવડત ધરાવતાં યુવાન બેકારોને રોજગારીના વિવિધ ક્ષેત્રોની માહિતી પૂરી પાડવી. 'સ્ટાર્ટઅપ', Research Incubation' વગેરેની માહિતી પૂરી પાડી રોજગાર નવા ક્ષેત્રો તરફ યુવાનોનું ધ્યાન દોરવું વગેરે.
- કંપનીઓ દ્વારા CSR (Corporate Social Responsibiliy) અંતર્ગત સામાજિક જવાબદારીના ભાગરૂપ ઘણા પ્રોજેક્ટ અમલમાં મૂકે છે. તો આવી કંપનીઓ અને બેરોજગાર વ્યક્તિઓ વચ્ચે કડીરૂપ મહત્ત્વની ભૂમિકા સામાજિક કાર્યકર ખૂબ સારી રીતે અદા કરી શકે.
- જ્યોતિસંઘ, સેવા, અવાજ, શ્વાસ વગેરે જેવી સ્વૈચ્છિક સંસ્થાઓ અને જરૂરિયાતમંદ લોકો વચ્ચે કડીરૂપ બની યોગ્ય માર્ગદર્શન આપવું.

## 2.7 તમારી પ્રગતિ ચકાસો :

**નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો.**

(1) બેકારી અનિચ્છનીય નિષ્ક્રિયતાનું પરિણામ છે. [ ]

(2) બેકારીની સમસ્યા માત્ર ભારતમાં જ છે. [ ]

(3) વસતિ વિસ્ફોટ બેકારીનું એક કારણ છે. [ ]

(4) વ્યક્તિની કામ કરવાની અશક્તિ એટલે બેકારી [ ]

(5) સામાજિક સેવાઓના વિસ્તરણ દ્વારા બેકારીને અટકાવી શકાય. [ ]

## 2.8 ઉપસંહાર :

આમ, બેકારીની સમસ્યા વિશ્વવ્યાપી છે. પરંતુ દરેક દેશમાં તેનું પ્રમાણ અને અસર જુદાં-જુદાં છે. બેકારી વ્યક્તિ, કુટુંબ અને દેશના વિકાસમાં માત્ર અવરોધક નથી પરંતુ તેની દૂરગામી અસરો સમગ્ર સમાજ પર પડે છે. બેકારીના ભયને કારણે શિક્ષિત યુવાનો આત્મહત્યા જેવા અતિ અંતિમ પગલા પણ ભરે છે. પરંતુ મહેનત કરવાની ઈચ્છા, આત્મવિશ્વાસ અને હકારાત્મક વિચારસરણી હોય તો બેકારીની પરિસ્થિતિને વ્યક્તિ દૂર કરી શકે છે અને અહીં સમાજકાર્યકરની ભૂમિકા મહત્ત્વની છે.

## 2.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

(1) [ ✓]

(2) [ ×]

(3) [ ✓]

(4) [ ×]

(5) [ ✓]

## 2.10 ચાવીરૂપ શબ્દો :

**બેકારી :** કામ કરવાની શક્તિ અને ઈચ્છા બંને હોવા છતાં વ્યક્તિને કામ ન મળે એવી પરિસ્થિતિને બેકારી કહેવામાં આવે છે. બેકારી એ અનિચ્છનીય નિષ્ક્રિયતાની પરિસ્થિતિ છે.

## 2.11 સ્વાધ્યાય લેખન :

(1) બેકારીનો અર્થ સ્પષ્ટ કરી બેકારીના કારણોની ચર્ચા કરો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(2) બેકારી નિવારણ માટેના ઉપાયોની સવિસ્તાર સમજૂતી આપો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(3) નોંધ લખો : બેકારી અને સમાજકાર્યકરની ભૂમિકા.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 2.12 પ્રવૃત્તિ :

સરકારના રોજગારલક્ષી કાર્યક્રમોની યાદી બનાવી તેની વિગતે માહિતી મેળવો.

## 2.13 કેસ સ્ટડી

'સ્ટાર્ટઅપ' યોજનાની માહિતી મેળવી ગુજરાતમાં શરૂ થયેલા સ્ટાર્ટઅપ વિષયોનું માર્ગદર્શન મેળવો. (gusec.edu.in પરથી માહિતી મળી રહેશે.)

## 2.14 સંદર્ભ સૂચિ


- Madan G.R. (1981), Indian Social Problems, New Delhi, Allied Publication.
- Reddy K. S. (1999), Poverty and Unemployment, New Delhi, Allied Publication
- Ahuja Ram, Social Problem in India, Rawat Publication
- Horton Paul B. and Leslie Gerald R. (1960), the Sociology of Social Problems, Appleton, Century Inc. New York.

# એકમ–3 ભિક્ષાવૃત્તિ

## : એકમનું માળખું :


3.1 પ્રસ્તાવના

3.2 એકમના હેતુઓ

3.3 અર્થ

3.4 ભિક્ષાવૃત્તિના કારણો

3.5 ભિક્ષાવૃત્તિ નિવારણના ઉપાયો

3.6 સમાજકાર્યકરની ભૂમિકા

3.7 તમારી પ્રગતિ ચકાસો

3.8 ઉપસંહાર

3.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

3.10 ચાવીરૂપ શબ્દો

3.11 સ્વાધ્યાય લેખન

3.12 પ્રવૃત્તિ

3.13 કેસ સ્ટડી

3.14 સંદર્ભ સૂચિ


## 3.1 પ્રસ્તાવના :

ભિક્ષાવૃત્તિની સમસ્યા માત્ર વર્તમાન ભારતની સમસ્યા નથી. તેના મૂળમાં વિવિધ ધર્મોમાં દાનના મહિમાનું મહત્ત્વ રહેલું છે. આપણા સમાજનો આ એવો એક હિસ્સો છે જેમાં દરેક વયજૂથના, જાતિના વ્યક્તિઓ જોડાયેલા છે. એટલે કે બાલ્યાવસ્થામાંથી વૃધ્ધાવસ્થા સુધીના લોકો જોડાયેલાં છે. ભિક્ષાવૃત્તિ એ કોઈપણ સમાજના વિકાસમાં અવરોધરૂપ છે. ભિક્ષા એ માત્ર જીવન ટકાવી રાખવાં માટે નહિ, પરંતુ એક વ્યવસાય તરીકે અપનાવવામાં આવે ત્યારે સમાજમાં બીજી અનેક સમસ્યાઓ ઉભી થાય છે. આ પેટાએકમમાં ભિક્ષાવૃત્તિની સમસ્યાનો અર્થ, તેના કારણો, તેની અસરો વગેરેની રજૂઆત કરવામાં આવી છે.

## 3.2 એકમના હેતુઓ :

- ભિક્ષાવૃત્તિનો અર્થ સમજી શકશો.
- ભિક્ષાવૃત્તિના કારણો અને નિવારણના ઉપાયો જાણી શકશો.
- ભિક્ષાવૃત્તિની સમસ્યા સંદર્ભે સમાજ કાર્યકરની ભૂમિકા જાણી તેનો ક્ષેત્રમાં ઉપયોગ કરી શકશો.

## 2.3 અર્થ :

Under the Bombay Prevention of Begging Act, 1959, ‘anyone having no visible means of subsistence and found wandering about in a public space is deemed as beggar.

ફેરચાઈલ્ડના મતે -“જે વ્યક્તિ પોતાના ભરણપોષણ માટે જવાબદાર નથી એવા (અન્ય કોઈ) પાસે સમાન મૂલ્યની કોઈપણ વસ્તુ બદલામાં આપ્યા વિના જ નાણાં કે અન્ય વસ્તુઓ દેવાય છે તે ભિક્ષુક.”

ભિક્ષુકો મોટેભાગે ખોરાક અને અન્ય જીવનજરૂરી વસ્તુઓ લોકો પાસેથી માંગીને પોતાના કુટુંબનો નિભાવ કરે છે. મોટા શહેરો, પ્રવાસન સ્થળો, રેલ્વેસ્ટેશન, મોટા મંદિરો, મેળાઓ વગેરે સ્થળોએ ભિક્ષુકો મોટી સંખ્યામાં જોવા મળે છે. ગુજરાત યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્ર વિભાગના પ્રથમ અધ્યક્ષ ડૉ. તારાબેન પટેલે 19૫૫-૫6માં અમદાવાદના ભિક્ષુકોનો સમાજશાસ્ત્રીય અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસ પ્રમાણે ભિક્ષુકોમાં કામ નહિ મળવા કરતાં કામ નહિ કરવાની વૃત્તિ વધુ હતી. ધર્મ, દયા, પુણ્ય, આશીર્વાદ વગેરે અંતર્ગત ભિક્ષુકોને દાન મળી રહે છે અને આ બાબત કાયમી બનતા તે ભિક્ષાવૃત્તિમાં પરિણમે છે. એટલે કે ભિક્ષા એ વ્યવસાયનું સ્વરૂપ પામે છે. એક અંદાજ પ્રમાણે ભારતમાં અંદાજે 50 લાખ ભિક્ષુકો છે. નાણાં કે કોઈ વસ્તુની યાચના, યાચકનો તે માટેનો અધિકાર, જીવનનિર્વાહ માટે યાચના વગેરે ભિક્ષાવૃત્તિના લક્ષણો છે. ટૂંકમાં સામાજિક રીતે અનધિકાર યાચના તે ભિક્ષા. જીવનનિર્વાહના સાધનનું સ્વરૂપ પામતી ભિક્ષા તે ભિક્ષાવૃત્તિ અને ભિક્ષાવૃત્તિ પર જીવન ગુજારનાર તેને ભિક્ષુક કહી શકાય.

ડૉ. તારાબેન પટેલે અમદાવાદના ભિક્ષુકોનો (1955-56) અભ્યાસ કર્યો. તેને આધારે ભિક્ષુકોનું વર્ગીકરણ રજૂ કર્યું છે. જેમાં (1) રોગિષ્ટ (2) અંધભિક્ષુકો (3) શારીરિક રીતે અપંગ (4) ઢોંગી સાધુઓ (5) ભટકતા ધાર્મિક સાધુઓ (6) થોડા સમયના કામદાર છતાં ભિક્ષુક (7) સશક્ત (8) પ્રસ્થાપિત કુટુંબ કે જેનો એક સભ્ય ભિક્ષા માગતો હોય અને (9) માનસિક ખામીવાળા.

## 3.4 ભિક્ષાવૃત્તિના કારણો :

### (1) શારીરિક કારણ :

વ્યક્તિ જ્યારે સમાજમાન્ય વ્યવસાય કે રોજગાર માટે શારીરિક શક્તિ ધરાવતો નથી એવા સંજોગોમાં જીવનનિર્વાહ માટે તે ભિક્ષાવૃત્તિ તરફ વળે છે. આવી પરિસ્થિતિ મહદઅંશે તેને શારીરિક લાચારી તેને ભિક્ષાવૃત્તિ તરફ ધકેલે છે. આ શારીરિક અશક્તિ બે-ત્રણ રીતની હોય છે. કેટલાંક વૃધ્ધાવસ્થાને કારણે શારીરિક અશક્ત બને છે. કેટલાંક જન્મથી કે ત્યારબાદ શારીરિક ક્ષતિને કારણે, કેટલાંક લકવા, રક્તપિત્ત જેવા મહારોગોને કારણે અપંગ અથવા વિકૃત અંગોવાળા શારીરિક શ્રમ કરવા સક્ષમ હોતાં નથી. આમ, કોઈપણ રીતે શારીરિક અશક્તિ વ્યક્તિને ભિક્ષાવૃત્તિ તરફ ધકેલનારું એક મહત્ત્વનું કારણ છે.

### (2) માનસિક કારણો :

કેટલીક વ્યક્તિ જન્મથી જ માનસિક ક્ષતિ ધરાવતી હોવાને કારણે શ્રમકાર્યમાં જોડાઈ શકતી નથી. આવી વ્યક્તિઓને ઘણીવાર પોતાનો પરિવાર પણ તરછોડે છે ત્યારે લાચારીમાં તેઓ ભિક્ષાવૃત્તિ દ્વારા જીવન નિર્વાહ કરે છે. કેટલાક માનસિક તાણને કારણે કોઈપણ કામકાજમાં એકાગ્ર થઈ શકતાં નથી. તેઓ પણ ભિક્ષાવૃત્તિ તરફ દોરાય છે.

ઉપરાંત કેટલાંક આળસુ અને બેઠાડું મનોદશા ધરાવતી વ્યક્તિઓ ઈચ્છા થાય ત્યારે ભિક્ષા માંગે છે અને બાકીનો સમય આળસમાં ગાળે છે. આવા માનસિક કારણો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભિક્ષાવૃત્તિના મહત્ત્વના કારણો છે.

### (3) આર્થિક કારણ :

ભિક્ષાવૃત્તિનું એક મહત્ત્વનું કારણ ગરીબી અથવા અત્યંત નબળી આર્થિક પરિસ્થિતિ માનવામાં આવે છે. પરંતુ હંમેશા ગરીબ અથવા નબળી આર્થિક પરિસ્થિતિ ધરાવતી બધી જ વ્યક્તિઓ ભિક્ષા માંગતી નથી. એ જ રીતે બધા જ ભિક્ષુકો આર્થિક રીતે અત્યંત ગરીબ જ હોય એવું પણ હોતું નથી. પરંતુ ભિક્ષાવૃત્તિમાં જોડાવાનું એક નોંધપાત્ર કારણ આર્થિક કારણ છે તેવું ચોક્કસ કહી શકાય. આર્થિક રીતે સધ્ધર કુટુંબોમાં વૃદ્ધો અશક્ત વ્યક્તિઓ, માનસિક ક્ષતિ ધરાવતા, રોગિષ્ટ વગેરેનો જીવનનિર્વાહ થઈ જાય છે. પરંતુ નબળી આર્થિક પરિસ્થિતિમાં આવી વ્યક્તિઓ લાચાર બની ભિક્ષાવૃત્તિમાં જોડાય છે. ઉપરાંત નબળી આર્થિક પરિસ્થિતિ સાથે ગરીબી, બેરોજગારી ભળે છે ત્યારે ભિક્ષાવૃત્તિ સિવાય બીજો માર્ગ રહેતો નથી. આ સંદર્ભમાં રાધાકમલ મુખરજી નોંધે છે કે ''ભિક્ષુકોની

નોંધપાત્ર સંખ્યા ગામડામાં, ખેતીમાંથી ફેંકાઈ ગયેલાં અને શહેર તરફ વળેલા લોકો શહેરમાં પૂરતું કામ મેળવી શકતાં નથી તેવાઓની હોય છે.''

### (4) સામાજિક કારણ :

ભિક્ષાવૃત્તિ માટે ભગ્ન કુટુંબો, ગુનાહિત કુટુંબો, પતિ-પત્ની વચ્ચેના ઝઘડાઓ, અચાનક આવેલી મહામારી વગેરે પણ જવાબદાર છે. દા.ત. કોરોના મહામારીને કારણે થયેલા અચાનક લોકડાઉનને કારણે અનેક લોકો મજબૂરીમાં ભિક્ષા તરફ વળ્યાં. ડૉ. તારાબેન પટેલના અભ્યાસમાં પણ આ બાબત જોવા મળી હતી કે ભિક્ષાવૃત્તિમાં જોડાયેલી સ્ત્રીઓ મહ્‌દઅંશે ત્યક્તા અથવા કુટુંબ દ્વારા તરછોડાયેલી હતી. ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓએ વર્ષ ૨019-૨0 દરમ્યાન અમદાવાદના કાલુપુર, સરસપુર, ઓઢવ, નવરંગપુરા, નરોડા વગેરે સ્થળના ભિક્ષુકોનો સમાજશાસ્ત્રીય અભ્યાસ ડૉ. સંગીતા પટેલના માર્ગદર્શન હેઠળ કર્યો હતો. આ તમામ શોધનિબંધના તારણોમાં ભિક્ષાવૃત્તિમાં જોડાવાના કારણોમાં સામાજિક કારણ મહત્ત્વનું જોવા મળ્યું હતું.

### (5) દાનની ભાવના :

ભિક્ષાવૃત્તિને પોષનારૂ એક મહત્ત્વનું કારણ વિવિધ ધર્મોમાં રહેલી દાનની ભાવના છે. દાનથી પુણ્યસંચય થાય છે અને આવા પુણ્યસંચયથી સ્વર્ગ મળે છે. નવરંગપુરા વિસ્તારના એક ભિક્ષુકના કેસ સ્ટડી પરથી જાણવા મળ્યું કે ''માત્ર શ્રાવણ માસમાં અમદાવાદના મોટા મંદિરોમાંથી અનાજ, જીવનજરૂરી વસ્તુઓ અને રોકડ દાન એટલું મળે છે કે અમારે આખુ વર્ષ કંઈ કરવું પડતું નથી. આ મહિનામાં અમે ગામડેથી અમારા સગાંઓને ભિક્ષા માંગવા માટે ખાસ અમદાવાદ બોલાવીએ છીએ.'' આમ, દાનની ભાવના એટલી દઢ હોય છે કે કાનૂનની સામે પણ ભિક્ષાવૃત્તિને ટકાવી રાખવામાં તે પાયાગત ભાગ ભજવે છે. આ ઉપરાંત ભિક્ષાવૃત્તિના કારણોમાં આળસપણું, કામ નહિ કરવાની વૃત્તિ, માંગીને ખાવાની આદત, માનવ તસ્કરીના ભોગ બનવું વગેરે કારણો પણ જવાબદાર છે. સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટીના દસ વિદ્યાર્થીઓએ 'અમદાવાદમાં ભિક્ષાવૃત્તિ' અંગે જે શોધ નિબંધ તૈયાર કર્યા તેમાં કાલુપુર, સરસપુર વિસ્તારમાં નાના બાળકો ભિક્ષાવૃત્તિમાં જોડાયેલા વધુ જોવા મળ્યા. જેમાં રેલ્વે સ્ટેશન પર ભિક્ષા માંગતા બે બાળકોના જણાવ્યા પ્રમાણે તેઓને ભિક્ષા માંગવી નથી ગમતી. બૂટ-પોલીસ કરીને જીવનનિર્વાહ કરવો છે. પરંતુ અન્ય વડિલ ભિક્ષુકો તેમને એમ કરવાની ના પાડે છે. ભિક્ષામાં જે પૈસા મળે એ રોજ સાંજે વડિલ ભિક્ષુકો લઈ લે છે અને બદલામાં જમવાનું આપે છે. અહીં માત્ર એક દૃષ્ટાંત રજૂ કર્યું છે પરંતુ મોટા શહેરોમાં આવા અનેક બાળકો માનવ તસ્કરીનો ભોગ બની ભિક્ષાવૃત્તિમાં જોડાય છે.

## 3.5 ભિક્ષાવૃત્તિ નિવારણના ઉપાયો :

ભિક્ષાવૃત્તિ નિવારણના ઉપાયોને બે ભાગમાં વહેંચી શકાય. (અ) નિરોધાત્મક ઉપાયો (બ) ઉપચારાત્મક ઉપાયો.

### (અ) નિરોધાત્મક ઉપાયો : (Preventive Measures)

આ પ્રકારના ઉપાયોમાં સામાન્ય રીતે ભિક્ષાવૃત્તિનું પ્રસરણ અટકાવવાના ઉપાયોનો સમાવેશ કરવામાં આવે છે. તેમાં સામાન્ય રીતે સરકાર દ્વારા અમલી કાયદાઓનો સમાવેશ કરી શકાય. ગુજરાત, મહારાષ્ટ્ર, મૈસૂર, બિહાર, મદ્રાસ, કોચીન વગેરે ઘણા રાજ્યોએ ભિક્ષાવૃત્તિ પ્રતિબંધક કાનૂન પસાર કરેલા છે. ગુજરાતમાં આ કાયદા અનુસાર સામાન્ય રીતે પાંચ વર્ષ સુધીના ભિક્ષુક બાળકોને અનાથઆશ્રમોમાં મોકલી આપવામાં આવે છે. પાંચ થી સોળ વર્ષના ભિક્ષુકોને ભિક્ષુકધારા હેઠળ પકડી શકાય છે. આવા ભિક્ષુકોને બાળસંરક્ષણ ગૃહોમાં મોકલી આપવામાં આવે છે. સોળ વર્ષથી ઉપરના ભિક્ષકોને અટકમાં લઈ શકાય છે. પ્રથમ વાર પકડાયેલ ભિક્ષુકને ફરી ભિક્ષા નહિ માગવા ચેતવણી અપાય છે અને તે ભિક્ષા નહિ માગવાની ખાતરી આપે તથા કોર્ટને વિશ્વાસ પડે તો તેમને છોડી મૂકવામાં આવે છે. માત્ર ભિક્ષા માંગવાના ગુના માટે જ જે ભિક્ષુકોને સજા થઈ હોય તેમણે તેમની શિક્ષાનો ગાળો ભિક્ષુકગૃહોમાં ગાળવાનો હોય છે. આ માટે સ્ત્રીઓ, પુરૂષો અને અપંગો માટે જુદા-જુદા ભિક્ષુક ગૃહોની વ્યવસ્થા કરવામાં આવે છે.

**(બ) ઉપચારાત્મક ઉપાયો :**

ભિક્ષાવૃત્તિ નિવારણના આ પ્રકારના ઉપાયોમાં ભિક્ષુકગૃહો, શારીરિક ક્ષતિયુક્ત વ્યક્તિઓ કૌશલ્ય આધારિત તાલીમ આપી સમાજમાં માનભર્યું સ્થાન અપાવવાના પ્રયત્નો કરતી સંસ્થાઓ જેવી કે વિશેષ તાલીમ શાળા, અંધજન મંડળ, અપંગ માનવમંડળ, બાળસંરક્ષણ ગૃહો, અનાથાલયો, જ્યોતિસંઘ, વિકાસગૃહ વગેરે જેવી સંસ્થાઓ દ્વારા લેવાતા વિવિધ ઉપાયોનો સમાવેશ કરી શકાય. ઉપરાંત સરકાર અને અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ વિવિધ આર્થિક સહાય યોજના હેઠળ ગરીબી, શારીરિક અશક્ત વ્યક્તિઓને મદદ કરી ભિક્ષાવૃત્તિમાં ઘટાડો કરી શકાય છે. અમદાવાદમાં ઓઢવ ખાતે પુરૂષો માટેનું ભિક્ષાવૃહ અને ડભોડા પાસે સ્ત્રીઓ માટેના ભિક્ષુકગૃહની જોગવાઈ છે. આ ભિક્ષુકગૃહોમાં બાગકામ, ખેતીકામ, સુથારીકામ, સિલાઈકામ વગેરેની તાલીમ માટેની સગવડો છે. આ ઉપરાંત ક્વાસ જેવી સ્વૈચ્છિક સંસ્થાઓ નબળી આર્થિક સ્થિતિના બાળકોને શિક્ષણ ઉપરાંત અન્ય તાલીમ આપી ભિક્ષાવૃત્તિ તરફ જતાં રોકે છે. આમ, ખાનગી કે સરકારી રાહે ચાલતી આવી સંસ્થાઓ ભિક્ષાવૃત્તિ નાબૂદીમાં નોંધપાત્ર ફાળો આપે છે.

## 3.6 સમાજકાર્યકરની ભૂમિકા :

- ભિક્ષાવૃત્તિની સમસ્યાના કારણોમાં આપણે જોયું કે વિવિધ ધર્મોમાં રહેલી દાનની ભાવના અને એને કારણે ભિક્ષાવૃત્તિ અપનાવવાનું વલણ વધુ જોવા મળે છે. આ સંદર્ભે સમાજકાર્યકરે શેરી નાટકો, નુક્કડ નાટક, શોર્ટ ફિલ્મો વગેરે દ્વારા લોકોમાં જાગૃતિ ફેલાવી શકે છે અને દાનની ભાવનાને ભિક્ષુકોના વિકાસમાં યોગ્ય દિશામાં વાળી શકે છે.
- ભિક્ષાવૃત્તિ અંતર્ગત થતું બાળકોનું શોષણ અટકાવવા સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે મળીને બાળકોને શિક્ષણ અને વિવિધ કૌશલ્યોની તાલીમ આપવી અને એ દ્વારા તેમનામાં આત્મવિશ્વાસ જગાડવો.
- ભિક્ષુકગૃહોમાં રહેતા ભિક્ષુકો માટે વિવિધ તાલીમ શિબિરો સાથે-સાથે તેમનામાં સ્વાવલંબન વધે, આત્મવિશ્વાસ વધે એવા કાર્યક્રમો કરવા ભિક્ષુકોના વલણ-પરિવર્તન માટે તેમનું સતત કાઉન્સિલિંગ કરવું,

## 3.7 તમારી પ્રગતિ ચકાસો :

**નીચેની ખાલી જગ્યા યોગ્ય શબ્દ વડે પૂરો.**

(1) ડૉ. તારાબેન પટેલે અમદાવાદના ભિક્ષુકોનો અભ્યાસ _____ વર્ષમાં કર્યો હતો.

(2) અમદાવાદમાં પુરૂષો માટેનું ભિક્ષુકગૃહ __________ સ્થળે આવેલું છે.

(3) ભિક્ષાવૃત્તિ નિવારણના નિરોધાત્મક ઉપાયોમાં __________ મહત્ત્વના છે.

(4) ભિક્ષાવૃત્તિનું એક કારણ __________ ભાવના છે.

(5) પાંચથી સોળ વર્ષના ભિક્ષુકોને __________ ધારા હેઠળ પકડી શકાય.

## 3.8 ઉપસંહાર :

આમ, ભિક્ષાવૃત્તિની સમસ્યા વ્યક્તિના સામાજિક ગૌરવની સાથે-સાથે સમગ્ર સમાજને નકારાત્મક અસર પહોંચાડે છે. વિશેષતઃ ભિક્ષાવૃત્તિ એક વ્યવસાયિક નેટવર્ક બને છે. ત્યારે અનિચ્છાએ કુમળી વયના બાળકો, મહિલાઓ, વૃદ્ધો વગેરે આ ષડયંત્રનો ભોગ બને છે. સરકાર અને સ્વૈચ્છિક સંગઠનોના પ્રયાસોને કારણે આ સમસ્યા પરત્વે જનસામાન્યનું ધ્યાન ખેંચાયું છે અને લોકો પણ ભિક્ષા આપવા કરતા સ્વૈચ્છિક સંસ્થાઓને મદદ કરતા થયા છે. ઉપરાંત 'સોશ્યલ મીડિયા' ને કારણે પણ લોકોની ભિક્ષુકો તરફ સંવેદના જાગે છે અને તેમનું સ્વમાન જળવાય એવા કાર્યોમાં મદદ કરે છે.

## 3.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

(1) 1955-56

(2) ઓઢવ

(3) કાયદા

(4) દાનની

(5) ભિક્ષુક

## 3.10 ચાવીરૂપ શબ્દો :

**(1) ભિક્ષા :**

સામાજિક રીતે અનાધિકારની કોઈ પણ પ્રકારની (રોકડ રકમ, જીવનજરૂરી વસ્તુ વગેરે) યાચના એટલે ભિક્ષા.

**(2) ભિક્ષુક :**

પોતાના ભરણ-પોષણ માટે અન્ય પાસે રોકડ રકમ કે અન્ય જીવનજરૂરી ચીજ વસ્તુઓની યાચના દ્વારા પોતાનો જીવનનિર્વાહ ચલાવવો. ટૂંકમાં 'ભિક્ષાવૃત્તિ ઉપર નભનાર' તેને ભિક્ષુક કહી શકાય.

**(3) ભિક્ષાવૃત્તિ :**

ભિક્ષા દ્વારા પોતાનો તથા પોતાના આખા કુટુંબનો ઓછેવત્તે અંશે નિભાવ કરવામાં આવે અથવા જીવનનિર્વાહના સાધન તરીકે ભિક્ષા ઉપર સર્વાંશે કે અંશતઃ આધાર રાખવામાં આવે અથવા ભરણપોષણ માટેની આર્થિક પ્રવૃત્તિ તરીકે ભિક્ષાને અપનાવવામાં આવે તેને ભિક્ષાવૃત્તિ કહેવાય.

## 3.11 સ્વાધ્યાય લેખન :

(1) ભિક્ષાવૃત્તિની સમસ્યાનો અર્થ સ્પષ્ટ કરી તેના કારણો સ્પષ્ટ કરો.

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

(2) ભિક્ષાવૃત્તિ નિવારણમાં સમાજકાર્યકરની ભૂમિકા સમજાવો.

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

(3) ભિક્ષાવૃત્તિ નિવારણના ઉપાયો જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 3.12 પ્રવૃત્તિ :

'ટ્રાફિક સિગ્નલ' ફિલ્મનું ભિક્ષાવૃત્તિ સંદર્ભે સામાજિક વિશ્લેષણ કરવાનો પ્રયાસ કરો.

## 3.13 કેસ સ્ટડી :

તમારી નજીકના ભિક્ષુકગૃહની મુલાકાત લઈ ભિક્ષુકોના પ્રશ્નો જાણવાનો પ્રયાસ કરો. આ પ્રશ્નોના નિરાકરણ સંદર્ભે તમે શું કરી શકો એ જાણવાનો પ્રયાસ કરો.

## 3.14 સંદર્ભ સૂચિ :


- Bhatia A. C., "Professional Organization among Beggars" (In Indian Journal of Social Work)
- Kumarappa J. M., "Our Beggars' Problem".
- Nordskogetal, "Analyzing Social Problem".
- Dr. Patel Tara: "Beggars' Problem in the city of Ahmedabad (A Survey Report)
- પટેલ હસમુખ, સામાજિક સમસ્યાઓ
- ડૉ. પ્રસાદ ગોવિંદ (૨007), આધુનિક સમાજની સમસ્યાઓ, ડિસ્કવરી પબ્લિશીંગ હાઉસ, નવી દિલ્હી
- શર્મા ઋચા (૨011), ભારતમાં સામાજિક સમસ્યાઓ, સાગર પબ્લિકેશન, જયપુર

# એકમ–4 અસ્પૃશ્યતા

## : એકમનું માળખું :

4.1 પ્રસ્તાવના
4.2 એકમના હેતુઓ
4.3 અસ્પૃશ્યતાનો અર્થ
4.4 અસ્પૃશ્યતાના કારણો
4.5 અસ્પૃશ્યતા નિવારણના ઉપાયો
4.6 સમાજ કાર્યકરની ભૂમિકા
4.7 તમારી પ્રગતિ ચકાસો
4.8 ઉપસંહાર
4.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો
4.10 ચાવીરૂપ શબ્દો
4.11 સ્વાધ્ય લેખન
4.12 પ્રવૃત્તિ
4.13 કેસ સ્ટડી
4.14 સંદર્ભ સૂચિ

### 4.1 પ્રસ્તાવના :

અસ્પૃશ્યતા ભારત દેશની ગંભીર સામાજિક સમસ્યા છે. મહાત્મા ગાંધીજીએ અસ્પૃશ્યતાને હિંદુ સમાજનું કલંક ગણાવ્યું છે. અસ્પૃશ્યતા સાથે જૈવિક, મનોવૈજ્ઞાનિક તથા સામાજિક, સાંસ્કૃતિક પરિબળો પણ સંકળાયેલા છે. ભારતમાં અસ્પૃશ્યતા જ્ઞાતિ, ધર્મ અને વ્યવસાય એમ ત્રિપરિમાણીય રીતે પ્રસરેલી છે. અસ્પૃશ્યતાની પરિસ્થિતિમાં સામાજિક અંતર અને સામાજિક અસમાનતાની પરાકાષ્ઠા જોવા મળે છે. શાબ્દિક અર્થમાં સ્પર્શ, શારિરીક અંતર સાથે સંકળાયેલી છે. પરંતુ વાસ્તવમાં અને વ્યવહારમાં માનસિક અંતર વધુ જોવા મળે છે. ગરીબી, બેરોજગારી, ભિક્ષાવૃતિ, મદ્યપાન વગેરે એવી સમસ્યાઓ છે કે જેમાંથી વ્યક્તિ ઈચ્છે તો કોઈકને કોઈક રીતે બહાર નીકળી શકે છે. પરંતુ અસ્પૃશ્યતા એવી સમસ્યા છે જે જન્મની સાથે જ વ્યક્તિ પર લાદી દેવામાં આવે છે. જેમાં વ્યક્તિનો પોતાનો કોઈ દોષ નથી. છતાં એની સજા અસ્પૃશ્યતારૂપે એને આજીવન મળતી રહે છે એ આ સમસ્યાની પરાકાષ્ઠા સૂચવે છે. સામાજિક વિજ્ઞાન અને સમાજ કાર્યકરના વિદ્યાર્થી તરીકે માત્ર ચિંતા, ચિંતન, ઉપચારાત્મક પગલા વગેરેથી આગળ વધીને એક સમ-સંવેદનાથી આ સમસ્યાને સમજવી જરૂરી છે. પ્રસ્તુત પેટા એકમમાં તમે અસ્પૃશ્યતાની સમસ્યાનો અર્થ, તેના કારણો, નિવારણના ઉપાયો તથા અસ્પૃશ્યતાની સમસ્યા સંદર્ભે સમાજકાર્યકરની ભૂમિકા વગેરેની રજૂઆત કરવામાં આવી છે.

### 4.2 એકમના હેતુઓ :

- પ્રસ્તુત એકમના અભ્યાસ દ્વારા અસ્પૃશ્યતાની સમસ્યાનો અર્થ સમજી શકશો.
- અસ્પૃશ્યતાની સમસ્યાના કારણો અને નિવારણના ઉપાયો અંગેની જાણકારી મેળવી શકશો.
- અસ્પૃશ્યતા નિવારણમાં સમાજકાર્યકરની ભૂમિકા જાણી તેનો કાર્યક્ષેત્રમાં ઉપયોગ કરવા સક્ષમ બનશો.

## 4.3 અસ્પૃશ્યતાનો અર્થ :

અસ્પૃશ્યતાના શાબ્દિક અર્થના સંદર્ભમાં જોઈએ તો "'અ-સ્પર્શ' એટલે કે જેનો સ્પર્શ ન કરી શકાય. એવી વ્યક્તિઓ કે વસ્તુઓ અસ્પૃશ્યતા સામાજિક અંતર અને અસમાનતાનું એક આત્યંતિક સ્વરૂપ છે તેમાં સમાજના ઉચ્ચ ગણાતા (કહેવાતા) સ્તરની વ્યક્તિનો નિમ્ન ગણાતા (કહેવાતા) સ્તરની વ્યક્તિઓના સ્પર્શ કે દર્શન માત્રથી અપવિત્ર થઈ જતી મનાય છે." (સામાજિક સમસ્યાઓ, પૃ.216) ભારતમાં અસ્પૃશ્યતા સામાજિક સ્તરરચના અને તેને કારણે ઉભા થયેલા ઊંચ-નીચના ખ્યાલ સાથે સંકળાયેલી છે. આ કોટિક્રમિક દરજ્જા સાથે ધર્મના પવિત્ર-અપવિત્રના ખ્યાલો ખૂબ જડતાથી જોડાયેલા છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર અસ્પૃશ્યતા સંદર્ભે જણાવે છે કે, "જાતિભેદ પર આધારિત વ્યવસ્થા એ એક જ વંશના માણસોએ કરાયેલ સામાજિક વિભાજન છે અને આવી જાતિગત સામાજિક વ્યવસ્થા મનુષ્યને નિર્બળ, પંગુ અને મૃતઃપાય બનાવી મૂકે છે અને સમાજને ઉપયોગી પ્રવૃત્તિમાં મનુષ્યને, પક્ષપાત પામેલાં રોગી જેવો બનાવી મૂકે છે."

એક રીતે કહી શકાય કે અસ્પૃશ્યતા એ વ્યક્તિના માનવ અધિકાર પરની તરાપ છે જેને ધર્મ, જ્ઞાતિ, વ્યવસાય, પરંપરા વગેરેનું પીઠબળ છે. જો કે ભારતના બંધારણે અસ્પૃશ્યતાના ખ્યાલો કે વર્તન તથા તેના આધારે રચાયેલા તેના સામાજિક સંસ્થાના સ્વરૂપને સ્વીકૃતિ આપી નથી. એટલું જ નહિ પરંતુ ભારતના તમામ નાગરિકોને સામાજિક અને રાજકીય રીતે સમાન ગણવામાં આવ્યા છે અને અસ્પૃશ્યતાદર્શક કોઈ પણ સામાજિક વ્યવહારને કાનૂની રીતે ગુનો ગણવામાં આવે છે.

ડૉ. મજૂકદારના મતે "અસ્પૃશ્યતા અંગેના ભેદભાવો અને પ્રતિબંધો મુખ્યત્વે જાતિતત્વોની અને સાંસ્કૃતિક ભિન્નતાઓ પર જ આધારિત છે. તેમને મતે આવી ભિન્નતાઓમાંથી સર્જાતી કડવાશ પરાકાષ્ઠાએ પહોંચી અને તેમાંથી અસ્પૃશ્યતા સર્જાઈ હશે."

## 4.4 અસ્પૃશ્યતાના કારણો :

### (1) ધાર્મિક અંધશ્રદ્ધા :

આપણે આગળ અસ્પૃશ્યતાના અર્થની સમજૂતીમાં જોયું કે અસ્પૃશ્યતાને ધર્મનું મજબૂત પીઠબળ છે. હિંદુધર્મના પવિત્ર-અપવિત્રના ખ્યાલો, કર્મનું મહત્ત્વ, ચાર્તુવર્ણ વ્યવસ્થાનો ખ્યાલ વગેરેને કારણે અસ્પૃશ્યતા ધર્મ આધારિત છે, માનવસર્જિત નથી એવું માની લેવામાં આવે છે. આવી ધાર્મિક અંધશ્રદ્ધા કહેવાતાં સવર્ણો અને કેટલાક કહેવાતાં અસ્પૃશ્યોમાં પણ પ્રવર્તે છે.

चातुर्वर्ण्य मया सृषुम गुणकर्म विभागशः

શ્રીમદ્ ભગવત ગીતામાંના આ ઉલ્લેખોનો, ઈશ્વર દ્વારા જ ચાર વર્ણો તેમના ગુણ અને કર્મો જોઈને ઉત્પન્ન કરવામાં આવ્યા હોય તેવું ધાર્મિક અંધશ્રદ્ધાથી માની લેવામાં આવે છે. આમ, ધાર્મિક અંધશ્રદ્ધાને કારણે દષ્ટિભૂત થયેલી રૂઢિચુસ્તતા અસ્પૃશ્યતાને હિંદુ સમાજમાં ટકાવી રાખનારું મહત્ત્વનું કારણ છે. જો કે વર્તમાન સમયમાં શિક્ષણ, કાયદા, જાગૃતિ વગેરેને કારણે ધાર્મિક અંધશ્રદ્ધાનું પ્રમાણ ઘટ્યું છે.

### (2) જ્ઞાતિ આધારિત સ્તરરચના :

જ્ઞાતિ એ બંધ પ્રકારની સામાજિક સ્તરરચનાનું સ્વરૂપ છે. જ્ઞાતિ વ્યવસ્થા સાથે ઊંચ અને કહેવાતી નિમ્ન જ્ઞાતિના ખ્યાલો મજબૂત રીતે જોડાયેલાં છે. દરેક જ્ઞાતિ, પેટાજ્ઞાતિ પોતાને કોઈકથી ચડિયાતા કે ઉતરતા માને છે અને જે આ કોટિક્રમમાં જે સૌથી નિમ્ન સ્થાન (કહેવાતું) ધરાવે છે તે અન્ય જ્ઞાતિ, પેટાજ્ઞાતિ દ્વારા બહિષ્કૃત થાય છે અને અસ્પૃશ્યતાનો ભોગ બને છે. આ સંદર્ભમાં ડૉ. બી. આર. આંબેડકર 'મૂકનાયક'સામયિકના પહેલા જ અંકમાં તંત્રીલેખમાં જણાવે છે કે "હિંદુસ્તાન દેશ જાણે માત્ર વિષમતાનું આશ્રયસ્થાન છે. હિંદુ સમાજ એનો મિનારો છે અને એક એક જાતિ તેનો એક એક મજલો છે. એક મજલેથી બીજા મજલે જવા માટે એમાં કોઈ રસ્તો રાખવામાં આવ્યો નથી.

જે મજલે એ જન્મ્યા એજ મજલામાં એ મર્યા. નીચલા મજલે જન્મેલી વ્યક્તિ ભલે ને ગમે તેટલી નાલાયક હોય, તેને નીચેના મજલે ધકેલવાનું સાહસ કોઈનામાં નથી. સચેતન અને અચેતન પદાર્થ ઈશ્વરના જ સ્વરૂપ છે એવું કહેનારા સ્વધર્મીઓ આભડછેટ રાખે છે, બ્રાહ્મણકારોની અવનતિનું કારણ સત્તા અને જ્ઞાનનો અભાવ છે. યુગોથી ચાલી આવતી દાસતા, દારિદ્રયથી બહિષ્કૃત વર્ગને મુક્તિઅ આપવા માટે ધરતી આસમાન એક કરવા જોઈએ." આમ, જ્ઞાતિ આધારિત સ્તરરચના અસ્પૃશ્યતાનું મહત્ત્વનું કારણ છે.

**(3) વ્યવસાય :**

જ્ઞાતિનું એક મહત્ત્વનું લક્ષણ એ છે કે દરેક જ્ઞાતિનો ચોક્કસ વ્યવસાય નક્કી કરવામાં આવ્યો છે. કહેવાતા આધુનિક સમયમાં જ્ઞાતિ અને વ્યવસાય વચ્ચેના બંધનો તૂટ્યાં છે. તેમ છતાં આજે પણ અમુક વ્યવસાયો પરંપરાગત જ રહ્યાં છે, જે તે જ્ઞાતિ જ એ વ્યવસાય સાથે જોડાયેલી જોવા મળે છે. દા.ત. સફાઈ કામદાર, ચામડાં કમાવવા, મરેલાં ઢોરને ખેંચી જવા, ગટરોની સાફ સફાઈ વગેરે કાર્યો કહેવાતી અસ્પૃશ્ય જ્ઞાતિના લોકો જ કરે છે. આ સંદર્ભમાં ડૉ. ગૌરાંગ જાની જણાવે છે કે જે સમગ્ર ગામ કે શહેરને ચોખ્ખું કરે છે, સ્વચ્છ રાખે છે તેને ચોક્કસ બિરદાવવા જોઈએ. જો કે કોરોના જેવી મહામારીમાં ડૉક્ટર, નર્સ, પોલિસ વગેરેની સાથે-સાથે સફાઈ કામદારોને પણ 'કોરોના વોરિયર્સ' તરીકે લોકોએ બીરદાવ્યાં. પણ બહુ ઓછી સંખ્યામાં છતાં શરૂઆત ચોક્કસ સારી કહી શકાય. આમ, ચોક્કસ વ્યવસાયને કારણે અસ્પૃશ્યતાને ટકી રહેવાનું બળ મળે છે.

**(4) સ્થાપિત હિતો :**

કહેવાતી સવર્ણ જ્ઞાતિઓ કેટલીક વખત પોતાના લાભો માટે, વિશેષાધિકારોને કારણે અસ્પૃશ્યતાને પોષે છે. વળી, અસ્પૃશ્યતાને કારણે સવર્ણો ગંદા ગણાય તેવા વ્યવસાયો કરવામાંથી પણ દૂર રહી શકે તેવા વ્યવસાયો ધર્મને આધારે અસ્પૃશ્ય લોકો ઉપર જ લાદવામાં આવ્યા છે. પોતાનું ઉચ્ચ સ્થાન જાળવી રાખવા માટે અસ્પૃશ્યો પર સ્થાનિક કક્ષાએ અનેક સામાજિક-ધાર્મિક પ્રતિબંધો લાદવામાં આવે છે. દા.ત. ગામ વચ્ચેથી વરઘોડો કાઢવા બાબતે, મૂછો રાખવા બાબતે, વળવાળી પાઘડી પહેરવા બાબતે જ્ઞાતિ સંઘર્ષો થયાના અનેક ઉદાહરણો છે. આવા સ્થાપિત હિતો જ્ઞાતિ, પેટાજ્ઞાતિ દરેક કક્ષાએ જોવા મળે છે.

**(5) આર્થિક પરાવલંબન :** કહેવાતા અસ્પૃશ્ય ગણાતાં લોકો મોટેભાગે ખાસ કરીને ગામડામાં મુખ્યત્વે કહેવાતા સવર્ણ ગણાતા વર્ગો ઉપર આધાર રાખે છે. ગામડાઓમાં જમીનની માલિકી ધરાવનાર અસ્પૃશ્યોનું પ્રમાણ અત્યંત ઓછું હોય છે. જમીન માલિકી સવર્ણો પાસે હોય છે અને તેમની જમીન પર ખેત મજૂરી કરીને નિર્વાહ ચલાવવાનો હોવાથી આધારિત બની જાય છે. શહેરોમાં પણ મોટેભાગે સાર્વજનિક સંસ્થાઓ, ફેક્ટરીઓ, કંપનીઓ વગેરે પર કહેવાતા સવર્ણોનો જ કાબૂ હોય છે. આમ, મહદ્ અંશે આ આર્થિક પરાવલંબનને કારણે સવર્ણોની અસ્પૃશ્યતાની માન્યતાનો પૂરતો વિરોધ કરી શકતા નથી. જો કે શિક્ષણ, કાયદા, સમજણ વગેરેને કારણે શહેરોમાં આ સંદર્ભે પરિસ્થિતિ બદલાઈ છે. પરંતુ ગામડાઓ અને અંતરિયાળ વિસ્તારોમાં બહુ મોટો ફેર પડ્યો નથી.

## 4.5 અસ્પૃશ્યતા નિવારણના ઉપાયો :

**(1) શિક્ષણનો પ્રચાર-પ્રસાર :**

અસ્પૃશ્યતાના મહત્ત્વના કારણોમાં આપણે જોયું કે ધાર્મિક અંધશ્રદ્ધા તથા આર્થિક પરાવલંબનને કારણે અસ્પૃશ્યતાને પોષણ મળે છે. શિક્ષણ સમાજના છેવટના વ્યક્તિઓજૂથો સુધી પહોંચે એવા પ્રયાસોને ખાસ મહત્ત્વ આપવું જોઈએ. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને તેઓ શિક્ષણ મેળવી શકે, અધવચ્ચે ભણવાનું ન છોડી દે એ માટે વિશેષ સ્કોલરશીપ આપવામાં આવે છે. આને કારણે કહેવાતી અસ્પૃશ્ય જ્ઞાતિના વિદ્યાર્થીઓને શિક્ષણનો લાભ મળ્યો છે અને શિક્ષણ દ્વારા તેઓ પરંપરાગત વ્યવસાયને સ્થાને પોતાની પસંદગીની નોકરી, વ્યવસાયમાં જોડાઈ શકે છે. ઉપરાંત શિક્ષણને કારણે ઊંચ-નીચના ભેદભાવો, અપવિત્ર, આભડછેટ વગેરેમાંથી બહાર આવવાનું પ્રમાણ વધ્યું છે.

### (2) ધાર્મિક-સામાજિક પ્રયાસો :

બૌદ્ધ ધર્મ, જૈન ધર્મના ઉપદેશો અને સિધ્ધાંતોના પ્રચારે કેટલેક અંશે અસ્પૃશ્યતા નિવારણમાં ફાળો આપ્યો છે. બ્રહ્મોસમાજ, પ્રાર્થનાસમાજ, આર્યસમાજ, યોગેશ્વર સંપ્રદાયની સ્વાધ્યાય પ્રવૃત્તિ વગેરેએ પણ ધાર્મિક અંધશ્રદ્ધાને દૂર કરી માનવ માત્રને સમાન ગણ્યા છે. અનેક સામાજિક કાર્યકરો, નેતાઓએ અસ્પૃશ્યતા નિવારણ માટે ચોક્કસ પ્રયાસો કર્યા છે. એમાં મુખ્યત્વે મહાત્મા ગાંધીજી, ઠક્કરબાપા, જ્યોતિબા ફૂલે, સાવિત્રીબાઈ ફૂલે, વિનોબા ભાવે, પાંડુરંગ આઠવલે વગેરે સમાવિષ્ટ છે. ગાંધીજીએ કહેવાતા અસ્પૃશ્યોને 'હરિજન' એવું માનવાચક નામ આપ્યું. અસ્પૃશ્યતા નિવારણ માટે દેશવ્યાપી અને સંગઠિત આંદોલન દ્વારા પ્રયાસો કર્યા. એટલું જ નહિ તેણે અસ્પૃશ્યતા નિવારણને સમાજજીવનના તમામ ક્ષેત્રે એક અનિવાર્ય કાર્ય તરીકે દાખલ કર્યું. ડૉ.બાબાસાહેબ આંબેડકરે અસ્પૃશ્યતાનો વિરોધ કર્યો. સાથે-સાથે મહાડ જળ સત્યાગ્રહ, કાલારામ મંદિર પ્રવેશ જેવા આંદોલનો દ્વારા અસ્પૃશ્યોના હક્કો મેળવવા પ્રયાસો કર્યા અને અનેક ભાષણો, લખાણો દ્વારા કહેવાતા અસ્પૃશ્ય જૂથોમાં આત્મવિશ્વાસ વધાર્યો અને અન્યાયનો સામનો કરવા કાબેલ બનાવ્યાં.

### (3) રાજકીય પ્રયાસો :

વડોદરા રાજ્યમાં મહારાજાશ્રી સયાજીરાવ ગાયકવાડના સમયથી અસ્પૃશ્યતાની નાબૂદી માટેના પ્રયત્નો અમલમાં મૂકવામાં આવ્યાં હતાં. સ્વાતંત્ર્યબાદ બંધારણ દ્વારા સરકારે અસ્પૃશ્યતાને નાબૂદ કરી છે. એટલું જ નહિ, ૧૯૫૫ ના કાયદા દ્વારા અસ્પૃશ્યતાનું કોઈપણ પ્રકારનું પાલન સજાપાત્ર ગુનો બને છે. બંધારણ દ્વારા 'અનુસૂચિત જાતિ' તરીકે ઓળખવામાં આવ્યા અને શિક્ષણ-નોકરી વગેરેમાં અનામતની જોગવાઈ કરવામાં આવી. પંચવર્ષીય યોજનાઓમાં પણ આ માટે વિશેષ નાણાંકીય જોગવાઈ કરવામાં આવી. સામાન્ય જનતામાંથી અસ્પૃશ્યતાની ભાવના નાબૂદ કરવા સમયે-સમયે કાયદાઓમાં સુધારો કરી, નિયંત્રણો વધુ કડક બનાવ્યા. કેન્દ્ર અને રાજ્ય સરકારના પ્રયાસોને પરિણામે જાહેર ક્ષેત્રોમાં અસ્પૃશ્યતાનું પ્રમાણ નહિવત બન્યું છે.

### (4) રોજગારીની તકો વધારવી :

અસ્પૃશ્યતાના કારણોમાં એક મહત્ત્વનું કારણ આર્થિક પરાવલંબન અથવા આધારિતપણું છે. ડૉ.આઈ. પી. દેસાઈએ 'ગ્રામીણ ગુજરાતમાં અસ્પૃશ્યતા' સંદર્ભે ગુજરાતના 69 ગામડાઓનો અભ્યાસ કર્યો હતો. તેમાં વ્યવસાયના સંદર્ભમાં જોઈએ તો 49% ખેતમજૂરી સાથે જોડાયેલાં હતાં. કહેવાતા અસ્પૃશ્ય જૂથોને શિક્ષણની સાથે-સાથે રોજગારીની પૂરતી તકો પૂરી પાડવી જોઈએ. આજે પણ મોટેભાગે અનામત સિવાયની નોકરી, વ્યવસાયોને બાદ કરતા અસ્પૃશ્યો પોતાના પરંપરાગત વ્યવસાય સાથે વધુ સંકળાયેલા છે. ડૉ. હરિશ દોશીએ પોતાના અભ્યાસ 'Occupations Among Scheduled Caste in Gujarat' માં આ બાબતને સમર્થન આપ્યું છે. ઉપરાંત અમુક વ્યવસાયોને ગંદા કે નિમ્ન પ્રકારના ગણવાની જગ્યાએ આવશ્યક સેવાઓમાં તેનો સમાવેશ કરવો જોઈએ. સફાઈકર્મીઓને વેતનની સાથે-સાથે માન, આદર પણ મળવો જોઈએ.

## 4.6 સમાજ કાર્યકરની ભૂમિકા :

- અસ્પૃશ્યતા નિવારણ સંદર્ભે સમાજ કાર્યકરની પ્રત્યક્ષ ભૂમિકા ઘણી મહત્ત્વની છે. કહેવાતા સવર્ણો અને કહેવાતા અસ્પૃશ્યો બંનેમાંથી ધાર્મિક અંધશ્રદ્ધા દૂર કરવા સમજાવટ, શેરી નાટકો વગેરે દ્વારા લોકજાગૃતિ કેળવી શકાય.
- અસ્પૃશ્યતા નિવારણ માટે મહાત્મા ગાંધીજીએ સૂચવેલા રચનાત્મક કાર્યો તરફ લોકોનું ધ્યાન દોરવું. જ્યોતિબા ફૂલે, સાવિત્રીબાઈ ફૂલે, ડૉ. બી. આર. આંબેડકર વગેરેના પ્રયાસોને લોકો સમક્ષ વાસ્તવિક રીતે રજૂ કરવાં. 'ગુલામગીરી', 'કિસાન કા કોઢા' વગેરે જેવા પુસ્તકો દ્વારા પરંપરાગત અસ્પૃશ્યતાનું સ્વરૂપ સમજી અસ્પૃશ્યોના શોષણ સામે સમસંવેદના જગાવવી.
- ગ્રામીણ ક્ષેત્રોમાં કહેવાતા અસ્પૃશ્ય જૂથોને તેમના બંધારણીય અધિકારોથી વાકેફ કરવા. એ જ રીતે અસ્પૃશ્યતા નિવારણ સંબંધી કાયદાકીય જોગવાઈઓથી અવગત કરાવવા જેથી તેઓ શોષણનો ભોગ બનતા અટકે અને આત્મવિશ્વાસ વધે.

- ગામ અને શહેરમાં સફાઈ કામદારોના રહેણાંક વિસ્તારની મુલાકાત લઈ તેમના પ્રશ્નો જાણવા અને તેના નિવારણ માટે સ્વૈચ્છિક સંસ્થાઓ તથા સરકારને મદદ કરવી.

## 4.7 તમારી પ્રગતિ ચકાસો :

નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો.

(1) 'ગ્રામીણ ગુજરાતમાં અસ્પૃશ્યતા' અભ્યાસ ડૉ. આઈ. પી. દેસાઈએ કર્યો હતો. ( )

(2) અસ્પૃશ્યતાને જ્ઞાતિનું પીઠબળ છે. ( )

(3) 'મહાડ જળ સત્યાગ્રહ' ગાંધીજી સાથે જોડાયેલો છે. ( )

(4) ભારતીય જ્ઞાતિના છ લક્ષણો જી.એસ.ઘૂર્યે રજૂ કર્યા. ( )

(5) અસ્પૃશ્યતાનું એક કારણ આર્થિક પરાવલંબન. ( )

## 4.8 ઉપસંહાર :

અસ્પૃશ્યતાની સમસ્યા સ્પર્શ, પવિત્રતા સાથે જોડાયેલી છે તેની સાથે-સાથે માનસિક અસ્પૃશ્યતાનું પ્રમાણ વધુ છે. સમાજકાર્યના વિદ્યાર્થી તરીકે અસ્પૃશ્યતાના વર્તનક્ષેત્રો શહેર અને ગ્રામ બંને કક્ષાએ સમજવા જરૂરી છે. ભારતીય સમાજમાં ધર્મ અને જ્ઞાતિની મજબૂત પકડને કારણે કોઈને કોઈ સ્વરૂપે અસ્પૃશ્યતા ટકી રહે છે. માત્ર જન્મને આધારે વ્યક્તિ પર 'લેબલ' લગાડવું અને આજીવન કોઈ વાંક, ગુના વિના તેનો બહિષ્કાર કરવો એ ઘટના જ અમાનવીય છે. ૧૯૫૫ થી 'અસ્પૃશ્યતા નિવારણ કાનૂન' અમલી બન્યો છે અને એ પછી પણ આ સંદર્ભે નવા કાયદાઓ અમલી બન્યા છે તેમ છતાં આજે પણ જ્યાં ઓળખ છતી થાય (ખાસ કરીને ગામડાઓમાં) ત્યાં મંદિર પ્રવેશ, જાહેર સ્થળોનો ઉપયોગ વગેરે પર પ્રતિબંધો છે જ. એટલે કે કાયદા ઉપરાંત 'માનવ માત્ર સમાન છે' એવી સમજણ મહત્ત્વની છે અને વર્તમાન શિક્ષિત યુવાપેઢી એ તરફ જઈ રહી છે. એટલે કે સમસંવેદના એ અસ્પૃશ્યતા નિવારણ માટે મહત્ત્વની બાબત છે.

## 4.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

(1) ✓

(2) ✓

(3) ×

(4) ✓

(5) ✓

## 4.10 ચાવીરૂપ શબ્દો :

**(1) અસ્પૃશ્યતા :** અસ્પૃશ્યતા સામાજિક અંતર અને અસમાનતાનું આત્યંતિક સ્વરૂપ છે. ડૉ. મજૂમદારના મતે 'અસ્પૃશ્યતા અંગેના ભેદભાવો અને પ્રતિબંધો મુખ્યત્વે જાતિતત્વોની અને સાંસ્કૃતિક ભિન્નતાઓ પર જ આધારિત છે. તેમને મતે આવી ભિન્નતાઓમાંથી સર્જાતી કડવાશ પરાકાષ્ઠાએ પહોંચી અને તેમાંથી અસ્પૃશ્યતા સર્જાઈ હશે.'

**(2) જ્ઞાતિ આધારિત સ્તરરચના :** અસ્પૃશ્યતાની સમસ્યાનું મૂળ જ્ઞાતિ અને જ્ઞાતિ આધારિત સ્તરરચના છે. ડૉ. ગોવિંદ સદાશિવ ઘૂર્યેએ જ્ઞાતિના જે લક્ષણો આપ્યા છે તેને આધારે કહી શકાય કે જ્ઞાતિ એ બંધ પ્રકારની સામાજિક સ્તરરચનાનું સ્વરૂપ છે. દરેક જ્ઞાતિ, પેટાજ્ઞાતિ પોતાને અન્યથી ચડિયાતા કે ઉતરતા માને છે અને આ કોટિક્રમમાં જે સૌથી નિમ્ન સ્થાન ધરાવે છે તે અન્ય જ્ઞાતિ, પેટાજ્ઞાતિ દ્વારા બહિષ્કૃત થાય છે અને અસ્પૃશ્યતાનો ભોગ બને છે.

## 4.11 સ્વાધ્યાય લેખન :

(1) અસ્પૃશ્યતાનો અર્થ આપી તેના કારણો સવિસ્તાર જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(2) અસ્પૃશ્યતા નિવારણના પ્રયાસો જણાવી સમાજકાર્યકરની ભૂમિકા સ્પષ્ટ કરો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 4.12 પ્રવૃત્તિ :

અસ્પૃશ્યતા નિવારણ સંદર્ભે મહાત્મા ગાંધીજી અને ડૉ. બાબાસાહેબ આંબેડકરના પ્રયાસોનો અભ્યાસ કરવો.

## 4.13 કેસ સ્ટડી :

તમારી આસપાસના સ્થળોએ અસ્પૃશ્યતાના વર્તનક્ષેત્રોની તપાસ કરો. દા.ત. જાહેર સ્થળોનો ઉપયોગ, મંદિર પ્રવેશ, ગૃહપ્રવેશ, સહભોજન વગેરે.

## 4.14 સંદર્ભ સૂચિ :


- Ghurye G. S. (1961), Caste, class and Occupation.
- Desai I. P. (1973), 'Untouchability in Rural Gujarat' Paper in Seminar on Removal of untouchability in Gujarat : Efforts and Achievement' organized by the Department of Sociology, Gujarat University, Ahmedabad, 1973
- Mathur M. S., (1968), Rural Change in Perspective, Economic and Political Weekly.
- Case Clarence M. (1956), Analyzing Social Problems (Revised edition), The Dryden Press, New York.
- પટેલ હસમુખભાઈ (1976), સામાજિક સમસ્યાઓ, રચના પ્રકાશન, અમદાવાદ
- ડૉ. દવે હર્ષિદા એચ. (૨016), સામાજિક સમસ્યાઓ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણબોર્ડ, અમદાવાદ
- ડૉ.જયેશ બારોટ(૨019), સંપાદક, ડૉ.બાબાસાહેબ આંબેડકરની સામાજિક વિચારધારા, ડૉ.બાબાસાહેબ આંબેડકર ચેર, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
- ડૉ. સંગીતા પટેલ (૨019), ડૉ.આંબેડકર અને સામાજિક સંસ્થાઓ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ચેર, HNGU, પાટણ આયોજિત રાષ્ટ્રીય સેમીનારમાં રજૂ કરેલ બીજરૂપ પેપર.
- ડૉ. ગૌરાંગ જાની (૨018), 'દલિત સાથે ભોજન, દલિત સાથે લગ્ન નહિ', ફૂલછાબ-પંચામૃત પૂર્તિમાં છપાયેલ લેખ.

# એકમ–5 મદ્યપાન

## : એકમનું માળખું :

5.1 પ્રસ્તાવના
5.2 એકમના હેતુઓ
5.3 અર્થ
5.4 મદ્યપાનના કારણો
5.5 મદ્યપાનની સમસ્યા નિવારણના ઉપાયો
5.6 સમાજ કાર્યકરની ભૂમિકા
5.7 તમારી પ્રગતિ ચકાસો
5.8 ઉપસંહાર
5.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો
5.10 ચાવીરૂપ શબ્દો
5.11 સ્વાધ્યાય લેખન
5.1૨ પ્રવૃત્તિ
5.13 કેસ સ્ટડી
5.14 સંદર્ભ સૂચિ

### 5.1 પ્રસ્તાવના :

અગાઉના એકમોમાં આપણે ગરીબી, બેકારી, ભિક્ષાવૃત્તિ, અસ્પૃશ્યતા વગેરે સમસ્યાઓ વિશે સમજૂતિ મેળવી. આ સમસ્યાઓ સમાજના માળખા સાથે સંકળાયેલી છે. પરંતુ પ્રસ્તુત એકમમાં વિચલિત વર્તન સાથે સીધી રીતે સંકળાયેલી મદ્યપાન અને નશીલાં દ્રવ્યોની સમસ્યા અંગે સમજૂતી મેળવીશું. માનવ સમાજમાં પ્રાચીન સમયથી વિવિધ પ્રકારના સામાન્ય વ્યસનો જોવા મળે છે. વ્યસન તરીકે કેફી પદાર્થોના વૈદકીય પ્રયોગો પણ હોય છે. નિશ્ચિત માત્રાથી વધારે તથા મોટી સંખ્યામાં વ્યક્તિઓ જ્યારે દારૂ, ચરસ, ગાંજો, અફીણ, બ્રાઉન સુગર જેવા દ્રવ્યોનો ઉપયોગ કરે છે ત્યારે તે વ્યસની બને છે તથા સમાજની દ્દષ્ટિએ આ એક ગંભીર સામાજિક સમસ્યા બને છે. મદ્યપાન કે દારૂનું સેવન એ વ્યક્તિગત બાબત છે પરંતુ તેના પરિણામ વ્યક્તિ અને સમાજ બંને માટે નુકશાનકારક છે. પ્રસ્તુત એકમમાં તમે મદ્યપાનનો અર્થ, મદ્યપાનની સમસ્યાના કારણો, મદ્યપાનની સમસ્યા નિવારણના ઉપાયો, સમાજકાર્યકરની ભૂમિકા વગેરે અંગેની સમજૂતી મેળવીશું.

### 5.2 એકમના હેતુઓ :

- મદ્યપાનનો અર્થ સમજી શકશો.
- મદ્યપાનના કારણો જાણી શકશો.
- મદ્યપાનની સમસ્યાના નિવારણ માટેના ઉપાયો અંગેની સમજણ કેળવી શકશો.
- મદ્યપાનની સમસ્યાના નિવારણમાં સમાજકાર્યકરની ભૂમિકા જાણી તેનો ઉપયોગ કરી શકશો.

### 5.3 અર્થ :

એક કેફી દ્રવ્ય તરીકે દારૂ અથવા મદ્ય નામથી ઓળખવામાં આવે છે. આ એક એવો નશીલોં પદાર્થ

છે. જે ધીમે ધીમે વ્યક્તિમાં ટેવનું સ્વરૂપ ધારણ કરે છે અને વ્યક્તિ વ્યસની બને છે. ફેરચાઈલ્ડ નામના સમાજશાસ્ત્રીના મતે, ''મદ્યની અસામાન્ય બૂરી આદત એ જ મદ્યપાન'' એટલે દારૂ અથવા શરાબનું અધિક માત્રામાં થતું સેવન કે ટેવ.

WHO ના મતે ''મદ્યપાન એ એવી નશાકારક પરિસ્થિતિ છે કે જેમાં થોડી વાર માટે વ્યક્તિને નશો ચડે છે અથવા મનુષ્ય કાયમ માટે નશામાં ચૂર રહે છે અને જે વ્યક્તિ તથા સમાજ માટે હાનિકારક છે.''

મહાત્મા ગાંધીના મતે ''દારૂની આદત માનવીને શારીરિક, માનસિક, આર્થિક અને નૈતિક રીતે માનવીને બરબાદ કરે છે તથા દારૂનો નશો માનવીને ખરાબ બનાવે છે. મદ્યપાનની પ્રસ્તુત વ્યાખ્યાને આધારે કહી શકાય કે નિશ્ચિત માત્રાથી વધુ શરાબનું કે દારૂનું સેવન સામાજિક સમસ્યા બને છે.''

'Social Problems' નામના પુસ્તકમાં શ્રી શેપર્ડ અને વૉલ્સ જણાવે છે કે ''શરાબ, મદિરા, મદ્ય અને અન્ય ડ્રગ્સ વધારે માત્રામાં કે ગેરકાનૂની રીતે ઉપયોગમાં લેવાથી તે સામાજિક સમસ્યા તરીકે જન્મે છે. આલ્કોહોલિઝમ કે શરાબખોરીને કારણે સમાજમાં ચોરી, જુગાર, કૌટુંબિક અશાંતિ વગેરેમાં પણ વધારો થાય છે. આઝાદી બાદ સમગ્ર ભારતમાં દારૂબંધી હતી પણ 1970 પછી લોકમત, મહેસૂલ વગેરે પ્રશ્નો સર્જાતા હાલ ગુજરાતને બાદ કરતા બાકીનાં રાજ્યોએ દારબંધી ઉઠાવી લીધી છે. ભારતનાં બંધારણના માર્ગદર્શક સિધ્ધાંતોને અનુલક્ષીને ભારત સરકારનાં આયોજન પંચે 1954 માં દારૂબંધી તપાસ સમિતિની નિમણૂંક સમિતિના ૧૯૫૫ ના અહેવાલમાં એવી ભલામણ કરવામાં આવી કે ૧૯૫8 સુધી સમગ્ર દેશમાં દારૂબંધીની નીતિ અમલમાં મુકવી અને તે માટે ભલામણો પણ થઈ. પરંતુ હાલ ગુજરાતમાં આ કાનૂન અમલમાં છે.

## 5.4 મદ્યપાનના કારણો :

### (1) ઔદ્યોગિકરણ અને શહેરીકરણ :

માર્શલ કલીનાર્ડ નામના સમાજશાસ્ત્રીએ તેમના પુસ્તક 'Sociology of Deviant' (1968) માં અમેરિકામાં માદક દ્રવ્યોના સેવનની સમસ્યાને ધ્યાનમાં રાખીને વિગતો રજૂ કરી છે. તેમના મત મુજબ અમેરિકામાં શહેરી સમુદાયોમાં માદક દ્રવ્યોનું સેવન કરનારનું પ્રમાણ વધારે છે. ઔદ્યોગિકરણ અને શહેરીકરણ બંને પ્રક્રિયાઓ પરસ્પરાવલંબી છે. લૂઈ વર્થ નામના સમાજશાસ્ત્રીએ 'નગરવાદ'નો જે ખ્યાલ આપ્યો છે તેમાં નગરોના વિકાસની સાથે-સાથે નગરોની એક ચોકક્સ પ્રકારની જીવનશૈલી અનેક સામાજિક સમસ્યાઓ ઊભી કરે છે. ગતિશીલ મહાનગરો અને અન્ય શહેરી વિસ્તારોમાં થતું સ્થળાંતર વ્યક્તિને પોતાના કુટુંબ અને સભુદાયથી અલગ પાડે છે. સાથે-સાથે તેમના સામાજિક ધોરણો અને મૂલ્યોથી પણ અલગ પાડે છે. શહેરી સમુદાયમાં અજાણ્યાપણાની ભાવના, પ્રત્યક્ષ સામાજિક નિયંત્રણનો અભાવ, ગુનાહિત વર્તનને છુપાવવાની શક્યતા અને તક, અસલામતી વગેરે જેવી પરિસ્થિતિ વ્યક્તિને ઘણીવાર મદ્યપાન તરફ દોરે છે.

ઔદ્યોગિકરણના સંદર્ભમાં જોઈએ તો સતત મશીનો સાથે, એકધારું કામ કરતા વ્યક્તિઓ સર્જનનો આનંદ ગુમાવે છે. ઉપરાંત વધુ પડતા થાક અને કંટાળાને લીધે રાહત મેળવવા મદ્યપાન તરફ દોરાય છે. મોટા શહેરોમાં અનેક કારીગરો મર્યાદિત આવક હોવા છતાં દિવસની મહેનતથી કમાયેલાં પૈસા દારૂ પાછળ ખર્ચી નાંખે છે.

### (2) સામાજિક વિઘટન :

સામાજિક વ્યવસ્થાની નિષ્ફળતાની પરિસ્થિતિ એટલે સામાજિક વિઘટન. આ પરિસ્થિતિમાં સામૂહિક અને વ્યક્તિગત જરૂરિયાતો સંતોષાતી નથી તેમજ સામાજિક નિયંત્રણ બિનઅસરકારક બની જાય છે. સંયુક્ત કુટુંબ, જ્ઞાતિવ્યવસ્થા તેમજ ગ્રામ્ય સમુદાય એ ભારતીય સામાજિક માળખાના પાયાના એકમો છે. તેમાં વિઘટન થતા તેમના દ્વારા થતું સામાજિક નિયંત્રણ બિનઅસરકારક બન્યું છે. આ પરિસ્થિતિમાં વ્યક્તિઓ તેમની જરૂરિયાત સંતોષવા ગેરમાર્ગે દોરવાય છે. તેમાં મદ્યપાન એ તેમની જરૂરિયાતો સંતોષવાનું આશ્રય સ્થાન બની રહે છે. વિઘટનની પરિસ્થિતિમાં માર્ગદર્શન,

સલામતી અને ભાવાત્મક આધારના અભાવમાં વ્યક્તિઓ મદ્યપાન તરફ વળે છે. આમ વ્યક્તિગત વિઘટન સ્વરૂપે મદ્યપાન સેવનની સમસ્યા પેદા થાય છે અને એક વ્યક્તિ બીજી વ્યક્તિને મદ્યપાન તરફ ખેંચે છે.

**(3) મદ્યપાનની આદત :**

આપણે આગળ મદ્યપાનની વ્યાખ્યામાં જોયું કે મદ્યની અસામાન્ય બૂરી આદત વ્યક્તિને તેનો બંધાણી બનાવે છે. દારૂના સેવનના શરૂઆતના તબક્કામાં વ્યક્તિ શોખ, ફેશન, અનુકરણ, મનોરંજન કે આનંદ મેળવવા માટે મદ્યપાન કરે છે. પરંતુ એકવારના સેવન બાદ તે જે અનુભૂતિ કરે છે તેની અસરને કારણે ફરીવાર મદ્યપાન કરવા પ્રેરાય છે અને ધીમે-ધીમે તેનો આદતી બની જાય છે. જ્યારે દારૂ લોહીમાં પ્રવેશે છે ત્યારે તે સમગ્ર શરીરમાં વ્યાપી જાય છે. પીણામાં દારૂનું પ્રમાણ કેટલું છે તથા અમુક પ્રમાણમાં કોની સાથે પીણું લેવામાં આવે છે તેને આધારે તેની અસરો થાય છે. અગાઉનો મદ્યપાનનો અનુભવ તથા દારૂ પ્રત્યેનો વ્યક્તિનો દૃષ્ટિકોણ પણ અહીં મહત્ત્વના છે. મદ્યપાનની સીધી અસર મગજ પર થાય છે અને તેની પ્રવૃત્તિને મંદ બનાવે છે તેમજ કરોડરજ્જુની પ્રવૃત્તિ ક્રિયાઓ પણ ધીમે-ધીમે નબળી પાડે છે, તે ઉત્તેજક છે તેવી ખોટી ભ્રમણા ઉભી કરે છે. આમ, એક તબક્કો એવો આવે છે કે વ્યક્તિ દારૂને નહિ પરંતુ દારૂ વ્યક્તિને પીતો થઈ જાય છે. એટલે કે વ્યક્તિને શારીરિક રીતે ક્ષીણ કરી નાંખે છે.

**(4) જીવનમાં પ્રાપ્ત થતી નિષ્ફળતા :**

વર્તમાન આધુનિક સમય સ્પર્ધાનો સમય છે અને એમાં ટકી રહેવા સતત વ્યક્તિએ મથામણ કરવી પડે છે. કેટલીક વ્યક્તિઓ સ્પર્ધાના વાતાવરણ સાથે અનુકૂલન સાધી શકતી નથી. નિષ્ફળ જાય છે ત્યારે નિષ્ફળતાનું દુઃખ ભૂલવા ઘણીવાર મદ્યપાનનો સહારો લે છે. આમ, ક્ષણિક આનંદ મેળવવા માટે, દુઃખમાંથી બહાર નીકળવા, દુઃખ ભૂલવા વ્યક્તિઓ મદ્યપાન કરે છે.જો કે મદ્યપાનના સેવનથી દુઃખ દૂર થાય છે એ માત્ર એક વ્યાપક ભ્રમણા છે.

**(5) ફેશન :**

પશ્ચિમી જીવનશૈલીનો પ્રભાવ, સિનેમા, સોશ્યલમીડિયા વગેરેની અસરને કારણે આજે અમુક ચોક્કસ વર્ગમાં સ્વીકૃત થવા માટે મદ્યપાન એક જરૂરિયાત છે. ખાસ કરીને યુવાનોને આનું આકર્ષણ વિશેષ હોય છે. આજકાલ તો સામાજિક પ્રસંગોમાં મદ્યપાન એક ફેશન ગણાય છે. ઉપરાંત અમુક જ્ઞાતિઓમાં સામાજિક પ્રસંગોમાં મદ્યપાન રિવાજગત છે. કોકટેલ પાર્ટી, મોકટેલ પાર્ટી, રેવ પાર્ટી, હેંગઆઉટ, હેંગઓવર વગેરે શબ્દો અમુક વર્ગમાં 'Status Symbol' ગણાય છે. આમ, ફેશનના ભાગરૂપ વ્યક્તિઓ, ખાસ કરીને યુવાવર્ગ મદ્યપાન કરવા તરફ પ્રેરાય છે અને ધીમે-ધીમે એના બંધાણી બનતા જાય છે. જો કે દરેક કિસ્સામાં આવું બનતું નથી. પરંતુ ફેશનના ભાગરૂપ મદ્યપાનનું સેવન ચોક્કસ કરવામાં આવે છે. ખાસ કરીને મોટા શહેરો, મેટ્રોસીટીમાં આનું ચલણ વધુ છે.

**(6) સંવેદનાત્મક આનંદ :**

કોઈ વ્યક્તિ મદ્યપાન કરતા હોય તેને પૂછવામાં આવે કે મદ્યપાનના સેવન પછી તમે શું અનુભવો છો? તો મોટેભાગે એવો જવાબ મળે છે કે એક સુખદ અનુભૂતિ થાય છે જે વર્ણવવી મુશ્કેલ છે. આ ખરેખર તો એક ભ્રમણા છે પરંતુ મદ્યપાન માનવીના મગજના અતિ સંવેદનશીલ ભાગ 'Cerebellum' પર અસર કરે છે જે માનવીની લાગણીઓ અને યાદો સાથે જોડાયેલું છે. ઘણી વ્યક્તિઓ આવી સંવેદનાત્મક અનુભૂતિ મેળવવા મદ્યપાન તરફ વળે છે. એટલે કે આ એક મહત્ત્વનું કારણ ગણાવી શકાય.

**(7) દારૂની સરળ ઉપલબ્ધિ :**

મદ્યપાન સેવનનું એક મહત્ત્વનું કારણ દારૂ, શરાબની સરળ ઉપલબ્ધિ છે. જે રાજ્યોમાં દારૂબંધી નથી ત્યાં અન્ય જીવન જરૂરી ચીજવસ્તુઓની જેમ જ શરાબનું વેચાણ થાય છે. એટલે સરળ રીતે ઉપલબ્ધ છે. પરંતુ જ્યારે દારૂ વેચવા પર પ્રતિબંધ છે ત્યાં દારૂ વેચવા અને દારૂનું સેવન કરવા

કાયદેસર પરવાનો આવશ્યક છે. પરંતુ તેમ છતાં વર્તમાનપત્રો, સમાચારોમાં સતત 'દારૂનો અડ્ડો પકડાયો', 'દારૂની પાર્ટી કરતા લોકો પકડાયા' વગેરે સમાચારો સામાન્ય છે. એટલે કે દારૂબંધી હોય ત્યાં જાહેરમાં નહિ પરંતુ અમુક ચોક્કસ જગ્યાએ શરાબ મળી રહે છે.

આ ઉપરાંત ગરીબી, બેકારી, ભગ્ન કુટુંબો, સિનેમા અને સોશ્યલ મીડિયાની અસરો, મિત્રજૂથનું દબાણ અને આકર્ષણ, મિત્રજૂથમાં સ્વીકૃતિ, અમુક ચોક્કસ વર્ગમાં સ્વીકૃતિ, જ્ઞાતિગત સામાજિક રિવાજ, વધુ પડતો કામનો બોજો, સામાજિક વિમુખતા વગેરે કારણો પણ મદ્યપાન માટે જવાબદાર ગણાવી શકાય.

## 5.5 મદ્યપાનની સમસ્યાના નિવારણના ઉપાયો :

(1) WHO ના એક રિપોર્ટ પ્રમાણે વિશ્વમાં દર વર્ષે 3 મિલીયન લોકો મદ્યપાનને કારણે પોતાનો જીવ ગુમાવે છે. એટલે કે મદ્યપાનની સમસ્યા ઘણી જ ગંભીર છે અને તેના ઉકેલ માટે વ્યક્તિ, કુટુંબ, સામાજિક સંસ્થાઓ, રાષ્ટ્ર એમ સાર્વત્રિક ધોરણે પગલાં લેવાવા જોઈએ અને આ કાર્ય થઈ પણ રહ્યું છે. છતાં જે રીતે મદ્યપાનનું સેવન વધી રહ્યું છે અને સામાન્ય બનતું જાય છે તેને અટકાવવા તેનાથી બચવા કેટલાંક ઉપાયો યોજી શકાય. જેમ કે સમગ્ર દેશને લાગુ પડતો નશાબંધી કાનૂન અમલમાં મૂકવો જોઈએ અને આ કાનૂનનું કડક રીતે પાલન થવું જોઈએ.

(2) મદ્યપાન અટકાવવાનો એક મહત્ત્વનો ઉપાય મદ્યપાન વિરૂધ્ધ લોકમત અને લોકજાગૃતિ ઊભા કરવાં જોઈએ. આજે પણ ગુજરાતમાં કેટલાક ગામડાઓ છે જ્યાં ગામમાં મદ્યપાન પર કડક પ્રતિબંધ છે. દા.ત. મહેસાણા જીલ્લાનું સૂણસર ગામના અભ્યાસમાં જોવા મળ્યું હતું કે અગાઉ ગામની સીમમાં દારૂ ગાળવાનું કાર્ય થતું, દારૂનું વેચાણ થતું અને દારૂ પીવાનું પ્રમાણ પણ વધુ હતું. પરંતુ છેલ્લા દસ વર્ષથી સ્વાધ્યાય પ્રવૃત્તિને કારણે થતાં પ્રવચનો, સમજણ, દારૂથી થતુ નુકસાન વગેરેની સમજને કારણે આજે મદ્યપાનનું પ્રમાણ નહિવત છે. ઉપરાંત ગામનું શૈક્ષણિક સ્તર પણ સુધર્યું છે. ગામમાં 40 થી વધુ વ્યક્તિઓ વકિલાતના વ્યવસાય સાથે સંકળાયેલી છે. આમ, આવા ગામોને તેના કાર્યોને વર્તમાનપત્રો, સમાચાર વગેરેમાં દૃષ્ટાંતરૂપ સરાહના કરી લોકમત જાગૃત કરી શકાય.

**(3) મદ્યપાન સાથે સંકળાયેલી ભ્રામક માન્યતાઓ દૂર કરવી :**

મદ્યપાનના કારણોમાં આપણે જોયું કે શરાબ સેવન સાથે સંકળાયેલી ભ્રામક માન્યતાઓને કારણે, આકર્ષણને લીધે, નવું જાણવાની, નવી અનુભૂતિ કરવાની ઈચ્છાને લીધે મોટેભાગે મદ્યપાન કરવામાં આવે છે. પરંતુ વાસ્તવમાં શરાબથી બધા દુઃખો દૂર થાય છે, રોગપ્રતિકારક શક્તિ વધે છે, આનંદ મળે છે એ માન્યતાઓને પ્રચાર-પ્રસાર અને સમજણથી દૂર કરવા પ્રયાસો કરવા જોઈએ. મદ્યપાનથી થતી શારીરિક અને માનસિક હાનિ તરફ લોકોનું ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. ગીલિન એન્ડ ગીલિન નામના સમાજશાસ્ત્રીએ 'Criminology & Penology' માં દર્શાવ્યું છે કે મદ્યપાનની સમસ્યાના નિવારણ માટે પ્રથમ તે શું નથી એ સમજાવવું જોઈએ. એટલે કે 'What is not' એ સમજાવી ભ્રમ નિરસન કરવું જોઈએ.

**(4) સામાજિક-ધાર્મિક પ્રસંગોમાં મદ્યપાન નિષેધ :**

ભારતમાં અને ગુજરાતમાં કેટલીક જ્ઞાતિઓમાં આજે પણ લગ્ન અને અન્ય પ્રસંગોમાં મદ્યપાનનો રિવાજ છે. આને કારણે કિશોરો અને યુવાનો મદ્યપાન તરફ આકર્ષાય છે. એટલું જ નહિ પોતાના વડિલો અને સગાઓને શરાબ સેવન કરતા જોઈ તેનું અનુકરણ કરવા પ્રેરાય છે અને મદ્યપાન કરી શકાય એવું માની લે છે. અહીં ખાસ કરીને જ્ઞાતિમંડળો એ ઠરાવ પસાર કરી સામાજિક પ્રસંગોમાં મદ્યપાન નિષેધની પહેલ કરવી જોઈએ. એ જ રીતે ધાર્મિક તહેવારોની ઉજવણીમાં મદ્યપાન નિષેધ લાગુ કરવો જોઈએ. ખાસ કરીને સ્થાનિક યુવક મંડળો આમાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે.

**(5) ઉપચારાત્મક પગલા :**

શરાબના બંધાણી બની ગયેલાં લોકો, મદ્યપાન કરીને તમાશો કરતા લોકોને હડધૂત, બહિષ્કૃત કરવામાં આવે છે. પરંતુ તે શા માટે મદ્યપાન કરે છે? તેના કારણો જાણી, માનસિક પરિસ્થિતિ જાણી સમજાવટથી તેને દારૂમુક્તિ માટે ઉપચારાત્મક પગલાં લેવાં જોઈએ. આમાં ખાસ કરીને કુટુંબની ભૂમિકા મહત્ત્વની છે. ખાસ કરીને મદ્યપાનના આદતી બનેલા કિશોરો અને યુવાનો પ્રત્યે કુટુંબના સભ્યોએ સહાનુભૂતિથી તેમને આ આદતમાંથી મુક્ત કરવા પ્રયાસ કરવો જોઈએ અને આ માટે 'અમે તારી સાથે છીએ' એવો સતત સધિયારો આપવો જોઈએ. ઉપરાંત કિશોરો-યુવાનો પાસે શિક્ષણ, નોકરી, કારકિર્દી માટેની વધુ ઊંચી અપેક્ષાઓનું દબાણ ન લાવવું. નિષ્ફળ થાય તો તેને નિષ્ફળતા સ્વીકારવા કુટુંબીજનોએ તૈયાર રહેવું અને યુવાનોનો આત્મવિશ્વાસ વધારવો. વર્તમાન સ્પર્ધાત્મક યુગમાં, જ્યાં દૂરવર્તી સંબંધોનું મહત્ત્વ વધ્યું છે, સામાજિક નિયંત્રણોનું પ્રમાણ ઘટ્યું છે, વ્યક્તિવાદી વિચારસરણી વધુ વિકસી છે ત્યારે મદ્યપાનની સમસ્યાના નિવારણમાં કુટુંબની ભૂમિકા મહત્ત્વની છે.

**(6) લોકશિક્ષણ :**

મદ્યપાન વિરૂધ્ધ વ્યાપક લોકમત કેળવાય તે માટે લોકશિક્ષણ આપવાનો કાર્યક્રમ રાજ્ય તથા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા હાથ ધરાવો જોઈએ. સંચાર માધ્યમો, દૂરદર્શન, રેડિયો જેવા માધ્યમ દ્વારા મદ્યપાન વિરૂદ્ધ પ્રચાર કરવો જોઈએ. શૈક્ષણિક સંસ્થાઓ, મજૂર મંડળો, સ્ત્રી મંડળો, યુવામંડળો જેવા વિવિધ મંડળો દ્વારા જુદાં-જુદાં વિસ્તારોમાં ફરીને આ સમસ્યાનો નિર્દેશ કરવા ભાષણો, સૂત્રો, સ્ટ્રીટ-પ્લે જેવાં કાર્યક્રમો યોજવા જોઈએ. ઉપરાંત શરાબના બંધાણી બની ગયા હોય એવી વ્યક્તિઓને તબક્કાવાર તેમાંથી મુક્ત કરવાના કાર્યક્રમો ઘડવા, તેમના માટે વૈકલ્પિક પીણાંઓની વ્યવસ્થા કરવી, શરાબના ઉત્પાદન અને વેચાણ પ્રવૃત્તિમાં સંકળાયેલ વ્યક્તિઓ માટે વૈકલ્પિક વ્યવસાયોની વ્યવસ્થા કરવી વગેરે ઉપાયો હાથ ધરી શકાય.

**(7) ખરીદ-વેચાણ અંગેના ચોક્કસ નિયમો :**

મદ્યપાનના કારણોમાં આપણે અગાઉ જોયું તે પ્રમાણે દારૂની સરળ ઉપલબ્ધિ એ એક મહત્ત્વનું કારણ છે. દારૂના વેચાણ માટે, ખરીદી માટે ચોક્કસ નિયમો અસ્તિત્વ ધરાવે છે. તેમ છતાં આ નિયમો વધુ કડક બનાવવા જોઈએ અને તેનો ચુસ્ત અમલ કાયદા દ્વારા થવો જોઈએ. જ્યાં દારૂબંધી નથી એવા રાજ્યોમાં એક વ્યક્તિને અમુક પ્રમાણમાં જ દારૂ ખરીદવાની છૂટ હોવી જોઈએ. એ જ રીતે મેડિકલ રિપોર્ટને આધારે દારૂ ખરીદવાની છૂટ હોવી જોઈએ. એ જ રીતે એના પર સૌથી વધુ ટેક્સ નાખવો જોઈએ. હલકી કક્ષાના દારૂના વેચાણ પર સદંતર પ્રતિબંધ મૂકવો જોઈએ. આ સંદર્ભે ગુજરાત સરકારના નશાબંધી વિભાગ દ્વારા દારૂબંધી સંબંધિત પ્રયાસો થાય છે તે સરાહનીય છે. દા.ત. શરાબ સેવન માટેનું લાયસન્સ મેળવવા મેડિકલ ચેકઅપ ફરજીયાત છે, ઉપરાંત પ્રોસેસિંગ ફી પણ છે. દર વર્ષે આ લાયસન્સ રીન્યુ કરાવવું પડે છે અને તેનો ખર્ચ ૫000 થી 7000 જેટલો થાય છે. ઉપરાંત મેડિકલ ચેકઅપ પ્રમાણે ડૉક્ટરે નક્કી કરેલાં પ્રમાણમાં જ લાયસન્સ ધરાવનાર વ્યક્તિ કાયદેસર રીતે ખરીદી શકે છે. આ નિયમોને હજી વધુ કડક બનાવવા જોઈએ તો ખરા અર્થમાં દારૂબંધીના નક્કર પરિણામો મળી શકે.

વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા મદ્યપાનની સમસ્યાના નિવારણ માટે 10 મહત્ત્વના ઉપાયો સૂચવવામાં આવ્યા જે નીચે મુજબ છે.

(1) Leadership, awareness and commitment.

(2) Health Services response

(3) Community action

(4) Drink-driving policies and Counter-measures

(5) Availability of alcohol

(6) Marketing of alcoholic beverages

(7) Pricing Policies

(8) Reducing the negative consequences of drinking

(9) Reducing the public health impact of illict alcohol and informally produced alcohol.

(10) Monitoring and Surveillance

## 5.6 સમાજ કાર્યકરની ભૂમિકા :

અગાઉના એકમો જુદી-જુદી સમસ્યા નિવારણમાં સમાજ કાર્યકરની ભૂમિકા જોઈ તેના કરતા મદ્યપાનની સમસ્યા અટકાવવા કે નિવારણમાં સમાજકાર્યકરની વિશેષ ભૂમિકા છે. કારણ અહીં એવી વ્યક્તિ કે જૂથ સાથે કામ કરવાનું છે જેનું પોતાના પર નિયંત્રણ ખૂબ જ ઓછું છે અને તેમને પોતાને આ બાબત સમસ્યારૂપ નથી લાગતી. અહીં મદ્યપાનની સમસ્યાની અસર ઓછી કરવામાં સમાજ કાર્યકરની ભૂમિકા નીચે મુજબ રજૂ કરી શકાય.

(1) સૌપ્રથમ તો સમાજ કાર્યકરે મદ્યપાન, તેની બનાવટ, તેના પ્રકારો, તેમાં ઉપયોગમાં લેવામાં આવતી વસ્તુઓ, તેની શરીર સાથે થતી રાસાયણિક પ્રક્રિયાઓ, શારીરિકમાનસિક નુકસાન, દારૂનું પ્રમાણ અને તેની અસરો વગેરે અંગે પૂરતી માહિતી મેળવવી આવશ્યક છે કારણ કે મદ્યપાનનો ઔષધ તરીકે પ્રયોગ થાય તો તે હાનિકારક નથી. આ માહિતીને આધારે મદ્યપાનની આદતી બનેલ વ્યક્તિની પરિસ્થિતિ જાણી ઉપચારાત્મક પગલાં લઈ શકાય.

(2) હલકી કક્ષાના દારૂનું વધુ પડતું સેવન શરીર માટે અતિ નુકસાનકારક છે. ખાસ કરીને શ્રમિકો, મજૂરો, કામદારો આનું વધુ સેવન કરે છે તેઓને તેની આડ અસરો અને ગંભીર નુકશાનથી વાકેફ કરવા આવા જૂથોમાં શિક્ષણનું પ્રમાણ નહિવત હશે. તેથી લેખિત સાહિત્ય કરતા મૌખિક સમજાવટ, ચિત્રો વગેરેનો ઉપયોગ કરવો.

(3) મદ્યપાન નિષેધ માટે જોડાયેલા સામાજિક કાર્યકરે એક બાબતનું વિશેષ ધ્યાન રાખવાનું છે. વિરોધ મદ્યપાન સેવાનોન કરવાનો છે. મદ્યપાન કરતી વ્યક્તિનો નહિ. દારૂની લતે ચડી ગયેલી વ્યક્તિને 'દારૂડિયાનું' લેબલ સમાજ દ્વારા લગાવી દેવામાં આવે છે અને તેની સાથે એક પ્રકારનું સામાજિક અંતર, સામાજિક બહિષ્કાર કરવામાં આવે છે. આને કારણે હડધૂત થયેલી વ્યક્તિ વધુ મદ્યપાન કરે છે એટલે કે વ્યસનની ઊંડી ખાઈમાં ધકેલાતો જ જાય છે. આ સંજોગોમાં આવી વ્યક્તિને પ્રેમ અને હૂંફ આપીને તેને સધિયારો આપી ધીમે-ધીમે મદ્યપાનની આદતમાંથી મુક્ત કરી શકાય.

(4) મદ્યપાનની આદતી બનેલ વ્યક્તિ એક દિવસમાં મદ્યપાન છોડી દેશે એવું બનવાનું નથી. તેથી સમાજ કાર્યકરે ખૂબ જ ધીરજથી કાર્ય કરવાનું રહે છે. મદ્યપાન માટે દરેક વ્યક્તિના પોતાના કારણો હશે. દા.ત. નિષ્ફળતા, દુઃખ ભૂલવા, માનસિક હતાશા દૂર કરવા, કૌટુંબિક ઝઘડાઓ, આર્થિક સંકળામણ, કામનો વધુ પડતો બોજો, પ્રણયભંગ, બેકારી, ગરીબી, ફેશન, દરજ્જા, સંવેદનાત્મક અનુભૂતિ વગેરે. હવે અહીં દારૂની લતે ચડેલી વ્યક્તિ કયા કારણથી મદ્યપાન કરે છે એ જાણવું જરૂરી છે. તરત તમને કારણ નહિ મળે. 'કેસ સ્ટડી'ની જેમ ઊંડાણપૂર્વકની તપાસ કરશો તો પરિણામ ચોક્કસ મળશે. આ માટે દરેક વ્યક્તિના ઉપચાર માટે જુદાં જુદાં પ્લાન બનાવવા પડશે જે ઉપચારાત્મક પગલામાં ઉપયોગી બનશે.

(5) સમાજ કાર્યકરે મદ્યપાનના આદતી બનેલા વ્યક્તિઓના 'કેસ સ્ટડી' કરી તેની માહિતી સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓને આપવી જોઈએ. જેનાથી 'Ground Level Action Plan' તૈયાર કરી શકાય. કારણ માત્ર કાયદાથી દારૂબંધી શક્ય નથી એ આપણે સૌ જાણીએ છીએ.

(6) વ્યક્તિને મદ્યપાનની આદતમાંથી મુક્ત કરવાનો મહત્ત્વનો સ્ત્રોત તેનું કુટુંબ છે. તેથી સમાજ

કાર્યકરે જે-તે વ્યક્તિના કુટુંબ, મિત્રજૂથનો સંપર્ક કરી તેમનું કાઉન્સિલિંગ કરવું જોઈએ. એ જ રીતે મદ્યપાનની નકારાત્મક અસરોના ફોટા, વીડીયો, ઈન્ટરવ્યુ રેકોર્ડીંગ વગેરે તૈયાર કરી જે-તે વ્યક્તિ અને તેના કુટુંબને બતાવવા જોઈએ. ઘણીવાર આવા ફોટા, વીડિયોને કારણે મદ્યપાન સેવનના ગંભીર પરિણામો જાણી તેના ભયને કારણે પણ વ્યક્તિ શરાબ છોડી શકે છે.

(7) મદ્યપાન નિવારણ માટે સમાજ કાર્યકરની વિવેક બુદ્ધિ મહત્ત્વની છે. અહીં લેખિત નિયમો કે કોઈ ચોક્કસ 'રોડમેપ' નથી. ઘણીવાર દારૂની લતે ચડેલી વ્યક્તિ તમારૂ અપમાન પણ કરશે, તમારી સાથે વાત કરવા તૈયાર નહિ થાય, તમારી સમક્ષ શરાબના ગુણગાન ગાશે, આવા સમયે સમાજ કાર્યકરે ખૂબ જ શાંતિથી, સ્વ નિયંત્રણ જાળવી લવચિકતાથી કાર્ય કરવું જોઈએ.

## 5.7 તમારી પ્રગતિ ચકાસો નીચેની ખાલી જગ્યા યોગ્ય શબ્દ વડે ભરો.

(1) 'મદ્યની અસામાન્ય બુરી આદત એટલે મદ્યપાન' આ વ્યાખ્યા _________ એ આપેલી છે.

(અ) WHO (બ) ફેરચાઈલ્ડ

(ક) શેપર્ડ (ડ) ગિલીન

(2) દારૂબંધી તપાસ સમિતિની નિમણૂંક ____________ વર્ષમાં કરવામાં આવી.

(અ) 1947 (બ) 1955

(ક) 1958 (ડ) 1954

(3) નગરવાદનો ખ્યાલ ____________ એ આપ્યો.

(અ) હોમર ઘોટ (બ) લૂઈ વર્થ

(ક) હરિશ દોશી (ડ) વિદ્યુત જોશી

(4) Cerebellum એ _________ નો ભાગ છે જ્યાં મદ્યપાનની સીધી અસર થાય છે.

(અ) મગજ (બ) કરોડરજ્જુ

(ક) ફેફસાં (ડ) લીવર

(5) મદ્યપાન ખરીદવાની કાયદેસરની 'પરમીટ' _________ વર્ષે રીન્યુ કરાવવી પડે છે?

(અ) 2 (બ) 3

(ક) 4 (ડ) 1

## 5.8 ઉપસંહાર :

આમ, મદ્યપાન એ વ્યક્તિને શારીરિક, માનસિક નુકસાન પહોંચાડે છે. સાથે-સાથે કુટુંબ અને સમાજ પર વિઘાતક અસરો જન્માવે છે. એક અંદાજ પ્રમાણે રોડ અકસ્માતમાં થતા અપમૃત્યુમાં ૨૫% મૃત્યુ માટે મદ્યપાન કારણભૂત છે. મદ્યપાનની દેખીતી અસરો ઓછી છે પરંતુ તે અંદરથી માનવી અને સમાજને ખોખલાં બનાવી દે છે. તેથી આ સમસ્યાની ગંભીરતા સમજવી જ રહી. મદ્યપાન સેવનની માર્ગદર્શિકા, મદ્યપાન પ્રતિબંધ વગેરે કાયદાકીય પગલાંની સાથે-સાથે સ્વૈચ્છિક સંસ્થાઓ અને સામુદાયિક કક્ષાએ આ સમસ્યાનું વધુ સારી રીતે નિવારણ કરી શકાય છે. રાષ્ટ્રના એક જવાબદાર નાગરિક તરીકે દરેક વ્યક્તિ થોડો પણ પ્રયાસ કરે તો મદ્યપાનની સમસ્યા અટકાવી શકાય છે અને તેનું નિવારણ કરી શકાય. ખાસ કરીને શહેરોમાં એકલતા તરફ ધકેલાતી યુવાપેઢીને કૌટુંબિક પ્રેમ, હૂંફ અને યુવા સંગઠનોએ જ આ માટે આગળ આવવાની જરૂર છે. એક સમાજ કાર્યકર વ્યક્તિગત, કૌટુંબિક, ઉપચારાત્મક પગલા, કાઉન્સિલિંગ વગેરે દ્વારા આ સમસ્યાના નિવારણમાં પોતાની ભૂમિકા સુપેરે નિભાવી શકે છે.

## 5.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

(1) (બ) ફેરચાઈલ્ડ

(2) (ડ) 1954

(3) (બ) લૂઈ વર્થ

(4) (અ) મગજ

(5) (ડ) 1

## 5.10 ચાવીરૂપ શબ્દો :

**(1) મદ્યપાન :** મદ્ય એ એક પ્રકારનું કેફી પીણું છે જેને દારૂ, શરાબ, મદિરા એમ વિવિધ નામોથી ઓળખવામાં આવે છે. આ એક એવો નશીલોં પદાર્થ છે જે ધીમે-ધીમે વ્યક્તિમાં ટેવનું સ્વરૂપ ધારણ કરે છે અને વ્યક્તિ વ્યસની બને છે. ફેરચાઈલ્ડના મતે મદ્યપાન એટલે 'દારૂ અથવા શરાબનું અધિક માત્રામાં સેવન કે ટેવ'

**(2) Cerebellum :** માનવીના મગજની પાછળ આવેલું મહત્ત્વનો ભાગ જેને નાના મગજ તરીકે ઓળખવામાં આવે છે. તેનું મુખ્ય કાર્ય શરીરના સ્નાયુઓના સ્વૈચ્છિક હલનચલનનું સંકલન છે. એટલે કે શારીરિક સંતુલનમાં તેની મહત્ત્વની ભૂમિકા છે. મદ્યપાનના અતિરેકની સીધી અસર અહીં થાય છે.

## 5.11 સ્વાધ્યાય લેખન :

(1) મદ્યપાનની સમસ્યાનો અર્થ આપી તેના કારણો જણાવો.

(૨) મદ્યપાનની સમસ્યાના નિવારણ અંગેના ઉપાયોની સવિસ્તર ચર્ચા કરો.

(3) મદ્યપાનની સમસ્યાના નિવારણમાં એક સમાજકાર્યકરના વિદ્યાર્થી તરીકે તમારી ભૂમિકા સ્પષ્ટ કરો.

## 5.12 પ્રવૃત્તિ :

- દારૂબંધી નિવારણના સરકારી પ્રયાસોનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ કરો.
- ગુજરાતના દારૂબંધી પ્રતિબંધ કાનૂનનું કોઈપણ એક રાજ્ય સાથે તુલના કરી મૂલ્યાંકન કરો.
- દારૂબંધી અને સલામતી વચ્ચેનો સંબંધ સમજવાનો પ્રયત્ન કરો.

## 5.13 કેસ સ્ટડી :

તમારી આસપાસની નશાબંધી બ્યુરોની ઑફિસ, પુર્નવર્સન કેન્દ્રની મુલાકાત લઈ ૨ વ્યક્તિઓના કેસ સ્ટડી કરો.

## 5.14 સંદર્ભ સૂચિ


- Madan G.R. (1981), Indian Social Problems, New Delhi, Allied Publication.
- Ahuja Ram, Social Problem in India, Rawat Publication
- Majumdar A. M. (1964), Social Welfare in India, Asia Publishing House, Bombay
- Herbert Bisno (1952), The Philosophy of Social Work, Washington, D. C. Public Affairs Press.
- Ranjna K. Devi (2009), Social Work, Philosophy, Concepts and Dimensions, Omega Publications, New Delhi
- શર્મા ઋચા (2011), ભારતમાં સામાજિક સમસ્યાઓ, સાગર પ્રકાશન, જયપુર
- ચંદ્રિકા રાવલ, દશા ઠાકર – સંપાદક (1995), સમાજદર્પણ, પ્રકાશન-પ્રા.અરવિંદભાઈ આર. શાહ, સન્માનનિધિ પ્રકાશન, અમદાવાદ
- who.int
- ncbi.nlm.nih.gov

| એકમ–6 | નશીલાં દ્રવ્યો |
| --- | --- |

## : એકમનું માળખું :

6.1 પ્રસ્તાવના

6.2 એકમના હેતુઓ

6.3 અર્થ

6.4 નશીલાં દ્રવ્યોના વ્યસનના કારણો

6.5 નશીલાં દ્રવ્યોના વ્યસનની સમસ્યા નિવારણના ઉપાયો

6.6 સમાજ કાર્યકરની ભૂમિકા

6.7 તમારી પ્રગતિ ચકાસો

6.8 ઉપસંહાર

6.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

6.10 ચાવીરૂપ શબ્દો

6.11 સ્વાધ્યાય લેખન

6.12 પ્રવૃત્તિ

6.13 કેસ સ્ટડી

6.14 સંદર્ભ સૂચિ

## 6.1 પ્રસ્તાવના :

પ્રાચીન સમયમાં ભારતમાં ચરસ, ગાંજો, ભાંગ જેવાં દ્રવ્યોનો ધાર્મિક કારણોસર સાધુ-સંતો દ્વારા વિશેષ ઉપયોગ થતો હતો તેમજ રાજા-મહારાજા, અમીર, ઉમરાવો પણ તેનો ઉપયોગ કરતાં હતાં. સામાન્ય પ્રજામાં શિવરાત્રિના દિવસે ભાંગ પીવાનો રિવાજ હતો. આર્યોના સમયમાં સોમરસ નામના માદક દ્રવ્યનું સેવન મહેમાનોના સ્વાગત સ્વરૂપે થતું જોવા મળતું હતું. આમ, નશીલાં દ્રવ્યોનો ઉપયોગ સમાજમાન્ય રીતે સામાજિક ધાર્મિક કારણોસર મર્યાદિત સ્વરૂપે થતો. પરંતુ પશ્ચિમીકરણ, શહેરીકરણ, આધુનિકીકરણને લીધે જે મોટાપાયે સામાજિક પરિવર્તનો આવવા લાગ્યા. મનોરંજન અને આનંદપ્રમોદનાં સાધનો બદલાઈ ગયા. સામાજિક વિઘટન, વ્યક્તિવાદી વિચારસરણીની અસર વગેરેને લીધે સમાજમાં કેટલાંક લોકો એકલતા અને અસલામતી અનુભવવા લાગ્યા. તેમાંથી મુક્ત થવા માટે યુવાનો નશીલાં દ્રવ્યો તરફ વળ્યા. વર્તમાન સમયમાં નશીલાં દ્રવ્યોની સમસ્યા માત્ર ઉપલા વર્ગ પૂરતી મર્યાદિત નથી રહી. પરંતુ કિશોરો, યુવાનો, યુવતીઓ, શ્રમિકો વગેરેનો તેમાં સમાવેશ થાય છે. પરંતુ તેની સૌથી વધુ અસર યુવાપેઢી પર થઈ છે. ભારતમાં જ્યારે કુલ વસતિના 60% યુવાનો છે ત્યારે નશીલાં દ્રવ્યોની સમસ્યા વધુ ગંભીર છે. વર્તમાન ભારતીય યુવાપેઢી મહેનતુ, સમજુ, શિક્ષિત, કારકિર્દી કેન્દ્રી છે જ પરંતુ નશીલાં દ્રવ્યોના વ્યાવસાયિક ‘રેકેટ’ આયોજીત વ્યાવસાયિક માળખુ યુવાનો તેમના કુટુંબો અને રાષ્ટ્ર માટે સમસ્યારૂપ છે. પ્રસ્તુત એકમમાં નશીલાં દ્રવ્યોનો અર્થ, તેના કારણો, નશીલાં દ્રવ્યો સેવનની અસરો ઓછી કરવાના ઉપાયો, તેમાં સમાજ કાર્યકરની ભૂમિકા વગેરે અંગે માહિતી મેળવી શકશો.

## 6.2 એકમના હેતુઓ :

- પ્રસ્તુત એકમમાં આપ નશીલાં દ્રવ્યોનો અર્થ, પ્રકારો અંગેની જાણકારી મેળવી શકશો.

- નશીલાં દ્રવ્યોની સમસ્યાના કારણો અને તેના નિવારણના ઉપાયો અંગે સમજ મેળવી શકશો.
- નશીલાં દ્રવ્યોની સમસ્યા નિવારણમાં સમાજકાર્યકરની ભૂમિકા અંગે માહિતી મેળવી તેનો ક્ષેત્રમાં ઉપયોગ કરી શકશો.

### 6.2.1 નશીલાં દ્રવ્યોના પ્રકારો :

નશીલાં દ્રવ્યોના અર્થની સ્પષ્ટતા માટે તેના પ્રકારો જાણવા છે જે આ પ્રમાણે છે.

માર્શલ ક્લીનાર્ડ નામના સમાજશાસ્ત્રીએ માદક દ્રવ્યોની શારીરિક અસરોને આધારે માદર દ્રવ્યોને બે વિભાગામં વહેંચવાનો પ્રયત્ન કર્યો છે, જેમાં શિથિલ બનાવનાર અને ઉત્તેજિત કરનાર માદક દ્રવ્યોનો સમાવેશ થાય છે.

ડૉ. ત્રિભુવન કપૂરના મતે ભારતમાં ઉપયોગમાં લેવામાં આવતા માદક દ્રવ્યોને ચાર વિભાગમાં વહેંચી શકાય. તેમાંનો એક પ્રકાર વૈદકીય સારવારના હેતુ સાથે સંકળાયેલો છે જ્યારે અન્ય ત્રણ પ્રકારોને કોઈપણ પ્રકારની વૈદકીય સારવારના હેતુ સાથે સંબંધ નથી.

(1) **ભ્રમણા ઉત્પન્ન કરનાર (Hallueigens)** આ વિભાગમાં એલ.એસ.ડી, ગાંજો, હશીશ અને ભાંગ વગેરે જેવા દ્રવ્યોનો સમાવેશ કરી શકાય. આ દ્રવ્યોનો ઉપયોગ કરનાર માનસિક બીમાર અને અસલામતીની લાગણી ધરાવતા હોય છે.

(2) **અફીણમાંથી બનાવવામાં આવતા માદક દ્રવ્યો (Opiates)** આ પ્રકારના માદક દ્રવ્યોમાં અફીણ, મૉરફાઈન, પ્રૉઈન, પૅથેડિન વગેરેનો સમાવેશ થાય છે. આવા પ્રકારના દ્રવ્યોનું સેવન કરનાર શારીરિક રોગથી પીડાતા હોય છે. આવા પદાર્થો ઈંજેક્શન કે ધુમ્રપાન દ્વારા લેવામાં આવે છે.

(3) **પીડાશામક દ્રવ્યો (Analgesics)** આ પ્રકારના દ્રવ્યોમાં માથાના દુખાવા માટે, ડોકના દુઃખાવા માટે અને સાંધાના દુઃખાવા માટે લેવામાં આવતી પીડાશામક ગોળીઓનો સમાવેશ થાય છે. જેમાં ડીસ્પ્રીન અને એસ્પીરીનનો પણ સમાવેશ થાય છે. જો ડૉક્ટરની ભલામણ અને અમુક સમયમર્યાદા સુધી આવા દ્રવ્યો લેવામાં આવે તો તે ફાયદાકારક હોય છે. પરંતુ આવા ઔષધો અમર્યાદિત રીતે લેવામાં આવે તો માનવી ધીમે-ધીમે તેનો બંધાણી બની જાય છે.

(4) **આવેગશામક માદક દ્રવ્યો** આવા દ્રવ્યોમાં એવી ગોળીઓનો સમાવેશ થાય છે જે ડૉક્ટર દ્વારા માનસિક તાણ અને ચિંતાને દૂર કરવા, અનિંદ્રાને દૂર કરવા ઉપયોગમાં લેવાય છે. આવા દ્રવ્યો અમુક સમયમર્યાદા સુધી વ્યક્તિને ચિંતા, માનસિક તાણ વગેરે જેવી સમસ્યાઓમાંથી મુક્તિ અપાવી શકે છે. આવા ઔષધોની અસર ઘટવાથી માનવીની ચિંતા, તાણની પરિસ્થિતિ શરૂ થાય છે. પરિણામે આવા દ્રવ્યોનું સેવન વારંવાર કરવામાં આવે છે. આવા દ્રવ્યોના અતિરેકને કારણે માનસિક કૉમાની પરિસ્થિતિ પણ ઉભી થાય છે. ડૉક્ટરની ભલામણ સિવાય આવા દ્રવ્યોનો વધુ ઉપયોગ કરવામાં આવે તો નુકશાનકારક બની રહે છે.

આ ઉપરાંત મેરિજુઆના, હેરોઈન, એલ.એસ.ડી. (લાયશર્જીક ઍસિડ ડ્રાઈડેમાઈડ) વગેરે ઉન્માદપ્રેરક માદક દ્રવ્યો છે.

## 6.3 અર્થ :

વિજ્ઞાનીઓના મતે ખોરાક સિવાયનો કોઈપણ પદાર્થ કે જે શરીર અને મનના કાર્યોની રીત બદલવા માટે લેવામાં આવે છે તેને ‘દવા’ કહેવાય. જ્યારે આવી દવા (દ્રવ્યો) બિનતબીબી હેતુ માટે એટલે કે આનંદ પ્રમોદ માટે લેવામાં આવે ત્યારે તેને નશીલાં દ્રવ્યો તરીકે ઓળખવામાં આવે છે. ડૉ. અનન્યા માંડલના મતે “Drug abuse or substance abuse refers to the use of certain chemicals for the purpose of creating pleasurable effects on the brain.”

અગાઉ નશીલાં દ્રવ્યોને બદલે ‘નશાખોરી’ શબ્દ પ્રચલિત હતો. જેમાં માત્ર મદ્યપાનનો સમાવેશ થતો. હવે Drug abuse એટલે કે ‘દવાનો દુરૂપયોગ’ શબ્દ વપરાય છે. એટલે કે જે નશાકારક પદાર્થ

દવા તરીકે વપરાતો હતો તેને દુરૂપયોગ થાય છે. તેનું પ્રમાણ અને પ્રકાર બદલાવા લાગ્યા છે. જે દ્રવ્યો દવા તરીકે નહિ પરંતુ નશો કરવા માટે, આનંદ મેળવવા માટે, પ્રાપ્ત કરવા માટે ઉપયોગમાં લેવાય છે અને આવા ઔષધોની વ્યક્તિને ટેવ પડે છે, તેના આદતી બને. ત્યારબાદ આવા ઔષધ ન મળે તો વ્યક્તિ અસામાન્ય વર્તન કરે છે, કંઈ પણ કાર્ય કરવા માટે અશક્તિમાન બની જાય છે. આવી અવસ્થાને વ્યસન અને આવી વ્યક્તિને વ્યસની કહેવામાં ઓ છે. આ અવસ્થા વ્યક્તિ અને સમાજ માટે નુકસાનકારક બને ત્યારે તે સામાજિક સમસ્યાનું રૂપ ધારણ ધરે છે. નશીલાં દ્રવ્યોના વ્યસનીને નશીલાં દ્રવ્યની તીવ્ર ઈચ્છા થાય છે અને જરૂરિયાત પણ ઊભી થાય છે. જ્યાં સુધી તે નશો ન કરે ત્યાં સુધી તે વ્યક્તિ અજંપો, બેચેની વધે છે. ઉપરાંત નશીલાં દ્રવ્યની ટેવ પડ્યા પછી તે દ્રવ્યોની માત્રા સતત વધારતા રહેવાની વૃત્તિ તેનામાં વિકસે છે. આથી તે દ્રવ્યો પર વ્યક્તિનું માનસિક અને શારીરિક અવલંબન વધે છે. વ્યક્તિ તેનો ગુલામ બની જાય છે. આ દ્રવ્યની અસર એટલી તીવ્ર હોય છે કે જો એ દ્રવ્ય લેવામાં ન આવે તો વ્યક્તિ બિમાર પડી જાય છે. જેમ કે લોહીનું દબાણ વધી જાય, હૃદયના ધબકારા વધી જાય, તાણ આવે, ધ્રુજારી આવે, ઊંઘ ન આવે, ભૂખ ન લાગે વગેરે. જો કે નશીલાં દ્રવ્યનો વ્યસની તબીબી સારવારથી વ્યસનમુક્ત થઈ શકે છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાની નિષ્ણાત સમિતિએ માદક દ્રવ્યોના સેવનની વ્યાખ્યામાં સ્પષ્ટતા કરે છે કે બંધાણ એટલે કોઈ કુદરતી કે કૃત્રિમ પદાર્થ, દ્રવ્ય કે પીણાનું સેવન કરવાથી ઉત્પન્ન થતી અમુક નિશ્ચિત સમય ગાળે અથવા નશાયુક્ત અવસ્થા કે જે તે સમાજ અને વ્યક્તિ માટે નુકસાનકારક હોય છે.

## 6.4 નશીલાં દ્રવ્યોના વ્યસનના કારણો :

નશીલાં દ્રવ્યોનું સેવન કરનાર વ્યક્તિ શા માટે તેનું સેવન કરતી હશે એવો પ્રશ્ન સ્વાભાવિક રીતે ઉપસ્થિત થાય. આ સંદર્ભમાં તેના કારણો નીચે મુજબ દર્શાવી શકાય.

**(1) માનસિક સ્વાસ્થ્ય**

નશીલાં દ્રવ્યોના સેવનનું મહત્ત્વનું કારણ વ્યક્તિની માનસિક સ્થિતિ સાથે જોડાયેલું છે. આમાં શારીરિક બિમારી, માનસિક આરોગ્ય અને આસપાસના વાતાવરણની અસર ત્રણેય બાબતો સંકળાયેલ છે. દા.ત. લાંબી શારીરિક બીમારીને કારણે ઉભી થયેલી હતાશા, બાળપણમાં નજીકના સગાંઓનું અપમૃત્યુ, ડરામણી ઘટનાના સાક્ષી બન્યા હોય, લાગણી વિષયક સંબંધોમાં નિષ્ફળતા મળી હોય વગેરે આવી પરિસ્થિતિમાં વ્યક્તિ માનસિક રીતે નબળી પડે છે અને તબીબી સારવાર લે છે. પરંતુ કેટલીક વાર તબીબી સલાહ વિના પોતે પણ દુઃખ ઓછું કરવા નશીલાં દ્રવ્યોનું વધુ પડતું સેવન કરે છે અને ધીમે-ધીમે તેના બંધાણી બને છે. જો કે માનસિક બીમારી ધરાવતી દરેક વ્યક્તિ નશીલાં દ્રવ્યોના વ્યસની બને છે એવું હંમેશા બનતું નથી. અહીં એક અભ્યાસના ઉદાહરણ દ્વારા તમે વધુ સારી રીતે સમજી શકશો. લેખકે 2019માં 'યુવાનોની સમસ્યાઓ' વિષય પર ગુજરાત યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્ર ભવનના વિદ્યાર્થીઓ તથા પરીક્ષા આપવા આવતા અન્ય 400 વિદ્યાર્થીઓનો મુલાકાત દ્વારા અભ્યાસ કર્યો હતો. એમાં એક તબીબ શાખાની વિદ્યાર્થીઓને પરીક્ષાનો એટલો ડર રહેતો હતો કે તે ઊંઘ ન આવે અને સતત જાગીને વાંચી શકાય એ માટે ડૉક્ટરની સલાહ વિના પોતે જ અમુક દવાઓ લેતી હતી અને એની આડઅસર રૂપે ચાલુ પરીક્ષાએ એ બેભાન બની ગઈ હતી. એટલે કે પરીક્ષાનું ટેન્શન, વધુ ગુણ લાવવાનું ટેન્શન તથા તબીબી વિદ્યાશાખાના હોવાથી કયા પદાર્થની શરીર પર કેવી અસર થાય એનું જ્ઞાન હોવાથી યુવાનો આવા દ્રવ્યોનું સેવન કરે છે. અહીં માત્ર એક દૃષ્ટાંત રજૂ કર્યું છે. જે પરિસ્થિતિની ગંભીરતા રજૂ કરે છે. જો મોટાપાયે આવા અભ્યાસો થાય તો અનેક કારણો સામે આવી શકે.

**(2) નવું જાણવાની ઈચ્છાઃ**

યુવાનો અને તરૂણોને કોઈના સંપર્ક દ્વારા કે અન્ય રીતે નશીલાં દ્રવ્યની અસર વિશે સાચી કે

ખોટી માહિતી મળે છે ત્યારે તેઓ એ નશીલાં દ્રવ્યો શું છે, તે લેવાથી કેવી અસર થાય છે, કેવો અનુભવ થાય છે તે અંગે જિજ્ઞાસાથી અનુભવ કરવા ઈચ્છુક બને છે. પોતાના સમવયસ્ક જૂથમાં કે અજાણ્યા લોકોના કે પડોશના સહવાસમાં તેને જ્યારે તક મળે ત્યારે અનુભવ કરવા તત્પર બને છે. એક વખત નશીલાં દ્રવ્યોનો અનુભવ કર્યા પછી બીજી વખત પણ તે લેવાની ઈચ્છા થતી હોય છે. યુવાનોમાં સિનેમા, સૉશ્યલ મીડિયા, ટેલિવિઝન, વેબસિરીઝ વગેરેને કારણે 'માચોમૅન', 'સિક્સપેક' જેવી ઈમેજ સામાન્ય બની છે. જેથી કેટલીક વાર બહાદુરીનો દેખાવ કરવાની વૃત્તિ પણ યુવાનોને નશીલાં દ્રવ્યો તરફ ધકેલે છે. કેટલીક ઘેનની ગોળીઓ એટલી બધી અસરકારક હોય છે કે એકાદ અખતરો પણ યુવકોને નશીલાં દ્રવ્યોના વ્યસન તકફ દોરી જાય છે.

**(3) સામાજિક પરિવર્તન :**

સંચાર માધ્યમોને કારણે આજે વિશ્વ એક નાનું ગામડું બન્યું છે અને ખૂબ જ ઝડપથી સામાજિક પરિવર્તન આવી રહ્યું છે. સામાજિક પરિવર્તનની અસરોના સંદર્ભમાં વ્યક્તિવાદી મૂલ્યોનું મહત્ત્વ વધતું જાય છે. જેની સીધી અસર સામાજિક સંસ્થાઓ અને સામાજિક સંબંધો પર પડી છે. સોશ્યલ મીડિયા પર 'glass smilling' વાળી તસ્વીરો રોજ 'share' કરતા લોકો પોતાના મનની મૂંઝવણો પોતાની 'ઈમેજ' જાળવી રાખવાના મોહમાં બીજા આગળ વ્યક્ત થતા નથી. મોટા શહેરોમાં યુવાનોમાં આ પરિસ્થિતિ વધુ જોવા મળે છે અને આવા યુવાનો બહુ ઝડપથી નશીલાં દ્રવ્યોના બંધાણી બની જાય છે. કુટુંબ, જ્ઞાતિ કે પડોશજૂથના માર્ગદર્શન, નિયંત્રણમાં ઓટ આવતી જાય છે. કહેવાતા આધુનિક કુટુંબોમાં 'me space' નું મહત્ત્વ વધતું જાય છે. જેનાથી યુવાનો પોતાના કુટુંબથી વિમુખ બને છે. બીજી રીતે એમ પણ કહી શકાય કે સામાજિક માળખાની રચનામાં થતા ફેરફારો સાથે અનુકૂલન સાધવાની નિષ્ફળતા વ્યક્તિને નશીલાં દ્રવ્યોના સેવન તરફ વાળે છે.

**(4) નશીલાં દ્રવ્યોની સરળ ઉપલબ્ધિ :**

નશીલાં દ્રવ્યોની સમસ્યાનું એક મહત્ત્વનું કારણ નશીલાં દ્રવ્યોની સરળ ઉપલબ્ધિ છે. નશીલાં દ્રવ્ય પ્રતિબંધક કાનૂન હોવા છતાં મોટા શહેરોમાં 'ડ્રગ માફિયાઓ' એમ આયોજીત સ્વરૂપે નશીલાં દ્રવ્યોનું વેચાણ કરે છે. ખાસ કરીને કિશોરો અને યુવાનોને તેઓ પોતાના શિકાર બનાવે છે. મોટા શહેરોમાં શાળા-કૉલેજો, યુનિવર્સિટીઓની આસપાસ અમુક ચોક્કસ સ્થળોએ નશીલાં દ્રવ્યો મળી રહે છે. ઉપરાંત હુક્કા બારની આડમાં પણ આ વ્યવસાય ચાલતો હોય છે. 'ડ્રગ માફિયાઓ' પોશ વિસ્તારમાં આવેલાં ક્લાસીસ, શાળાઓ, કૉલેજોને ટાર્ગેટ બનાવે છે. એટલું જ નહિ અમુક વિદ્યાર્થીઓનો 'કેરીયર' તરીકે ઉપયોગ કરી અન્ય વિદ્યાર્થીઓને નશીલાં દ્રવ્યો તરફ આકર્ષે છે. પ્રા. ઈશ્વર બારેવડિયાએ માદક દ્રવ્યો સંદર્ભે વિદ્યાર્થીઓનો અભ્યાસ કર્યો હતો. તેમાં 87% વિદ્યાર્થીઓ માદક દ્રવ્યોના સેવન માટે માદક દ્રવ્યોની સરળ ઉપલબ્ધતાને જવાબદાર માને છે.

**(5) મિત્રજૂથોનું દબાણ :**

નશીલાં દ્રવ્યોના વ્યસનની સમસ્યા માટે મિત્રજૂથનું દબાણ એક મહત્ત્વનું કારણ છે. ડૉ. પ્રશાંતે આ અંગે એક અભ્યાસ કર્યો છે. તેમાંના તારણમાં પણ જોવા મળ્યું છે કે 860 વ્યસનીઓમાં 74% જેટલા વ્યસની તેમના મિત્રજૂથના દબાણથી નશીલાં દ્રવ્યોના વ્યસન તરફ વળ્યા હતા. તેઓ પોતાના મિત્રજૂથમાં સ્વીકૃતિ મળે એમ ઈચ્છે છે. આ સ્વીકૃતિની જરૂરિયાત સંતોષવા વ્યક્તિ ધોરણોનું પાલન કરે છે. ડિફ્લેયર પણ જણાવે છે કે સમવયસ્ક જૂથ પોતાના મૂલ્યો અને ધોરણોનો સ્વીકાર કરાવવા માટે તેના સભ્યો પર ભારે દબાણ કરે છે. કિશોરાવસ્થા અને યુવાવસ્થામાં વ્યક્તિને સૌથી વધુ આકર્ષણ અને જોડાણ પોતાના મિત્રજૂથ સાથે હોય છે. વ્યક્તિ જ્યારે તેના આ પ્રકારના મિત્રજૂથમાં જોડાય છે ત્યારે આવા વિચલિત વર્તનો કરવાની તેને ફરજ પડે છે. આવા જૂથો વ્યક્તિને સમાજમાં ધોરણો અને મૂલ્યોથી વિરૂદ્ધના અનુભવો

મેળવવાની, વિચારવાની અને વર્તન કરવાની ફરજ પાડે છે, દબાણ કરે છે. સમાજમાં આવું વર્તન ધોરણભંગ ગણાય છે પરંતુ તેમના સમવયસ્કમાં તે સામાન્ય ગણાય છે. પરંતુ વ્યક્તિ તરીકે જ્યારે યુવક કે યુવતી નશીલાં દ્રવ્યોનું સેવન કરવા લાગે છે ત્યારે સમાજ તેને સ્વીકારતો નથી. આ પ્રકારનું સામાજિક અંતર કે બહિષ્કાર તેને વધુને વધુ નશીલાં દ્રવ્યોના સેવન તરફ ધકેલે છે. આમ, મિત્રજૂથના દબાણ અને સ્વીકૃતિ માટે પણ યુવાનો નશીલાં દ્રવ્યોના વ્યસનમાં જોડાય.

**(6) ગરીબી, બેકારી અને નબળી આર્થિક પરિસ્થિતિ :**

ગરીબી અને બેકારી પરસ્પર જોડાયેલી સામાજિક સમસ્યાઓ છે. ગરીબ અને બેકાર વ્યક્તિ સતત નબળી આર્થિક પરિસ્થિતિનો સામનો કરે છે અને પરાવલંબી જીવન જીવે છે. પરિણામે તેનામાં લઘુતાગ્રંથિ, માનભંગ, પ્રતિષ્ઠાભંગ વગેરે જેવી લાગણીઓ પેદા થાય છે. તેમાંથી મુક્તિ મેળવવા માટે તે નશીલાં દ્રવ્યોના સેવન તરફ વળે છે. ડૉ.પ્રશાંતના અભ્યાસમાં જોવા મળ્યું છે કે અભ્યાસ હેઠળના નશીલાં દ્રવ્યોના વ્યસનીઓમાં ૨7% થી વધુ વ્યસનીઓ બેકાર હતા. બીજી બાજુ વ્યાપક ગરીબીને કારણે ઓછું વેતન મેળવતા કેટલાક યુવકો અને યુવતીઓ પોતાની આવકમાં વધારો કરવા નશીલાં દ્રવ્યોની હેરાફેરીમાં જોડાય છે અને થોડા કલાકોમાં ઊંચી આવક પ્રાપ્ત કરતા હોય છે. આ ઉપરાંત સામાજિક વિઘટન, વધુ પડતી આર્થિક સધ્ધરતા, ભગ્નકુટુંબ, એનોમી, અતિ ઉચ્ચ મહત્ત્વકાંક્ષા, સતત નિષ્ફળતા, સિનેમા અને સોશ્યલ મીડિયાની અસરો, અનુકરણ, નવું જાણવાની ઈચ્છા, શહેરીકરણ વગેરે કારણો પણ વત્તે-ઓછે અંશે માદક દ્રવ્ય સેવનની સમસ્યા માટે કારણરૂપ છે.

## 6.5 નશીલાં દ્રવ્યોની સેવનની સમસ્યાના નિવારણના ઉપાયોગ :

(1) નશીલાં દ્રવ્યોની સમસ્યાના અર્થ અને અસરોમાં આપણે જોયું કે યુવાપેઢી સૌથી વધુ તેનો ભોગ બને છે. તેથી કુટુંબ, સંસ્થા અને સમગ્ર રાષ્ટ્ર કક્ષાએ યુવાનોના પ્રશ્નો, મૂંઝવણોને ખૂબ જ ચીવટપૂર્વક સમજવાની તાતી જરૂરિયાત છે. યુવાનોની સ્પર્ધાત્મક, પરિણામલક્ષી સફળતાને પ્રાધાન્ય આપ્યા વિના તેમના ગુણાત્મક વિકાસને વધુ મહત્ત્વ આપવું જોઈએ. યુવાનો પાસેથી વધુ પડતી ઊંચી અપેક્ષાઓ રાખી તેમના પર માનસિક દબાણ ઊભું ન કરવું જોઈએ. યુવાનો પોતાની રજૂઆત ખુલ્લા મને કરી શકે એવું વાતાવરણ ઉભું કરવું જોઈએ. ખાસ કરીને આની શરૂઆત કુટુંબથી થવી જોઈએ.

(2) કુટુંબ અને સમાજમાં હંમેશા આંતરપેઢી અંતર રહે છે અને તેને કારણે ઘણા પ્રશ્નો ઊભા થાય છે. વર્તમાન યુવાપેઢી 'Techno Emigrant' છે એટલે કે તેઓ જન્મ્યા ત્યારથી જ ડિજીટલ યુગ જોયો છે અને આગળની પેઢી 'Techno Migrant' છે જેમણે કદાચ મોબાઈલની કલ્પના પણ કરી ન હતી. આ gender gap ને કારણે યુવાનો દરેક બાબતમાં ઝડપી પરિણામ ઈચ્છે, wait and watch ની નીતિ તેમને ગળે નથી ઉતરતી સામે વડીલો પોતે સંઘર્ષની કથા કહ્યાં જ કરે છે. આને કારણે જે ખેંચતાણ ઉભી થાય છે તેની યુવાનો પર વિપરીત અસર પડે છે. યુવાનોને સતત એવું લાગ્યા કરે છે કે તેમને કોઈ સમજતું નથી. કોઈને તેમનામાં વિશ્વાસ નથી વગેરે અને આવી મૂંઝવણો તેને નશીલાં દ્રવ્યોના સેવન તરફ દોરે છે. અહી કુટુંબના સભ્યો, શિક્ષકો, અન્ય વડિલો બધાણી ફરજ બને છે કે યુવાનોને ખરા અર્થમાં સમજીને તેમની સાથે વર્તન કરવું જોઈએ. દરેક પરિસ્થિતિમાં સતત તેમનો આત્મવિશ્વાસ વધે એવા પ્રયાસો કરવા જોઈએ.

(3) નશીલાં દ્રવ્યોની સરળ ઉપલબ્ધિને રોકવાની ખાસ જરૂર છે. કાયદો અને પોલીસતંત્રની સાથે-સાથે સામાન્ય નાગરિકોએ પણ 'ડ્રગ માફિયા' પ્રત્યે સજાગ થવાની જરૂર છે. પોતાના યુવાન સંતાનોના શાળા, કૉલેજ, ક્લાસીસ વગેરેની આસપાસના સ્થળોની ખાસ રેકી કરવી અને જો કોઈ શંકાસ્પદ સ્થળ કે વ્યક્તિ જણાય તો તેની જાણ જવાબદાર વ્યક્તિને કરવી. આ

બહુ નાની-નાની બાબતો છે પણ મોટાભાગના વ્યક્તિઓ આ બાબતે સભાન બને તો વર્તમાન યુવાપેઢીને નશીલાં દ્રવ્યોના સેવન તરફ જતા અટકાવી શકાય છે.

(4) આજે પણ અમુક જ્ઞાતિઓમાં સામાજિક-ધાર્મિક રિવાજોના ભાગરૂપ નશીલાં દ્રવ્યોનો ઉપયોગ કરવામાં આવે છે. તેથી યુવાનો તેને સહજ માની નશો કરવા તરફ પ્રેરાય છે. વિવિધ જ્ઞાતિમંડળોએ સ્થાનિક કક્ષાએ જ્ઞાતિબંધારણ, જ્ઞાતિ પરિચય પુસ્તિકા વગેરેના માધ્યમથી આવા રિવાજો પર પ્રતિબંધ મુકવો જોઈએ. કાયદાની સાથે-સાથે લોકજાગૃતિ પણ એટલી જ મહત્ત્વની છે.

(5) નશીલાં દ્રવ્યોના સેવનની સમસ્યાને અટકાવવા કાયદો અને તેનો અસરકારક અમલ મહત્ત્વનો છે. ભારતમાં 1985 આ સંદર્ભે NDPS (Narcotic Drugs and Psychotropic Substances Act) અમલમાં છે અને 2001 તથા 2014 માં તેમાં આવશ્યક સુધારાઓ પણ કરવામાં આવ્યા છે. તેમ છતાં નશીલાં દ્રવ્યોની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય હેરાફેરી રોકવા હજુ વધુ કડક કાયદાઓની જરૂર છે.

## 6.6 સમાજ કાર્યકરની ભૂમિકા :

(1) નશીલાં દ્રવ્યોની સેવનની સમસ્યા સંદર્ભે સૌ પ્રથમ સમાજ કાર્યકરે નશીલાં દ્રવ્યોના પ્રકારો તેની અસરો વગેરે અંગે વિશેષ જાણકારી મેળવવી જોઈએ. દરેક વ્યક્તિનું નશીલાં દ્રવ્ય સેવનનું કારણ, નશીલાં દ્રવ્યનો પ્રકાર વગેરે જુદાં જુદાં હોય છે. તેથી તે પ્રમાણે ઉપચાર કરવાનો રહે છે. દા.ત. માત્ર એક-બે વાર શોખ ખાતર કે નવો અનુભવ પ્રાપ્ત કરવાની ઈચ્છાથી માદક દ્રવ્યનું સેવન કરતા યુવાનોને યોગ્ય સમજાવટથી પણ પાછા વાળી શકાય છે.

(2) નશીલાં દ્રવ્યોના સેવન પાછળ માનસિક કારણ વધુ જવાબદાર હોય છે. તેથી સમાજ કાર્યકરે અહીં એક મનોચીકિત્સકની ફરજ બજાવવાની રહે છે. આ સંદર્ભે નશીલાં દ્રવ્યોના સેવનનો ભોગ બનેલ વ્યક્તિને 'કેસ સ્ટડી' તરીકે ઊંડાણપૂર્વકની તપાસ બાદ સંવેદના સભર ઈલાજ કરવો જરૂરી છે.

(3) સમાજ કાર્યકરે નશીલાં દ્રવ્યોની શારીરિક-માનસિક અસરો અંગેના પ્રેઝન્ટેશન તૈયાર કરવા જોઈએ. જેમાં ફોટા, ચિત્રો, સ્ટોરી વગેરેનો સમાવેશ કરવો જોઈએ અને આ પ્રેઝન્ટેશન શાળા, કૉલેજ વગેરેમાં રજૂ કરવા જોઈએ. આનાથી ઘણા કિશોરો-યુવાનો નશીલાં દ્રવ્યોની અસરના ભયને કારણે તેનાથી દૂર રહેવા પ્રેરાશે. આ માટે નશારતિબંધક માર્ગદર્શન કેન્દ્રોની મદદ લઈ શકાય.

(4) નશીલાં દ્રવ્યોના સેવનની સમસ્યાનો ભોગ બનેલ વ્યક્તિઓ શા માટે નશા તરફ વળ્યાં? તેની કેવી અસરો થઈ? કુટુંબ અને મિત્રજૂથની શું ભૂમિકા રહી? ડ્રગ માફિયાની જાળમા ફસાયા? વગેરે સંદર્ભે અભ્યાસ, સંશોધન કરી તેના સામાન્ય તારણો અને સૂચનો તૈયાર કરવા જોઈએ. આવા અભ્યાસો નશાપ્રતિબંધક માર્ગદર્શન કેન્દ્રો, સ્વૈચ્છિક સંસ્થાઓ અને સરકારને 'પોલીસી' બનાવવામાં ઉપયોગી થશે. આ સમસ્યાના નિવારણમાં જે-તે વિસ્તારના સ્થાનિક અભ્યાસો વધુ ઉપયોગી બની રહેશે.

(5) નશીલાં દ્રવ્યોની સમસ્યાના નિવારણ સંદર્ભે સમાજ કાર્યકરે એવી વ્યક્તિ સાથે કામ કરવાનું છે જે નશાના ગુલામ બનેલા છે અને તેમને નશો છોડવો નથી અથવા છોડી શકતા નથી. આ પરિસ્થિતિમાં એક સાથે નશો બંધ કરાવવાથી તેની ઘણી વિપરીત અસરો પડી શકે. તેથી ધીમે-ધીમે વૈકલ્પિક દ્રવ્યોના ઉપયોગ, પ્રેમ, હૂંફ, સમજણ, કાઉન્સિલિંગ વગેરે દ્વારા ભોગ બનનાર વ્યક્તિને આમાંથી બહાર કાઢવાની છે. અહીં સમાજ કાર્યકરની ધીરજની ચોક્કસ કસોટી થવાની છે અને તેણે આ કસોટીમાંથી પાર ઉતરવાનું છે. ઉપરાંત સમાજ કાર્યકરે પોતે હંમેશા નશીલાં દ્રવ્યોથી દૂર રહેવાનું છે.

## 6.7 તમારી પ્રગતિ ચકાસો :

**નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો.**

પ્ર.1 કોઈપણ દવાનો બિનતબીબી હેતુ માટે ઉપયોગ એટલે નશો. ( )

પ્ર.2 નશીલાં દ્રવ્યોમાં અફીણનો સમાવેશ થતો નથી. ( )

પ્ર.3 ગાંજો એ પીડાશામક દ્રવ્ય છે. ( )

પ્ર.4 હેરોઈન ઉન્માદપ્રેરક નશીલુ દ્રવ્ય છે. ( )

પ્ર.5 'NDPS' કાયદો 1975 માં આવ્યો. ( )

## 6.8 ઉપસંહાર

નશીલાં દ્રવ્યોનું સેવન વ્યક્તિગત બાબત છે. પરંતુ તેની અસર વિવિધ સામાજિક સંસ્થાઓ અને સમગ્ર સમાજ પર થાય છે જે સામાજિક વિઘટન તરફ દોરી જાય છે. નશીલાં દ્રવ્યોનું સેવન એ માત્ર વર્તમાન સમાજનું દૂષણ નથી પરંતુ પુરાતન દૂષણ છે. જો કે વર્તમાન સમયમાં તેનું પ્રમાણ ભયજનક રીતે વધતું જાય છે. ઉપરાંત નશીલાં દ્રવ્યો તરીકે વધુને વધુ જોખમી પદાર્થો વપરાતા થઈ ગયા છે. NDDTC અને AIIMS દ્વારા ભારતમાં 2017-18માં નશીલાં દ્રવ્યોના સેવન અંગેનો અભ્યાસ થયો જેમાં દેશના 36 રાજ્યોમાંથી HHS (Household Sample Survey) દ્વારા માહિતી મેળવવામાં આવી જેમાં 3.1 કરોડ લોકો ભાંગ અને ગાંજાનું સેવન કરે છે. ઉત્તરપ્રદેશ, પંજાબ, સિક્કિમ, છત્તીસગઢ અને દિલ્હી વગેરે રાજ્યોમાં તેનું સૌથી વધુ પ્રમાણ જોવા મળ્યું. 2.26 કરોડ લોકો અફીણનો નશીલાં દ્રવ્ય તરીકે ઉપયોગ કરે છે. આ આંકડાઓ નશાનું ભયજનક પ્રમાણ દર્શાવે છે. નશીલાં દ્રવ્યોના પ્રતિબંધક કાનૂન હોવા છતાં નશીલાં દ્રવ્યોનું સેવન સતત વધતું રહે છે જે દર્શાવે છે કે માત્ર કાયદાથી આ સમસ્યાનું નિવારણ શક્ય નથી. કાયદાની સાથે-સાથે લોકજાગૃતિ અને લોકોનો સહકાર ખૂબ જરૂરી છે. સરકાર, સ્વૈચ્છિક સંસ્થાઓ અને સામાન્ય પ્રજા સાથે મળી પ્રયાસ કરે તો નશીલાં દ્રવ્યોની સમસ્યા ચોક્કસ નિવારી શકાય.

## 6.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

પ્ર.1 જ.1 (✓)

પ્ર.2 જ.2 (×)

પ્ર.3 જ.3 (×)

પ્ર.4 જ.4 (✓)

પ્ર.5 જ.5 (×)

## 6.10 ચાવીરૂપ શબ્દો :

**(1)** **નશીલાં દ્રવ્યો :** વિજ્ઞાનીઓના મતે ખોરાક સિવાયનો કોઈપણ પદાર્થ કે જે શરીર અને મનના કાર્યોની રીત બદલવા માટે લેવામાં આવે છે તેને 'દવા' કહેવાય. જ્યારે આવી 'દવા' (દ્રવ્યો) નો બિનતબીબી હેતુ માટે, આનંદ-પ્રમોદ માટે ઉપયોગ કરવામાં આવે ત્યારે તેને નશીલાં દ્રવ્યો તરીકે ઓળખવામાં આવે છે.

**(2)** **વ્યસની :** જે દ્રવ્યો દવા તરીકે નહિ પરંતુ નશો કરવા માટે, આનંદ-પ્રમોદ માટે, ઉત્તેજના મેળવવા માટે ઉપયોગમાં લેવાય છે અને ધીમે-ધીમે વ્યક્તિને તેની ટેવ પડે છે. ત્યારબાદ આવા પદાર્થો ન મળે તો વ્યક્તિ રહી શકતી નથી, અસામાન્ય વર્તન કરે છે, કાંઈપણ કાર્ય કરવા અશક્તિમાન બની જાય છે આવી અવસ્થાને વ્યસન અને આવી વ્યક્તિને વ્યસની કહેવામાં આવે છે.

## 6.11 સ્વાધ્યાય લેખન

(1) નશીલાં દ્રવ્યોનો અર્થ સ્પષ્ટ કરી તેના કારણો જણાવો.

...................................................................

...................................................................

...................................................................

...................................................................

(2) નશીલાં દ્રવ્યોની સમસ્યાના નિવારણમાં સમાજ કાર્યકરની ભૂમિકા સ્પષ્ટ કરો.

...................................................................

...................................................................

...................................................................

...................................................................

(3) નોંધ લખો :

(1) નશીલાં દ્રવ્યોની સમસ્યા નિવારણના ઉપાયો.

...................................................................

...................................................................

...................................................................

...................................................................

(2) નશીલાં દ્રવ્યોના પ્રકારો

...................................................................

...................................................................

...................................................................

...................................................................

## 6.12 પ્રવૃત્તિ :

'ઉડતા પંજાબ' ફિલ્મને આધારે ડ્રગ ટ્રાફિકિંગ, નશીલાં દ્રવ્યોની અસરો, નિવારણના ઉપાયો વગેરે સંદર્ભમાં સામાજીક વિશ્લેષણ કરો.

## 6.13 કેસ સ્ટડી :

તમારા નજીકના નશીલાં દ્રવ્યો પ્રતિબંધક હેતુની મુલાકાત લો. નશીલાં દ્રવ્ય પુર્નવર્સન કેન્દ્રમાં રહેતા પાંચ વ્યક્તિઓના કેસ સ્ટડી કરો.

## 6.14 સંદર્ભ સૂચિ :


- Ahuja Ram, Social Problem in India, Rawat Publication
- Madan G. R. (1981), Indian Social Problems, New Delhi, Allied Publication
- Mark A. R. Kleiman, Jonathan . Caulkins, Angela Hawken, (2011), Drugs and Drug Policy : What Everyone Needs to know, Oxford University Press.
- ડૉ. ચંદ્રિકા રાવલ, ડૉ. દક્ષા ઠાકર (1975), સંપાદક સમાજદર્પણ, પ્રા. અરવિંદભાઈ આર. શાહ, સન્માનનિધિ પ્રકાશન, અમદાવાદ
- હસમુખ પટેલ, સામાજિક સમસ્યાઓ, રચના પ્રકાશન, અમદાવાદ
- શર્મા ઋચા (2011), ભારતમાં સામાજિક સમસ્યાઓ, સાગર પ્રકાશન, જયપુર
- www.michaelshouse.com
- socialjustice.nic.in
- www.indiatoday.in
- https://pib.gov.in

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# MSW-105
# સામાજિક સમસ્યાઓ
# Social Problems

વિભાગ

# 3

## સામાજિક સમસ્યાઓ અને તેના ઉકેલો અને સમાજકાર્યકરની ભૂમિકા ભાગ-2


એકમ-1 બાળકો સબંધિત સામાજિક સમસ્યાઓ : બાળ તસ્કરી, બાળ દુરપયોગ

એકમ-2 મહિલાઓ સબંધિત સામાજિક સમસ્યાઓ : દહેજ, મહિલા વિરુદ્ધ હિંસા

એકમ-3 કિશોર કે બાળ-અપરાધ

એકમ-4 એચ.આઈ.વી./એઈડ્સ

ISBN : 978-81-943679-2-5


| લેખક | |
|---|---|
| ડૉ. અલ્પેશ પ્રજાપતિ | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>સમાજશાસ્ત્ર વિભાગ, શ્રી આર. કે. પરીખ<br>આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદ. |
| **પરામર્શક (વિષય)** | |
| ડૉ. શિવાની મિશ્રા | ડાયરેક્ટર,<br>સમાજકાર્ય વિભાગ,<br>સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર. |
| **પરામર્શક (ભાષા)** | |
| પ્રિ. ઘનશ્યામ કે. ગઢવી | નિવૃત્ત પ્રિન્સિપાલ<br>શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ<br>કૉલેજ, મહેસાણા |


**Edition : 2020**

**Copyright©2020 Knowledge Management & Research Organization.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## ઘટક પરિચય :

પ્રસ્તુત વિભાગમાં કુલ ચાર એકમોમાં પ્રસ્તુત કરવામાં આવ્યો છે, જેમાં પહેલા એકમમાં બાળકો સંબંધિત સામાજિક સમસ્યાઓ જેવીકે બાળ-દુરપયોગ અને બાળતસ્કરીના કારણો, બાળ દુરપયોગ અને બાળ-તસ્કરી સામાજિક અસરો, બાળ દુરપયોગ અને બાળ-તસ્કરી નિવારણ કે ઉપાયો તેમજ  બાળ દુરપયોગ અને બાળ-તસ્કરી નિવારણમાં સામાજિક કાર્યકરની ભૂમિકા સમજાવવામાં આવી છે

બીજા એકમમાં મહિલાઓ સંબંધિત સામાજિક સમસ્યાઓ જેમાં દહેજ એક સામાજિક સમસ્યા, દહેજનો અર્થ અને કારણો, દહેજની સામાજિક અસરો, દહેજ નિવારણ કે ઉપાયો તેમજ દહેજ નિવારણમાં સામાજિક કાર્યકરની ભૂમિકા સ્પષ્ટ કરવામાં આવી છે. સાથેસાથે મહિલા વિરુદ્ધ હિંસા અર્થ અને કારણો, મહિલા વિરુદ્ધ હિંસાની સામાજિક અસરો, મહિલા વિરુદ્ધ હિંસાનું નિવારણ કે ઉપાયો તેમજ મહિલા વિરુદ્ધ હિંસાનાં નિવારણમાં સામાજિક કાર્યકરની ભૂમિકા અંગે ચિંતન કરવામાં આવ્યું છે.

ત્રીજા એકમમાં સામાજિક સમસ્યા તરીકે કિશોર અપરાધને સમજાવવામાં આવી છે જેમાં, કિશોર-અપરાધનો અર્થ અને કારણો, કિશોર-અપરાધની સામાજિક અસરો, કિશોર-અપરાધ નિવારણ કે ઉપાયો તેમજ કિશોર-અપરાધ નિવારણમાં સામાજિક કાર્યકરની ભૂમિકા પ્રસ્તુત કરવામાં આવી છે.

ચોથા એકમમાં એચ.આઈ.વી./એઇડ્સ એક સામજિક સમસ્યા તરીકે એચ.આઈ.વી./એઇડ્સનો અર્થ અને કારણો, એચ.આઈ.વી./એઇડ્સની સામાજિક અસરોએચ.આઈ.વી./એઇડ્સનું નિવારણ કે ઉપાયો અને એચ.આઈ.વી./એઇડ્સ નિવારણમાં સામાજિક કાર્યકરની ભૂમિકા સમજાવવામાં આવી છે.

## ઘટકના હેતુઓ :

૧. વિવિધ સામાજિક સમસ્યાઓને વૈજ્ઞાનિક સ્વરૂપ સમજવાનો હેતુ.

૨. સામાજિક સમસ્યાઓ પ્રત્યે વૈજ્ઞાનિક અભિગમ કેળવવાનો હેતુ.

૩. સમસ્યાના નિવારણ માટેનો દૃષ્ટિકોણ વિકસાવવાનો હેતુ.

૪. સામાજિક સમસ્યાઓના સમાધાન કે હળવી કરવામાં સામાજિક કાર્યકરની ભૂમિકા સમજવાનો હેતુ.

# એકમ–1 બાળકો સંબંધિત સામાજિક સમસ્યાઓ : બાળ-તસ્કરી, બાળ-દુરપયોગ

## : એકમનું માળખું :

1.0 પ્રસ્તાવના
1.1 એકમના હેતુઓ
1.2 બાળ-તસ્કરીના આંકડા, અર્થ અને કારણો
1.3 બાળ-તસ્કરીની સામાજિક અસરો
1.4 બાળ-તસ્કરી નિવારણ કે ઉપાયો
1.5 બાળ-તસ્કરી નિવારણમાં સામાજિક કાર્યકરની ભૂમિકા
1.6 બાળ-દુરપયોગના આંકડા અને અર્થ
1.7 બાળ-દુરપયોગના કારણો
1.8 બાળ-દુરપયોગની સામાજિક અસરો
1.9 બાળ-દુરપયોગ નિવારણ કે ઉપાયો
1.10 બાળ-દુરપયોગ નિવારણમાં સમાજ-કાર્યકરની ભૂમિકા
1.11 ઉપસંહાર
1.12 તમારી પ્રગતિ ચકાસો (MCQ)
1.13 તમારી પ્રગતિ ચકાસોના જવાબો (MCQ)
1.14 ચાવીરૂપ શબ્દો
1.14 સ્વાધ્યાય લેખન
1.15 પ્રવૃત્તિ
1.16 કેસ સ્ટડી
1.17 સંદર્ભગ્રંથ

## 1.0 પ્રસ્તાવના

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના અહેવાલ મુજબ ભારતમાં દર આઠ મિનિટે એક બાળક ગુમ થાય છે. ભારતમાં બાળ-તસ્કરી એક મોટી સમસ્યા બનતી જાય છે. બાળ-તસ્કરીમાં બાળકને ખરીદવા-વહેચવામાં આવે છે, તેમજ બાળકની ખરીદી કરી બજારમાં વહેચવાની વસ્તુ માનવામાં આવે છે. બાળકો આવતીકાલનું ભવિષ્ય છે. સમાજના સ્વસ્થ અને તંદુરસ્ત નિર્માણમાં બાળકોનું યોગ્ય સામાજીકરણ ઘણું મહત્ત્વનું છે. બાળકોની તમામ પ્રાથમિક જરૂરિયાતો પૂરી થાય તેનું ધ્યાન સમાજ અને સરકારે રાખવાનું હોય છે. બાળકોના બંધારણીય મૂળભૂત અધિકારોની જાળવણી અને અમલની જવાબદારી સરકરના વિવિધ તંત્રોની બની રહે છે. ભારતીય સમાજના સંદર્ભમાં બાળકોની તસ્કરી કરી તેને બજારમાં વહેચવામાં આવે છે. બાળકોની તસ્કરી કરી સરળતાથી તેમની પાસેથી મજૂરી, ભિક્ષાવૃત્તિ, જાતીય-શોષણ, સેક્સવર્કર, માદક-દ્રવ્યોની હેરાફેરી જેવા ગેરબંધારણીય કાર્યો કરાવવામાં આવે છે. બાળકો પાસે કરાવવામાં આવતા આ પ્રકારના ગેર-કાનૂની કામોમાં પોલીસને હાથે તસ્કરોને જલદીથી પકડાવવાનો ભય રહેતો નથી, તેથી આ પ્રકારની ગેરકાનૂની પ્રવૃત્તિઓને વેગ મળતો જાય છે. બાળકો ન્યાયલયમાં પોતાની પર થયેલાં અત્યાચારોનું વર્ણન કરી શકતાં નથી, જેથી અપરાધી પોલીસ પકડથી બહાર રહી જવામાં સફળ થાય છે. ભારતમાં થતા બાળ-તસ્કરીના અપરાધો નેપાળ અને બાંગ્લાદેશ

સુધી વિસ્તરેલાં જણાઈ આવે છે. ભારતમાં બાળ-તસ્કરીના કારણોમાં ગરીબી-બેકારી, નિમ્ન આર્થિક પરિસ્થિતિ અને ઓછું ગુણાત્મક શિક્ષણ જવાબદાર છે. બાળ-તસ્કરીનો અને બાળ-દુરપયોગની સમસ્યાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ છે, જેથી તેની ચર્ચા નીચે મુજબ કરી શકાય.

## 1.1 એકમના હેતુઓ

- બાળ-તસ્કરીનો અને બાળ-દુરપયોગનો અર્થ અને કારણો સમજવા
- બાળ-તસ્કરી અનેબાળ-દુરપયોગ સામાજિક અસરો સમજવી
- બાળ-તસ્કરી અનેબાળ-દુરપયોગની સમસ્યાને હળવી કરવામાં સમાજ-કાર્યકરની ભૂમિકા સમજવી

## 1.2 બાળ-તસ્કરીના આંકડા, અર્થ અને કારણો

ભારતના પ્રમુખ પાંચ બાળ-તસ્કરી ધરાવતાં રાજ્યો

| રાજ્ય | દિકરા | દીકરીઓ | કુલ |
| --- | --- | --- | --- |
| પશ્ચિમ બંગાળ | 426 | 2687 | 3113 |
| રાજસ્થાન | 1823 | 696 | 2519 |
| ઉત્તરપ્રદેશ | 748 | 84 | 832 |
| ગુજરાત | 137 | 348 | 485 |
| કર્ણાટક | 137 | 219 | 356 |

(સ્રોત: www. Business-standard.com/2016)

| બાળ-તસ્કરીના કારણો | સંખ્યા |
| --- | --- |
| જબરદસ્તીપૂર્વક મજૂર રાખવા | 10529 |
| સેક્સ-વર્કર બનાવવા | 4980 |
| અન્ય જાતીય શોષણ માટે | 2590 |
| ઘરેલું ગુલામ બનાવવા | 412 |
| દબાણપૂર્વક્ના લગ્ન માટે | 349 |

(સ્રોત: www. Business-standard.com/2016)

| રાજ્યો | માનવ-તસ્કરીના કેસો |
| --- | --- |
| પશ્ચિમ બંગાળ | 3579 |
| રાજસ્થાન | 1422 |
| ગુજરાત | 548 |
| મહારાષ્ટ્ર | 517 |
| તમિલનાડુ | 434 |
| અસમ | 91 |
| દિલ્હી | 66 |

(સ્રોત:www.dnaindia.com/human-trafficking/2016)

બાળ-તસ્કરી એ માનવ-તસ્કરીનું એક સ્વરૂપ કે પ્રકાર છે. ભારતીય સમાજમાં તસ્કરીની સમસ્યામાં અંગે બે બાબતો ચિંતાજનક કહી શકાય, એક બાળ-તસ્કરી અને બીજું દીકરીઓની તસ્કરી. બાળકને કિડનેપ કે તસ્કરી કરી તેમને ગુલામ બનાવી કામ કરાવવા, જબરદસ્તીપૂર્વક મજૂરી કરાવવી, અને શોષણ કરવાના હેતુઓથી થાય છે. ઘણા સંજોગોમાં દત્તક લેવા માટે બાળકોની તસ્કરી થતી હોય છે. દીકરીની તસ્કરી કરી તેને સેકસ-વર્કર બનાવવામાં આવે છે. ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનના મતે વિશ્વમાં દર વર્ષે 1.2 મિલિયન બાળકોની તસ્કરી થાય છે. યુનાઇટેડ નેશન ઓફીસ ડ્રગ્સ એન્ડ ક્રાઈમના એક અહેવાલ મુજબ બાળ-તસ્કરીમાં છેલ્લા ત્રણ વર્ષમાં 20 થી 27 ટકા જેટલો વધારો નોધાયો છે, આ અહેવાલ મુજબ વિશ્વમાં દર વર્ષે અંદાજે ત્રણ લાખ જેટલા બાળકોની તસ્કરી કરી વહેચવામાં આવે છે. તસ્કરી કરેલ બાળકો પાસે ફરજીયાત મજૂરી, જાતીય-શોષણ, શસ્ત્રની હેરાફેરી, માદક-દ્રવ્યોની હેરાફેરી જેવી ગેરકાનૂની પ્રવૃતિઓ કરાવવામાં આવે છે. આમ માનવ તસ્કરીમાં બાળ-તસ્કરી અને મહિલા તસ્કરી વિશ્વનો મોટો વ્યવસાય અને સમસ્યા બનતી જાય છે, જેમાં બાળકોના મૂળભૂત અધિકારોનો ભંગ થાય છે. બાળ-તસ્કરીની સામાજિક વ્યવસ્થા પર નકારાત્મક અસરો પડે છે.

બાળ-તસ્કરી માટે જવાબદાર પરોબળોમાં ગરીબી, કુટુંબ, ગર્ભપાત, બાળલગ્ન, ઘરેલું હિંસા, બેકારી, લાલચ, લગ્નની પ્રોમીસ, ઘરેલું દાસત્વ, દેવદાસી પ્રથા, નોકરીની ઓછી તકો, સ્થળાંતર, લગ્ન અને નોકરીની આશા, સસ્તા મજૂરોની માંગ, જાગૃતતાનો અભાવ, સેક્સ-વર્કર, સેક્સ-ટુરીઝમ, ઈન્ટરનેટ પોર્નોગ્રાફી, સંગઠિત અપરાધો વગેરે જવાબદાર હોય છે, જેમાંથી કેટલાક સર્વસામાન્ય કારણોની ચર્ચા નીચે મુજબ કરી શકાય છે.

**(1) ગરીબાઈ**

ગરીબી બાળકોને શિક્ષણથી વંચિત રાખી બાળ-મજુર બનાવે છે, આ પ્રકારની કૌટુંબિક પરિસ્થિતિમાં મોટા થતા બાળકો તસ્કરીનો ભોગ સરળતાથી બને છે. બાળ-તસ્કરી માટે ગરીબી એક વૈશ્વિક કારણ છે. ગરીબીને કારણે કુટુંબ પોતાના બાળકોની મૂળભૂત જરૂરિયાત પૂરી કરવામાં સક્ષમ ન હોવાને કારણે તેમનું યોગ્ય સામાજીકરણ કરી શકતા નથી. ગરીબ કુટુંબોએ બાળકોને ફરજીયાત મજૂરીએ મોકલવા પડે છે. આવા બાળકો તસ્કરીનો ભોગ સરળતાથી બને છે. બાળકોને સાચા-ખોટાનું ભાન કે સભાનતા હોતી નથી તેથી તેઓ તસ્કરોના નિશાને આવી જતા હોવાથી તેમને લાલચ કે કિડનેપિંગ કરી ગેરકાનૂની ધંધાઓમાં જોતરવામાં આવે છે. ઘણા સંજોગોમાં કુટુંબો ગરીબીને કારણે પોતાના બાળકોને તસ્કરોને વહેંચી નાખતા હોય છે. માત્ર ગરીબીને કારણેજ નહિ, પરંતુ શિક્ષણના અભાવને કારણે પણ પોતાના બાળકોને તસ્કરોને વહેચી દેતાં હોય છે, જેનો ફાયદો બાળ-તસ્કરી કરનાર સરળતાથી ઉઠાવે છે. ઘણીવાર ગરીબાઈ બાળકોને અનાથ બનાવે છે, આવા બાળકો માનવ-તસ્કરોના હાથે ચઢી જતા હોય છે.  એક અંદાજ મુજબ વિશ્વમાં આશરે 120 મિલિયન બાળકો રસ્તા ઉપર રહે છે, આવા બાળકો નિર્બળતાના પરિણામે તસ્કરીનો ભોગ વધારે બનતા હોય છે.આમ બાળકોની તસ્કરીમાં ગરીબી અને કુટુંબની નિમ્ન આર્થિક સ્થિતિ મહત્ત્વનું પરિબળ બની રહે છે.

**(2) માનવતાવાદી મૂલ્યોનો સંક્રમણકાળ**

બાળ-તસ્કરી માટે વ્યક્તિ કે કુટુંબમાં આવી પડતા ઓચિંતાના સંકટો જવાબદાર જરૂર હોય છે, પરંતુ માનવતાવાદી મુલ્યોના હાસ થવાથી બજારીકરણ વધતું જાય છે જેને કારણે માનવીને ખરીદવાની-વહેચવાની વસ્તુ ગણવામાં આવે છે. માનવતા અને સમૂહ ભાવનામાં થતાં ઘટાડાને કારણ માનવ-તસ્કરી, તેમાય ખાસ કરીને બાળ-તસ્કરીનું પ્રમાણ વધતું જાય છે. તસ્કરી કરેલ દીકરીઓને નાની ઉમરે જાતીય-શોષણ અને સેકસના વ્યવસાયમાં ધકેલવામાં આવતી હોય છે આ બાબત માનવતાના મૂલ્ય ઉપર આઘાતજનક કહી શકાય.

### (3) નિરક્ષરતા

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના અહેવાલ મુજબ ભારતમાં બાળ-તસ્કરી માટે ગુણાત્મક શિક્ષણનો અભાવ તેમજ નિરક્ષરતાનો દર જવાબદાર પરિબળો છે. મોટાભાગના બાળકો સુધી ગુણાત્મક શિક્ષણ પહોંચાડી શકવાની મર્યાદા બાળ-તસ્કરી જેવી અપરાધી પ્રવૃત્તિને વેગ આપે છે. કુટુંબની નિમ્ન આર્થિક સ્થિતિ બાળકને અભણ અને બાળ-મજુર બનવા તરફ પ્રેરે છે, આવી સ્થિતિમાં તેમની તસ્કરી ઘણી સરળ બની જાય છે, જેનો લાભ તસ્કરો સરળતાથી ઉઠાવે છે. દીકરીઓમાં શિક્ષણનું નિમ્ન-પ્રમાણ અને ખરાબ આર્થિક-સ્થિતિ તેમને ગેરકાનૂની ધંધાઓ તરફ દોરી જાય છે જેથી તેઓ તસ્કરીનો ભોગ બને છે. વર્તમાન સમયનું ગુણાત્મક શિક્ષણ આવતીકાલના ભવિષ્યના સમાજનો પાયો છે, પરંતુ અનેક માર્યાદાઓને કારણે સારા શિક્ષણથી વંચિત રહી જતા બાળકો તસ્કરીનો ભોગ બને છે. ભારતમાં રોજગારી અર્થે સ્થળાંતરિત લોકોનું પ્રમાણ વધારે હોવાને કારણે તેવા ગરીબ કુટુંબોના સંતાનો ગુણાત્મક શિક્ષણથી વંચિત રહી જાય છે આવા બાળકો અને કુટુંબો ઉપર તસ્કરો નજર રાખીને બેઠા હોય છે. નિરક્ષર બાળકોનું શોષણની શક્યતાઓ વધારે હોય છે. તેથી તેઓ તસ્કરીનો ભોગ બને છે.

### (4) ગેરકાયદેસર પ્રવૃતિઓમાં બાળકોના ઉપયોગની સરળતા

બાળક એક એવો સામાજિક દરજ્જો છે, જેના પર પોલિસ કે સમાજના લોકો શંકા ઓછી કરે છે, જેથી તેમનો સરળતાથી ઉપયોગ ગેરકાનૂની ધંધાઓ કરવા-કરાવવામાં થાય છે. બાળક પાસે કરાવતા ગેરકાનૂની ધંધાઓમાં અપરાધી માલિકો સરળતાથી કાયદા કે પોલીસના સકંજામાં આવતા નથી, જેનો ફાયદો ઉઠાવી બાળકોની તસ્કરી કરી તેમની પાસે ગેરકાનૂની કાર્યો કરવવામાં આવે છે. બાળકોની તસ્કરી કરી તેમની પાસે બાળ-મજુરી, જાતીય-શોષણ, સેક્સ-વર્કર, માદક દ્રવ્યો તેમજ હથિયારોની હેરાફેરી જેવી ગેરકાયદેસર પ્રવૃતિઓ કરાવવામાં સરળતા રહે છે તેથી વિશ્વમાં બાળ-તસ્કરી એક સામાજિક સમસ્યા બની ગઈ છે.

### (5) સ્વેચ્છાએ સ્થળાંતર

પોતાની મરજી કે કુટુંબના દબાણથી થતા રોજગારી માટેના સ્થળાંતરોમાં બાળકો કે યુવાનો તસ્કરીનો ભોગ બનતા હોય છે. રોજગાર અર્થે થતા અન્ય દેશોમાં સ્થળાંતર તસ્કરીને મોકળું મેદાન પૂરું પાડે છે. સ્થળાંતરિત મજૂરી કામ કરતા કુટુંબોના બાળકોની નોધણીના અભાવે તેને તસ્કરોને વહેચીદેવામાં આવે તોપણ તેનો ખ્યાલ પોલીસને આવતો  નથી જેનો તસ્કરો ભરપૂર લાભ ઉઠાવે છે. આંતરરાષ્ટ્રીય સ્થળાંતર તસ્કરીના વધતા જતા ફલકને વધુ સરળ બનાવે છે, તેથીજ માનવ-તસ્કરી એક આંતરરાષ્ટ્રીય સમસ્યા બની ગઈ છે.

## 1.3 બાળ-તસ્કરીની સામાજિક અસરો

તસ્કરી કરેલા બાળકો પાસે ફરજીયાત મજુરી, ઘરેલું કામ, ખેતીની મજુરી, બાંધકામ તેમજ ઔદ્યોગિક એકમોમાં મજૂરી, ભિક્ષાવૃત્તિ, તેમના શારીરિક અંગોની વહેચણી, ડ્રગ્સની હેરાફેરી, ફરજીયાત સેક્સ-વર્કરનો વ્યવસાય, સેક્સ-ટુરીઝમ વિકસાવવા, પોર્નોગ્રાફી માટે, ડાન્સ અને બીયર બાર માટે, લગ્ન માટે, દત્તક લેવા માટે, શસ્ત્રની હેરાહેરી વગેરે જેવી ગેરકાનૂની પ્રવૃતિઓમાં જોડવામાં આવે છે, જેની કેટલીક અસરોની નીચે મુજબ ચર્ચા કરી શકાય.

મ

### (1) બાળક અને કુટુંબ ઉપર અસરો

બાળકો આવતીકાલના સમાજ અને રાષ્ટ્રનું ભવિષ્ય છે. બાળકોની તસ્કરી કરી તેમની પાસે અનેક ગેરકાનૂની વ્યવસાયો કરાવવામાં આવતાં હોય છે, જેની નકારાત્મક અસરો તેના જીવન અને આરોગ્ય ઉપર પડતી હોય છે. મોટાભાગના દેશોમાં બાળકોના મૂળભૂત અધિકારોનું જતન પ્રાથમિક બાબત છે, પરંતુ બાળ-તસ્કરીની વધતી જતી ઘટનાઓ બાળકો અને તેમના કુટુંબો માટે અનેક સમસ્યાઓ ઊભી કરે છે. બાળ-તસ્કરીમાં દીકરીઓનું પ્રમાણ વધતું જાય છે જેમને સેક્સ વર્કરના ધંધામાં ધકેલી દેવામાં આવે છે. જેની ખરાબ અસરો તેના આરોગ્ય ઉપર પડે છે. બાળકોને કિડનેપ કરી તસ્કરોને વહેચી દેવામાં આવે છે, જેની નકારાત્મક અસરો તેના

કુટુંબના સભ્યો ઉપર પડતી હોય છે. તસ્કરીનો ભોગ બનેલા કુટુંબો અનેક સામાજિક-માનસિક યાતનાઓ ભોગવતાં હોય છે. તસ્કરો દ્વારા બાળકો પાસે માદક-પદાર્થો તેમજ ડ્રગ્સની હેરા-ફેરી જેવા ધંધાઓ કરાવાતાં હોય છે, જેની નકારાત્મક અસરો બાળકના સામાજિક-શારીરિક આરોગ્ય ઉપર પડે છે.

**(2) સમાજ અને રાષ્ટ્ર પર અસરો**

ભવિષ્યના તંદુરસ્ત સમાજનું પાયાનું એકમ બાળક છે. બાળકની યોગ્ય કાળજી, શિક્ષણ અને આરોગ્યની જવાબદારી બાળકના કુટુંબ, રાષ્ટ્ર અને સમાજની બની રહે છે. બાળ-તસ્કરી સમાજના રચનાતંત્ર અને તેના કર્યાત્મક ઢાંચાને નકરાત્મક કે વિકાર્યાત્મક રીતે પ્રભાવિત કરે છે. જેમ એક રોગિષ્ઠ બાળક ભવિષ્યના રોગિષ્ઠ સમાજ કે રાષ્ટ્રનું નિર્માણ કરે છે, તેમ તસ્કરીનો ભોગ બનેલ બાળક સમાજ કે રાષ્ટ્રના વિકાસ અને પ્રગતિમાં બાધક બને છે. તસ્કરો દ્વારા થતા બાળકોના નકારાત્મક અને ગેરકાનૂની સામાજીકરણ સમાજ અને રાષ્ટ્ર માટે અનેક સમસ્યાઓ ઊભી કરી શકે છે.

**(3) અપરાધી પ્રવૃતિઓને વેગ**

તસ્કરો દ્વારા થતી અપરાધી પ્રવૃત્તિઓનો આધાર જયારે બાળકો બને છે, ત્યારે અપરાધી પ્રવૃત્તિઓને વેગ મળે છે. અપરાધી ગતિવિધિઓમાં બાળકનો ઉપયોગ કરવાથી પોલોસ દ્વારા પકડાવવાનો ભય નહિવત્ રહે છે, આ બાબતનો ફાયદો ઉઠાવવા માટે તસ્કરીની પ્રવૃત્તિઓનો વ્યાપ વધતો જાય છે. બાળકો પાસે ગેરકાનૂની કામો કરાવી મોટા અપરાધીઓ પોતાનું કાર્યક્ષેત્ર ઝડપથી વિસ્તારી રહ્યા છે. આમ અપરાધી પ્રવૃતિઓ અટકાવવા માટે માનવ-તસ્કરી અને તેમાય ખાસકરી બાળ-તસ્કરીને અટકાવવી અનિવાર્ય છે.

## 1.4 બાળ-તસ્કરી નિવારણ કે ઉપાયો

**(1) આંતરરાષ્ટ્રીય સહયોગ**

બાળ-તસ્કરીની સમસ્યાને હળવી કરવા માટે આંતરરાષ્ટ્રીય સહયોગ અનિવાર્ય છે, કેમેકે બાળ-તસ્કરી આંતરરાષ્ટ્રીય સમસ્યા બની ગઈ છે. ભારતમાં બાળ-તસ્કરીનો વિસ્તાર બાંગ્લાદેશ અને નેપાળ સુધી વિસ્તરેલો જણાય છે. આવા સંજોગોમાં વિશ્વના તમામ દેશોએ પરસ્પર સંધી કરી આ પ્રકારની ગેરકાનૂની પ્રવૃતિને રોકવાના સયુંકત પ્રયસો વધારવા જોઈએ. આર્થિક સહયોગ ઉપર જેટલું ધ્યાન આપવામાં આવે છે તેટલુંજ ગંભીરતાથી ધ્યાન માનવ-તસ્કરી અને તેની સાથે સંકળાયેલાં અપરાધો ઉપર અપાવવું જોઈએ, જેથી આ સમસ્યાને હળવી કરી શકાય અને બાળકોને તસ્કરીનો ભોગ બનતાં અટકાવી શકાય.

**(2) સરકારી પ્રયાસો**

દરેક સરકારની પ્રાથમિકતા બાળક હોવુજ જોઈએ, જે બાળકોનો બંધારણીય અધિકાર છે. સરકાર પર બાળકના યોગ્ય ઉછેર, શિક્ષણ, આરોગ્ય, રમતગમત, ખોરાક વગેરેની પ્રાથમિક જરૂરિયાતો પૂરી કરવાની જવાબદારી છે. જેને સરકારીતંત્ર દ્વારા યોગ્ય રીતે નિભાવવામાં આવે તેની કાળજી લેવાવી જોઈએ. ખાસ કરીને ગરીબ કુટુંબોના બાળકોની સવિશેષ કાળજી લેવાવી જોઈએ. દરેક બાળકને યોગ્ય શૈક્ષણિક વાતવરણ મળી રહે તેની કાળજી સરકારના વિભાગોએ રાખવી જોઈએ. ગરીબ કુટુંબોની આર્થિક સ્થતિ સુધરે તેવા પ્રયાસો સરકારે વધારવા જોઈએ, જેથી બાળ-તસ્કરીનું પ્રમાણ ઘટાડી શકાય. સરકારે પોલીસ અને ન્યાયતંત્રમાં બાળ-તસ્કરીના અપરાધો અંગે સવિશેષ કાળજી લેવાય તેની નોંધ રાખવી જોઈએ જેથી બાળ-તસ્કરીનું પ્રમાણ ઘટાડી શકાય.

**(3) સ્વૈચ્છિક સંગઠનોની ભૂમિકા**

દરેક સમસ્યાના સમાધાનમાં સ્વૈચ્છિક સંગઠનોની ભૂમિકા ઘણી મહત્ત્વની સાબિતી થઇ છે, જ્યાં સરકાર નથી પહોંચી શકતી ત્યાં ઘણીવાર સ્વૈચ્છિક સંગઠનો પહોંચી શકે છે, માટે

સરકારેસ્વૈચ્છિક સંગઠનોને આર્થિક મદદ કરી તેમને યોગ્ય કાર્યક્ષમ બનવવાના પ્રયત્નો કરવા જોઈએ. બાળ-તસ્કરી રોકવા માટે જુદાંજુદાં રાષ્ટ્રોના સ્વૈચ્છિક સંગઠનો એક સાથે જોડાઈ સમસ્યાના સમાધાન માટેના પ્રયત્નો વધારવા જોઈએ. સ્વૈચ્છિક સંગઠનોએ બાળકના શિક્ષણ અને કુટુંબની આર્થિક પરિસ્થિતિમાં સુધારો આવે તેવા પ્રયત્નો કરવાં જોઈએ. ખાસ કરીને સ્થળાંતર કરતા કુટુંબોના બાળકોની સવિશેષ કાળજી લેવાય તે અંગેના પગલાંઓ સ્વૈચ્છિક સંગઠનો દ્વારા લેવાવા જોઈએ. બાળ-તસ્કરી રોકવા માટે સ્વૈચ્છિક સંગઠનોએ શાળા, કૉલેજ તેમજ અન્ય જાહેર સ્થળોએ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ, જેથી આ સમસ્યા અંગે લોકોમાં ગંભીરતા લાવી શકાય.

**(4) અન્ય ઉપાયો**

બાળ-તસ્કરી રોકવાના અન્ય ઉપાયોમાં કુટુંબ, શાળા તેમજ એક જાગૃત નાગરિક તરીકે બાળ-તસ્કરીના અપરાધોને અટકાવવા માટેનો સહયોગ આપવો અનિવાર્ય છે. દરેક વ્યક્તિ, સામાજિક જૂથો અને સંસ્થાઓએ પોતાની સામાજિક-નૈતિક જવાબદારીઓ સમજી બાળ-તસ્કરીને અટકાવવાના પ્રયાસોમાં પોતાનો ફાળો આપવો જોઈએ. તસ્કરોને કડકમાં-કડક સજાની જોગવાઈનો અમલ થવો જોઈએ. પોલીસતંત્રમાંથી ભ્રષ્ટાચાર દૂર કરવાના પ્રયાસો વધારવા જોઈએ.આર્ટીકલ-23, આર્ટીકલ-24, ઇન્ડિયન પીનલ કોસ-1860, એક્ટ-1956, એક્ટ-1986, ઇન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ-2000, જુવેનાઇલ એક્ટ-2000 વગેરેનો કડક અમલ થાય તેવી તકેદારી તાખવી જોઈએ. સાથેસાથે આંતરરાષ્ટ્રીય કાયદાઓનો અમલ કડકપણે થાય તેવી વ્યવસ્થા પ્રશાસન દ્વારા કરવી જોઈએ.

## 1.5 બાળ-તસ્કરી નિવારણમાં સામાજિક કાર્યકરની ભૂમિકા

બાળ-તસ્કરી એક વશ્વિક સામાજિક સમસ્યા હોવાથી તેને દુર કે હળવી કરવા માટે વૈશ્વિક-ફલકના અનુસંધાનમાં સમાજ-કાર્યકરે વિચારવું અનિવાર્ય છે. બાળ-તસ્કરી માટે ગરીબાઈ, નિરક્ષરતા, બેકારી, સ્થળાંતર જેવા પરિબળો જવાબદાર હોય છે, જેનો અભ્યાસ કરી સમાજ-કાર્યકરે યોજનાઓ તૈયાર કરી સમસ્યાના નિવારણ માટે સરકાર, વિશ્વના જુદાંજુદાં સ્વૈચ્છિક સંગઠનો, શાળા-કૉલેજ, શિક્ષકની ભૂમિકા વગેરે પાસાંઓને ધ્યાનમાં રાખી કાર્ય કરવું જોઈએ. ગરીબ કુટુંબના બાળકો અને કુટુંબના સભ્યોને આ બાબતે જાગૃત કરી, વિશેષ કાળજી લેવાય તેવા પગલાઓ ભરવા જોઈએ. બાળ-તસ્કરી બાબતે પોલીસ, સમાજ અને સરકારના પરસ્પર સહયોગ થકી ઉકેલ લાવવાનો પ્રયત્ન સમાજ-કાર્યકરે કરવો રહ્યો. '30 જુલાઈ વિશ્વ તસ્કરી રોકવા માટેના દિવસ' તરીકેની ઉજવણી માટેના વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ, આ કાર્યક્રમો માત્ર પ્રતીકાત્મક ના બની રહે પરંતુ આખા વર્ષ દરમ્યાન તેની ઉજવણી અને જાગૃતિ કાર્યક્રમોનું આયોજન થાય તેની કાળજી સમાજ-કાર્યકર દ્વારા લેવાવી જોઈએ. વર્તમાન સમયમાં મીડિયાની ભૂમિકા સમજી તેના માધ્યમ થકી બાળ-તસ્કરી અંગે લોકોને જાગૃત કરવાં જોઈએ.

## 1.6 બાળ-દુરપયોગના આંકડા અને અર્થ

**બાળકો વિરુદ્ધના અપરાધોની સંખ્યા**

| શહેરો | 2016 | 2017 | 2018 |
|---|---|---|---|
| અમદાવાદ | 418 | 600 | 733 |
| બેંગલોર | 1333 | 1582 | 1815 |
| ચિન્નાઈ | 230 | 249 | 775 |
| કોઈમ્તુર | 69 | 32 | 39 |
| દિલ્હી | 7392 | 6844 | 6853 |
| ગાઝીયાબાદ | 130 | 42 | 85 |
| હૈદરાબાદ | 410 | 385 | 491 |
| ઈન્દોર | 631 | 782 | 962 |
| જયપુર | 699 | 679 | 615 |
| કાનપુર | 189 | 303 | 303 |
| કોચી | 86 | 138 | 139 |
| કલકત્તા | 317 | 643 | 574 |
| કોઝીકોડ | 92 | 132 | 157 |
| લખનૌ | 956 | 673 | 706 |
| મુંબઈ | 3400 | 3790 | 3511 |
| નાગપુર | 693 | 725 | 699 |
| પટના | 378 | 84 | 102 |
| પુને | 1180 | 1335 | 877 |
| સુરત | 415 | 526 | 1075 |
| કુલ | 19081 | 19544 | 20511 |

(સ્રોત : NCRB : 2018:351)

વર્તમાનના બાળકો આવતીકાલના સભ્ય સમાજના નાગરિકો છે. બાળકનો યોગ્ય ઉછેર અને સામાજીકરણ સમાજવ્યવસ્થાની સહિયારી જવાબદારી બની રહે છે, પરંતુ કેટલાક પરિબળો બાળકો પાસેથી તેમનું બાળપણ અને મૂળભૂત અધિકારો છીનવી લે છે. બાળકોના મૂળભૂત અધિકારોમાં તેમના આરોગ્યની જાળવણી, શિક્ષણ, મનોરંજન અને પ્રાથમિક સુવિધાઓની જવાબદારી સમાજની છે. ભારતીય બંધારણમાં બાળકોના વિશેષ અધિકારોનું રક્ષણ કરવામાં આવ્યું છે. ઘણા કુટુંબોમાં માતા-પિતા દ્વારા બાળકોની ઉપેક્ષા થતી હોય છે. બાળકો દયનીય સ્થતિમાં જીવન ગુજારતા હોય છે. તેમને શાળાએ મોકલવાની જગ્યાએ બાળ-મજુર બનાવી દેવામાં આવે છે. બાળકો સાથે થતી મારપીટ, ગુનાહિત પ્રવૃત્તિઓમાં બાળકોનો ઉપયોગ, બાળ-તસ્કરી દ્વારા બાળકો પાસે માદક-દ્રવ્યોની હેરાફેરી કરાવવામાં આવતી હોય, માલિકો દ્વારા મજૂરી કરતાં બાળકો સાથે જાતીય-શોષણ અને આર્થિક શોષણના વહેવારો થતાં હોય છે, જેને બાળ-દુર્વ્યવહાર તરીકે ઓળખવામાં આવે છે. આમ બાળ દુર્વ્યવહાર એટલે બાળકો સાથે એવો વહેવાર કે વર્તન કરવામાં આવે જેને ગંભીર શારીરિક દુર્ઘટનાઓને કારણે નહિ પરંતુ જાણી જોઇને આચરવામાં આવતા દુર્વ્યવહારો તરીકે ઓળખવામાં આવે છે.“બર્ગેસે (1979:143) બાળદુર્વ્યવહારની પરિભાષા આ પ્રમાણે આપી છે. તેમના મતાનુસાર બાળદુર્વ્યવહાર કોઈપણ એવા બાળકની તરફ સંકેત કરે છે “જેને માતા-પિતા, વાલી અને માલિકોના કાર્યો અને દુરાચાર ભરી ખામીઓને કારણે કોઈપણ બનાવ બન્યા વગર શારીરિક અને માનસિક આઘાત પહોચાડે છે” અપશબ્દો બોલવા, શારીરિક હિંસાની ધમકી આપવી, શારીરિક દંડ આપવો, જેમાં તબીબી ઉપચારની જરૂર નથી હોતી તેવા વ્યવહારનો પણ બાળદુર્વ્યવહારમાં સમાવેશ કરવામાં આવે છે.”(દવે હર્ષિદા:2016:89)

## 1.7 બાળ-દુરપયોગના કારણો

### (1) શારીરિક દુરપયોગના કારણો

બાળદુરપયોગની ઘટનાઓ સંદર્ભે થયેલ સંશોધનોમાં મોટેભાગે કુટુંબ અને તેના સભ્યો બાળ-દુર્વ્યવહાર માટે વધારે જવાબદાર જોવા મળ્યાં છે. કુટુંબનું વાતાવરણ, સભ્યો વચ્ચેના સંબંધો તેમજ સામાજીકરણની ઢબ શારીરિક દુરપયોગના મહત્ત્વના પરિબળો સંશોધનો દ્વારા જાણવા મળ્યાં છે. બાળકો પાસે મજૂરી કરાવવી, ડામ દેવા, બંધ રૂમમાં પુરી દેવા, જમવા ન આપવું, માર મારવો વગેરે શારીરિક દુરુપયોગના સ્વરૂપો છે. બાળ-દુર્વ્યવહારના કારણોમાં માતા-પિતા વચ્ચેના સંબંધો, કુટુંબમાં ગરીબી-બેકારી, માનસિક તણાવ, કૌટુંબિક ઝઘડાઓ, ભૌતિક વસ્તુઓનો અભાવ, દારૂ અને અન્ય માદક-પદાથોનું સેવન વગેરે જેવા કારણો જવાબદાર માનવામાં આવે છે, જે પરિબળો બાળ-દુર્વ્યવહારને જન્મ આપે છે. બાળમજૂરી કરતાં બાળકોનું માલિકો દ્વારા શારીરિક શોષણ અને જાતીય અત્યાચારોનો ભોગ બનતા હોય છે. આવી ઘટનાઓમાં માલિકોની લાલચીવૃત્તિ અને અપરાધી માનસિકતા જવાબદાર બની રહે છે. કુટુંબના રહેઠાણની પરિસ્થિતિ, કુટુંબનો ઈતિહાસ, પાડોશી-જૂથો, વંચિતતા, હતાંશા, નિરાશા વગેરે બાળ-દુરપયોગ માટેના જવાબદાર કારણો બની રહે છે. અભ્યાસો દ્વારા જાણવા મળ્યું છેકે, દીકરીઓનું મોટેભાગે કુટુંબ, પડોશી જૂથ, નોકરીના સ્થળે જાતીય શોષણ થતું હોય છે.

### (2) લૈંગિક દુરપયોગના કારણો

લૈંગિક કે જાતીય બાળ-દુરપયોગના જવાબદાર પરિબળોમાં ભગ્નકુટુંબ, કુટુંબનું વિઘટન, મનોવિકૃતિઓ, પૂર્વગ્રહ, પરપીડન વૃતિ, કુટુંબનું સામાજિક-સાંસ્કૃતિક વાતાવરણ, તેમજ પરિસ્થિતિ વિષયક પરિબળો જવાબદાર હોય છે. જાતીય શોષણનો ભોગ બનનાર બાળકો કુટુંબ અને તેના સભ્યો દ્વારા તિરસ્કૃત પામેલ અથવાતો ત્યાગનો ભોગ બનેલાં હોય છે. બાળકો પોતાની સાથે થયેલ જાતીય-સતામણી કે દુરપયોગની અન્ય સાથે ચર્ચા કરતા ડરતાં હોય છે, જેથી બાળકો સાથે લૈંગિક દુર્વ્યવહાર વધતાં જાય છે. લૈંગિક દુર્વ્યવહારમાં જાતીય આવેગો અને પ્રવૃત્તિઓ, હસ્તમૈથુન, જાતીય અંગોને લગતી રમતો રમવી, જાતીય અંગો પર દબાણ અથવાતો તેમના પ્રદર્શન માટેનું દબાણ કરવું, અનિચ્છનીય અને અનૈતિક જાતીય સંબંધો માટે ડરાવવા-ધમકાવવા અને વશમાં કરવા જેવા વહેવારો લૈંગિક દુર્વ્યવહાર ગણવામાં આવે છે. નોકરી કે ધંધા-રોજગારના સ્થળે બાળ-મજૂરો પાસે કરાવતા જાતીય શોષણો લૈંગિક દુર્વ્યવહાર કહેવામાં આવે છે. કાર્ય-સ્થળે થતા જાતીય દુર્વ્યવહાર માટે ગરીબી, બેકારી, નિરક્ષરતા, મજબૂરી, સમજણનો અભાવ, વગેરે કારણો જવાબદાર હોય છે. લૈગિંક દુર્વ્યવહારનો ભોગ છોકરાઓ કરતાં છોકરીઓ વધારે બનતી હોય છે, જાતીય દુર્વ્યવહારનો ભોગ બનતી દીકરીઓમાં મોટેભાગે કુટુંબના સભ્યો કે સગાં-સંબંધીઓ દ્વારા શોષિત બનતી હોય છે.

### (3) ભાવાત્મક દુરપયોગના કારણો

ભાવાત્મક દુર્વ્યવહારના કારણોમાં ગરીબી-બેકારી, કુટુંબની નિમ્ન-આવક, કુટુંબમાં નબળી નિયંત્રણ વ્યવસ્થા, કુટુંબમાં સ્નેહ-લાગણી અને પ્રેમની ઉણપ, કુટબના સભ્યોમાં દારૂ-જુગારનું વેશન વગેરે કારણો જવાબદાર હોય છે. બાળકને છૂટી વસ્તુનો ઘા કરવો, તેમનો તિરસ્કાર કરવો, જાહેરમાં અપમાનિત કરવા, વારંવાર નીચું બતાવવું, અપશબ્દો બોલવા, ખોરાક અને અન્ય વસ્તુઓ ન આપવી, વગેરે બાબતો ભાવાત્મક દુર્વ્યવહારના સ્વરૂપો છે. સામાજિક તણાવ, કૌટુંબિક ઝઘડાઓ, નિરક્ષરતા, વધારે સંતાનો, પાડોશી સાથેના તણાવયુક્ત વહેવારો-સંબંધો વગેરે બાળ-દુર્વ્યવહાર માટે જવાબદાર હોય છે.

## 1.8 બાળ-દુરપયોગની સામાજિક અસરો

### (1) બાળક વિચલિત-વર્તન તરફ વળી જવાનો ભય.

જે બાળક દુર્વ્યવહારનો ભોગ બને છે, તે ધોરણભંગ કે અપરાધી વર્તન તરફ ધકેલાઈ શકે છે.

સામાજિક-કૌટુંબિક વાતવરણને કારણે દુર્વ્યવહારનો ભોગ બનેલાં બાળકો નિયમોનું ઉલંઘન, ચોરી, તમાકુ-દારૂનું સેવન, ધૂમ્રપાન, ગુટકા, શાળામાં ગેરહાજરી વગેરે જેવા વિચલિત વર્તન કરવા પ્રેરાય છે.

**(2) પ્રાથમિક જરૂરિયાતોથી વંચિત રહી જાય છે**

બાળ-દુર્વ્યવહારનો ભોગ બનેલ બાળકો તેમનું સ્વમાન ઘટી ગયું હોય તેવી ભાવના કે લાગણી અનુભવે છે. કૌટુંબિક ગરીબી અને નિમ્ન આર્થિક પરિસ્થિતિ બાળકની મૂળભૂત જરૂરિયાતો જેવીકે ખોરાક, કપડા, મનોરંજન, શિક્ષણથી વંચિત રહેવાને કારણે બાળ-મજૂર બનાવ મજબુર કરે છે.આમ જે બાળકોની પ્રાથમિક જરૂરિયાતો પૂરી કરવામાં કુટુંબ અસમર્થ હોય તેવા બાળકો બાળ-દુર્વ્યવહારનો ભોગ બને છે, જેથી તેઓ અન્ય પ્રાથમિક જરૂરિયાતોથી વંચિત રહે છે.

**(3) માનસિક અસરો**

નાની ઉમરની છોકરીઓ સાથે કુટુંબ, નોકરી કે શાળામાં થતા જાતીય દુર્વ્યવહારની ખુબજ ખરાબ અસરો ભોગ બનનાર દીકરીની માનસિકતા ઉપર પડતી હોય છે. જેમકે બળાત્કારનો ભોગ બનેલી દીકરી માનસિક તાણ, હતાંશા અને સંઘર્ષ અનુભવે છે. ઘણીવાર બાળક માનસિક રોગી બની જાય છે. બાળપણના આ ખરાબ અનુભવો તેના બાકીના જીવન ઉપર નકારાત્મક માનસિક અસરો સર્જે છે. તેઓને સ્વમાન ઘટી ગયું હોય તેવો પૂર્વગ્રહ બંધાઈ જાય છે, જે તેમના તંદુરસ્ત માનસિક વિકાસમાં અવરોધક બની રહે છે. તેઓનો'સ્વ' ના વિકાસ અંગેનો ખ્યાલ માર્યાદિત બની જાય છે, જેથી તેઓ ઉદાસીનતા, એકલવાયાપણું, વિકૃતિ, ભય વગેરેનો ભોગ બને છે.

**(4) સામાજિક સંબંધો પર અસરો**

દુર્વ્યવહારનો ભોગ બનેલા બાળકો કોઈપણ સામાજિક પરિસ્થતિનો સામનો સરળતાથી કરી શકતાં નથી. આવ બાળકો અન્ય વ્યક્તિ ઉપર જલ્દી વિશ્વાસ મુકતા ગભરાય છે, ડરે છે. ભોગ બનેલાં બાળકો અન્ય વ્યક્તિ સાથે સારી રીતે વાતચીત પણ કરી શકતા નથી. આ પરિસ્થિતિસામાજિક અને આંતરવૈયક્તિક આંતરક્રિયા તેમજ સંબંધોને પ્રભાવિત કરે છે.અવિશ્વાસ, એકલાપણું, પૂર્વગ્રહ વગેરેનો અનુભવ તેમના સામાજિક સંબધોને નકરાત્મક રીતે પ્રભાવિત કરે છે. વારંવાર દુર્વ્યવહારનો ભોગ બનેલ બાળકો ડરપોક બની જવાની શક્યતા રહે છે. જાતીય અત્યાચારોનો ભોગ બનેલા બાળકો એકલા રહેવામાં ડરે છે. કોઈનો સ્પર્શ તેમને ગમતો નથી.

**(5) આરોગ્ય વિષયક અસરો**

બાળ-દુર્વ્યવહારનો ભોગ બનતા બાળકો બાળ-મજુરો, ભિક્ષાવુતિ, લૈંગિક સતામણીનો ભોગ બનતા હોય છે, જેની નકારાત્મક અસરો તેમના આરોગ્ય ઉપર પડતી હોય છે. જાતીય સતામણીનો ભોગ બનેલ બાળકને પીડા, દુઃખાવો તેમજ જાતીય રોગો થવાની શક્યતાઓ રહે છે. બાળ-મજૂરી કરતા બાળકોને અનેક શારીરિક-માનસિક બિમારીઓ થતી હોય છે. આવ બાળકો માનસિક વિકૃતિ, વ્યક્તિત્વ વિકાર, આક્રમક વલણનો ભોગ બને છે.બાળ-મજૂરી અને કામકાજના સ્થળનું વાતાવરણ બાળકના આરોગ્ય ઉપર રોગિષ્ઠ અસરો સર્જે છે.

## 1.9 બાળ-દુરપયોગ નિવારણ કે ઉપાયો

દરેક સામાજિક સમસ્યાનું નિવારણ શકાય હોય છે. જેતે સમસ્યાના ઉદભવના કારણો જાણવાથી તે સમસ્યાના સમાધાન માટેના ઉપાયો તેમજ પગલાઓ ભરી શકાય છે. બાળ-દુરપયોગ કે બાળ-દુર્વ્યવહારની સમસ્યાને હળવી કરવા માટે નીચે મુજબના પગલાઓ ભરી શકાય છે.

**(1) યોગ્ય સામાજીકરણ**

બાળકના યોગ્ય તેમજ સમાજ ઉપયોગી સમાજીકરણની જવાબદારી કુટુંબ, પડોશી જૂથ, શાળા, મિત્રજૂથ જેવા એકમોની હોય છે. દરેક એકમ બાળકના યોગ્ય સમાજીકરણની જવાબદારી

અંગે સભાન હોય તો બાળ-દુર્વ્યવહારની સમસ્યાને હળવી કરી શકાય. અભ્યાસોના માધ્યમથી જાણવા મળ્યું છેકે બાળકો સાથે થતા દુર્વ્યવહારોમાં કુટુંબ કે નજીકના સગાં-સંબંધી કે પડોશી જવાબદાર હોય છે. શાળા કક્ષાએ બાળકોને વર્તન અને સ્પર્શ સંબંધિત સમજ આપવી જોઈએ જેથી તેઓ સારા-ખરાબ સ્પર્શ અને વર્તનોને ઓળખી શકે અને તેની ચર્ચા ઘરના વડીલો સાથે કરી શકે તેવા આ પ્રકારના સામાજીકરણ અને તંદુરસ્ત સામાજિક વાતાવરણ સર્જવું જોઈએ. બાળકને કુટુંબમાં પ્રેમ, લાગણી, હુંફ તેમજ આદર-સત્કાર મળીરહે તેવી રીતે ઉછેર કરવાથી બાળ-દુર્વ્યવહારને ઘટાડી શકાય.

**(2) શાળા અને શિક્ષકની ભૂમિકા**

બાળ-દુર્વ્યવહાર અંગેના જાગૃતિ કાર્યક્રમોનું આયોજન શાળા-કૉલેજોમાં થવું જોઈએ. બાળકોની શિક્ષકો દ્વારા સવિશેષ કાળજી લેવાવી જોઈએ. શિક્ષકે બાળકના માર્ગદર્શકની ભૂમિકા ભજવતાં પ્રેમ, હૂંફ, અને લાગણીનો અનુભવ બાળક કરે તેવું વાતવરણ શાળાઓમાં સર્જવું જોઈએ, જેથી બાળક પોતાની સાથે થતા દુર્વ્યવહારની ચર્ચા પોતાના શિક્ષક પાસે મુક્ત મને કરી શકે. લૈંગિક કે જાતીય-દુર્વ્યવહારના નિવારણના સંદર્ભમાં શાળા અને શિક્ષકની ભૂમિકા મહત્ત્વની બની રહે છે.

**(3) સરકાર અનેપોલીસની ભૂમિકા**

બાળકો સાથે થતા દુર્વ્યવહાર અને અપરાધો અંગે કાયદાઓની છટકબારી અને પુરાવાના અભાવે અપરાધી છૂટી જતાં હોય છે. ખાસ કરીને બાળમજૂરી અને જાતીય સતામણીના અપરાધો કે દુર્વ્યવહારમાં અપરાધ સાબિત કરવો ઘણીવાર મુશ્કેલ બને છે અને અપરાધી છૂટી જાય છે. સરકાર અને પોલીસતંત્રએ બાળ-દુર્વ્યવહારની ઘટનાઓને ગંભીરતા પૂર્વક લઇ આવા બનાવોને પ્રાથમિકતા આપી ઝડપથી તપાસ પૂરી કરવી જોઈએ.

**(4) સ્વૈચ્છિક સંગઠનોની ભૂમિકા**

જ્યાં સરકાર નથી પહોચી શકતી ત્યાં ઘણીવાર સ્વૈચ્છિક સંગઠનોની ભૂમિકા મહત્ત્વની બની રહે છે. બાળકો સાથે થતા દુર્વ્યવહારના સંદર્ભમાં સ્વૈચ્છિક સંગઠનોએ શાળ-કૉલેજ કક્ષાએ જાગૃતિ કાર્યક્રમ યોજવાં જોઈએ. બાળ-દુર્વ્યવહારનો ભોગબનેલા બાળકોને સાચવવા, તેમને ન્યાય અપાવવા અને તેમને સમાજમાં પુનઃસ્થાપિત કરવાની જવાબદારી સ્વૈચ્છિક સંગઠનો યોગ્ય રીતે નિભાવી શકે છે.

**(5) મનોચિકિત્સકની ભૂમિકા**

બાળક જયારે જાતીય કે માનસિક દુર્વ્યવહારનો ભોગ બને છે ત્યારે તેની સૌથી ખરાબ અસરતેના મનોજગત ઉપર પડતી હોય છે. આવા સંજોગોમાં બાળકને સમાજમાં પુનઃસ્થાપિત કરવા તેમજ તેનું પુનઃસામાજીકરણ કરવામાં મનોચિકિત્સક મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. તેથી દુર્વ્યવહારનો ભોગ બનેલ બાળકોને મનોચિકિત્સક દ્વારા સારવાર આપી તેની સમસ્યાઓ હળવી કરી શકાય, જેથી સમાજ કે કુટુંબમાં તે બાળક પોતાને સરળતાથી પુનઃ સ્થાપિત કરી શકે.

## 1.10 બાળ-દુરપયોગ નિવારણમાં સમાજ-કાર્યકરની ભૂમિકા

બાળકો સાથે થતા દુર્વ્યવહારની સમસ્યાના નિવારણ કે હળવી કરવા માટે સમાજ-કાર્યકરે બાળ-દુર્વ્યવહાર સંબંધિત અભ્યાસો કરી તેના કારણો જાણવાનો પ્રયત્ન કરવો જોઈએ. કોઈપણ સામાજિક સમસ્યાના સમાધાન માટેના ઉપાયો શોધવા અને તેને અમલમાં મુકતા પહેલા તે સમસ્યા વિશેનું સંશોધન આધારિત વાસ્તવિક જ્ઞાન સમાજ-કાર્યકર પાસે હોવું અનિવાર્ય છે. બાળ-દુર્વ્યવહારના કાયદાઓનો યોગ્ય અમલ થાય તેની કાળજી સમાજ-કાર્યકર દ્વારા લેવાવી જોઈએ. ગુનાહિત ગર્ભપાત થતા અટકાવવા માટેની યોજનાઓ તૈયાર કરવી જોઈએ. બાળકોનો ત્યાગ તેમજ વેચી દેવાના કિસ્સાઓમાં સમાજ-કાર્યકરે જાગૃતતા લાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. અપહરણ, બાળ સેક્સ-વર્કર

અને સગીર બાળકોની તસ્કરી અંગેના અપરાધોથી સમાજને જાગૃત કરવા જોઈએ. બાળલગ્ન અટકાયત કાયદાઓનો યોગ્ય અમલ થાય તે બાબતે સમાજ-કાર્યકરે સજાગ રહેવું જોઈએ. બાળકો સાથે થતાં શારીરિક, લૈંગિક અને ભાવાત્મક દુર્વ્યવહાર અંગે શાળા-કોલેજ, સરકાર અને સમાજને જાગૃત કરવાના કાર્યક્રમો, શેરી નાટકો, રેલીવગેરેનું આયોજન કરવું જોઈએ. કુટુંબમાં બાળકોનું યોગ્ય સામાજીકરણ થાય તે અંગે કુટુંબોને જાગૃત કરવાના પ્રયત્નો સમાજ-કાર્યકરે કરવા જોઈએ.બાળ-મજુરો જેવા અપરાધો અંગે માલિકો અને જુદાંજુદાં કામદાર મંડળોને જાગૃત કરવાના પ્રયત્નો થવાં જોઈએ. દુર્વ્યવહારનો ભોગ બનેલ બાળકોને ન્યાય મળે અને તેમને સમાજમાં પુનઃ સ્થાપિત કરવાના પ્રયત્નો સમાજ-કાર્યકરે કરવા જોઈએ.

## 1.11 ઉપસંહાર

બાળકો એ આવતીકાલના સમાજનું પાયાનું એકમ છે, તેથી બાળકોની તસ્કરી તેમજ તેમની સાથે થતાં દુર્વ્યવહાર અટકાવવાના પ્રયત્નોમાં સરકાર, સ્વૈચ્છિક સંગઠનો, સમાજ-કાર્યકર અને એક જાગૃત નાગરિક તરીકે આપણે સહુએ કરવા જોઈએ. શાળા-કોલેજના અભ્યાસક્રમમાંબાળકોની તસ્કરી તેમજ બાળ-દુર્વ્યવહારની સમસ્યાઓનો અભ્યાસ કરાવવો જોઈએ. અત્યાચારનો ભોગ બનેલ બાળકોની જરૂરિયાતો પૂરી કરી તેના વિકાસની દિશામાં યોગ્ય પગલાઓ લેવાની ખાસ જરૂર છે. બાળકોના જીવનમાં આવતાં પરિવર્તનોને યોગ્ય માર્ગદર્શન અને સલાહ દ્વારા યોગ્ય દિશા આપવાનું કાર્ય કરવું જોઈએ. બાળકો પ્રત્યે માનવતાવાદી મુલ્ય અને વલણ અપનાવવા જોઈએ. દુર્વ્યવહાર અને તસ્કરીને રોકવા માટેના કાયદાઓનું ચુસ્તપણે પાલન થવું જોઈએ.

## 1.12 તમારી પ્રગતિ ચકાસો (MCQ)

(1) 2016માં ભારતના કયા રાજ્યમાં બાળ-તસ્કરીની સૌથી વધારે કેસો નોંધાયા હતાં?

(અ) પશ્ચિમ-બંગાળ (બ) ગુજરાત (ક) દીવ-દમણ (ડ) કેરલ

(2) બાળ-તસ્કરી માટેનું પ્રમુખ પરિબળ કયું છે?

(અ) બાળ-મજૂરી (બ) નોકરી (ક) બાળ-લગ્ન (ડ) દહેજ

(3) બાળ-તસ્કરી માટે કઈ બાબત જવાબદાર છે?

(અ) શિક્ષણ (બ) ગરીબી-નિરક્ષરતા (ક) વ્યવસ્થા (ડ) ધોરણો

(4) બાળ-તસ્કરીમાં કોનું પ્રમાણ વધારે છે?

(અ) છોકરાઓ (બ) વૃદ્ધો (ક) છોકરીઓ (ડ) યુગલો

(5) બાળ-તસ્કરી અટકાવવા માટે કોની ભૂમિકા મહત્ત્વની છે?

(અ) માતાની (બ) પિતાની (ક) નિયમોની (ડ) કાયદા અને સરકાર

(6) 2018માં અમદાવાદમાં કેટલાં બાળકો વિરુદ્ધના કેસો નોધાંયા હતાં?

(અ) 733 (બ) 777 (ક) 525 (ડ) 765

(7) બાળ-દુર્વ્યવહારની કઈ એક અસર છે?

(અ) મૂલ્યાંકન (બ) ધોરણાત્મક (ક) માનસિક (ડ) પ્રગતિ

(8) બાળ-દુરુપયોગના નિવારણ માટે કયું પરિબળ મહત્ત્વનું છે?

(અ) સામાજીકરણ (બ) રિવાજો (ક) રૂઢિઓ (ડ) નિયમો

(9) અપરાધ સંદર્ભમાં ભારતમાં કઈ એજન્સી આંકડા રજૂ કરે છે?

(અ) NKRB (બ)KBCC (ક)NCCB (ડ)NCRB

(10) છોકરીઓની તસ્કરી કરી કયા વ્યવસાયમાં જોડવા ફરજ પાડવામાં આવે છે?

(અ) સેક્સ-વર્કર (બ) સામાજીકરણ (ક) ઘરકામ (ડ) સાડીના વ્યવસાયમાં

## 1.13 તમારી પ્રગતિ ચકાસોના જવાબો (MCQ)

(1)-અ

(2)-અ

(3)-બ

(4)-ક

(5)-ડ

(6)-અ

(7)-ક

(8)-અ

(9)-ડ

(10)-અ

## 1.14 ચાવીરૂપ શબ્દો

**(1) બાળ-દુર્વ્યવહાર**

"બર્ગેસે (1979:143) બાળદુર્વ્યવહારની પરિભાષા આ પ્રમાણે આપી છે. તેમના મતાનુસાર બાળદુર્વ્યવહાર કોઈપણ એવા બાળકની તરફ સંકેત કરે છે "જેને માતા-પિતા, વાલી અને માલિકોના કાર્યો અને દુરાચાર ભરી ખામીઓને કારણે કોઈપણ બનાવ બન્યા વગર શારીરિક અને માનસિક આઘાત પહોચાડે છે" અપશબ્દો બોલવા, શારીરિક હિંસાની ધમકી આપવી, શારીરિક દંડ આપવો, જેમાં તબીબી ઉપચારની જરૂર નથી હોતી તેવા વ્યવહારનો પણ બાળદુર્વ્યવહારમાં સમાવેશ કરવામાં આવે છે."(દવે હર્ષિદા:2016:89)

**(2) બાળ-તસ્કરી**

ભારતીય સમાજના સંદર્ભમાં બાળકોની તસ્કરી કરી તેને બજારમાં વહેચવામાં આવે છે. બાળકોની તસ્કરી કરી સરળતાથી તેમની પાસેથી મજુરી, ભિક્ષાવૃત્તિ, જાતીય-શોષણ, સેક્સવર્કર, માદક-દ્રવ્યોની હેરાફેરી જેવા ગેરબંધારણીય કાર્યો કરાવવામાં આવે છે.

**(3) અપરાધ**

ઇલિયટ અને મૈરિલના મતે "એવો સમાજ વિરોધી વહેવાર અપરાધ છે જે કોઈ સમૂહ દ્વારા અસ્વીકાર કરવામાં આવે છે તથા જેના માટે સમૂહ દ્વારા સજા નક્કી કરેલ વ્યવસ્થા હોય છે"(રાવત હરિકુષ્ણ:2002:55). અપરાધ એટલે એવું વર્તન કે જેમાં વ્યક્તિ સમાજે નક્કી કરેલ ઓપચારિક અને અનોપચારિક ધોરણો કે નિયમોનો ભંગ.

## 1.14 સ્વાધ્યાય લેખન

(1) બાળ-તસ્કરી અને બાળ-દુરપયોગનો અર્થ અને કારણો સમજવા

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(2) બાળ-તસ્કરી અને બાળ-દુરપયોગ સામાજિક અસરો સમજાવો

.....................................................................

.....................................................................

.....................................................................

..............................................................................

(3) બાળ-તસ્કરી અને બાળ-દુરપયોગની સમસ્યાને હળવી કરવામાં સમાજ-કાર્યકરની ભૂમિકા સમજાવો

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

(4) બાળ-તસ્કરી અને બાળ-દુરપયોગને હળવી કરવામાં સમાજ-કાર્યકરની ભૂમિકા સમજાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

## 1.15 પ્રવૃત્તિ

(1) બાળકો સંબંધિત કાર્યરત સ્વૈચ્છિક સંગઠનની મુલાકાત લઇ તેની કાર્યશૈલી તૈયાર કરો.

## 1.16 કેસ સ્ટડી

(1) કોઈપણ એક બાળ-સુધારગૃહની મુલાકાત લઇ અહેવાલ તૈયાર કરો.

## 1.17 સંદર્ભગ્રંથ


(1) National Report on A world Fit for Children (2007) Ministry of Women and Child Development, Government of India.

(2) Wikipedia.org/wiki/Trafficking_of_children

(3) www.business-standard.com/child-trafficking <http://www.business-standard.com/child-trafficking>

(4) www.dnaindia.com/report-ncrb <http://www.dnaindia.com/report-ncrb> data-human-trafficking

(5) Dr. Intezar Khan (article) Child Trafficking in India: A Concern, department of Social Work, jamiaMilliaIslamia, New Delhi.(Wikipedia)

(6) NCRB Crime in India-2018, Vol. 1, 2 and 3

(7) Merton Robert K. And Nisbet Robert (1971 and 76), Contemporary Social Problems, Harcourt Brace íLkovanovich, Inc., New York (3rd and 4th Edition)

(8) Horton Paul B. and Leslie Gerald R. (1960), the Sociology of Social Problems, Appleton Century Inc. New York. (Second edition and Fourth edition)

(9) Fuller Richard C. and Myers R. (íLkune-1941) the Natural History of a Social Problem, American Sociological Review.

(10) Case Clarence M. (1956) Analyzing Social Problems (Revised edition), The Dryden Press, New York.

(11) Roland L. Warren (1949) American Sociological Review, Vol-14,

(12) ડૉ. આહુજા રામ, (હિન્દી) મીનાક્ષી પ્રકાશન, બેગમ બ્રીજ, મેરઠ.

(13) પટેલ હસમુખભાઈ (1976) સામાજિક સમસ્યા, રચના પ્રકાશન, નવરંગપુરા, અમદાવાદ.

(14) ડૉ. દવે હર્ષિદા એચ. (2016) સામાજિક સમસ્યાઓ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(15) રાવત હરિકૃષ્ણ (2002) સમાજશાસ્ત્ર વિશ્વકોશ, રાવત પબ્લિકેશન, જયપુર.(હિન્દી)

(16) સિહ રામ ગોપાલ (1987), ભારતમાં સામાજિક પરિવર્તન અને સામાજિક સમસ્યાઓ, મધ્યપ્રદેશ હિન્દી ગ્રંથ અકાદમી, ભોપાલ.

(17) ઠાકોર જયશ્રી બી. (1974) સામાજિક કાર્યની પદ્ધતિઓ વ્યક્તિગત કાર્ય, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

(18) ડૉ. જોષી વિદ્યુત (પારિભાષિક કોશ-સમાજશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ

(19) ડૉ. પ્રસાદ ગોવિંદ (2007), આધુનિક સમાજની સમસ્યાઓ, ડીસ્કવરી પબ્લિશિંગ હાઉસ, નવી દિલ્લી. (હિન્દી)

(20) ડૉ. ત્રિપાઠી આર. એન. (2011) સમકાલીન ભારતની સામાજિક સમસ્યાઓ, શિવાંક પ્રકાશન, નવી દિલ્લી. (હિન્દી)

(21) વર્મા જ્યોતિ (2007) સામાજિક સમસ્યાઓ, ડીસ્કવરી પબ્લિશિંગ હાઉસ, નવી દિલ્લી. (હિન્દી)

(22) શર્મા ઋચા (2011)ભારતમાં સામાજિક સમસ્યાઓ, સાગર પુબ્લીશર્સ, જયપુર (હિન્દી)

# એકમ–2 મહિલાઓ સંબંધિત સામાજિક સમસ્યાઓ : દહેજ, મહિલા વિરુદ્ધ હિંસા

## : એકમનું માળખું :


2.0 પ્રસ્તાવના

2.1 એકમના હેતુઓ

2.2 દહેજ એક સામાજિક સમસ્યા

2.2.1 દહેજની વ્યાખ્યા, અર્થ અને આંકડાકીય માહિતી

2.2.2 દહેજપ્રાથના કારણો

2.2.3 દહેજપ્રથાની અસરો

2.2.4 દહેજપ્રથાનું નિવારણ કે ઉપાયો

2.2.5 દહેજ નિવારણમાં સામાજિક કાર્યકરની ભૂમિકા

2.3 મહિલા વિરુદ્ધ હિંસા એક સામાજિક સમસ્યા

2.3.1 મહિલા વિરુદ્ધ હિંસાનો અર્થ, આંકડાકીય માહિતી અને કારણો

2.3.2 મહિલા વિરુદ્ધ હિંસાના કારણો

2.3.3 મહિલા વિરુદ્ધ હિંસાની અસરો

2.3.4 મહિલા વિરુદ્ધ હિંસાનું નિવારણ કે ઉપાયો

2.3.5 મહિલા વિરુદ્ધ હિંસાનાં નિવારણમાં સામાજિક કાર્યકરની ભૂમિકા

2.4 ઉપસંહાર

2.5 તમારી પ્રગતિ ચકાસો (MCQ)

2.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો (MCQ)

2.7 ચાવીરૂપ શબ્દો

2.8 સ્વાધ્યાય લેખન

2.9 પ્રવૃત્તિ

2.10 કેસ સ્ટડી

2.11 સંદર્ભગ્રંથ


## 2.0 પ્રસ્તાવના

માનવસમાજમાં સ્ત્રી અને પુરુષ વચ્ચેની દૈહિક રચના અને શક્તિઓના સંદર્ભમાં સ્પષ્ટ ભેદ જોવા મળે છે. ભારતીય સમાજ સદીઓથી પુરુષપ્રધાન સમાજ રહ્યો છે. સમાજજીવનના વિવિધ ક્ષેત્રોમાં દરેક વ્યક્તિને ચોક્કસ દરજ્જાઓ અને તેની સાથે સંકળાયેલ ભૂમિકાઓ તેમજ અધિકારો મળે છે. સમાજની અપેક્ષાઓ સંતોષવા માટે દરેક વ્યક્તિ કેટલીક જવાબદારીઓ અદા કરે છે, અને તેને માટે અનુકુળ સામાજિક પરિસ્થિતિનું નિર્માણ પણ એટલું જ મહત્ત્વનું છે. આમ વ્યક્તિના દરજ્જો, ભૂમિકા અને સામાજિક પરિસ્થિતિ વ્યક્તિના સામાજિક સ્થાનના પરિણામો છે. તંદુરસ્ત સામાજિક પરિસ્થિતિ માટે દરજ્જા અને ભૂમિકા વચ્ચેની સંતુલિત પરિસ્થિતિનું નિર્માણ આવશ્યક પરિબળ છે.સ્ત્રીનું સામાજિક સ્થાન દરજ્જાઓ અને ભૂમિકાઓનાં અભિન્ન પાસાંઓનું બનેલું છે. ભારતીય સમાજમાં સ્ત્રીઓનું સ્થાન તેના સમાજજીવનનાં વિવિધ ક્ષેત્રોમાં તેને દરજ્જા દ્વારા ધારણ કરેલ અધિકારો અને અધિકારોને

ભોગવવાની તકપ્રાપ્તિની શક્યતાઓ સાથે અપેક્ષિત અને વાસ્તવિક પરિસ્થિતિઓમાં ભજવવી પડતી ભૂમિકાઓ દ્વારાજ નક્કી કરી શકાય. ઋગ્વેદકાળમાં સ્ત્રીઓનું સામાજિક સ્થાન આદર્શ સામાજિક પરિસ્થિતિ મુજબનું હતું. સ્ત્રી-પુરુષના સામાજિક વહેવારોમાં ભેદભાવ નહોતો. મોટાભાગના તમામ ક્ષેત્રોમાં સ્ત્રીઓ અધિકાર ભોગવી શકતી, પરંતુ ઉત્તરવેદકાલીન યુગ દરમ્યાન સ્ત્રી જીવન પર સામાજિક-ધાર્મિક નિયંત્રણોની શરૂઆત થવા માંડી. આ નિયંત્રણોને કારણે સ્ત્રી-પુરુષ વચ્ચેના સામાજિક દરજ્જાઓ અને ભૂમિકાઓમાં ભેદભાવ સર્જાવા લાગ્યો. મધ્યયુગ દરમ્યાન સમાજજીવનમાં સ્ત્રીઓને ન્યાયી અધિકારોથી વંચિત રાખવામાં આવતી હતી. પર્દાપ્રથા અને જાહેરજીવનમાં સ્ત્રીઓ પરના પ્રતિબંધો સ્ત્રી પ્રત્યેના અલગતાના વ્હેવાહારોનું પરિણામ ગણી શકાય. મધ્યયુગમાં બાળલગ્નો, વેશ્યાવૃત્તિ અને સતીપ્રથા આ સમય દરમ્યાન સ્વીકાર્ય બન્યા હતાં. આમ વૈદિકકાળમાં જે સ્ત્રીઓ સામાજિક સ્થાનમાં સમાનતા, સ્વતંત્રતા અને સામાજિક ન્યાય ભોગવતી હતી ત્યાર પછી કાળક્રમે સ્ત્રીનું સ્થાન નીચું ઉતરતું ગયું. આમ રૂઢીચુસ્ત, બંધિયાર અને સંકુચિત મનોવૃત્તિ ધરાવતા ભારતીય સમાજમાં ધર્મશાસ્ત્રના ખોટા અર્થઘટનો કરી સ્ત્રીના સ્વતંત્ર અસ્તિત્વને નકારી કાઢવામાં આવ્યું હતું. પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીઓનું સ્થાન ગૌણ બની ગયું. સ્ત્રીઓની સ્વતંત્રતા અને અધિકારો છીનવાઈ જવાની સાથેસાથે તેમનું શોષણ અને અત્યાચારોની શરૂઆત થઇ, જેમાંથી દહેજપ્રથા અને તેને કારણે મહિલા વિરુદ્ધ અત્યાચારો થવા લાગ્યા.

## 2.1 એકમના હેતુઓ

- સ્ત્રી અત્યાચારોનું સ્વરૂપ સમજવું
- દહેજ એક સામાજિક સમસ્યા તરીકે સમજવી
- ભારતીય સમાજમાં મહિલાઓ સંબંધિત સમસ્યાઓ જાણવી
- દહેજ અને સ્ત્રી અત્યાચારની સમસ્યાને હળવી કરવાની દિશામાં વિચાર-વિમર્શ

## 2.2 દહેજ એક સામાજિક સમસ્યા

દહેજપ્રથાએ ભારતીય સમાજમાં સામાજિક દુષણ સ્વરૂપે લગ્નની પવિત્રતા અને સામાજિક વ્યવસ્થાને નુકસાન પહોચાડી તેને વ્યપારનું માધ્યમ બનાવ્યું છે. દહેજ સાથે આર્થિક-મૂલ્ય સંકળાયેલું હોવાથી જે જ્ઞાતિઓમાં દહેજપ્રથા જળ થઇ ગઈ છે ત્યાં માબાપ માટે પોતાના સંતાનોનું લગ્ન એક સમસ્યા અને સામાજિક-આર્થિક જવાબદારી બની જાય છે. દહેજપ્રથાથી પીડાતા પરંપરાગત સમાજમાં દહેજને સામાજિક પ્રતિષ્ઠાના ખ્યાલ સાથે સાંકળવામાં આવેલ હોવાથી તે પ્રથા પર પ્રતિબંધ મુકતા કાયદાની હાજરીમાં પણ સામાજિક આવશ્યકતા તરીકે આ પરંપરા પ્રવર્તમાન સમયમાં પણ ચાલુ રહી છે.દહેજપ્રથા જેટલી કુટુંબ માટે આર્થિક જવાબદારીઓના સ્વરૂપમાં સ્પર્શે છે તેટલે જ અંશે સ્ત્રીને પણ તેના લગ્નજીવનમાં સમસ્યાઓ અને મુશ્કેલીઓ સર્જવામાં કારણભૂત બને છે. દહેજ ન આપી શકનાર કુટુંબની દીકરીઓને સાસરે અત્યાચાર, શોષણ, આત્મહત્યા અને માનસિક ત્રાસનો ભોગ બનવું પડે છે.

### 2.2.1 દહેજની વ્યાખ્યા, અર્થ અને આંકડાકીય માહિતી.

દહેજની પ્રથા ભારતીય સમાજમાં ઘણી પ્રાચીન છે, સંસ્કૃત ભાષામાં તેને માટે 'દાય' કે 'શુલ્ક' શબ્દ પ્રયોજાયો છે. દાય શબ્દનો અર્થ ઉપહાર, પુરષ્કાર કે દાન આપવું તેવો થાય છે. શુલ્ક શબ્દનો અર્થ કન્યાની ખરીદ કિંમત, કન્યાના માતાપિતાને આપવામાં આવતા પૈસા, લગ્નની ભેટ, દહેજ, વરદ્વારા કન્યાને આપવામાં આવતી ભેટ વગેરે થાય છે. વ્યુત્પત્તિની દ્રષ્ટિએ જોઈએ તો દહેજ શબ્દ ફારસી ભાષામાંથી ગુજરાતીમાં આવ્યો છે. દહેજ માટે દાયજો, દેજ, આણું, પલ્લું, પૈઠક, વાંકડો, વરદક્ષિણા, કન્યાશુલ્ક, વરશુલ્ક, પહેરામણી કે કરિયાવર જેવા શબ્દો પણ પ્રયોજવામાં આવે છે. દહેજપ્રથાનું ચલણ જુદા સંદર્ભમાં પ્રાચીનકાળમાં પણ હતું, પરંતુ મધ્યકાળમાં દહેજપ્રથા એક જડ અને અનિષ્ઠ રિવાજમાં ફેરવાઈ ગઈ.

દહેજ પ્રથાને સમજાવતી વ્યાખ્યાઓ કેટલાંક વિદ્વાન દ્વાર આપવામાં આવી છે. હેનરી પ્રત્ત ફેયર ચાઈલ્ડના મતે "દહેજ એ એવું ધન અથવા સંપતિ છે, જે લગ્ન પ્રસંગ પર દીકરીના માતાપિતા અથવા અન્ય નિકટના સગા-સંબંધીઓ દ્વારા દીકરી કે જમાઈને આપવામાં આવે છે."(1944:99)

"નીરા દેસાઈના મતે લગ્ન સંબંધથી જોડનાર એક પક્ષ તરફથી બીજા પક્ષને અથવા એક પક્ષના માતાપિતા કે અન્ય વ્યક્તિ તરફથી લગ્નમાં જોડાનાર વ્યક્તિને કે અન્ય કોઈને મિલકત કે મૂલ્યવાન અનામત પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અપાઈ હોય કે આપવાની હોય અથવા લગ્ન પહેલાં કે પછી અંગે કઈ પણ ચીજવસ્તુ અપાય તો તે બધું દહેજમાં ગણી શકાય. સમાજ-કલ્યાણ ખાતાની દ્રષ્ટિએ વરપક્ષની માંગણી અનુસાર આપવામાં આવતી રોકડ રકમ અથવા ચીજવસ્તુઓને દહેજ કહેવાય."(ડૉ. હર્ષિદા દવે:2016:379)

નીરા દેસાઈના મતે "દહેજ કે દાયજો એ પરસ્પર લેવડદેવડ નથી, પરંતુ એક જે દિશામાં થતો વ્યવહાર છે. આ પ્રકારના રિવાજોમાં કન્યા અને ભેટસોગાદો એક જ દિશામાં જતાં હોય છે. બદલામાં કન્યાપક્ષને મળે છે ઉપરછલ્લી પ્રતિષ્ઠા અને ઘણીવાર જિંદગીભરનું દેવું."(ડૉ. અક્ષયકુમાર દેસાઈ અને ડૉ. નીર દેસાઈ:1980:59)

"દહેજ પ્રતિબંધક ધારો વિશેષમાં વર અને કન્યાપક્ષ દ્વારા લગ્નની એક આવશ્યક શરત તરીકે થતી નાણાકીય લેવડદેવડ અને અન્ય સ્વરૂપની ભોતિક વસ્તુઓ પર પ્રતિબંધ મૂકી તેને ગેરકાનૂની ગણે છે."(જે. સી. કાચા, ડી.જી.શર્મા. અને એસ.એસ.પટેલ:1976:212)

"દહેજ એક એવું ધન કે સંપતિ છે જે લગ્નના અવસર પર કન્યાપક્ષ તરફથી વરપક્ષને આપવામાં આવે છે. લગ્ન સમયે ભેટ આપવાની પ્રથા એક સાર્વત્રિક ઘટના છે. હિન્દુ ધર્મશાસ્ત્રોમાં પણ વિવાહના અવસર પર માતા-પિતા દ્વારા પુત્રીને ભેટ આપવાના ઉલ્લેખ મળે છે. સંભવત આ ભેટની શરૂઆતનું કારણ માતા-પિતાને પોતાના સંતાનો પ્રતિ સ્નેહ અને લાગણી હશે. કાળક્રમે આ પ્રથા એક કઠોર રૂઢી બની ને સામાજિક અને પારિવારિક પરિસ્થિતિ સાથે જોડાઈ ગઈ. આ સહસંબંધએ પ્રતિસ્પર્ધાની ભાવનાને જન્મ આપી, પ્રદર્શનની વૃતિને ઉભારવામાં મદદ કરી છે. પરિણામ સ્વરૂપ આ પ્રથા એક સામાજિક સમસ્યા બની ગઈ છે."(હરિકૃષ્ણ રાવત:2002:98)

આમ દહેજ એટલે કન્યાપક્ષ તરફથી વરપક્ષને અથવાતો વરપક્ષને કન્યાપક્ષને લગ્નની શરત કે પ્રસંગના ભાગરૂપે આપવામાં આવતી રોકડ રકમ કે ભેટસોગાદો.

**ભારતમાં દહેજ મૃત્યુના ઘટનાઓના આંકડાનો અંદાજ**

| ક્રમાંક | રાજ્ય | 2013 | 2014 | 2015 | 2016 | 2017 | 2018 |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ઉત્તરપ્રદેશ | 10455 | 10981 | 11508 | 12034 | 12561 | 13087 |
| 2 | બિહાર | 3523 | 3624 | 3725 | 3826 | 3926 | 4027 |
| 3 | મધ્યપ્રદેશ | 2501 | 2561 | 2620 | 2680 | 2740 | 2800 |
| 4 | આંધ્રપ્રદેશ | 1448 | 1472 | 1496 | 1520 | 1545 | 1569 |
| 5 | પશ્ચિમ-બંગાળ | 1281 | 1322 | 1363 | 1405 | 1446 | 1487 |
| 6 | મહારાષ્ટ્ર | 1338 | 1344 | 1351 | 1358 | 1364 | 1371 |
| 7 | ઓડીશા | 984 | 1010 | 1036 | 1062 | 1088 | 1114 |
| 8 | કર્ણાટક | 664 | 678 | 691 | 704 | 717 | 730 |
| 9 | રાજસ્થાન | 625 | 624 | 623 | 622 | 621 | 619 |
| 10 | ઝારખંડ | 506 | 499 | 492 | 485 | 477 | 470 |

(સ્રોત:http://gigadom.files.dowrydeaths.png:page no.2)

**પતિ અને સંબંધીઓ દ્વારા ક્રૂરતાની ઘટનાઓનો અંદાજ**

| ક્રમાંક | રાજ્ય | 2013 | 2014 | 2015 | 2016 | 2017 | 2018 |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ઉત્તરપ્રદેશ | 36648 | 38826 | 41004 | 43183 | 45361 | 47539 |
| 2 | મહારાષ્ટ્ર | 29655 | 30489 | 31323 | 32157 | 32991 | 33825 |
| 3 | પશ્ચિમ-બંગાળ | 22014 | 23250 | 24486 | 25722 | 26959 | 28195 |
| 4 | આંધ્રપ્રદેશ | 23288 | 24254 | 25220 | 26185 | 27151 | 28117 |
| 5 | ગુજરાત | 21245 | 22206 | 23166 | 24126 | 25086 | 26046 |
| 6 | મધ્યપ્રદેશ | 11380 | 11674 | 11969 | 12263 | 12557 | 12851 |
| 7 | રાજસ્થાન | 10054 | 10328 | 10601 | 10874 | 11148 | 11421 |
| 8 | કેરલા | 7671 | 7909 | 8146 | 8384 | 8621 | 8859 |
| 9 | કર્ણાટક | 6916 | 7286 | 7657 | 8027 | 8398 | 8768 |
| 10 | આસામ | 6260 | 6638 | 7017 | 7396 | 7774 | 8153 |

(સ્રોત:http://gigadom.files.cruelty.png:Page No:3)

### 2.2.2 દહેજપ્રાથના કારણો

**(1) અંતર્લગ્ન તથા કુલીનશાહી લગ્નપ્રથા**

ભારતીય સમાજમાં હિંદુ લગ્ન એક સંસ્કાર છે. લગ્નસંસ્થાએ સદીઓથી તેના ધોરણો અને મૂલ્યોને જાળવી રાખ્યા છે. પોતાનીજ જ્ઞાતિ કે પેટા-જ્ઞાતિ તેમજ ગોળમાં લગ્ન કરવાના ધોરણોને કારણે લગ્નનું ક્ષેત્ર માર્યાદિત બની જાય છે, આવા સંજોગોમાં માતા-પિતાએ પોતાની દીકરીના લગ્ન દહેજ આપીને પોતાનીજ જ્ઞાતિમાં મૂર્તિઓ શોધી દહેજ આપી કરાવવા પડે છે. ઘણા સમાજ કે જ્ઞાતિઓમાં પોતાના કુળ કરતાં ઊંચા કુળમાં દીકરીના લગ્ન કરવાની ઈચ્છા દહેજ માટેની મજબૂરી બની જાય છે. પોતાની દીકરી માટે ઉચ્ચ કુળનો મૂર્તિઓ શોધવા માટે માતા-પિતા ઊંચું દહેજ આપતાં હોય છે.

**(2) બાળલગ્નો અને જ્ઞાતિપ્રથા**

આજે પણ ઘણા સમુદાયોમાં બાળલગ્નો પ્રચલિત છે. દીકરીને નાની ઉંમરમાં લગ્ન કરવાની લાલચમાં દહેજને પીઠબળ મળી રહે છે. જ્ઞાતિ પોતાના ધોરણોને કારણે દહેજના રિવાજને જાણે-અજાણે પ્રોત્સાહન આપે છે. પોતાનીજ જ્ઞાતિમાં મૂર્તિઓ શોધવાના રિવાજને કારણે દહેજ આપીને પણ દીકરીના લગ્ન કરવાના રિવાજને કારણે દહેજ પ્રથાને પ્રોત્સાહન મળે છે. ઘણી જ્ઞાતિઓમાંતો સદીઓથી દહેજ એક રીવાજ અને સામાજિક પ્રતિષ્ઠાનો ભાગ બની ગઈ છે.

**(3) સામાજિક પ્રતિષ્ઠામાં વધારો**

દીકરીના લગ્ન સમયે આપવામાં આવતી ભેટસોગાદો સામાજિક પ્રતિષ્ઠાનું પ્રતીક બની ગયું છે. પોતાની જ્ઞાતિ કે સમુદાયમાં પોતાના કુટુંબના દરજ્જાને ઉંચો બતાવવા અને પોતાની સામાજિક પ્રતિષ્ઠા વધારવાના ઉદેશ્યથી દહેજ આપવામાં આવતું હોય છે. માતા-પિતા એવું માનતા હોય છેકે જેટલું વધારે દહેજ આપી પ્રદર્શન કરવામાં આવે તેટલી તેમના કુટુંબની પ્રતિષ્ઠા તેમની જ્ઞાતિ સમુદાયમાં વધે છે. આ પ્રકારની માનસિકતા દહેજના દુષણને વધારે ફેલાવે છે.

**(4) સંસ્કૃતિકરણ**

પહેલાંના સમયમાં કહેવાતી ઉચ્ચ-જ્ઞાતિઓમાં દહેજનું ચલણ હતું, પરંતુ વર્તમાન સમયમાં કહેવાતી નિમ્ન જ્ઞાતિઓમાં પણ દહેજ એક રીવાજ અને ધોરણ બની ગયું છે. સંસ્કૃતિકરણની પ્રક્રિયાને કારણે કહેવાતી ઉપલી જ્ઞાતિઓનો ધોરણો, રીવાજો તેમજ મૂલ્યોના આંધળા અનુકરણને કારણે કહેવાતી નિમ્ન જ્ઞાતિઓમાં પણ વર્તમાન સમયમાં લગ્નમાં દહેજ એક સામાજિક રિવાજ તરીકે સ્વીકૃત પામ્યું છે.

**(5) સ્ત્રીધન અને સાસરીપક્ષની લોભ-લાલચ**

લગ્નમાં આપવામાં આવતી વસ્તુઓ અને ભેટસોગાદો દહેજનું જ એક સ્વરૂપ છે. માતા-પિતા દ્વારા આપવામાં આવતું દહેજ દીકરીને આપવામાં આવતું ધન કે મિલકત આપ્યાના સંતોષની લાગણી જન્માવે છે, જેને કારણે દહેજને સ્ત્રીધન તરીકે ઓળખવામાં આવે છે.આ પ્રકારની માનસિક સ્થિતિનો લાભ ઘણા લાલચી સાસરીવાળા ઉઠાવતા હોય છે. દીકરાના માતા-પિતામાં લગ્નની લોભ-લાલચમાં  વધારે ધન કે દહેજ મેળવી પોતાનો કુટુંબનો આર્થિક દરજ્જો ઊંચો લઈ જવાની લાલચ દહેજપ્રથાને વધુ મજબુત કરે છે.

**(6) આધુનિક યુગમાં ધનનું મહત્ત્વ**

પ્રવર્તમાન સમયમાં પૈસાનું મહત્ત્વ વધતું જવાથી દહેજનું દુષણ મોટાભાગના સમાજોમાં જોવા મળે છે. ઘણા કુટુંબો દહેજની વસ્તુ અને ધનથી પોતાની આર્થિક સ્થિતિ સદ્ધર કરવાનું વલણ ધરાવતા હોવાથી દહેજને પ્રોત્સાહન મળે છે. માતા-પિતા એવું માનતા હોય છેકે પોતાની દીકરીને લગ્નમાં વધારે દહેજ આપવાથી સાસરીમાં પોતાની દીકરીનું માન-સન્માન વધે છે, આ બાબતનો લાભ લઇ ઘણા સાસરીપક્ષ વાળા ઊંચા દહેજની અપેક્ષા રાખતા હોય છે.

**(7) ઉચ્ચ-શિક્ષણ અને વ્યક્તિગત પ્રતિષ્ઠાનું મહત્ત્વ**

વર્તમાન સમયમાં શિક્ષણનું મહત્ત્વ વધતું જાય છે, તેની સાથેસાથે શિક્ષિત મૂર્તિઓ શોધવા માટે ઘણીવાર દીકરીના માતા-પિતા ઊંચું દહેજ આપવા માટે તૈયાર થતા હોય છે. દીકરાના માતા-પિતા પોતાના દીકરાના ઉચ્ચશિક્ષણ ને વધારે દહેજ મેળવવાના હથિયાર તરીકે વાપરતા હોય છે. વધારે દહેજ પ્રાપ્ત કરનાર કુટુંબોમાં પોતાના શિક્ષિત દીકરાની સમાજમાં પ્રતિષ્ઠા વધે છે તેવી માનસિકતા ધરાવે છે. જેથી દહેજપ્રથાને બળ મળી રહે છે.

**(8) લગ્ન એક ધાર્મિક સંસ્કાર**

હિંદુઓમાં લગ્નને એક સંસ્કાર ગણવાની પ્રથાને કારણે લગ્નને ફરજીયાત ગણવામાં આવે છે. તેથી યોગ્ય ઉંમરે દીકરીના લગ્ન માતા-પિતાની સામાજિક જવાબદારી બની રહે છે. સામાજિક જવાબદારીની સાથેસાથે પોતાનીજ જ્ઞાતિ કે ગોળમાં દીકરીના લગ્ન થાય તેવી ઈચ્છા દરેક કુટુંબ રાખતું હોવાથી, દહેજ આપીને પણ યોગ્ય ઉંમરે પોતાની દીકરીના લગ્ન પોતાની જ્ઞાતિમાં થાય તેવી સામાજિક જવાબદારીની ભાવના દહેજપ્રથાને વધારે પ્રબળ બનાવે છે.

### 2.2.3 દહેજપ્રથાની અસરો

દહેજપ્રથા ભારતીય સમાજમાં એક રીવાજ કે રૂઢિ બની ગઈ છે ત્યારે, દહેજપ્રથાની કેટલીક નકારાત્મક સામાજિક અસરો નીચે મુજબ છે.

**(1) કન્યાજન્મ બોજારૂપ બને છે.**

મોટાભાગના સમાજોમાં લગ્ન સમયે દહેજના રિવાજને કારણે કન્યાજન્મ બોજરૂપ માનવામાં આવે છે. કન્યા-જન્મને બોજરૂપ ગણવાને કારણે ભ્રૂણહત્યામાં વધારો થતો જાય છે. વધતી જતી ભ્રૂણહત્યાને કારણે વર્તમાન સમયમાં ઘણા સમાજોમાં દીકરીઓની અછત સર્જાઈ છે. સ્ત્રી-પુરુષનું જાતિપ્રમાણ અસમાન બન્યું છે. દીકરીના લગ્ન માતા-પિતા માટે એક સામાજિક જવાબદારી છે, જે યોગ્ય સમયે પૂરી કરવાની હોવાથી દીકરીના લગ્ન સમયે દહેજ આપવા

અને આ સામાજિક જવાબદારીમાંથી મુક્તિ મેળવવા દીકરીના જન્મને આવકારવામાં આવતી નથી. આથી દહેજપ્રથા કન્યાજન્મને બોજરૂપ બનાવનારું મહત્ત્વનું પરિબળ છે.

**(2) આત્મહત્યા અને ઘરેલું-હિંસાનો ભોગ**

જે માતા-પિતા પોતાની દીકરીને યોગ્ય દહેજ આપી શકતાં નથી, તેમની દીકરીને ઘણીવાર સાસરીમાં હિંસાનો ભોગ બનવું પડે છે. વારંવારની હિંસા અને કૌટુંબિક ઝગડાઓથી ત્રાસી ઘણી દીકરીઓ આત્મહત્યા કરતી હોય છે. ઓછું દહેજ લઈને આવનાર પુત્રવધૂ સાસરીવાળાને ગમતી ન હોય તેવું પણ બને છે, જેને કારણે તેની સાથે ખરાબ વહેવાર કરવામાં આવતો હોય છે. ઘણીવાર દીકરીને સાસરીમાં રોજબરોજ મારપીટ અને હિંસાનો ભોગ બનવું પડે છે.

**(3) કજોડા-લગ્ન, બહુપત્ની લગ્ન અને છૂટાછેડા**

દહેજ ન આપી શકનાર કુટુંબો પોતાની દીકરીને યોગ્ય ન હોય તેવા મુરતિયા સાથે કે પોતાની દીકરી કરતા મોટી ઉંમરના વ્યક્તિ સાથે લગ્ન કરાવી દેવામાં આવે છે. પોતાની દીકરી કરતા મોટી ઉંમર કે અયોગ્ય મૂરતિયા સાથે પરણાવવાથી દહેજ આપવું પડતું નથી. ઘણીવાર આ બાબતનો દીકરી એટલે વિરોધો કરતી નથી કે તે પોતાના માતા-પિતાની મજબૂરી જાણતી હોય છે અને પોતાની ના પસંદ હોવા છતાં લગ્ન કરવા તૈયાર થઇ જાય છે. જેના કારણે કજોડાં સર્જાય છે. આ કજોડા લગ્ન હિંસા અને છૂટાછેડા જેવી સમસ્યાઓને જન્મ આપે છે. ઘણા કુટુંબો દહેજના માધ્યમથી પોતાની આર્થિક સ્થિતિ સુધારવા માટે એકથી વધારે સ્ત્રીઓ સાથે લગ્ન કરતા હોય છે. આમ દહેજની લાલચ બહુપત્ની લગ્નને પ્રોત્સાહન આપે છે.

**(4) ફરજીયાત કુંવારાપણું**

દહેજ ન આપી શકવાની પોતાના કુટુંબની શક્તિને કારણે ઘણી દીકરીઓ ફરજીયાત કુવારી રહેવાનો વારો આવે છે. ઘણી દીકરીઓ પોતાના કુટુંબની નબળી આર્થિક પરિસ્થિતિ જોઈ લગ્નની ઈચ્છા હોવા છતાં ફરજીયાત કુંવારા રહેવાનું મન બનાવી લેતી હોય છે. આમ દહેજ ફરજિયાત કુંવારાપણું જન્માવે છે.

**(5) દીકરીના કુટુંબ પર આર્થિકબોજ અને દેવું**

દહેજ એ એકપક્ષીય વ્યવહાર હોવાથી મોટેભાગે દીકરીનું કુટુંબ કે સગાસંબંધીઓ દ્વારા લગ્ન સમયે જે ભેટસોગાદ કે દહેજ આપવામાં આવે છે, તે સાસરીપક્ષ તરફ જાય છે. લગ્ન એક ધર્મિક સંસ્કાર, સામાજિક જવાબદારી અને ફરજીયાત હોવાને કારણે ગરીબ કુટુંબના માતા-પિતા દેવું કરીને પણ દહેજ આપી પોતાની દીકરીના લગ્ન કરાવતા હોય છે. દહેજ આપનાર દીકરીનું કુટુંબ ઘણીવાર દેવાના ચક્રવ્યૂંમાં ફસાઈ જતું હોય છે. વર્તમાન સમયમાં લગ્નમાં વધતો જતો ખર્ચ અને તેમાય દહેજપ્રથા દીકરીના કુટુંબને આર્થિકબોજ નીચે દબાવી દે છે.

**(6) ભ્રષ્ટાચાર અને કાળું-નાણું**

ઘણાં વ્યક્તિઓ પોતાની દીકરીના લગ્નમાં વધારે દહેજ આપવાની ચિંતાને કારણે ભ્રષ્ટાચાર અને કાળુંનાણું સંગ્રહ કરતાં હોય છે. જે સમાજ કે સમુદાયોમાં મોટા દહેજો આપવાના રીવાજો હોય તે સમાજ કે સમુદાયની વ્યક્તિ દહેજની રકમ ભેગી કરવા માટે ભ્રષ્ટાચાર માટે પ્રેરાય છે. ઘણા કર્મચારીઓ કે અધિકારીઓ દહેજની રકમ ભેગી કરવા તેમજ પોતાની દીકરીના લગ્નમાં લખલૂટ ખર્ચ કરવા માટે ભ્રષ્ટાચાર અને કાળું-નાણું જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરતા હોય છે.

**(7) દંભ-આડંબરને પ્રોત્સાહન અને લગ્નને સોદો બનાવે છે**

લગ્નમાં દીકરીને વધારે દહેજ આપવાથી પોતાના કુટુંબનો સામાજિક-આર્થિક દરજ્જો સમાજમાં ઊંચો જાય છે તેવું માનવામાં આવે છે. લગ્નમાં પોતાની દીકરીને મૂલ્યવાન ભેટસોગાદો, સંપતિ, કાર, ફર્નિચર, બંગલો, પૈસા વગેર આપવાથી સમાજના લોકો તેની વાહવાહ કરશે

તેવી માન્યતા દંભ અને આડંબરને જન્મ આપે છે. ઘણીવાર પોતાના કુટુંબનો આર્થિક દરજ્જો ઊંચો બતાવવાની લાલચ, દંભ અને આડંબરને કારણે દીકરીના લગ્નમાં પોતાની ક્ષમતા બારનો ખર્ચ કરવામાં આવે છે. જેને કારણે તેવા કુટુંબો દેવું કરીને પોતાની જ્ઞાતિ અને સમાજમાં મોટા દેખાવવા માટે ઊંચું દહેજ આપવાનો આડંબર કરતા હોય છે. દહેજપ્રથા લગ્નને એક સોદાનું સ્વરૂપ આપે છે જેમાં લગ્નના એક કરારના ભાગરૂપે દહેજની રકમ અને વસ્તુઓ નક્કી થતી હોય છે.

**(8) સ્ત્રી શિક્ષણ પર નકારાત્મક અસર**

ઘણા કુટુંબો ભવિષ્યમાં પોતાની દીકરીના લગ્નમાં વધારે દહેજ ન આપવું પડે તેની બીકે બાળ-લગ્નો કરાવી દેતા હોય છે. દીકરીના બાળપણમાં લગ્ન થઇ જવાને કારણે તે પોતાનો અભ્યાસ પૂરો કરી શકતી નથી. ઘણીવાર દીકરી અભ્યાસમાં હોશિયાર હોવા છતાં તેને પોતાનો અભ્યાસ અધ્ધવચ્ચે છોડીને સાસરે જવું પડે છે. જેની દીકરીના શિક્ષણ પર નકારત્મક અસરો જન્મે છે.

### 2.2.4 દહેજપ્રથાનું નિવારણ કે ઉપાયો

દહેજનો રિવાજ ઘણો જૂનો અને રૂઢ થઇ ગયેલ રિવાજ કે પરંપરા હોવા છતાં તેને હળવી કરવા માટેના કેટલાક ઉપાયો નીચે મુજબ છે.

**(1) શિક્ષિત મહિલાઓએ નેતૃત્વ લેવું**

શિક્ષણ વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ અને સમાજમાં પરિવર્તન માટેનું મહત્ત્વનું પરિબળ કહી શકાય. દહેજના સંદર્ભમાં શિક્ષિત મહિલાઓ નેતૃત્વ લઇ સમાજને જાગૃત કરવાનો પ્રયત્ન કરેતો સમાજમાંથી દહેજના દુષણને હળવું કરી શકાય છે. શિક્ષિત મહિલાઓએ રાજકીય ભાગીદારી વધારી સ્ત્રીઓ સંબંધિત સમસ્યાઓના સમાધાન માટેના પ્રયત્નોનું નેતૃત્વ કરી શકે તેમ છે.

**(2) આંતરજ્ઞાતી-લગ્નોને પ્રોત્સહન**

બદલાતી સામાજિક વ્યવસ્થામાં લગ્નના ધોરણો અને રિવાજોમાં પરિવર્તન આવશ્યક છે. પોતાનીજ જ્ઞાતિમાં લગ્નના રિવાજને કારણે દહેજની સમસ્યાનો વ્યાપ વધતો જાય છે, આવા સંજોગોમાં યુવાવર્ગને પોતાની મરજી મુજબ પોતાને ગમતો જીવનસાથી પસંદ કરવાનો આવકાશ મળી રહે તે માટે આંતરજ્ઞાતિ લગ્નોને પ્રોત્સાહન આપવાથી દહેજની સમસ્યાને હળવી કરી શકાય છે.

**(3) યુવાનો અને નવા મુલ્યો**

વર્તમાન યુવાન નવા સામાજિક મુલ્યો અપનાવી જૂની શોષણવાળી પરંપરાનો વિરોધ કરતા થાય તો દહેજની સમસ્યાને હળવી કરી શકાય છે. યુવાનો આવતીકાલના તંદુરસ્ત સમાજનો પાયો છે, ત્યારે દહેજ જેવી સામાજિક સમસ્યાઓના નિવારણ માટે સમાજમાં નવા આધુનિક મૂલ્યોનો સ્વીકાર થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ. યુવાવર્ગ પોતાના લગ્નમાં દહેજ નહિ આપવાનો તેમજ નહિ લેવાનો નેમ કરેતો દહેજની સમસ્યાને ધીમેધીમે હળવી કરી શકાય છે.

**(4) કાયદાઓનો કડક અમલ અને મહિલા સંગઠનોની ભૂમિકા**

દહેજ પ્રતિબંધક ધારો 1961માં પસાર કરવામાં આવ્યો, તેમજ સમાયંતરે તેની સમિક્ષા કરી સુધારા કરવામાં આવ્યા છે, પરંતુ આ કાયદા પ્રમાણે લગ્ન નક્કી કરતી વખતે જો કોઈપણ લેવડદેવડ કરવામાં આવેતો તેને દહેજ કહેવામાં આવે છે અને જો કોઈ વ્યક્તિ આ પ્રકારની ગણતરી કોઈ લગ્નમાં થઇ છે એવું સરકારનું ધ્યાન ખેંચે અને ગુનો પુરવાર થાય તો આર્થિક દંડ અને છ મહિનાની કેદની સજા દહેજ આપનાર અને લેનાર બંનેને થઇ શકે છે. આ કાયદાની કેટલીક અક્ષમ્ય ત્રુટીઓ છે. ફરિયાદ કર્યા વગર આ ગુના અંગે સરકાર ધ્યાન આપતી નથી. પરિણામે પોલીસ ઓફિસરની હાજરીમાં જ કોઈને મબલક દહેજ આપવામાં આવે તોપણ એ ગુનો ન બને, સિવાય કે આને અંગે ફરિયાદ નોધવામાં આવી હોય. આમ કાયદાઓનો કડક

અમલ અને જરૂરી સુધારા થાય તેવા પ્રયત્નો મહિલા સંગઠનો દ્વારા કરવામાં આવેતો દહેજની સમસ્યાને હળવી કરી શકાય છે.

**(5) સમૂહલગ્નો અને સાદગીપૂર્ણ લગ્નને પ્રોત્સાહન**

દહેજની સમસ્યાના સમાધાન માટે શિક્ષિત વ્યક્તિઓ, સમાજ-કાર્યકર, જ્ઞાતિના આગેવાનો, સરકાર તેમજ સ્વૈચ્છિક સંગઠનોએ આગેવાની લઇ સમૂહલગ્નો અને સાદગીપૂર્ણ લગ્નને પ્રોત્સાહન આપવાના પ્રયત્નો કરવાં જોઈએ. પૈસાદાર કુટુંબોએ પોતાના સંતાનોના લગ્નો સાદગીપૂર્ણ અને દહેજ આપ્યા કે લીધા વિના યોજી સમાજમાં દાખલા બેસાડવાનો પ્રયત્ન કરવો જોઈએ. ગરીબ દીકરી-દિકરા માટે સમૂહ લગ્નના આયોજનો કરી દહેજના રિવાજો બંધ થાય તેવા પ્રયત્નો કરવાં જોઈએ.

**(6) મહિલાઓને શિક્ષિત તેમજ આર્થિકરીતે પગભર બનાવવી**

માતા-પિતાએ દીકરીને શિક્ષિત તેમજ આર્થિકરીતે પગભર કરવાના પ્રયત્ન કરવાથી દહેજના દ્રષણ અને તેને કારણે ઊભી થતી સમસ્યાઓના સમાધાન માટેનું તંદુરસ્ત સામાજિક-સંસ્કૃતિક વાતવરણ સર્જવાના પ્રયત્નો કરવા જોઈએ. શિક્ષિત દીકરા-દીકરીઓએ દહેજનો વિરોધ કરવો જોઈએ.

### 2.2.5 દહેજ નિવારણમાં સામાજિક કાર્યકરની ભૂમિકા

સમાજ-કાર્યકરે સ્વૈચ્છિક સંગઠનોના સહયોગ થકી દહેજની સમસ્યાના બદલાતા કારણો અંગે સંશોધનો કરી તેના નિવારણ માટેની યોજનાઓ તૈયાર કરવી જોઈએ. દહેજ અંગે બનતી ઘટનાઓ પ્રત્યે સમાજ-કાર્યકરે સરકાર અને પોલીસનું ધ્યાન દોરવું જોઈએ. દહેજની સમસ્યાના નિવારણ માટે સમાજ-કાર્યકરે જુદીજુદી જ્ઞાતિઓના આગેવાનો સાથે ચર્ચા-વિચારણા કરી તેમને જાગૃતિ અભ્યાનોમાં જોડવા જોઈએ. શાળા-કોલેજ કક્ષાએ જાગૃતિ કાર્યક્રમો અને શેરી નાટકો દ્વારા યુવાવર્ગ અને સમાજને દહેજના દુષ્પ્રભાવથી વાકેફ કરવાના પ્રયત્નો સમાજ-કાર્યકરે કરવા જોઈએ. દહેજના દુષ્પરિણામનો ભોગ બનેલ દીકરી અને કુટુંબને સહકાર આપી ન્યાય મળે તેવા પ્રયત્નો સમાજ-કાર્યકરે કરવા જોઈએ. દીકરીઓ શિક્ષિત અને આર્થિક રીતે પગભર થાય તે માટેના જાગૃતિ કાર્યક્રમો કરી સમાજ-કાર્યકરે સમાજને અપીલ કરવી જોઈએ. જ્ઞાતિઓ દ્વારા યોજાતા સમૂહલગ્નો અને સાદગીપૂર્ણ લગ્નોને પ્રોત્સાહન મળે તેવા પ્રયત્નો સમાજ-કાર્યકર દ્વારા થવા જોઈએ. દહેજને કારણે ઊભી થતી અન્ય સમસ્યાઓ પ્રત્યે સમાજના લોકોનું ધ્યાન જાય તેવા પ્રયત્નો સમાજ-કાર્યકરે કરવા જોઈએ.

## 2.3 મહિલા વિરુદ્ધ હિંસા એક સામાજિક સમસ્યા

### 2.3.1 મહિલા વિરુદ્ધ હિંસાનો અર્થ, આંકડાકીય માહિતી અને કારણો

મહિલા વિરુદ્ધના અત્યાચારોને જાતીય અને જેન્ડર આધારિત અત્યાચારો તરીકે પણ ઓળખવામાં આવે છે. મહિલા વિરુદ્ધના અત્યાચારોનાં સ્વરૂપોમાં બળાત્કાર, વૈવાહિક બળાત્કાર, ઘરેલું-હિંસા, પ્રજનના સંબંધિત જબરદસ્તી, ટોળાહિંસા, જાતીયહિંસા, સ્વતંત્ર વર્તન માટેના બંધનો, સ્ત્રીના સ્વાસ્થ્યની કાળજીનો ઇનકાર, છેતરપિંડી, જાતીય સતામણી, તસ્કરી કરી સેક્સ-વર્કર બનાવવા, વિધવાની કાળજી ના લેવી, મેલીવિદ્યાના આરોપો મુકવા, જનેન્દ્રીઓ સંબંધિત ઈજાઓ પહોંચાડવી, ડામદેવા અથવા સળગાવી દેવી, પ્રસવ કે સુવાવડ સંબંધિત હિંસા, દેશી કે ગામઠી મહિલાઓનું શોષણ, વિદેશી મહિલાઓનું શોષણ, મનોરંજન સંબંધિત હિંસા, સાયબર ગુંડાગીરી, દહેજ, ઓનર-કિલિંગ, એસીડ હુમલા, ગર્ભપાત વગેરે જોવા મળે છે. આમ દહેજ અને મહિલા વિરુદ્ધ થતી હિંસાઓને સામાજિક-વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં નીચે મુજબ સમજી શકાય, જેના માધ્યમથકી સમાજ-કાર્યકર મહિલાઓ સંબંધિત સમસ્યાઓ પ્રત્યે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ કેળવી તેના નિવારણ માટેના પગલાઓ લઇ શકે.

“સ્ત્રી સામે થતા અત્યાચારોમાં (1) ગુનાહિત હિંસા; (2) ઘરેલું હિંસા કે જેમાં દહેજ સંબંધી મૃત્યુ, પત્નીને મારવું, લૈંગિક દુર્વ્યવહાર, વિધવા કે વૃદ્ધો સાથેનો વ્યવહાર વગેરેનો સમાવેશ થાય છે; (3) સામાજિક હિંસા કે જેમાં વિવિધ કારણોસર સ્ત્રી પર સામાજિક દબાણ દ્વારા હાનિ પહોંચાડાય છે.”

(ડૉ. ચંદ્રિકા રાવલ અને શૈલેજા ધ્રુવ:2002:13) મહિલાઓ પર થતી હિંસાઓમાં એક હિંસા કુટુંબમાં જયારે બીજી હિંસા કુટુંબ બહાર થાય છે. મહિલાઓ વિરુદ્ધ થતી હિંસાઓમાં પુરુષપ્રધાન માનસિકતા જવાબદાર હોય છે.

**ભારતમાં મહિલાઓ વિરુદ્ધના કુલ અંદાજીત અપરાધો**

| ક્રમાંક | રાજ્ય | 2013 | 2014 | 2015 | 2016 | 2017 | 2018 |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ઉત્તરપ્રદેશ | 75662 | 79874 | 84086 | 88298 | 92510 | 96722 |
| 2 | મહારાષ્ટ્ર | 43434 | 44636 | 45839 | 47041 | 48244 | 49446 |
| 3 | આંધ્રપ્રદેશ | 41971 | 43406 | 44840 | 46275 | 47709 | 49144 |
| 4 | પશ્ચિમ-બંગાળ | 31828 | 33474 | 35120 | 36766 | 38412 | 40057 |
| 5 | મધ્યપ્રદેશ | 29155 | 29639 | 30123 | 30607 | 31091 | 31574 |
| 6 | ગુજરાત | 25225 | 26259 | 27294 | 28328 | 29363 | 30398 |
| 7 | ઓડીસા | 16496 | 17360 | 18223 | 19087 | 19951 | 20814 |
| 8 | આસામ | 17617 | 18176 | 18736 | 19296 | 19856 | 20415 |
| 9 | કર્નાટક | 16662 | 17341 | 18020 | 18699 | 19378 | 20057 |
| 10 | રાજસ્થાન | 16719 | 17046 | 17372 | 17699 | 18026 | 18353 |

(સ્રોત:http://gigadom.files.cruelty.png:Page No:3)

**ભારતમાં અપહરણ અને જબરદસ્તીથી ઉઠાવી જવાની ઘટનાઓનો અંદાજ**

| ક્રમાંક | રાજ્ય | 2013 | 2014 | 2015 | 2016 | 2017 | 2018 |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ઉત્તરપ્રદેશ | 18060 | 19578 | 21097 | 22615 | 24133 | 25652 |
| 2 | બિહાર | 3955 | 4235 | 4514 | 4794 | 5073 | 5352 |
| 3 | પશ્ચિમ-બંગાળ | 2825 | 2959 | 3093 | 3227 | 3361 | 3495 |
| 4 | આસામ | 2753 | 2844 | 2936 | 3027 | 3118 | 3209 |
| 5 | આંધ્રપ્રદેશ | 2008 | 2102 | 2195 | 2289 | 2382 | 2475 |
| 6 | ગુજરાત | 1908 | 1995 | 2082 | 2169 | 2256 | 2343 |
| 7 | મહારાષ્ટ્ર | 1852 | 1931 | 2009 | 2088 | 2167 | 2246 |
| 8 | તમિલનાડુ | 1736 | 1822 | 1907 | 1993 | 2079 | 2165 |
| 9 | મધ્યપ્રદેશ | 1427 | 1476 | 1526 | 1575 | 1625 | 1675 |
| 10 | ઓડીશા | 1185 | 1254 | 1323 | 1392 | 1461 | 1530 |

(સ્રોત:http://gigadom.files.cruelty.png:Page No:2)

### 2.3.2 મહિલા વિરુદ્ધ હિંસાના કારણો

મહિલાઓ વિરુદ્ધ થતી હિંસાઓ માટે કોઈ એક કારણ નહિ, પરંતુ અનેક સામાજિક, આર્થિક તેમજ માનસિક કારણો જવાબદાર હોય છે. મહિલાઓને લગ્ન પહેલાં અને લગ્ન પછી વિવિધ કારણોસર હિંસાનો ભોગ બનવું પડે છે, જેમના કેટલાંક કારણો નીચે મુજબ છે.

**(1) વ્યક્તિગત કારણો**

વ્યક્તિ-વ્યક્તિએ વિચારો અને બોધનો બદલાતાં હોય છે. ઘણા સંજોગોમાં પુરુષપ્રધાન સમાજની માનસિકતા સ્ત્રી અત્યાચારો માટેનું મહત્ત્વનું પરિબળ બની રહે છે. ઘણા સ્ત્રી-પુરુષો પૂર્વગ્રહ, લઘુતાગ્રંથી, ગુરુતાગ્રંથિ, માનસિક સંઘર્ષ-તાણ, અહમ, ક્રોધી સ્વભાવ, અનુકુલન સાધવાનો અભાવ, શારીરિક-માનસિક ખોળ-ખાપણ, લાંબી માંદગી, કજોડાં વગેરે બાબતો એક-બીજા માટે અસંતોષ જન્માવે છે જેમાંથી હિંસા જન્મે છે. ઘણીવાર દેખાદેખી, મોજશોખ અને ફેશન હિંસાને જન્મ આપે છે. દરેક વ્યક્તિનો ઉછેર તેમજ સામાજીકરણ ભિન્ન-ભિન્ન સામાજિક-સાંસ્કૃતિક પરિસ્થિતિ તેમજ માળખામાં થયું હોવાથી વિચારોમાં તફાવત સર્જાય છે, જે હિંસા માટેનું કારણ બની રહે છે.

**(2) દામ્પત્યજીવન સાથે સંકળાયેલ કારણો**

દામ્પત્યજીવનમાં અનુકુલનના પ્રશ્નો હિંસાને જન્મ આપે છે. લગ્નેતર કે લગ્ન બાહરના જાતીય સંબંધો, જાતીયજીવન, વફાદારી, કૌટુંબીક વાતાવરણ, છૂટાછેડા, ભગ્ન કુટુંબ, કજોડાં, બાળલગ્ન, શિક્ષણ, સગા-સંબંધીઓ સાથેનો વહેવાર, શંકા-કુશંકાઓ, પારસ્પરિક પ્રેમ-વફાદારી, દેખાવ, આંતરજ્ઞાતિય તેમજ આંતરધર્મીય લગ્ન, દારૂ-જુગારનું વેશન, કુટેવો વગેરે પરિબળો સ્ત્રી હિંસા કે અત્યાચારો માટે જવાબદાર હોય છે.

**(3) પુરુષપ્રધાન માનસિકતા**

પુરુષપ્રધાન માનસિકતા સ્ત્રીઓ પર થતી હિંસાઓ માટે જવાબદાર હોય છે. પિતૃસત્તાક કુટુંબોમાં સ્ત્રીઓ પરના અંકુશો હિંસાને જન્મ આપે છે. પુરુષો સ્ત્રી પર પોતાનું અધિપત્ય જમાવી દમન અને શોષણ કરતા હોય છે. કુટુંબમાં મોટાભાગના નિર્ણયોમાં સ્ત્રીઓના વિચારોની બાદબાકી પુરુષપ્રધાન માનસિકતાને દર્શાવે છે. આ પુરુષપ્રધાન માનસિકતા સ્ત્રી અત્યાચારો માટેનું મહત્ત્વનું કારણ બની રહે છે. પુરુષ-પ્રધાનતાવાળા કુટુંબમાં મહિલાઓનું સ્થાન ગૌણ હોય છે, તેમજ સ્ત્રીઓ આર્થિક, સામાજિક અને માનસિક રીતે પુરુષ પર આધારિત રહેવાને કારણે હિંસાનો ભોગ બનતી હોય છે.

**(4) કૌટુંબિક કારણો**

પતિ-પત્નીની પારસ્પરિક ફરજો અને જવાબદારીઓ ઉપરાંત કુટુંબના અન્ય સભ્યો સાથે સ્નેહ, સમજણ અને વિશ્વાસ આવશ્યક છે અને જો સ્ત્રી એમાં નિષ્ફળ નીવડે તો સ્ત્રી માટે અત્યાચારનું વાતાવરણ રચાય છે. લગ્ન પછી સ્ત્રીઓની સામાજિક જવાબદારીઓ તેમજ ભૂમિકાઓમાં વધારો થાય છે, આવા સંજોગોમાં મહિલાઓને અનુકૂલનના પ્રશ્નો અને સમસ્યાઓ હિંસાની પરિસ્થિતિને જન્મ આપી શકે છે. સયુક્ત-કુટુંબોમાં લગ્ન પછી સ્ત્રીઓ પર અનેક સામાજિક બંધનો અને રિવાજોનો બોજો આવે છે જેમાં સ્ત્રી નિષ્ફળ જાય તો તે હિંસાનો ભોગ બને છે. સ્ત્રીનું જન્મનું કુટુંબ અને લગ્ન પછીનું કુટુંબ, આ બંને કુટુંબોની પરિસ્થિતિ તેમજ વાતાવરણ ભિન્ન હોય છે. જ્યાં સ્ત્રીને અનુકુલન સાધવાની સવિશેષ જરૂરિયાતો ઊભી થાય છે. આવા સંજોગોમાં સ્ત્રીની અનુકુલનની નિષ્ફળતા તેને હિંસાનો ભોગ બનાવી શકે છે. સમાજશાસ્ત્રી ડૉ.ગૌરાંગ જાનીના મતે “નજીકના કૌટુંબિક સગાંઓથી માંડી નજીકના સંબધીઓ તેમજ લીવ ઈનમાં રહેતા મહિલાઓના પાર્ટનર અને પૂર્વ પતિ દ્વારા પણ દુષ્કર્મ આચરવામાં આવે છે.”(ભારતીય નારી તસવીર અને તાસીર:2017:53)

**(5) કુટુંબમાં મહિલાઓનો નિમ્ન દરજ્જો**

ભારતીય સમાજ સદીઓથી પુરુષપ્રધાન લાક્ષણિકતાઓ ધરાવતો રહ્યો છે. કૌટુંબિક માળખામાં અને તેના કાર્યમાં સ્ત્રીઓના વિચારોનું સ્થાન અને દરજ્જો દ્વિતીય ક્રમના રહ્યા છે. કુટુંબના મહત્ત્વના નિર્ણયો પુરુષો દ્વારા લેવાતા હોય છે. આ પ્રકારની સામાજિક વ્યવસ્થામાં સ્ત્રીઓના વિચારોને યોગ્ય સ્થાન મળતું ન હોવાથી તેઓ અત્યાચારોનો ભોગ વધારે બનતી હોય છે.

ભારતીય મહિલાને જન્મ અને લગ્ન એમ બે કુટુંબોમાં અનુઝુલન સાધવાનું હોય છે, આવા સંજોગોમાં ઊભાં થતાં પ્રશ્નોમાં હિંસાનો ભોગ સ્ત્રીઓ જ બનતી હોય છે.

**(6) સંતાન-સંબંધિત પ્રશ્નો**

પુરુષપ્રધાન સામાજિક વ્યવસ્થામા દિકરાના જન્મનું સવિશેષ સ્થાન હોય છે. દિકરો પિંડદાન કરનાર તેમજ માતા-પિતાને મોક્ષ અપાવનારા જેવા ધાર્મિક ખ્યાલો આજે પણ સામાજિક વ્યવસ્થામાં વિદ્યમાન છે. દિકરાના જન્મનો ઉત્સવ માનવાવમાં આવે છે જયારે દીકરીની ભ્રૂણહત્યા કરવામાં આવે છે. લગ્ન પછી જો સ્ત્રી પુત્રને જન્મ ન આપી શકેતો તે અનેક પ્રકારે શારીરિક-માનસિક હિંસાનો ભોગ બનતી હોય છે. સ્ત્રી ઉપર હિંસા કરવાનો પુરુષનો અધિકાર છે, તેવું માનવાવાળી પુરુષ માનસિકતા સ્ત્રી અત્યાચારો માટેનું જવાબદાર પરિબળ બની રહે છે.

**(7) દહેજ અને સામાજિક રીવાજો-ધોરણો**

જે દીકરીના માતા-પિતા લગ્નમાં સાસરીપક્ષની અપેક્ષા મુજબનું કરિયાવર કે દહેજ આપી શકતા નથી તેઓની દીકરીઓ પર સાસરીમાં અનેક પ્રકારે હિંસા થવાના દાખલા નોધાયા છે. ઘણા કુટુંબો દહેજને પોતાની આર્થિક સ્થિતિ મજબૂત કરવાનું સાધન સમજતાં હોય છે, આવા કુટુંબોમાં થતા દીકરીના લગ્ન હિંસાને જન્મ આપે છે. હિંદુ ધર્મના આચારો અને વિચારોને આધાર બનાવી સ્ત્રીઓ ઉપર અનેક પ્રકારના બંધનો અને નિયંત્રણો લાદવામાં આવે છે, જેમાંથી હિંસાનો જન્મ થાય છે.

**(8) બાળ-લગ્ન અને સાટા-લગ્ન પ્રથા**

બાળ-લગ્નો અને સાટાલગ્ન પ્રથા સમાજમાં કજોડા ઊભાં કરે છે, આ કજોડા દેખાવ, શિક્ષણ, વિચારો તેમજ માનસિક અનુકૂલનના સંદર્ભમાં હોય છે. આ પરિસ્થિતિ સ્ત્રીને અત્યાચાર તેમજ છૂટાછેડા જેવી હિંસાનો ભોગ બનાવે છે. જે સમાજમાં દીકરીઓનું પ્રમાણ ઓછું છે ત્યાં સાટાલગ્ન વધારે થતા હોય છે, જેમાં દીકરીની ઈચ્છા ન હોવા છતાં તેના લગ્ન ન ગમતાં પુરુષ સાથે કરાવી દેવામાં આવતા હોવાથી તે અનેક પ્રકારની હિંસાનો ભોગ બને છે.

**(9) આર્થિકરીતે આધારિતપણું અને આર્થિક કારણો**

સદીઓથી ભારતીય સમાજમાં સ્ત્રીઓ આર્થિકરીતે પુરુષો પર આધારિત છે. કુટુંબમાં આર્થિક બાબતો સંબંધિત નિર્ણયો મોટેભાગે ઘરના પુરુષો દ્વારા લેવાતાં હોય છે, આ બાબત પણ એક પ્રકારે હિંસાનો જ એક ભાગ છે. સ્ત્રી લગ્ન પછી પોતાના પતિ સાથે અનુકૂલન ન સાધી શકે તો પણ તે ચૂપચાપ પોતાનું જીવન ગુજારતી હોય છે, જેને માટેનું મહત્ત્વનું પરિબળ તે આર્થિકારીતે પોતાના પતિ પર આધારિત હોય છે. આવી પરિસ્થિતિમાં સાસરીમાં સ્ત્રીઓ ઉપર થતી હિંસા તે સ્ત્રી સહન કરી લેતી હોય છે. ગરીબ કુટુંબોમાં આર્થિક જરૂરિયાતો પૂરી કરવાની ક્ષમતાનો અભાવ કે દોષ સ્ત્રીઓ માટે હિંસા જન્માવે છે.

**(10) અન્ય કારણો**

સ્ત્રીઓ ઉપર થતી હિંસાઓ માટે સમાજીકરણની ખામી, સંયુક્ત કુટુંબ, સ્ત્રી-પુરુષનું ચારિત્ર્ય, માનસિક રોગ, બીમારી, જૈવિક તફાવત, પૈસા અને પગાર-ધોરણ, નપુંસકતા, જાતીય જીવનમાં અસંતોષ, અસામાન જાતિ-પ્રમાણ, બળાત્કારી માનસિકતા, પુરુષ હોવાનો અહં, જ્ઞાતિના રિવાજો, કન્યાવિક્રય, કંકુ-કન્યા, કૌટુંબિક જીવનધોરણ, તંગદીલી, કુટેવ, વ્યસન, જાહેર-માધ્યમો, ઔદ્યોગીકરણ, શહેરીકરણ, ગંદા-વસવાટ, સ્ત્રીઓનો દરજ્જો અને ભૂમિકા, ધાર્મિક માન્યતાઓ અને અંધશ્રદ્ધા, સ્ત્રી તસ્કરી, નિરક્ષરતા, સ્ત્રીઓની બદલાતી ભૂમિકા, સ્વતંત્રતા વગેરે જેવા પરિબળો મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

### 2.3.3 મહિલા વિરુદ્ધ હિંસાની અસરો

**(1) માનસિક અસરો**

હિંસાગ્રસ્ત મહિલાઓ અનેક માનસિક બીમારીઓથી પીડાતી હોય છે. હિંસા માત્ર શરીર ઉપર થાય છે પરંતુ તેની સૌથી ખરાબ અસર સ્ત્રીના મનોજગત પર પડતી હોય છે. બળાત્કારનો ભોગ બનેલ દીકરી પોતાના બાકીના જીવનકાળ સુધી અનેક માનસિક યાતનાઓ ભોગવતી હોય છે. આ માનસિક યાતનાઓ માત્ર ને માત્ર ભોગ બનનાર સ્ત્રીજ સમજી શકતી હોય છે. સાસરીપક્ષમાં થતી રોજબરોજની હિંસાઓ, મેણાટાણા અને અપશબ્દો સ્ત્રીના મનોજગત ઉપર નકારાત્મક અસરો ઉપજાવે છે. જે સ્ત્રી દીકરાને જન્મ નથી આપી શકતી તેને સમાજના અનેક વ્યક્તિઓ દ્વારા મેણાંટાણાં મારવામાં આવતા હોય છે. આ તમામ પરિસ્થિતિઓમાં સ્ત્રી હતાંશા, સંઘર્ષ, નિરાશા, વારંવાર ગુસ્સે થવું, અજંપો, આપઘાતનો વિચાર કરવો, ક્રિયાશીલતામાં ઘટાડો અને માનસિક બીમારીનો ભોગ બનતી હોય છે. જેની અસરો તેના શારીરિક આરોગ્ય ઉપર પડતી હોય છે.

**(2) શારીરિક અસરો**

માનસિક આરોગ્યની સીધી અસરો વ્યક્તિના શારીરિક આરોગ્ય ઉપર પડતી હોય છે. શારીરિક હિંસાની અસરોમાં શરીરના વિવિધ ભાગોને ઈજા પહોચવી, શરીર સુજી જવું, હાડકાં ભાંગી જવાં, શરીરના અંગોમાં કાયમી દુખાવો રહેવો, વજન ઘટવું, બેભાન થઈ જવું, ચક્કર આવવા, રોગપ્રતિકારક શક્તિમાં ઘટાડો થવો, શારીરિક ક્ષમતામાં ઘટાડો થવો, કસુવાવડ, જાતીય-રોગો થવા, શરીર પર નિશાન પડી જવાં, ચામડી ખરબ થઈ જવી વગેરે અસરો પડે છે.

**(3) દામ્પત્ય સંબંધો અને કૌટુંબિક અસરો**

વારંવારની હિંસા દામ્પત્યજીવન પર નકારાત્મક અસરો પેદા કરે છે, જેમાંથી છૂટાછેડા જેવી સમસ્યાઓ પેદા થાય છે. દીકરી રિસાઈને વારંવાર પિયર આવે તો પિયરપક્ષના કુટુંબની સામાજિક પ્રતિષ્ઠા જોખમાય છે. વારંવાર દહેજની માંગણીઓ કરવામાં આવે તો પિયરપક્ષનું કુટંબ આર્થિક સમસ્યાઓમાં મુકાય તે સ્વાભાવિક છે.ક્યારેક પિયરપક્ષના સભ્યો ઉપર જીવલેણ હુમલો થાય છે. વારંવાર કુટુંબમાં સ્ત્રી ઉપર થતી હિંસા તે કુટુંબના સભ્યો વચ્ચે તણાવયુક્ત સંબંધોનું નિર્માણ કરે છે.

**(4) બાળકોના સામાજીકરણ ઉપર અસર**

વ્યક્તિના સામાજીકરણની પ્રક્રિયામાં બાળપણનો તબક્કો ઘણો મહત્ત્વનો છે. વ્યક્તિના વ્યક્તિત્વનો વિકાસ કૌટુંબિક વાતાવરણ ઉપર નિર્ભર હોય છે. જે કુટુંબોમાં માતા-પિતા અવારનવાર ઝઘડતાં હોય, ગૃહકંકાસ થતો હોય, અપશબ્દો બોલતા હોય, મહિલા સાથે મારઝૂડ થતી હોય તેવા વાતાવરણમાં ઉછરેલ બાળક સ્ત્રી પ્રત્યે હિંસાત્મક વલણો કેળવે છે. બાળકના પિતા બાળકની નજર સમક્ષ પત્ની એટલેકે બાળકની માતાની સાથે માર-ઝૂડ, હિંસા કરતા હોયતો તે બાળક ભવિષ્યમાં તેની પત્નીને નિયંત્રિત કરવા માટે હિંસા યોગ્ય હથિયાર છે તેવો ખ્યાલ બાંધી દેતાં હોય છે. સતત ચાલતા ગૃહકંકાસથી બાળકોના શિક્ષણ અને ઉછેર પર નકારત્મક પ્રભાવ પડે છે. બાળક પોતાના માતા-પિતાને જોઈએ તેમનું અનુસરણ કરી હિંસા, અપશબ્દો અનેમારઝૂડ શીખી શકે છે. આમ માતા-પિતા બંનેના સંઘર્ષને લીધે બાળકોનું સામાજીકરણ ખામીયુક્ત રહેવાની શક્યતાઓ રહે છે. કયારેક બાળકો ભગ્ન કુટુંબ અને છૂટાછેડા જેવા નકરાત્મક પાસાઓનો ભોગ બને છે, જેથી તેઓમાં પોતાના પિતા પ્રત્યે તિરસ્કારની લાગણી જન્મે છે. ભગ્ન-કુટુંબ કે છૂટાછેડાને કારણે બાળકના શિક્ષણ ઉપર નકરાત્મક અસરો પેદા થવાનો ભય રહે છે.

**(5) આર્થિક અસરો**

મહિલાઓ ઉપર થતી હિંસાને કારણે કુટુંબનું વાતવરણ તંગ બનતું હોય છે, આવા વાતવરણની ખરાબ અસરો નોકરી, ધંધા-રોજગાર પર પડતી હોય છે. કુટુંબની આવકમાં ઘટાડો થવાની સંભાવના રહે છે. વ્યસન, અનૈતિક સંબંધોને કારણે પૈસા ગેરમાર્ગે વપરાય છે, અને એની વિપરીત અસરો સ્ત્રીઓને ભોગવવી પડે છે. ઘરમાં પૈસાની તંગી અને આર્થિક સંકડામણ બાળકોને મજુરી તરફ દોરી જાય છે. આર્થિક તંગી બાળકોના શિક્ષણ અને સામાજીકરણ પર નકારાત્મક પ્રભાવ પાડે છે.

### 2.3.4 મહિલા વિરુદ્ધ હિંસાનું નિવારણ કે ઉપાયો

દરેક સામાજિક સમસ્યાને હળવી કરવા કે સમાધાન માટે અનેક તબક્કે પ્રયત્નો થવા આવશ્યક છે. મહિલા વિરુદ્ધ હિંસાનું નિવારણ કે ઉપાયો માટે ત્રણ તબક્કે કાર્ય થવા અનિવાર્ય છે. એક સરકારીતંત્ર, સ્વૈચ્છિક સંગઠનો અને સામાજિક જાગૃતતા.

**(1) કાયદાઓનો યોગ્ય અમલ અને સરકારી પગલાઓ**

મહિલાઓ વિરુદ્ધની હિંસાનો ઈતિહાસ ઘણો જુનો છે, પહેલાના સમયમાં સતીપ્રથા, બાળલગ્ન, દહેજ, બહુપત્ની લગ્નો, ઘૂંઘટ-પ્રથા, શુકન-અપશુકન, ધર્મના આધારો આપી દીકરીઓનું જાતીય-શોષણ વગેરે. આ સમસ્યાઓ પ્રત્યે સમાજનું ધ્યાન દોરવા અને દુર કરવાના પ્રયત્નો જુદાંજુદાં સમાજ-સુધારકો જેવાકે રાજા રામમોહન રાય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, નર્મદ, દલપતરામ, દયાનંદ સરસ્વતી, કરસનદાસ મુળજી, નવલરામ, દુર્ગારામ, મહિપતરામ, રાનડે, દ્વારા થયા હતાં. બ્રિટીશરો દ્વારા મહિલા સંબધિત અધિકારોના રક્ષણ માટે ઘણા કાયદાઓ આપ્યા હતાં. આઝાદી પહેલા અને પછી અનેક કાયદાઓ સ્ત્રીના રક્ષણ માટે ઘડાય છે, જેમાં પતિ કે સાસરીપક્ષ દ્વારા થતી હિંસા સામે રક્ષણ આપતો ઇન્ડિયન પીનલ કોડ કલમ 498, બળત્કાર જાતીય સંભોગ કલમ 375, બાળાત્કાર માટે સજા કલમ 376, પતિ કે પત્નીની હયાતીમાં બીજા લગ્ન કરેતો કલમ 494, દહેજ પ્રતિબંધક ધારો 1961, દહેજ મૃત્યુ કલમ 304 આપઘાતની દૃષ્પ્રેરણ કલમ 306, ગર્ભપાત કરાવવા અંગે કલમ 312, મેડીકલ ટર્મિનેશન ઓફ પ્રેગનન્સી એક્ટ 1971, ગુનાહિત બળ વાપરવા સામે કલમ 354, અપહરણ માટે કલમ 366, કોઈ સ્ત્રીના શીલનું અપમાન કરવાના ઈરાદાથી ઉચ્ચારેલ શબ્દ, ચેષ્ટા અથવા કૃત્ય માટે કલમ 509, ભરણપોષણ અંગેનો કાનુન 1956, મુસ્લિમ સ્ત્રીઓના છૂટાછેડા પછીના હક્કોના રક્ષણનો કાયદો 1986, સેક્સ-વર્કર વગેરે હેતુઓ માટે સગીરાની ખરીદીવું કલમ 373, સ્ત્રીઓ અને છોકરીઓના અનૈતિક વેપાર પર પ્રતિબંધ ધારો 1956, સતી થતા અટકાવવા અંગેનો ધારો 1987, સ્ત્રીઓને બીભસ્ત રીતે રજુ કરવા ઉપર પ્રતિબંધ મુકવા બાબત અધીનિયમ 1986, રાષ્ટ્રીય મહિલા કમીશન અધિનિયમ 1990, ગુજરાત રાજ્ય કાનૂની સહાય અને સલાહ બોર્ડની સ્થપાન 1982, કુટુંબ સલાહ કેન્દ્રો વગેરે જેવા કાયદાઓ અને જોગવાઈઓ હોવા છતાં તેના અમલ માટેના સરકારીતંત્રની મર્યાદાઓ દૂર કરવામાં નહિ આવે ત્યાં સુધી મહિલા અત્યાચારો અને તેને સંબંધિત સમસ્યાઓનું સમાધાન કે ઉકેલ લાવી શકાય તેમ નથી.માટે આ કાયદાઓનો યોગ્ય અમલ થાય તેવા પ્રયત્ન કરવા જોઈએ.

**(2) સંસ્થાગત પ્રયત્નો અને સામાજિક જાગૃતતા**

મહિલાઓ વિરુદ્ધની હિંસાઓ અટકાવવા માટે સામાજિક જાગૃતતા અને સહકારની આવશ્યકતા છે, જેના માટે વ્યક્તિ, જ્ઞાતિના આગેવાનો, શિક્ષિત લોકો, કુટુંબ, સમાજના વિવિધ સમુદાયો, ધારાશાસ્ત્રીઓ, મહિલા આયોગ, સમાજકાર્યકરો, મનોવૈજ્ઞાનિકો, સમાજશાસ્ત્રીઓ, શિક્ષકો, શાળા-કૉલેજોમાં જાગૃતિ અને અભ્યાસક્રમો, સ્વ-બચાવ, તબીબો, સ્ત્રીઓની ભૂમિકા વગેરે તબક્કે કાર્ય અને જાગૃતતા લાવવાના સહિયારા પ્રયત્નો થવાં જોઈએ. 8 માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી માત્ર પ્રતીકાત્મક ન બની રહે તેવા પ્રયત્નો કરવાં જોઈએ. સ્ત્રીઓને

પોતાના અધિકારો માટે જાગૃત કરવાના પ્રયત્ન કરવાં જોઈએ. મહિલાઓને આર્થિકરીતે સક્ષમ કરવાના પ્રયત્નો કરવા જોઈએ. સામાજિક વિઘટનકારી તત્વોને દૂર કરવાનાં પ્રયત્નો કરવા જોઈએ. સામાજિક કુરિવાજો અને કુપ્રથાઓ દુર કરવાના પ્રયત્નો થવા જોઈએ. સ્ત્રીઓની વિચારસરણીમાં પરિવર્તન લાવવાના પ્રયત્નો કરવા જોઈએ. સ્વૈચ્છિક સંગઠનો દ્વારા આ સમસ્યાના નિવારણ અર્થે જનજાગૃતિ કાર્યક્રમો દ્વારા સામાજિક જાગૃતિ વિકસાવવાના પ્રયત્નો જરૂરી છે. સ્વૈચ્છિક સંગઠનોએ જાગૃતિ માટે ઝુંબેશો ચલાવવી, અવાજ ઉઠાવવો, સભા સરઘસ યોજવા જેવા સામુહિક પગલાં લેવાં જોઈએ. સ્વૈચ્છિક સંગઠનો અને સ્વાયત સંસ્થાઓ દ્વારા કુટુંબ સલાહ કેન્દ્રો ખોલવા જોઈએ અને સ્ત્રીઓ અને તેના પરિવાર જનોને જરૂરી માર્ગદર્શન અને સલાહ વિના મૂલ્યે મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. હિંસાનો ભોગ બનેલ દીકરી કે સ્ત્રીને હૂંફ, સહકાર, સલામતી, શક્તિ, સહાય અને માર્ગદર્શન મળી રહે તેવા પ્રયત્નો સ્વૈચ્છિક સંગઠનો દ્વારા થવા જોઈએ.

### 2.3.5 મહિલા વિરુદ્ધ હિંસાનાં નિવારણમાં સામાજિક કાર્યકરની ભૂમિકા

બદલાતી સામાજિક વ્યવસ્થા સાથે સમાજમાં સ્ત્રીઓનું સ્થાન અને ભૂમિકા બદલાતા જાય છે. સમાજ-કાર્યકરે બદલાતી સામાજિક ભૂમિકા અને વ્યવસ્થાના સંદર્ભમાં સ્ત્રીઓની સમસ્યાઓને તપાસવાનો પ્રયત્ન કરવો જોઈએ. સમાજ-કાર્યકરે મહિલાઓ સંબધિત સમસ્યાઓ અને તેના બદલાતાં સ્વરૂપો અંગે સંશોધનો કરી સમસ્યાના સમાધાન માટે કુટુંબ, સરકાર તેમજ સ્વૈચ્છિક સંગઠનોને સૂચનો કરવા જોઈએ. સમાજ-કાર્યકરે કુટુંબ સલાહ કેન્દ્રોમાં સેવા આપી તેની કાર્યશૈલીને વિસ્તારવાનો પ્રયત્ન કરવો જોઈએ. અત્યાચારનો ભોગ બનેલ મહિલાઓને જોઈતી મદદ માટેસ્વૈચ્છિક સંગઠનો સુધી પોહાચાડવાના પ્રયત્નો કરવા જોઈએ. શાળા-કૉલેજમાં મહિલા અત્યાચારો અંગે જાગૃતિ કાર્યક્રમો યોજવાં જોઈએ. સ્ત્રી અત્યાચાર સામે લોક જાગૃતિ વધે તે માટે શેરી નાટકો, ચિત્ર સ્પર્ધાઓ, નિબંધ સ્પર્ધાઓ, સેલ્ફ-ડિફેન્સ માટેના તાલીમ વર્ગો વગેરેનું આયોજન કરવું જોઈએ. સ્ત્રી આર્થિક રીતે પગભર થાય તેવા પ્રયત્નો સરકાર અને સ્વૈચ્છિક સંગઠનો દ્વારા નિરંતર થાય તેનું ધ્યાન સમાજ-કાર્યકરે રાખવું જોઈએ. મહિલા સુરક્ષા સંબંધિત કાયદાઓ તેમજ હેલ્પલાઇન નંબરો અંગે લોકોને જાગૃત કરવા જોઈએ. સ્ત્રી નિષ્ણાત ડૉકટર્સને મહિલાઓ સંબધિત અત્યાચારોથી જાગૃત કરી ભ્રૂણહત્યા રોકવા માટેના પ્રયત્નો સમાજ-કાર્યકરે કરવા જોઈએ. સમાજ-કાર્યકરે સખીમંડળો, ઓદ્યોગિક-મંડળો અને સ્વૈચ્છિક સંગઠનોના સહયોગથી મહિલા સશક્તિકરણના કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ.

## 2.4 ઉપસંહાર

આ બધીજ મુશ્કેલીઓ છતાં પણ સ્ત્રી સંસ્થાઓની કાર્યપ્રણાલીકાના સંકુચિતત્વ કે સમાંન્યત્વ ઉપર જાગૃત સ્ત્રીઓનું લક્ષણ દોરાયું છે, નવા માર્ગો શોધવાની કે આ પરીસ્થિતિમાંથી ઉગરવાની તમન્નાં પ્રગતીસૂચક છે. સ્ત્રી-સંસ્થાનોની પ્રવૃત્તિ ભલે એકધારી હોય, છતાં પણ સ્ત્રીઓ પોતેજ પોતાનો માર્ગ નિશ્ચિત કરવાને અધિકારી છે. સ્ત્રીઓએ પોતાનું જીવન કેવીરીતે ઘડવું એ નક્કી કરવાનો અધિકાર છે. સ્ત્રીઓના દરજ્જામાં મૂળભૂત પરિવર્તન આવ્યું છે એ નિ:શંક હકીકત છે. પરંતુ એ પરિવર્તનને વધારે દૃઢ કરવા માટે, સર્વવ્યાપી બનાવવવા માટે, પ્રયાસોની આવશ્યકતાઓ છે. સમાનતાનો સિદ્ધાંત કાયદેસર રીતે માન્ય રાખવા માટે જેમ લડતો ઉપાડવામાં આવી હતી તે જે પ્રમાણે સંસ્થાત્મક પરિવર્તનો આણવાને માટે પણ એટલી જ ઉગ્ર તપસ્યા-આંદોલનની તેમજ લડતની આવશ્યકતાઓ પ્રવર્તમાન સમયમાં જણાય છે.

## 2.5 તમારી પ્રગતિ ચકાસો (MCQ)

(1) લગ્નના કરાર કે ભાગ સ્વરૂપે આપતી ભેટસોગાદો અને પૈસા?

(અ) રિવાજ (બ) પરંપરા (ક) દહેજ (4) ઉપહાર

(2) દહેજ મૃત્યુના સંદર્ભમાં કયા રાજ્યની સ્થિતિ ભયજનક છે?

(અ) ઉત્તરપ્રદેશ (બ) ગુજરાત (ક) કેરલ (ડ) રાજસ્થાન

(3) વર્ષ 2018માં અંદાજે કેટલી સ્ત્રીઓ પતિ કે સગસંબધિઓ દ્વારા ક્રૂરતાનો ભોગ બની હતી?

(અ) 22255 (બ) 33589 (ક) 26046 (ડ) 87962

(4) ગુજરાતમાં વર્ષ 2018મા મહિલાઓ વિરુદ્ધ અંદાજે કેટલા કેસો નોંધાયા હતાં?

(અ) 30398 (બ) 30303 (ક) 87452 (ડ) 32564

(5) દહેજ પ્રતિબંધક ધારો કયા વર્ષમાં અમલમાં આવ્યો?

(અ) 1952 (બ) 1981 (ક) 1961 (ડ) 1882

## 2.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો (MCQ)

પ્રશ્ન-1- (ક)

પ્રશ્ન-2- (અ)

પ્રશ્ન-3- (ક)

પ્રશ્ન-4- (અ)

પ્રશ્ન-5- (ક)

## 2.7 ચાવીરૂપ શબ્દો

**(1)** **દહેજ :** "આપણા લગ્નોમાં બંને પક્ષે જે લેવડદેવડ થાય છે તેને અનેક નામે ઓળખવામાં આવે છે: દહેજ, દાયજો, આણું, કરિયાવર વગેરે."(ડૉ. અક્ષયકુમાર દેસાઈ, ડૉ.નીરા દેસાઈ :1980:57) આમ દહેજ એટલે વરપક્ષ તરફથી કન્યાપક્ષને અને કન્યાપક્ષથી વરપક્ષને લગ્નના સંબંધમાં આપવામાં આવતી તમામા ભેટસોગાદો, વસ્તુઓ તેમજ પૈસા દહેજ કહેવાય છે.

**(2)** **અત્યાચાર કે હિંસા :** "એન્સાઈક્લોપીડિયા ઓફ ક્રાઈમ એન્ડ જસ્ટિસમાં દર્શાવ્યું છે કે હિંસા વાસ્તવિક કે કાલ્પનિક પ્રકાર સાથે સંબંધિત અભિવ્યક્તિ છે. આ પ્રકારના વેવ્યહારના પરિણામ સ્વરૂપે કોઈપણ પ્રકારની વ્યક્તિગત ખોડ, સંપતિ વિનાશ અથવા વ્યક્તિનું મૃત્યું થઈ શકે છે."(ડૉ. ચંદ્રિકા રાવલ અને શૈલેજા ધ્રુવ:2002:13)

**(3)** **કાયદો** : "જે સામજિક ધોરણોનાં રચના, અમલ, અર્થઘટન અને ન્યાય તેમજ સુધારા કે પુનર્રચના માટે રાજ્યસત્તાના પીઠબળવાળા ઓપચારિક તંત્રો અને પેટાતંત્રો હોય છે તેમને કાયદા તરીકે ઓળખવામાં આવે છે. સમાજસંચાલન માટે રાજ્ય દ્વારા ઘડાયેલ ઔપચારિક લિખિત સ્વરૂપનું સામાજિક ધોરણ એટલે કાયદો."(ડૉ. જોષી વિદ્યુત:2016:38)

## 2.8 સ્વાધ્યાય લેખન

(1) દહેજનો અર્થ અને કારણો સમજાવો.

........................................................................

........................................................................

........................................................................

........................................................................

(2) દહેજની અસરો જણાવી દહેજ નિવારણ ના ઉપાયો ચર્ચો.

........................................................................

........................................................................

...................................................................

...................................................................

(3) મહિલા વિરુદ્ધ હિંસા અર્થ અને કારણો સમજાવો.

...................................................................

...................................................................

...................................................................

...................................................................

(4) મહિલા વિરુદ્ધ હિંસાની અસરો વર્ણવો.

...................................................................

...................................................................

...................................................................

...................................................................

(5) મહિલા વિરુદ્ધ હિંસાનું નિવારણ કે ઉપાયો સૂચવો.

...................................................................

...................................................................

...................................................................

...................................................................

(6) દહેજ અને મહિલા વિરુદ્ધ હિંસા નિવારણમાં સામાજિક કાર્યકરની ભૂમિકા સમજાવો.

...................................................................

...................................................................

...................................................................

...................................................................

## 2.9 પ્રવૃત્તિ

(1) કોઈપણ એક મહિલા સંગઠનની મુલાકાત લઇ અહેવાલ તૈયાર કરો

## 2.10 કેસ સ્ટડી

(1) દહેજ અને અત્યાચારનો ભોગ બનેલ કોઈપણ ત્રણ બહેનોનો કેસ-સ્ટડી કરો.

## 2.11 સંદર્ભગ્રંથ


(1) Edwin H. Sutherland and Donald R. Cressey (1965), Principles of Criminology, THE TIMES OF INDIA PRESS, BOMBAT. (Sixth Edition)

(2) કપૂર પ્રેમિલા (1976) ભારતમેં વિવાહ ઓર કામકાજી મહિલાઓ, રાજકમલ પ્રકાશન, દિલ્હી. (હિન્દી)

(3) રાવત હરિકૃષ્ણ(2002), સમાજશાસ્ત્ર વિશ્વકોષ, રાવત પબ્લિકેશન, જયપુર.

(4) ડૉ. અક્ષયકુમાર દેસાઈ અને ડૉ. નીરા દેસાઈ (1978) સ્ત્રી વિમુક્તિની સમસ્યાઓ, આર.આર.શેઠ કંપની, અમદાવાદ.

(5) ડૉ. અક્ષયકુમાર દેસાઈ અને ડૉ. નીરા દેસાઈ (1968) સંયુક્ત કુટુંબ વ્યવસ્થા, આર.આર.શેઠ કંપની, અમદાવાદ.

(6) ડૉ. ગૌરાંગ જાની (2017), ભારતીય નારી તસવીર અને તાસીર, માતૃભાષામાં સમાજશાસ્ત્ર અભિયાન.

(7) પટેલ મગનભાઈ આર.(1989), પ્રાચીન ભારતમાં નારી, વલ્લભ વિદ્યાનગર, આણંદ.

(8) ડૉ. અક્ષયકુમાર દેસાઈ અને ડૉ. નીરા દેસાઈ (1980) ભારતીય સ્ત્રીનો પલટાતો દરજ્જો, આર.આર.શેઠ કંપની, અમદાવાદ.

(9) ડૉ. વિદ્યુત જોષી (2016) પારિભાષિક કોશ-સમાજશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(10) ડૉ. શાહ ભાનુમતી અને ડૉ. ફરીદા કંપનીવાલા(2002) સ્ત્રી સંસ્કૃતિની આધારશીલા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ

(11) ડૉ.ચંદ્રિકા રાવલ (1993), અસંગઠિત વિભાગમાં સ્ત્રીકામદારો, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ

(12) ડૉ. ચંદ્રિકા રાવલ અને ડૉ. શૈલેજા ધ્રુવ(2008)ગુજરતમાં સ્ત્રીઓનો દરજ્જો, પાર્શ્વ પબ્લિકેશન અમદાવાદ.

(13) ડૉ. ચંદ્રિકા રાવલ અને ડૉ. શૈલેજા ધ્રુવ (2002), નારી વ્યથા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.

(14) ડૉ. હર્ષિદા દવે (2016) સામાજિક સમસ્યાઓ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(15) નાટાણી શોભા (2011), ગેરસરકારી સંગઠન (પ્રબંધ અને સંરચના), પ્રીઝમ બુક્સ, જયપુર

(16) http://gigadom.files.dowrydeaths.png:page no.2)

(17) http://gigadom.files.cruelty.png:Page No:3)

(18) http//en.wikipedia.violence_against_women

(19) http//en.wikipedia.org/Dowry system_in_India

# એકમ–3 કિશોર કે બાળ-અપરાધ

## : એકમનું માળખું :

3.0 પ્રસ્તાવના
3.1 એકમના હેતુઓ
3.2 કિશોર કે બાળ-અપરાધની વ્યાખ્યા અને અર્થ
3.3 કિશોર કે બાળ-અપરાધની આંકડાકીય માહિતી
3.4 કિશોર કે બાળ-અપરાધના કારણો
3.5 કિશોર કે બાળ-અપરાધની સામાજિક અસરો
3.6 કિશોર કે બાળ-અપરાધ નિવારણ કે ઉપાયો
3.7 કિશોર કે બાળ-અપરાધ નિવારણમાં સમાજ-કાર્યકરની ભૂમિકા
3.8 ઉપસંહાર
3.9 તમારી પ્રગતિ ચકાસો (MCQ)
3.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો (MCQ)
3.11 ચાવીરૂપ શબ્દો
3.12 સ્વાધ્યાય લેખન
3.13 પ્રવૃત્તિ
3.14 કેસ સ્ટડી
3.15 સંદર્ભગ્રંથ

## 3.0 પ્રસ્તાવના

બાળ-અપરાધનો અર્થ બે આધારો પર દર્શાવી શકાય છે, એક ઉંમર અને બીજું વહેવારની પ્રકૃતિ. ઉંમરની દ્રષ્ટિએ મખ્યત્વે સાતથી સોળ કે અઢાર વર્ષના વચ્ચે અપરાધ કરનાર બાળ-અપરાધીઓનો સમાવેશ થાય છે. સાત વર્ષથી નાની વયના બાળકોના કોઈપણ ધોરણભંગ વર્તન માટે તેમને જવાબદાર માનવામાં આવતાં નથી.આવ બાળકો અપરાધી પ્રવૃત્તિ કરે તો તેમની ઓછી-બુદ્ધિના ઘણી તેમને સુધારાગૃહમાં નિરીક્ષણમાં રાખવામાં આવે છે, તેમને કોઈ સજા થતી નથી.બાળ-અપરાધ માટેની વયજૂથ ભારતના મોટાભાગના રાજ્યોમાં સમાન છે, પરંતુ વિશ્વમાં બાળ-અપરાધ માટે નક્કી કરેલ વયજૂથ જુદીજુદી જોવા મળે છે. બાળ-અપરાધ માટેને ઉચ્ચ સીમાના સંદર્ભમાં તફાવત જોવા મળે છે, જેમકે અમેરિકામાં અઢાર વર્ષ, ઈંગ્લેન્ડમાં સત્તર વર્ષ જયારે જાપાનમાં વીસ-વર્ષ સુધીના વ્યક્તિને બાળક ગણવામાં આવે છે. આમ જેતે સમાજ કે રાષ્ટ્રે નક્કી કરેલ વયજૂથના સંદર્ભમાં બાળ-અપરાધની વ્યાખ્યા કરી શકાય.વહેવારની દ્રષ્ટીએ માત્ર નાની ઉંમરને કારણે કાનૂનો ભંગ કરનાર બાળકોનેજ બાળ-અપરાધી ગણવામાં આવે છે એવું નથી સમાજની દ્રષ્ટિએ અનુચિત વર્તન-વહેવારો જેનાથી બાળકો અપરાધી પ્રવૃત્તિ તરફ જઈ શકે તેને પણ બાળકોના અપરાધ ગણવામાં આવે છે, જેમકે ઘરેથી ભાગી જવું, કોઈ કારણ વિના શાળામાં ગુલ્લી મારવી, માતા-પિતાના આદેશો ન માનવા, અશ્લીલ ભાષા-શબ્દોનો ઉપયોગ કરવો વગેરે વહેવારની પ્રકૃતિની દ્રષ્ટિએ બાળ-અપરાધ માનવામાં આવે છે. આમ બાળ-અપરાધ એક એવો વહેવાર છે જે સમાજ કે સમુદાય દ્વારા યોગ્ય માનવામાં આવતો નથી.બાળ-અપરાધના સંદર્ભમાં બે પ્રકારના મતો જોવા મળે છે, એક કિશોરાવસ્થામાં ગેરવર્તનની

તમામ સમસ્યાઓને સમાવી લે તેટલી વિશાળ અને બીજું કાયદા વિરુદ્ધનું વર્તન, આ બે પ્રકારનાપાસાંઓને કિશોર અપરાધની વ્યાખ્યામાં સમાવિષ્ટ કરવામાં આવે છે.

ભારતમાં બાળ-અપરાધના સ્વરૂપોમાં દીકરાઓ કરતા દીકરીઓમાં અપરાધનું પ્રમાણ ઘણું ઓછું છે, તેમજ બાળ-અપરાધ કિશોરાવસ્થામાં વધારે જોવા મળે છે. અપરાધની પ્રકૃતિનું અપરાધીની ઉંમરથી ઘનિષ્ઠ સંબંધ હોય છે. ગ્રામીણ સમાજની તુલનામાં શહેરી સમુદાયમાં અપરાધ વધારે થાય છે. કિશોરાવસ્થામાં થતા અપરાધો મોટેભાગે નિમ્ન આર્થિક-સામાજિક વર્ગોમાં વધારે જોવા મળે છે.

## 3.1 એકમના હેતુઓ

- બાળ કે કિશોરાવસ્થામાં અપરાધનું સામાજિક સ્વરૂપ સમજવું

- બળ-અપરાધના કારણો સમજવા

- બાળ-અપરાધની સમસ્યાની અસરો સમજી નિવારણ વિશે વિચારવું

- બાળ-અપરાધની સમસ્યાના નિવારણમાં સમાજ-કાર્યકરની ભૂમિકા સમજવી

## 3.2 કિશોર કે બાળ-અપરાધની વ્યાખ્યા અને અર્થ

જુદાંજુદાં રાષ્ટ્ર અને સમાજોમાં કાયદાકીય દ્રષ્ટિકોણથી બાળ-અપરાધની વ્યાખ્યામાં જુદીજુદી વયજૂથનો સમાવેશ થાય છે, પરંતુ સામાજિક પરિપ્રેક્ષ્યમાં સામાજિક ધોરણભંગ વર્તનને સામાજિક સમસ્યા કે અપરાધ તરીકે ઓળખવામાં આવે છે. "બાળ-અપરાધી માત્ર એવા બાળકોને જ માનવામાં નથી આવતા જે, કાનૂની ધોરણોનો ભંગ કરે, પરંતુ એવા વર્તનોને પણ બાળ-અપરાધ માનવામાં આવે છે, જે વર્તન સમાજમાં અસ્વીકાર્ય હોય. કેમકે તેનો આ દુર્વ્યવહાર તેને અપરાધ કરવા માટે ઉતેજીત કરે શકે છે અથવા તેને અપરાધી બનાવવાનો ખતરો પેદા કરે છે"(Cyril Burt:1955:15)

"કોઈ નિશ્રિત ઉંમરથી નીચેનાં બાળકો દ્વારા કરવામાં આવતો સમાજ વિરોધી વ્યવહાર. આ પ્રકારના વ્યવહારનો કાયદા દ્વારા નિષેધ હોય છે. મોટેભાગે આધુનિક સમાજોમાં બાળઅપરાધની વાયમર્યાદા સોળથી અઢાર વર્ષ સુધી નિશ્ચિત કરવામાં આવી છે. અલગ અલગ દેશો અથવા રાજ્યોમાં બાળગુનેગારોની ઉંમર અને વ્યવહારના સંદર્ભમાં વિવિધતા પ્રવર્તે છે".(જોષી વિદ્યુત:2016:98)

"બાળઅપરાધ શબ્દ અપરાધી ધોરણોનું ઉલંઘન ઉપર તથા તેના વ્યવહાર ઉપર લાગુ પડે છે, જેને બાળકો કે યુવાનોમાં સમાજ દ્વારા અયોગ્ય માનવામાં આવે છે."(Reckless:1956:3)

"બાળ અપરાધ પરની યુ.એસ. કોંગ્રેસે કબૂલ કર્યું છે કે, બાળ અપરાધ એ સરળ શબ્દ નથી. એ કહે છે કે, બાળ અપરાધ શબ્દ બાળકો અને તરુણોના મોટાભાગના અસ્વીકૃત વર્તન માટે ઉપયોગમાં લેવાય છે. આ દ્રષ્ટિએ જે કોઈ વર્તન અન્ય લોકોને ન ગમે તેને બાળ અપરાધ કહી શકાય. અન્ય શબ્દોમાં કહીએ તો બાળ અપરાધ એવા વર્તનનો ઉલ્લેખ છે કે જેને સમાજ સ્વીકારતો નથી અને તે માટે સજા કે સુધારાત્મક ઉપાયો અપનાવવાનું વ્યાજબી માને છે."(ડૉ. હર્ષિદા દવે:2016:145)

"કોઈપણ સમસ્યાની પૂરતી સમજ માટે શક્ય એટલા ચોક્કસાઈભર્યા શબ્દોમાં તેની વ્યાખ્યા બાંધવી અનિવાર્ય છે. એટલે બાળ-અપરાધની વિવિધ વ્યાખ્યાઓ કે સમજૂતીઓમાં રહેલી આત્મલક્ષિતા, સાપેક્ષતા અને વિવિધતા વચ્ચે પણ તેમનામાં રહેલો મૂળભૂત સમાન અર્થધ્વનિ પકડવો જોઈએ. અને તેને આધારે બાળ-અપરાધ તથા બાળ-અપરાધીની વિભાવનાઓનો શક્ય એટલો સર્વસામાન્ય સ્પષ્ટ અર્થ તારવવો જોઈએ."

આમ બાળઅપરાધ એ સમાજ દ્વારા નક્કી કરેલ વયજૂથના વ્યક્તિ દ્વારા થતાં ઔપચારિક અને અનઔપચારિક ધોરણો કે કાયદાનો ભંગ.

## 3.3 કિશોર કે બાળ-અપરાધની આંકડાકીય માહિતી

### કિશોર-અપરાધ (IPC AND SLL)

| રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો | 2016 | 2017 | 2018 | સમગ્ર ભારતના સંદર્ભમાં કિશોર-અપરાધની ટકાવારી (2018) |
|---|---|---|---|---|
| આંધ્રપ્રદેશ | 809 | 1122 | 966 | 3.1 |
| અરુણાચલ પ્રદેશ | 57 | 48 | 31 | 0.1 |
| આસામ | 436 | 192 | 150 | 0.5 |
| બિહાર | 2335 | 1142 | 671 | 2.1 |
| છત્તીસગઢ | 1953 | 1952 | 1911 | 6.0 |
| ગોવા | 21 | 24 | 20 | 0.1 |
| ગુજરાત | 1681 | 2013 | 2040 | 6.5 |
| હરિયાણા | 1186 | 1030 | 1178 | 3.7 |
| હિમાચલ પ્રદેશ | 204 | 184 | 232 | 0.7 |
| જમ્મુ-કાશ્મીર | 198 | 187 | 285 | 0.9 |
| ઝારખંડ | 140 | 75 | 79 | 0.3 |
| કર્ણાટક | 453 | 499 | 528 | 1.7 |
| કેરલ | 628 | 481 | 475 | 1.5 |
| મધ્યપ્રદેશ | 7369 | 6491 | 5232 | 16.6 |
| મહારાષ્ટ્ર | 6606 | 6026 | 5880 | 18.6 |
| મણીપુર | 10 | 12 | 10 | 0.0 |
| મેઘાલય | 84 | 93 | 71 | 0.2 |
| મિઝોરમ | 53 | 21 | 31 | 0.1 |
| નાગાલેંડ | 18 | 12 | 10 | 0.0 |
| ઓડીશા | 994 | 1111 | 1078 | 3.4 |
| પંજાબ | 117 | 215 | 236 | 0.7 |
| રાજસ્થાન | 2273 | 2048 | 2068 | 6.5 |
| સિક્કિમ | 27 | 24 | 09 | 0.0 |
| તમિલનાડુ | 2217 | 2376 | 2304 | 7.3 |
| તેલંગાણા | 998 | 1365 | 1408 | 4.5 |
| ત્રિપુરા | 25 | 37 | 44 | 0.1 |
| ઉતરપ્રદેશ | 1438 | 825 | 1048 | 3.3 |
| ઉત્તરાખંડ | 124 | 159 | 179 | 0.6 |
| પશ્ચિમ-બંગાળ | 709 | 577 | 503 | 1.6 |
| અંદાબાર-નિકોબાર | 12 | 16 | 25 | 0.1 |
| ચંડીગઢ | 96 | 159 | 137 | 0.4 |
| દાદરા-નગર હવેલી | 00 | 11 | 12 | 0.0 |
| દીવ-દમણ | 07 | 10 | 03 | 0.0 |
| દિલ્હી | 2499 | 2965 | 2727 | 8.6 |
| લક્ષદીપ | 00 | 00 | 00 | 0.0 |
| પોંડિચેરી | 72 | 104 | 10 | 0.0 |
| કુલ | 35849 | 33606 | 31591 | 100 % |

(સ્રોત:NCRB, Volume-1, Crime in India-2018, Page No-403)

બાળઅપરાધ સંદર્ભે બનતી ઘટનાઓના અનુસંધાનમાં કારણો બદલાતા રહે છે. જુદીજુદી સામાજિક પરિસ્થિતિમાં થતા અપરાધી વર્તન માટે જુદાંજુદાં કારણો જવાબદાર હોય છે, નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો(NCRB) 1017ના રીપોર્ટ મુજબ મોટાભાગના બાળ-અપરાધીઓ અશિક્ષિત હતાં. ભારતીય દંડ સહિતાં મુજબમધ્યપ્રદેશ, છત્તીસગઢ, મહારાષ્ટ્ર મિઝોરમ, સિક્કિમ તેમજ દિલ્હીમાં સહુથી વધારે કિશોર-અપરાધો જાણવા મળ્યા હતાં. આ અહેવાલ મુજબ ભારતમાં કિશોર કે બાળ-અપરાધમાં મિલકત સંબંધિત, ચોરી, લૂટ-માર, ડકૈતી, લિંગ- ઉત્પીડન, યોન-અપરાધ, શાળાથી ભાગી જવું, મોળી રાત સુધી ઘરેથી બહાર રહેવું, હત્યા અને બળાત્કાર જેવા અપરાધોના સ્વરૂપો જોવા મળ્યા હતાં. કિશોર કે બાળ-અપરાધના કેટલાક સર્વસામાન્ય સામાજિક, આર્થિક તેમજ સાંસ્કૃતિક કારણો નીચે મુજબ તારવી શકાય છે.

## 3.4 કિશોર કે બાળ-અપરાધનો કારણો

### 3.4.1 કુટુંબ

કુટુંબ એ બાળકોના સામાજીકરણ માટેની મહત્ત્વની એજન્સી કે સંસ્થા છે. બાળકના ઉછેર અને વર્તન ઉપર કુટુંબનો પ્રભાવ હોય છે. બાળકોને કુટુંબમાં ધોરણ-અનુરૂપ વર્તન કરવાની તાલીમ આપવાની મહત્ત્વની ભૂમિકા અદા કરવાની જવાબદારી હોય છે, આવા સંજોગોમાં જો બાળકોને સમાજ અનુરૂપ વર્તન કરતા શીખવાડવામાં ન આવે તો તે બાળક અપરાધી પ્રવૃત્તિ તરફ જઈ શકે છે. છૂટાછેડા લીધેલ તેમજ ભગ્ન કુટુંબોમાં ઉછરતાં બાળકોને માતા-પિતા બન્નેના પ્રેમ અને હૂંફની જરૂરિયાત વર્તાય છે આવા સંજોગોમાં બાળક અપરાધી બની શકે છે. બાળકની તમામ પ્રકારની આર્થિક-સામાજિક જવાબદારી પૂરી કરવાની જવાબદારી કુટુંબની હોય છે, આવા સંજોગોમાં જે કુટુંબો આર્થિક રીતે સક્ષમ ન હોય ત્યારે, બાળકોની જરૂરિયાતો પૂરી કરવામાં નબળા સાબિત થાય છે, આવા સંજોગોમાં બાળકના અપરાધી બનવાની સંભાવના વધી જાય છે. આમ કુટુંબ એ સામાજીકરણનું મુખ્ય સાધન છે, જે બાળકના અપરાધી વર્તનને અંકુશમાં રાખે અથવાતો તેના વર્તનને સહાયક બને છે. માતા-પિતા દ્વારા બાળકોનો તિરસ્કાર, કુટુંબની આર્થિક દશા, ભીડ-ભાડ વાળા કુટુંબો, અપરાધી ભાઈ-બહેન કે માતા-પિતા વગેરે પરિબળોની અસર બાળ-અપરાધ ઉપર પડતી હોય છે.

### 3.4.2 ખરાબ-સંપર્ક અને મિત્રજૂથ

બાળપણ અને કિશોરાવસ્થા એક એવી વયજૂથ છે જયારે વ્યક્તિ નવુંનવું શીખવા અને જાણવા માટે આતુર હોય છે. આ અવસ્થામાં તેને કેવા મિત્રો મળે છે તે ખૂબજ મહત્ત્વનું છે. ખરાબ મિત્રોની સોબત બાળકને અપરાધી પ્રવૃત્તિ તરફ દોરી જાય છે. મિત્રજૂથ સામાજીકરણના તબ્બકાની મહત્ત્વની એજન્સી છે, માટે આ તબક્કામાં કુટુંબએ બાળકની વિશેષ કાળજી રાખવી પડે છે. આ સમયગાળા દરમ્યાન તે કેવા વ્યક્તિઓ કે મિત્રોના સંપર્કમાં આવે છે તે ઘણું અગત્યનું છે. ખરાબ સંપર્ક અને મિત્રો બાળકને અપરાધી વર્તનો તરફ દોરી જઈ શકે છે.

### 3.4.3 પડોશીજુથ

બાળકને વર્તન શીખવાના તબ્બકાઓમાં તેને મળેલ સામાજિક-સાંસ્કૃતિક તેમજ આર્થિક વાતાવરણ ઘણું મહત્ત્વનું બની રહે છે. બાળઉછેરમાં પાડોશી-જૂથોની મહત્ત્વની ભૂમિકા રહેલી હોય છે. બાળકના પડોશમાં જો અપરાધી પ્રવૃત્તિ ચાલતી હોય તો તેની અસર બાળક પર પડી શકે છે અને તે બાળક જાણે અજાણે ધોરણભંગ વર્તન શીખતો હોય છે. આ ઉંમરે જિજ્ઞાસાવૃતિ અને નવું શીખવાની હોવાથી બાળક પાડોશીના વર્તનને જોઈ તેપણ તેવા વર્તન કરવા પ્રેરાય છે. આમ અપરાધી પાડોશી બાળકને અપરાધી તેમજ ધોરણભંગ વર્તન શીખવાડી શકે છે.

### 3.4.4 ચલચિત્રો, મનોરંજન અને સાહિત્ય

બાળક એક જૈવિક શરીર સ્વરૂપે જન્મલે છે, જેને સામાજિક બનાવવાનું કાર્ય સમાજ દ્વારા થતું હોય છે.બાળક કે કિશોર પોતાના બાલ્યવસ્થાથી યુવાવસ્થા સુધીના સમયગાળામાં અનેક બાબતોનું અનુકરણ કરતા શીખે છે. પ્રવર્તમાન સમયમાં ઈંટરનેટ અને જુદીજુદી ફિલ્મોમાંથી બાળકો ઘણું શીખે છે. ફિલ્મો

કે ટેલિવિઝનમાં આવતા કાર્યક્રમોની બાળમાનશ ઉપર અસર થાય છે, જેથી ચલચિત્રમાં આવતા ચોરીના દ્રશ્યો જોઈ બાળકો જાણે-અજાણે તેનું અનુકરણ કરતા શીખે છે. ગરીબ-માધ્યમ વર્ગના કુટુંબમાં મનોરંજનના સાધનોના અભાવને કારણે બાળક અન્ય સમૃદ્ધ કુટુંબના બાળકોના મનોરંજનના સાધનો જોઈ ચોરી જેવી અપરાધી પ્રવૃતિ તરફ દોરાઈ શકે છે. બજારમાં ઘણા કામુકતાવાળા અને સામાજિક સમસ્યા સર્જતા સાહિત્ય બજારમાં ઉપલબ્ધ છે. જેના સંપર્કમાં બાળકો આવેતો તે અપરાધી વૃત્તિ તરફ વળી શકે છે.

### 3.4.5 ગંદા-વસવાટ

ગંદા-વસવાટો એક સામાજિક સમસ્યાઓ છે. ગંદા-વસવાટમાં અનેકવિધ ગુનાહિત પ્રવૃત્તિઓ જેવી કે દેશીદારૂનું વેચાણ, જુગાર, ગંદકી વગેરે જોવા મળે છે. આવા સામાજિક-સાંસ્કૃતિક વાતાવરણમાં ઉછરેલ બાળક ગુનાહિત પ્રવૃત્તિ શીખે છે. ઘણીવાર ગંદા-વસવાટ ગુનાહિત પ્રવૃત્તિઓનો અડ્ડો હોય છે. શહેરીકરણની પ્રક્રિયા ગંદા-વસવાટોને જન્મ આપે છે, અને ગંદા-વસવાટઓ અનેક ગુનાહિત પ્રવૃતિઓનું જન્મ-સ્થાન બની રહે છે. આ પ્રકારની સામાજિક પ્રાશ્વિભૂમિકામાં જન્મ-લેનાર અને મોટા-થનાર બાળકોમાં અપરાધી પ્રવૃત્તિ તરફ વળવાનું વલણ ઉદ્ભવી શકે છે.

### 3.4.6 નિરક્ષરતા, ગરીબી અને આર્થિક પરિસ્થિતિ

નિરક્ષરતા, ગરીબી અને કુટુંબની નિમ્ન આર્થિક સ્થતિ બાળકની જરૂરિયાતો પૂરી પાડવામ અસમર્થ હોવાથી બાળક અપરાધી વર્તન કરતા શીખે છે. ઘણાં સંજોગોમાં નિરક્ષારતા સાચા-ખોટા ધોરણો વચ્ચે સરળતાથી ભેદ કરવામાં બાધક બને છે. ગરીબી અને નિમ્ન આર્થિક પરિસ્થિતિમાં જન્મેલ બાળકો પોતાની જરૂરિયાતો તેમજ મોજશોખને પુરા કરવા માટે ચોરીના રવાડે ચઢી જતાં હોય છે. વસ્તુનો અભાવ વ્યક્તિને ચોર બનાવે છે. ગરીબ અને નિરક્ષર કુટુંબોમાં સામાજિક નિયંત્રણ નબળા હોવાની સંભવાના બાળકને ધોરણભંગ વર્તન માટેનો અવકાશ પૂરો પાડે છે.

### 3.4.7 શહેરીકરણ અને માદક-પદાર્થોનું સેવન

વધતા જતા ઔદ્યોગિકરણ અને શહેરીકરણને કારણે બાળ-અપરાધો વધતા જાય છે. વધતું જતું શહેરીકરણ ગંદા-વસવાટોને જન્મ આપે છે, જ્યાં અનેક ગુનાહિત પ્રવૃત્તિઓ તેમજ અપરાધ કરી છુપાવાનો અવકાશ મળી રેહતોં હોય છે. ગ્રામીણ સમાજની તુલનામાં શહેરી સમુદાયોમાં અપરાધી વર્તન માટેની શક્યતાઓ વધી જાય છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના આકડા સ્પષ્ટ કરે છે કે શહેરોમાં ગામડાની તુલનમાં બાળ-અપરાધોના બનાવો વધારે પ્રમાણમાં બનતા હોય છે. શહેરોમાં માદક-દ્રવ્યોનું વેચાણ અને વપરાશનો અવકાશ વધારે હોવાથી બાળકો આવી ટોળકી કે લોકોના સંપર્કમાં આવતાં અપરાધી વર્તનો કરતા થાય છે.

### 3.4.8 જૈવિક-શારીરિક અને મનોવૈજ્ઞાનિક કારણો

બાળ-અપરાધ માટે શરીરશાસ્ત્રીય પરિબળો જેવાકે, શારીરિક બાંધો, આનુવંશિક પરિબળો તેમજ ગ્રંથિઓના પરિબળો મહત્ત્વનો ભાગ ભજવે છે. માનસિક કારણોમાં હતાંશા, સંઘર્ષ, સમાંયોજનમાં મુશ્કેલી, માનસિકતંત્રો, અપરાધી વર્તન માટેની પ્રેરણા વગેરે જવાબદાર પરિબળો બની રહે છે. ઘણાં સંજોગોમાં અશક્ત શરીર, લઘુતાગ્રંથી, માનસિક અશક્તિ અપરાધી વર્તનો માટે જવાબદાર હોય છે, પરંતુ જૈવિક-શારીરિક તેમજ મનોવૈજ્ઞાનિક પરિબળોને સાપેક્ષ ખ્યાલમાં તપાસવા અનિવાર્ય છે.

### 3.4.9 સંસ્કૃતિ

બાળકના જન્મનું કુટુંબ અને તેની સંસ્કૃતિ અપરાધી વર્તન માટે મહત્ત્વના કહી શકાય. જેમકે એક ધોરણભંગને ઘણી જ્ઞાતિ કે સમુદાય સ્વાભાવિક માનતી હોય તેજ ધોરણભંગ વર્તનને બીજી જ્ઞાતિ કે સમુદાય ગંભીર અને જોખમી માનતી હોય, આ બાબત સંસ્કૃતિને આધારે નક્કી થતું પરિબળ છે. ઘણી જ્ઞાતિનો પરંપરાગત ધંધો-વ્યવસાય દારૂ ગાળવાનો અને વહેચવાનો હોય છે, જયારે દારૂની બનાવટ અને વહેચાણને સમાજ તેમજ કાયદો-કાનૂન અપરાધ ગણે છે. ઘણા કુટુંબોનો પરંપરાગત વ્યવસાય દેશીદારૂનો હોય છે, આવા કુટુંબના બાળકો કે કિશોરો પણ આ પ્રકારની પ્રવૃતિમાં જોડાય છે. જેને કાનૂનીરીતે અપરાધી પ્રવૃત્તિ કે વર્તન ગણવામાં આવે છે.

## 3.5 કિશોર કે બાળ-અપરાધની સામાજિક અસરો

### 3.5.1 કુટુંબ પર અસરો

જેમ કુટુંબનું અનૈતિક વાતાવરણ બાળકને અપરાધી બનાવે છે તેમ બાળકનું અપરાધી વર્તન કુટંબ ઉપર નકારાત્મક અસરો પેદા કરે છે. કુટુંબ એ સામાજિક વ્યવસ્થાનું પાયાનું ઘટક કે એકમ છે, આવ સંજોગોમાં જે કુટુંબનું બાળક અપરાધી વર્તન કરે છે તેની નકારાત્મક અસરો કુટુંબના અન્ય સભ્યો પર અસર પડે છે. જો કોઈ કિશોર અપરાધી વર્તન કરેતો તેના સમગ્ર કુટુંબ પર અપરાધીનું લેબલ કે છાપ લાગી જાય છે. આપરાધી બાળકો ધરાવતા કુટુંબનો સામાજિક દરજ્જો નિમ્ન બને છે, સમાજમાં તેના પદ અને પ્રતિષ્ઠામાં ઘટાડો થાય છે. આપરાધી બાળકના તેમજ તેના ભાઈ-બહેનોની સગાઈ અને લગ્નોના પ્રશ્નો કે સમસ્યાઓ સર્જાય છે.બાળક કે કિશોર જયારે કોઈ અપરાધી વર્તન કરે છે ત્યારે તેના માતા-પિતા અને અન્ય કુટુંબીજનોને નીચું જોવાનો વારો આવે છે. કુટુંબનું વાતાવરણ પ્રતિકૂળ બને છે તેમજ સંબંધો ઉપર નકારાત્મક અસરો જોવા મળે છે. બાળક અપરાધી વર્તન કરે ત્યારે તે કુટુંબના સંસ્કારો અને સામાજીકરણ પર પ્રશ્નો ઉભા થાય છે.

### 3.5.2 બાળક પર અસર

ઘણીવાર બાળકો કે કિશોરો માદક પદાર્થોના ઉપયોગ અને વહેચાણ જેવી ગુનાહિત પ્રવૃત્તિઓમાં સપડાઈ જાય છે જેની નકારાત્મક અસરો તેના શરીર અને તંદુરસ્તી ઉપર પડતી હોય છે. બાળક કે કિશોરની અપરાધી તરીકેની છાપ તેના બાકીના જીવન માટે અનેક સમસ્યારૂપ પરિસ્થિતિનું નિર્માણ કરી શકે છે. ભવિષ્યમાં અપરાધી બાળક કે કિશોરના લગ્નની સમસ્યા ઉભી થતી હોય છે. અપરાધી બાળક તરફ સમાજના લોકો નકારત્મક અને ભેદભાવ વાળું વર્તન-વહેવાર રાખતા હોય છે. જેમકે કોઈ બાળક અનિવાર્ય સંજોગોને કારણે અપરાધી વર્તન કરી બેસે તો પણ સમાજના લોકો આજીવન તેના પર અપરાધીનું લેબલ લગાડી દેતા હોય છે. સામાન્ય રીતે સમાજમાં અપરાધ કેવા સંજોગો અને કારણોને લીધે થયો છે તેવું યાદ નથી રાખતા, પરંતુ તે વ્યક્તિ અપરાધી છે તેવું આજીવન યાદ રાખે છે, તેની સાથેસાથે અપરાધી વ્યક્તિને યાદ કરાવતાં રહે છે. આવ સંજોગોમાં બાળક કે કિશોર લઘુતાગ્રંથિ બાંધી-લે તેવી શક્યતાઓ વધી જાય છે, જે વ્યક્તિની અન્ય અપરાધી પ્રવૃત્તિ તરફ ધકેલી શકે છે.

### 3.5.3 સમાજ પર અસરો

બાળક કે કિશોર આવતીકાલના સમાજનું ભવિષ્ય છે. સ્વસ્થ, તંદુરસ્ત અને ધોરણ-અનુરૂપ વર્તન કરનાર બાળકો આવતીકાલના સમાજનું તંદુરસ્ત ચિત્ર કહી શકાય. અપરાધી બાળકો આવતીકાલના અપરાધી સમાજનું નિર્માણ માટેનો પાયો છે, માટે સમાજના વિકાસ અને પ્રગતી માટે બાળકોનું યોગ્ય સામાજીકરણ મહત્ત્વનું બની રહે છે. આજનો બાળ-અપરાધી ભવિષ્યમાં મોટો ગુનેગાર બની શકે છે, અને ગુનો સામાજિક વ્યવસ્થાની જાળવણી અને પ્રગતિમાં બાધક બને છે. અજ્ઞાન બાળક અજ્ઞાન રાષ્ટ્રને જન્મ આપે છે, તેમ ગુનેગાર બાળક ગુનાહિત રાષ્ટ્રને જન્મ આપે છે.બાળ-અપરાધ એક સામાજિક સમસ્યા છે. તંદુરસ્ત સમાજજીવન માટે તેનું નિવારણ જરૂરી અને શક્ય પણ મનાય છે. તેના નિવારણ માટે બાળ-અપરાધની પરિસ્થિતિમાં કારણભૂત પરિબળોને જાણવા-સમજવા જોઈએ. આ કારણોની તપાસ કરી તેને દૂર કરવા સામાજિક-કાર્યકરે પ્રયત્ન કરવો જોઈએ જેથી બાળ-અપરાધની સામાજિક વ્યવસ્થા પરની નકરાત્મક અસરોનું નિવારણ કે હળવી કરી શકાય.

## 3.6 કિશોર કે બાળ-અપરાધ નિવારણ કે ઉપાયો

કોઈપણ અપરાધી ઘટનાઓ પાછળ સામાજિક પરિબળોની મહત્ત્વની ભૂમિકા રહેલી હોય છે. અપરાધના કારણો કે સંજોગાત્મક પરિસ્થતિનો તાગ મેળવવામાં આવેતો તેના નિવારણ કે હળવી કરવા માટેના પગલા કે ઉપાયો સુચવી શકાય. બાળ-અપરાધ માટે અનેક-વિધ સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક તેમજ માનસિક કારણો જવાબદાર હોય છે. ભિન્ન-ભિન્ન બાળ-અપરાધની ઘટનાઓ માટે જવાબદાર પરિબળો જુદાજુદા હોય છે તેથી તેના નિવારણમાટે સમાજ-કાર્યકરે અનેક તબ્બકે કાર્ય કરવું પડે છે. બાળ-અપરાધના વર્તન માટે જવાબદાર કારણોને કેન્દ્રમાં રાખીને તેના નિવારણ માટે નીચે મુજબના ઉપાયો સુચવી શકાય છે.

### 3.6.1 બાળ-કાયદાઓ અને પોલીસની ભૂમિકા

બાળ-અપરાધના સંદર્ભમાં અનેક કાયદાઓ ઘડાયા છે જેવાંકે 1850નો શિખાઉ ઉમેદવાર અંગેનો કાયદો, 1860નો ભારતીય ફોજદારી કાયદો, 1861માં ઘડાયેલ ફોજદારી કાર્યવાહી અંગેનો કાયદો, 1876નો બાળ-સુધાર શાળાઓ અંગેનો કાયદો, 1879માં ગુનેગાર આદિમ જાતિ અધિનિયમ, સૌપ્રથમ 1920માં મદ્રાસ રાજ્યમાં બાળ-કાયદો અસ્તિત્વમાં આવ્યો, જોકે આ કાયદાનો વાસ્તવિક અમલ 1928 પછીજ થયો. આ કાયદાની જોગવાઈ મુજબની બાળ-અદાલતો હજુ શરૂ થઇ નહોતી. 1924માં મુંબઈ રાજ્યમાં બાળ-કાયદો પસાર થયો. આ કાયદાની સુધારણા માટે 1933માં સ્ટાટ્રેકમિટી અને 1945માં સ્ટ્રીટફિલ્ડ કમિટીની રચના કરવામાં આવી જેમાં બાળ-અપરાધીને પણ અન્ય બાળકોની સમાન કક્ષામાં મુકવામાં આવ્યા. આ સુધરેલ કાયદા મુજબ અપરાધી બાળકોને રક્ષણ, ઉપચાર, સુધાર અને સામાજિક પુનઃસ્થાપનલક્ષી અભિગમો અપનાવવામાં આવ્યા. આ તમામ કાયદાઓને સંકલિત કરતો અને તેમના અનુભવોના નિચોડરૂપે અખિલ ભારતીય બાળ-કાયદો 1960માં લોકસભામાં પસાર થયો.ત્યારબાદ સમય જતા 1986, 2006, 2010 અને નવો કિશોર અપરાધ કાયદો 2015 અમલમાં આવ્યો. આમ બાળ-અપરાધોને અટકવવા માટે પોલીસતંત્ર અને ન્યાયતંત્રએ પોતાની ભૂમિકા જવાબદારીપૂર્વક અદા કરવાથી બાળ-અપરાધનું પ્રમાણ ઘટાડી શકાય છે.

### 3.6.2 બાળ-અદાલતો અને સંરક્ષણગૃહો

બાળ-અપરાધના નિવારણ માટે કેટલીક સંસ્થાઓ કાનૂની જોગવાઇઓના માધ્યમથી સ્થાપવામાં આવી છે આવી સંસ્થાઓની જવાબદારી અને સંચાલન સરકાર અને બિનસરકારી સંગઠનો સાથે મળીને નિભાવે છે. ભૂતકાળમાં ભારતમાં પુખ્તવયની વ્યક્તિઓ અને બાળકો-કિશોરો માટે એક સરખી અદાલતો ચાલતી હતી. ભારતમાં સર્વપ્રથમ બાળ-અદાલત કલકતામાં 1941માં સ્થપાઈ હતી. ત્યારબાદ ધીમેધીમે ભારતના મોટાભાગના રાજ્યોમાં બાળ-અદાલતોની સ્થાપના કરવામાં આવી. જ્યાં બાળ-અદાલતો નથી ત્યાં બાળ-કાયદા દ્વાર સ્થાનિક અદાલતોને અધિકારો આપવામાં આવ્યા છે. આ બાળ-અદાલતો બાળ-અપરાધને રોકવા તેમજ અટકાવવાની મહત્ત્વની ભૂમિકા ભજવે છે. બાળ-અદાલતો બાળ-અપરાધ તથા અપરાધીને જાણી-સમજી તેના સુધારણા માટેના ઉપાયોનું મહત્ત્વનું કાર્ય કરે છે.બાળ-કાયદાની જોગવાઈ મુજબ બાળકને ચોવીસ કલાકમાં બાળ-અદાલત સમક્ષ હાજર કરવાની જોગવાઈ છે જ્યાં સુધી તેનો ચુકાદો ન આવે ત્યાં સુધી તેને બાળ-સંરક્ષણ ગૃહમાં રાખવામાં આવે છે.

### 3.6.3 બિનસરકારી સંગઠનોની ભૂમિકા

વિશ્વ અને ભારતમાં ઘણી બિનસરકારી સંસ્થાઓ બાળ-અપરાધના સંદર્ભમાં સુધારણા અને રક્ષણ માટેના કાર્યમાં જોડાયેલી છે, જે બાળકોના મૂળભૂત અધિકારોને કેન્દ્રમાં રાખીને કાર્યરત હોય છે. આવી સંસ્થાઓ બાળકોને રાખવા-જાળવવા અને સુધારવાનું કાર્ય કરતી હોય છે. મુંબઈના 1938ના કાયદા મુજબ કેટલીક સંસ્થાઓ 'યોગ્ય વ્યક્તિ-ઘડતર' ની સંસ્થાઓ તરીકે જાહેર કરવાની સત્તા ધરાવે છે.સમાજ-કાર્યકરો આવી સંસ્થાઓમાં જોડાઈ બાળ-અપરાધની પ્રવૃત્તિને રોકવાનો તેમજ સુધારણાત્મક પગલાઓમાં સેવાઓ કે મહત્ત્વનું યોગદાન આપી શકે છે.

### 3.6.4 શિક્ષણ અને શાળાની ભૂમિકા

શાળ કે શૈક્ષણિક સંસ્થાઓ બાળકના સામાજીકરણની મહત્ત્વની ભૂમિકા ભજવે છે. શાળકક્ષાએ બાળકનું સતત મૂલ્યાંકન તેમને ગુનાહિત પ્રવૃતિથી દુર રાખી શકે છે. બાળ-અપરાધો ઘટાડવા માટે શાળા અને તેના શૈક્ષણિક વાતાવરણનો મહત્ત્વનો ફાળો રહેલો છે. વારંવાર ગુલ્લી મારતા કે ગેરહાજર રહેતા વિદ્યાર્થીની તપાસ અને તેના કારણો જાણી તેનું નિવારણ કરવાની મહત્ત્વની જવાબદારી શાળા-કક્ષાએ નિભાવવામાં આવે તો બાળકને ધોરણભંગ વર્તન કે અપરાધી બનતો અટકાવી શકાય છે.

### 3.6.5 પરિવારની ભૂમિકા, મનોરંજન અને સામાજીકરણ

બાળકના યોગ્ય સામાજીકરણ અને ઉછેરનો પાયો કુટુંબ છે. ઘરના વડીલોએ બાળકોને યોગ્ય સામાજિક વાતાવરણ પૂરું પાડવું જોઈએ જેથી બાળક ખોટી સોબત કે સંગમાં ન આવી જાય. બાળકો ઘણું ખરું

વર્તન પોતાના કુટુંબના સભ્યો થકી શીખતો હોય છે, ત્યારે તેમને યોગ્ય અને સમાજ ઉપયોગી બનાવવા માટેની જવાબદારી સમજી કુટુંબના દરેક વ્યક્તિએ વર્તન કરવા જોઈએ. બાળકોને યોગ્ય મનોરંજનની વ્યવસ્થા કુટુંબ દ્વારા કરવી જોઈએ. જેથી કરીને તેઓ અયોગ્ય અને ધોરણભંગ વર્તન કરતા ન શીખે. બાળકના નાના-નાના ધોરણભંગ વર્તનનોનું મૂલ્યાંકન કરી તેમને યોગ્ય દિશા બતાવવાનું કાર્ય કુટુંબના સર્વે સભ્યો દ્વારા થવું જોઈએ, જેથી તે બાળકને મોટા અપરાધી ધોરણભંગ વર્તન કરતા બચાવી શકાય.

### 3.6.6 આર્થિક સુવિધાઓ

ગરીબી અને નબળી આર્થિક-સ્થિતિ બાળકને ધોરણભંગ વર્તન તરફ દોરી જાય છે. કુટુંબોની આર્થિક-સ્થિતિ સુધારવા અને રોજગાર મળી રહે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. ગરીબ કુટુંબના બાળકો જ્યારે આર્થિક રીતે સમૃદ્ધ કુટુંબોના બાળકોને પ્રાપ્ત મનોરંજનના સાધનો, પહેરવેશ અને ભોતિક સુખ-સગવડના સાધનો વગેરે જોઈ તે પ્રકારની જીવનશૈલી તરફ આકર્ષાઈ ચોરી જેવા ધોરણભંગ વર્તન કરવા પ્રેરાય છે. કુટુંબ દ્વારા બાળકોના ભરણપોષણ, મનોરંજન અને ભોતિક જરૂરિયાતો પૂરી કરી શકે તે માટે તેમની આર્થિક સ્થિતિમાં સુધારો લાવવાના પ્રયત્નો સરકાર, બિનસરકારી સંગઠનો તેમજ સામાજિક-કાર્યકરે કરવા જોઈએ. વસ્તુના અભાવમાં બાળક ચોરી જેવા નાના-નાના ધોરણભંગ વર્તન કરતા શીખે છે, આ વર્તનોને બાળપણ કે કિશોરવસ્થામાં અટકાવવામાં ન આવેતો ભવિષ્યમાં આ બાળકો મોટા ગુનેગારો બનવાની શક્યતાઓ વધી જાય છે. આમ ગરીબ કુટુંબોને સ્વ-રોજગારી, સબસીડી, નોકરી વગેરે મેળવી શકે તેવું સામાજિક-આર્થિક વાતાવરણ મળી રહે તેવા પ્રયત્નો થકી બાળકોને અપરાધી બનતા અટકાવી શકાય છે.

### 3.6.7 મનોચિકિત્સા

બાળકો જ્યારે સમાજના નિયમો-ધોરણો વિરુદ્ધનું વર્તન કરે છે તેની પાછળ ઘણીવાર સામાજિક-મનોવૈજ્ઞાનિક કારણો જવાબદાર હોય છે, આવ સંજોગોમાં બાળકને ભૂત-ભુવાની જોડે લઇ જવાના સ્થાને મનોચિકિત્સક ડૉકટર્સ પાસે લઇ જઈ તેના અપરાધી વર્તન માટે જવાબદાર મનોવૈજ્ઞાનિક કારણો શોધી ઉપચાર કે ઉપાયો કરવા જોઈએ. બાળક જ્યારે ગુનાહિત વર્તન કરે ત્યાર બાદ તેને સમાજમાં પુનઃસ્થાપિત કરવામાં મનોચિકિત્સકના સૂઝાવ અને ઉપચારાત્મક ઉપાયો ઘણા મહત્ત્વના સાબિત થાય છે. બાળકોને સમાજ ઉપયોગી વર્તન કરતા શીખવાડવામાં તેમજ તેમનું પુનઃસામાજીકરણ કરવા માટે મનોચિકિત્સક મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

### 3.6.8 માદક-પદાર્થોના ઉપયોગથી બાળકોને દુર રાખવા

માદક-પદાર્થો અને ધોરણભંગ વર્તન કાર્ય-કારણ સંબંધ ધરાવતાં પરિવર્તિઓ છે.બાળકોને માદક-પદાર્થો જેવાંકે, તમાકુ અને તેની બનાવટ, દારૂ વગેરેથી દુર રાખવા જોઈએ. ખોટી સોબત કે સંપર્ક આ માદક પદાર્થોથી શરૂઆત થઇ મોટી અપરાધી ઘટનાઓને અંજામ આપે છે. પ્રવતમાન ભારતમાં બળાત્કારની સમસ્યાના સંદર્ભમાં અપરાધીઓ ગુનો કરતા સમયે કોઈ નશામાં હતાં તેવું સાબિત થયું છે. આમ માદક-દ્રવ્યોનો ઉપયોગ કરતા વ્યક્તિ કે બાળકો ધોરણભંગ વર્તન કરતા ડરતા નથી, કેમકે તેઓનું પોતાની જાત અને માનસિકતા પર નિયંત્રણ હોતું નથી. માદક પદાર્થોનું સેવન બાળકોને માત્ર ગુનેગાર બનાવે છે તેટલુજ નહિ, તેના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર નકારાત્મક અસરો પેદા કરે છે.

## 3.7 કિશોર કે બાળ-અપરાધ નિવારણમાં સમાજ-કાર્યકરની ભૂમિકા

સમાજ-કાર્યકર સમાજની એવી વ્યક્તિ છે જેની સાથે સમાજની સમાજસુધારણાની અપેક્ષાઓ જોડાયેલ હોય છે. સામજિક કાર્યકર સમાજની સામાજિક સમસ્યાઓને હળવી કરવા તેમજ દુરકરવાની મહત્ત્વની ભૂમિકા ભજવે છે. દરેક સામાજિક સમસ્યાનું સમાધાન માત્ર સરકરીતંત્ર દ્વારા લાવી શકાતું નથી, તેના માટે બિનસરકારી સંગઠનો તેમજ સમાજ-કાર્યકરની ભૂમિકા મહત્ત્વની સાબિત થતી હોય છે.

કોઈપણ સામાજિક સમસ્યાના સમાધાન માટે સામાજિક કાર્યકરે અમુક પાસાઓનો ખ્યાલ કરવો અનિવાર્ય છે, જેની ચર્ચા "Merton and Nisbet પોતાના પુસ્તક 'Contemporary Social Prob-

lems' માં કરી છે. તેમના મતે સામજિક સમસ્યાના નિદાન માટે છ પાસાંઓ મહત્ત્વના છે, (1)સામાજિક ધોરણો અને સામાજિક વાસ્તવિકતા વચ્ચેની વિસંવાદિતા (2) સામાજિક સમસ્યાઓના સામાજિક મૂળ (3) સામાજિક સમસ્યાના નિર્ણાયકો (4) પ્રગટ અને અપ્રગટ સામાજિક સમસ્યાઓ (5) સામાજિક સમસ્યાઓ અંગેનું સામાજિક પ્રત્યેક્ષીકરણ અને (6) મૂલ્ય-વ્યવસ્થાઓ અને સામાજિક સમસ્યાઓની સુધાર-શક્યતાઓ."(હસમુખ પટેલ:1976:26) સમાજ કાર્યકરે કોઈ પણ સમસ્યાના સમાધાન માટેના ઉપાયો કરતા પહેલા આ છ પાસાઓને કેન્દ્રમાં રાખી ઉપાયો શોધવા અનિવાર્ય છે. સમસ્યા ઉદભવવા કારણો અને જવાબદાર પરિબળોની શોધ કરવાથી સામજિક-કાર્યકર કોઈપણ સમસ્યાના સમાધાન કે હળવી કરવામાં પોતાનું મહત્ત્વનું યોગદાન આપી શકે છે. બાળ-અપરાધની સમસ્યાના સમાધાન અન હળવી કરવા માટે સમાજ કાર્યકરે પહેલાતો આ સમસ્યાના કારણો તપાસવા અને શોધવા જોઈએ, ત્યાર બાદ તેના નિવારણ માટે સામજિક વ્યવસ્થા, સરકાર તેમજ બિનસરકારી સંગઠનોના સયુક્ત પ્રયત્નો થકી લોકભાગીદારીના માધ્યમથી સમસ્યાના નિવારણના સંદર્ભમાં ભૂમિકા ભજવી શકાય છે. સામાજિક-કાર્યકર સરકારના જુદાંજુદાં વિભાગો સાથે સંકલન કરી સમસ્યાના નિવારણ માટે પ્રયત્નો કરી શકે છે. બાળ-અપરાધની સમસ્યાના નિવારણ માટે સમાજ-કાર્યકરે એક કમિટીની રચના કરી જુદાંજુદાં પાસાઓના સંદર્ભમાં ઉપાયો શોધવાનો એક્શન પ્લાન કે ક્રિયાત્મક ડિઝાઇન તૈયાર કરી સમસ્યાના સમાધાન માટે પ્રયત્નો કરવા જોઈએ. બાળ-અપરાધની સમસ્યાના નિવારણમાં કુટુંબની મહત્ત્વની ભૂમિકા હોવાથી સમાજ-કાર્યકરે સમસ્યાના નિવારણના પગલાઓ ભરતા સમયે કુટુંબોને સંકલિત અને સાથે રાખવા જોઈએ. વધારેને વધારે કુટુંબો આ બળ-અપરાધની સમસ્યાથી જાગૃત થાય અને તેના સમાધાનમાં પોતાનું યોગદાન આપી શકે તેવો પ્રયત્ન કરવા જોઈએ. સમાજ-કાર્યકર શાળાઓ અને કોલેજોમાં જઈ આ સમસ્યાના સમાધાનમાં શાળા અને શિક્ષકની ભૂમિકા સમજાવવી જોઈએ અને તેના સંદર્ભમાં જાગૃતિ કાર્યક્રમો, વ્યાખ્યાનો, સેમિનાર, વર્કશોપ વગેરેનું આયોજન કરવું જોઈએ. બદલાતી સામાજિક પરિસ્થિતિમાં ગુના અને ગુનેગારના સ્વરૂપો અને તરાહોનો અભ્યાસ-સંશોધનો સામાજિક-કાર્યકર દ્વારા થવાં જોઈએ, જેથી તેના સમાધાન માટેના ઉપાયો અમલમાં મુકવામાં સરળતા રહે. ઉદાહરણ તરીકે પ્રવર્તમાન સમયમાં સાયબર ગુનાઓનું પ્રમાણ વધતું જાય છે, આ પ્રકારના અપરાધોમાં બાળ કે કિશોરોની ભૂમિકા તપાસવાથી તેના નિવારણ માટે સૂચનો કરી શકાય છે.બાળ-અપરાધની સમસ્યાને હળવી કરવા માટે સમાજ-વ્યવસ્થા અને તેની પેટા-વ્યવસ્થા, સહાયકતંત્રો તેમજ લોકભાગીદારીના માધ્યમથી સમાજ-કાર્યકર સમસ્યાનું સમાધાન લાવી શકે છે. સામાન્ય વ્યક્તિ કરતા સમાજ-કાર્યકર તરફની સમાજની અપેક્ષા વિશેષ હોવાથી સમસ્યાના સમાધાન માટે સમાજ-કાર્યકરે મહત્ત્વની અને જવાબદાર વ્યક્તિ તરીકેની ભૂમિકા અદા કરવાની હોય છે.

## 3.8 તમારી પ્રગતિ ચકાસો (MCQ)

(1) બાળ-અપરાધના ખ્યાલને કોના આધારે વ્યાખ્યાબદ્ધ કરવામાં આવે છે?

(અ) કાયદા-કાનૂન (બ) ધર્મ (ક) મૂલ્ય (ડ) વિચારો

(2) NCRB નું પૂરું નામ જણાવો?

(અ) નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (બ)નેશનલ કરન્સી ઓફ ઇન્ડિયા

(ક) નેશનલ ક્રાઈમ રેકોર્ડ બૂથ (ડ)નેશનલ ક્રાઈમ રેકોર્ડ ભૂમિ

(3) બાળ-અપરાધ કેવા પ્રકારનું વર્તન છે?

(અ) રિવાજોનું (બ) ધોરણભંગ (ક) મૂલ્ય (ડ) તટસ્થ

(4) બાળ-અપરાધ માટે કેવા રહેઠાણ જવાબદાર કહી શકાય?

(અ) મોટા વસવાટ (બ) ગંદા વસવાટ (ક) ગ્રામીણ વસવાટ (ડ) વિદેશી વસવાટ

(5) બાળ-અપરાધ માટે મહત્ત્વનું કારણ કયું છે?

(અ) નિરક્ષરતા (બ) ગામડું (ક) અદાલતો (ડ) પોલીસ

(6) બાળ-અપરાધની નકારાત્મક અસર કોના ઉપર વધારે પડે છે?

(અ) મિત્રો (બ) સગા-સંબંધી (ક) કુટુંબ (ડ) પડોશી

(7) બાળ-અપરાધના સંદર્ભમાં કઈ અદાલતો કાર્યરત છે?

(અ) લોક-અદાલત (બ) કોર્ટ (ક) બાળ-અદાલતો (ડ) સુરક્ષા અદાલતો

(8) સમસ્યાના નિવારણમાં કોની ભૂમિકા મહત્ત્વની હોય છે?

(અ) બિનસરકાર સંગઠન (બ) વ્યક્તિ (ક) ધોરણો (ડ) મૂલ્યોની રીત

(9) સમસ્યા નિવારણ માટે સમાજ કોની પાસે વધારે અપેક્ષા રાખે છે?

(અ) વ્યક્તિ (બ) સંસ્કૃતિ (ક) સમાજ-કાર્યકર (ડ) ભગવાન

(10) બાળ-અપરાધીને સુધારવાનું મહત્ત્વનું કાર્ય કોણ કરે છે?

(અ) મૂલ્યો (બ) નોન-ગવર્મેન્ટ ઓર્ગેનાઈઝેશન (ક) ધોરણો (ડ) મિત્રો

## 3.9 ઉપસંહાર

સામાજિક વ્યવસ્થાના રચનાત્મક અને કાર્યાત્મક પાસાંઓમાં અવિરત પરિવર્તનો આવતાં જાય છે. નવી-નવી સામાજિક પરિસ્થિતિનું નિર્માણ થતું જાય છે. બદલાતી સામજિક પરિસ્થિતિ અને વ્યવસ્થામાં અપરાધનું સ્વરૂપ અને પ્રકારો બદલાતા જાય છે. આ બદલાતા અપરાધી સ્વરૂપોનો અભ્યાસ અને સંશોધનો સતત થતા રહે તે અનિવાર્ય છે. આ સંશોધનોમાં સમાજ-કાર્યકરની મહત્ત્વની ભૂમિકા રહેલી છે. અપરાધના કારણો અને સ્વરૂપો બદલાતા હોવાને કારણે સતત તેનો અભ્યાસ અનિવાર્ય છે. સામાજિક સમસ્યામાં બાળ-અપરાધની સમસ્યાના સમાધાન માટે જાગૃતિપૂર્વક સતત પ્રયત્નો કરતા રહેવાથી તેમજ સમયે-સમયે જરૂરી પરિવર્તનો અને એક્શન પ્લાન કરતા રહેવાથી બાળ-અપરાધની સમસ્યાને નોંધપાત્ર અંશે હળવી કરી શકાય છે.

## 3.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો (MCQ)

પ્રશ્ન-1- (અ)

પ્રશ્ન-2- (અ)

પ્રશ્ન-3- (બ)

પ્રશ્ન-4- (બ)

પ્રશ્ન-5- (અ)

પ્રશ્ન-6- (ક)

પ્રશ્ન-7- (ક)

પ્રશ્ન-8- (અ)

પ્રશ્ન-9- (ક)

પ્રશ્ન-10- (બ)

## 3.11 ચાવીરૂપ શબ્દો

(1) **કિશોર કે બાળ-અપરાધ :** "કોઈ નિશ્ચિત ઉંમરથી નીચેનાં બાળકો દ્વારા કરવામાં આવતો સમાજ વિરોધી વ્યવહાર. આ પ્રકારના વ્યવહારનો કાયદા દ્વારા નિષેધ હોય છે. મોટેભાગે આધુનિક સમાજોમાં બાળઅપરાધની વયમર્યાદા સોળથી અઢાર વર્ષ સુધી નિશ્ચિત કરવામાં આવી છે. અલગ અલગ દેશો અથવા રાજ્યોમાં બાળગુનેગારોની ઉંમર અને વ્યવહારના સંદર્ભમાં વિવિધતા પ્રવર્તે છે".(જોષી વિદ્યુત:2016:98)

(2) **સામાજીકરણ :** વ્યક્તિ જન્મથી મૃત્યુ સુધી અનેક બાબતો શીખતો હોય છે, આ શીખવાની પ્રક્રિયા સામાજીકરણ તરીકે ઓળખાય છે. " સામાજિકીકરણ એક એવી પ્રક્રિયા છે કે જેના દ્વારા વ્યક્તિ પોતાના સમાજના વિચારો, માન્યતાઓ, મૂલ્યો અને જીવનપદ્ધતિને આત્મસાત્ કરી પોતાની તથા અન્ય લોકોની યોગ્ય ભૂમિકાઓની જાણકારી પ્રાપ્ત કરે છે. આ પ્રકારની જાણકારીની સહાયતા અને પ્રેરણાથી વ્યક્તિ પોતાની ભૂમિકાઓ ભજવવા માટે તથા અન્ય વ્યક્તિઓ સાથેના વ્યવહાર કરવા માટેની વિવિધ રીતો શીખે છે અને સામાજિક જીવનમાં પોતાની યોગ્ય જગ્યા સંભાળે છે.(જોષી વિદ્યુત:2016:192)

(3) **સમાજકાર્ય** : "સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાનના સિદ્ધાંતોને વ્યવહારમાં મૂકતું એક વિશિષ્ટ વ્યાવસાયિક ક્ષેત્ર. આ સિદ્ધતોના અમલથી સમુદાયની સમસ્યાઓ હલ થશે તથા લોકોની સ્થિતિ સુધારશે તેમ માનવામાં આવે છે.સામાજિક કાર્યકરો જે સમસ્યાઓ હલ કરવા કામ કરે છે તેમાં ગરીબી, બેરોજગારી, ગુનેગારી, સેક્સ-વર્કર, નશાખોરી, સમાયોજનના પ્રશ્ન, કૌટુંબિક વિઘટન, સ્વાસ્થ્ય વગેરેનો સમાવેશ થાય છે. સમાજકાર્ય મુખ્યત્વે એકમ કાર્ય (કેસ વર્ક-વૈયક્તિક કિસ્સામાં મદદ), જૂથ કાર્ય (યુવાનો) તથા સમુદાયકાર્ય ( ઝુપડપટ્ટી) એમ ત્રણ વિભાગમાં વહેંચાઇ જાય છે. (જોષી વિદ્યુત:2016:152)

(4) **ભૂમિકા :** ભૂમિકા એ વર્તન સંબંધિત સમાજની અપેક્ષા સાથે સંકળાયેલ ખ્યાલ છે, "કોઈ એક સામાજિક કે જૂથ પરિસ્થિતિમાં વ્યક્તિના સ્થાન સાથે સંકળાયેલાં અધિકારો અને ફરજોની આસપાસ રચાયેલ વ્યક્તિનાં વર્તનની તરાહ. તે સ્થાન પરત્વેની વ્યક્તિની ભૂમિકાને બે રીતે જોવાય. વ્યક્તિ પોતાની ભૂમિકા જે રીતે ભજવે તેને ભૂમિકા ભજવણી કહેવાય. જયારે સંબંધિત લોકો તે ભૂમિકા અંગે વ્યક્તિ પાસે જે અપેક્ષા રાખે તેને ભૂમિકા અપેક્ષા કહેવાય. રાલ્ફ લીંટને ભૂમિકાને દરજ્જાની ગત્યાત્મક બાજુ કહી હતી. જોહનસન સામાજિક સ્થાનના બે ભાગ પાડે છે: અધિકાર અથવા દરજ્જો અને ફરજો અથવા ભૂમિકા.(જોષી વિદ્યુત:2016:103)

## 3.12 સ્વાધ્યાય લેખન

(1) બાળ-અપરાધનો અર્થ આપી, બાળ-અપરાધના કારણો સમજાવો.

(2) બાળ-અપરાધની અસરો ઉદાહરણ સહિત સમજાવો.

(3) બાળ-અપરાધ નિવારણ માટેના ઉપાયો સૂચવો.

(4) બાળ-અપરાધના નિવારણ માટે સમાજ-કાર્યકરની ભૂમિકા સ્પષ્ટ કરો.

## 3.13 પ્રવૃત્તિ

(1) તમારા નજીકની શાળામાં વારંવાર ગેરહાજર રહેતા 20 વિદ્યાર્થીઓના ગેરહાજરીના કારણો તપાસી અહેવાલ તૈયાર કરો.

## 3.14 કેસ સ્ટડી

(1) નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના 2016 થી 18 (NCRB)ના અહેવાલને આધારે બળ-અપરાધનું વર્ગીકરણ અને વિશ્લેષણ તૈયાર કરો.

## 3.15 સંદર્ભગ્રંથ

(1) Cyril Burt (1950), The young Delinquet, University of London, London, (4th Edition)

(2) Reckless, Walter (1956), Hand Book of Practical Suggestion for the treatment of adult and juvenile offenders, Government of India.

(3) Merton Robert K. And Nisbet Robert (1971 and 76), Contemporary Social Problems, Harcourt Brace íLkovanovich, Inc., New York (3rd and 4th Edition)

(4) Horton Paul B. and Leslie Gerald R. (1960), the Sociology of Social Problems, Appleton Century Inc. New York. (Second edition and Fourth edition)

(5) Fuller Richard C. and Myers R. (íLkune-1941) the Natural History of a Social Problem, American Sociological Review.

(6) Case Clarence M. (1956) Analyzing Social Problems (Revised edition), The Dryden Press, New York.

(7) Roland L. Warren (1949) American Sociological Review, Vol-14,

(8) NCRB Crime in India-2018, Vol. 1, 2 and 3

(9) <http://wikipedia.org/wik/juveniles> crime

(10) ભારતનું રાજપત્ર અસાધારણ, ભાગ-8, વિભાગ-1, કિશોર ન્યાય અધિનિયમ 1986,

(11) ડૉ. આહુજા રામ, (હિન્દી) મીનાક્ષી પ્રકાશન, બેગમ બ્રીજ, મેરઠ.

(12) પટેલ હસમુખભાઈ (1976) સામજિક સમસ્યાઓ, રચના પ્રકાશન, નવરંગપુરા, અમદાવાદ.

(13) પટેલ જી. જે. અને શુક્લ એન.પી.(1976) સી. જમનાદાસની કંપની, તિલક માર્ગ, અમદાવાદ.

(14) ડૉ. દવે હર્ષિદા એચ. (2016) સામાજિક સમસ્યાઓ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(15) રાવત હરિકૃષ્ણ (2002) સમાજશાસ્ત્ર વિશ્વકોશ, રાવત પબ્લિકેશન, જયપુર.(હિન્દી)

(16) સિહ રામ ગોપાલ (1987), ભારતમાં સામાજિક પરિવર્તન અને સામાજિક સમસ્યાઓ, મધ્યપ્રદેશ હિન્દી ગ્રંથ અકાદમી, ભોપાલ.

(17) દુબે સરલા (1971) સામાજિક વિઘટન અને સુધાર, સરસ્વતી સદન, જવાહરનગર, દિલ્લી (હિન્દી)

(18) રાવત હરિકૃષ્ણ (2007), સમાજશાસ્ત્રીય ચિંતક અને સિદ્ધાંતકાર, રાવત પબ્લિકેશન, જયપુર. (હિન્દી)

(19) ઠાકોર જયશ્રી બી. (1974) સામાજિક કાર્યની પદ્ધતિઓ વ્યક્તિગત કાર્ય, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

(20) શ્રીનિવાસ એમ.એન.(1966) આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન, રાજકમલ પ્રકાશન પ્રાઈવેટ લિમીટેડ, દિલ્લી, (હિન્દી)

(21) ડો જોષી વિદ્યુત (પારિભાષિક કોશ-સમાજશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ

(22) ડો, પ્રસાદ ગોવિંદ (2007), આધુનિક સમાજની સમસ્યાઓ, ડીસ્કવરી પબ્લિશિંગ હાઉસ, નવી દિલ્લી. (હિન્દી)

(23) ડૉ. ત્રિપાઠી આર. એન. (2011) સમકાલીન ભારતની સામાજિક સમસ્યાઓ, શિવાંક પ્રકાશન, નવી દિલ્લી. (હિન્દી)

(24) વર્મા જ્યોતિ (2007) સામાજિક સમસ્યાઓ, ડિસ્કવરી પબ્લિશિંગ હાઉસ, નવી દિલ્લી. (હિન્દી)

(25) શર્મા ઋચા (2011)ભારતમાં સામાજિક સમસ્યાઓ, સાગર પબ્લિશર્સ, જયપુર (હિન્દી)

| એકમ–4 | એચ.આઈ.વી./એઈડ્સ એક સામજિક સમસ્યા |
|---|---|

## : એકમનું માળખું :


4.0 પ્રસ્તાવના

4.1 એકમના હેતુઓ

4.2 એચ.આઈ.વી./ એઈડ્સની પ્રાથમિક માહિતી.

4.2.1 એચ.આઈ.વી. નો અર્થ.

4.2.2 એઈડ્સનો અર્થ

4.2.3 એચ.આઈ.વી.નો ચેપ અને એઈડ્સ વચ્ચેનો તફાવત

4.2.4 એચ.આઈ.વી./એઇડ્સની આંકડાકીય માહિતી

4.3 એચ.આઈ.વી./ એઈડ્સનાં લક્ષણો

4.4 એચ.આઈ.વી./ એઈડ્સનાં કારણો

4.5 એચ.આઈ.વી./એઈડ્સ આ રીતે ફેલાતો નથી.

4.6 એચ.આઈ.વી./એઈડ્સ એક સામાજિક સમસ્યા

4.7 એચ.આઈ.વી./એઈડ્સની અસરો

4.7.1 અનૌપચારિક ધોરણ અને મૂલ્યો:

4.7.2 કુટુંબ અનેએચ.આઈ.વી./એઈડ્સ

4.7.3 લગ્નસંસ્થા અને એચ.આઈ.વી./એઈડ્સ

4.7.4 શિક્ષણસંસ્થા અને એચ.આઈ.વી./એઈડ્સ

4.7.5 આર્થિકસંસ્થા અને એચ.આઈ.વી./એઈડ્સ

4.7.6 ભારતીય સમૂહજીવન અને એચ.આઈ.વી./એઈડ્સ

4.8 નિયંત્રણ માટેના ઉપાયો અને સરકારી અને બિનસરકારી સંગઠનોની ભૂમિકા.

4.9 એચ.આઈ.વી./એઇડ્સના નિવારણ કે ઉપાયોમાં સમાજ-કાર્યકરની ભૂમિકા

4.10 ઉપસંહાર

4.11 તમારી પ્રગતિ ચકાસો

4.12 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

4.13 ચાવીરૂપ શબ્દો

4.14 સ્વાધ્યાય લેખન

4.15 પ્રવૃત્તિ

4.16 કેસ સ્ટડી

4.17 સંદર્ભગ્રંથ


## 4.0 પ્રસ્તાવના

વિશ્વમાં પ્રતિવર્ષ અનેક લોકો એચ.આઈ.વી. નો ભોગ બને છે. સાચી જાણકારીનાં અભાવે વિશ્વ અને ભારતમાં એચ.આઈ.વી. ગ્રસ્તતાનો વ્યાપ વધતો જાય છે. વિશ્વમાં દર પહેલી ડિસેમ્બરે 'વિશ્વ એઈડ્સ'

દિવસ ઉજવાય છે. છેલ્લા ત્રણ દાયકાથી શરૂ થયેલી આ ઔપચારિક પરંપરા એઈડ્સ જાગૃતિનું માત્ર પ્રતીક નથી. પરંતુ એચ.આઈ.વી. ગ્રસ્ત વ્યક્તિઓની પીડા અને તેઓ સમક્ષ ઊભાં થયેલાં અનેક પડકારોનો પ્રતિકાર છે. વિવિધ દેશોની સરકારો, સ્વૈચ્છિક સંસ્થાઓ, એઈડ્સગ્રસ્ત વ્યક્તિઓનાં સંગઠનો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ એચ.આઈ.વી. ના ચેપને નિયંત્રિત રાખવાનું અભિયાન આદર્યું છે.

ભૂતકાળમાં તિરષ્કૃત રક્તપિત્તનાં દર્દીઓને સદીનાં ઉત્તરાર્ધમાં મહાત્મા ગાંધીજીએ સામાજિક સ્વીકૃતિઆપવાનું બીડું ઝડપ્યું હતું. હાંસિયામાં ધકેલાયેલા પીડિતોને સમાજની મુખ્ય ધારામાં લાવવાનાં ગાંધીજીનાં કાર્યો એકવીસમી સદીનાં પ્રારંભે આપણા સૌની પ્રેરણા બની રહે તેમ છે. વર્તમાન સમયમાં પણ ગાંધીજીના તે મહાન કાર્યને યાદ કરીનેસમાજ-કાર્યકરે એચ.આઈ.વી./એઈડ્સનાં દદીઓ માટે કામ કરવાનો સમય આવી ગયો છે. સમાજમાં એચ.આઈ.વી.ના દર્દીને યોગ્ય અધિકાર મળે તે મહત્ત્વની બાબત છે.'નેશનલ એઈડ્સ કંટ્રોલ સોસાયટી'(નાકો) દ્વારા રજૂ થયેલ આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે મોટાભાગનાં લોકો અસુરક્ષિત જાતીય સંબંધોને કારણે એચ.આઈ.વી.નો ભોગ બને છે. તેથી એચ.આઈ.વી.ને અટકાવવા માટે જાતીય શિક્ષણ મહત્ત્વની ભૂમિકા પ્રસ્તુત કરી શકે તેમ છે. તેના માટે ભારતીય સમાજની જાતીયતા સાથે સંકળાયેલી માન્યતા અંગેનો વિમર્શ બદલવાની જરૂરિયાત ઊભી થવા પામી છે. સમાજનાં વિમર્શ પરિવર્તનનાં પ્રયત્નોમાં સમાજ-કાર્યકર દ્વારા મહત્ત્વનું યોગદાન આપી શકાય તેમ છે.

## 4.1 એકમના હેતુઓ

- એચ.આઈ.વી./એઇડ્સનો ઐતિહાસિક ખ્યાલ અને આંકડાકીય માહિતી સમજવી.
- એચ.આઈ.વી./એઇડ્સના કારણો જાણવાં
- એચ.આઈ.વી./એઇડ્સને એક સામાજિક સમસ્યા તરીકે સમજવી
- એચ.આઈ.વી./એઇડ્સના નિવારણમાં સમાજ-કાર્યકરની ભૂમિકા સ્પષ્ટ કરવી.

## 4.2 એચ.આઈ.વી./ એઈડ્સની પ્રાથમિક માહિતી.

### 4.2.1 એચ.આઈ.વી. નો અર્થ.

એચ.આઈ.વી. એટેલે 'હ્યુમન ઈમ્યુનોડેફિશીયંસી વાયરસ' આ વાયરસ વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિને ક્ષીણ કરે છે. તે ખાસ કરીને સી.ડી.-4 કોશિકાઓ ઉપર હુમલો કરે છે.શરૂઆતમાં એચ.આઈ.વી.ગ્રસ્તવ્યક્તિ સ્વસ્થ લાગે છે. પરંતું 8થી 10 વર્ષમાં તે વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિને ખતમ કરી નાખે છે.

એચ - H -Human-માનવ

આઈ - I-Immuno Deficiency- રોગ પ્રતિકારક શક્તિની ખામી

વી -Virus -વાયરસ

### 4.2.2 એઈડ્સનો અર્થ

જેમ-જેમ એચ.આઈ.વી. સી.ડી.4 ગ્રંથિઓનો નાશ કરતો જાય છે. તેમ-તેમ વ્યક્તિની રોગપ્રતિકાર શક્તિ ઘટતી જાય છે. તે વારંવાર બીમાર પડવા લાગે છે. જે ચેપ વ્યક્તિની રોગપ્રતિકારક ક્ષમતા ઘટવાથી લાગુ પડે છે. તેને અવસરવાદી રોગો કહે છે. આ ચેપ સામન્ય ખાંસીથી શરૂ થઈને લાંબા સમય સુધી ન મટતાં ઝાડા કે ટી.બી. સ્વરૂપે પણ હોઈ શકે છે. જ્યારે વ્યક્તિ વારંવાર બીમાર પડવા લાગે, તેની સીડી-4 કોશિકાઓની સંખ્યા સાવ ઘટી જાય તે પરિસ્થિતિને એઈડ્સ કહે છે.

એ- A-Acquired મેળવેલું

ઈ-Immuno- રોગ પ્રતિકારક શક્તિ

ડ્-D-Deficiency -ખામી

સ-S-Syndrome-લક્ષણો

ઈન્ટરનેશનલ એનસાયક્લોપિડીયા ઓફ એઈડ્સ પ્રમાણે 'એઈડ્સ' એ એચ.આઈ.વી.નાં ચેપ પછીનો છેલ્લો તબક્કો છે. જ્યારે વ્યક્તિને જુદાં-જુદાં તકવાદી રોગોનો હુમલો વારંવાર થાય છે. પરંતુ તેવું નથી કે વ્યક્તિ મૃત્યુ પામે, બની શકે કે તે વધારે સમય જીવી શકે છે. પરંતુ સામાન્ય રીતે એઈડ્સ એ મૃત્યુની ખૂબ જ નજીકનો સમયગાળો છે. (Rao Digumarti, 2000:1)

આમ એઈડ્સ એ Acquired Immune- Deficiency Syndrome માનવ રોગપ્રતિકારક ઉણપકારી વિષાણુ એચ.આઈ.વી.ના ચેપથી થતાં રોગનો છેલ્લો તબક્કો છે.

### 4.2.3 એચ.આઈ.વી.નો ચેપ અને એઈડ્સ વચ્ચેનો તફાવત

મોટાભાગનાં લોકો એચ.આઈ.વી. અને એઈડ્સ વચ્ચેની ભેદરેખાને સમજી શક્તા નથી તેથી નીચેના મુદ્દા સમજનાથી તે ભેદ સ્પષ્ટ થશે. એચ.આઈ.વી. ગ્રસ્ત વ્યક્તિ કોઈપણ પ્રકારનાં ચિન્હો કે લક્ષણો વગરનો હોઈ શકે. આ પ્રકારનો વ્યક્તિ એચ.આઈ.વી.નો ચેપ બીજાને ફેલાવી શકે છે.જ્યારે રોગપ્રતિકારક શક્તિ પર અસર થાય છે અને ખામી સર્જાય છે. ત્યારે માંદગી એઈડ્સ તરફ આગળ વધે છે.મોટાભાગના એચ.આઈ.વી.ગ્રસ્ત વ્યક્તિઓ ચેપ લાગ્યાના કેટલાક સમયગાળા બાદ એઈડ્સ અવસ્થામાં પહોંચે છે. આ સમયગાળો કેટલાંક મહિનાઓથી લઈને 15 વર્ષથી વધારે સુધી હોઈ શકે છે.

### 4.2.4 એચ.આઈ.વી./એઇડ્સની આંકડાકીય માહિતી

**ગુજરાતમાં એચ.આઈ.વી. પરીક્ષણ અને એચ. આઈ. વી ગ્રસ્ત વ્યક્તિઓ**

| વર્ષ | પરિક્ષણ | એચ. આઈ. વી.ગ્રસ્ત |
|---|---|---|
| 2012-13 | 734301 | 10947 |
| 2013-14 | 941582 | 11282 |
| 2014-15 | 1079279 | 10630 |
| 2015-16 | 1114253 | 9836 |
| 2016-17 | 1265806 | 9662 |
| 2017-18 | 1476897 | 10396 |
| 2018-19 | 1561044 | 9023 |

(સ્રોત:વાર્ષિક અહેવાલ, ગુજરાત એઇડ્સ કંટ્રોલ સોસાયટી, 2018-19, પેજ નં-9)

**ગુજરાતમાં એચ.આઈ.વી. પરીક્ષણ અને એચ. આઈ. વી.ગ્રસ્ત ગર્ભવતી મહિલાઓ**

| વર્ષ | પરિક્ષણ | એચ. આઈ. વીગ્રસ્ત |
|---|---|---|
| 2012-13 | 668493 | 686 |
| 2013-14 | 778639 | 714 |
| 2014-15 | 881235 | 651 |
| 2015-16 | 867245 | 567 |
| 2016-17 | 1044437 | 563 |
| 2017-18 | 1262187 | 588 |
| 2018-19 | 1429751 | 570 |

(સ્રોત:વાર્ષિક અહેવાલ, ગુજરાત એઇડ્સ કંટ્રોલ સોસાયટી, 2018-19, પેજ નં-8)

**ગુજરાતના જિલ્લાઓમાં એ.આર.ટી. કેન્દ્રોમાં સારવાર લેતાં એચ.આઈ.વી.ગ્રસ્ત વ્યક્તિઓ**

**(માર્ચ-2017 સુધીમાં)**

| એ.આર.ટી. કેન્દ્રો (જિલ્લાઓ) | એ.આર.ટી. (2.5) | એ.આર.ટી. (3.10) |
|---|---|---|
| અમદાવાદ | 20345 | 8380 |
| સુરત | 19072 | 9806 |
| રાજકોટ | 8168 | 4105 |
| ભાવનગર | 5028 | 2690 |
| મહેસાણા | 4066 | 1972 |
| વડોદરા | 8439 | 3951 |
| સુરેન્દ્રનગર | 2455 | 1578 |
| જામનગર | 2477 | 1507 |
| જૂનાગઢ | 3352 | 2080 |
| કચ્છ | 3052 | 1733 |
| બનાસકાંઠા | 3780 | 2028 |
| સાબરકાંઠા | 3341 | 1914 |
| નવસારી | 2018 | 1101 |
| અમરેલી | 1516 | 941 |
| પાટણ | 2535 | 1391 |
| પોરબંદર | 833 | 550 |
| પંચમહાલ | 1735 | 868 |
| ભરૂચ | 1906 | 1106 |
| વલસાડ | 3231 | 1881 |
| દાહોદ | 1640 | 949 |
| ખેડા | 4304 | 2450 |
| ગાંધીનગર | 1785 | 1163 |
| તાપી | 560 | 397 |
| મોરબી | 546 | 450 |

(સ્રોત:વાર્ષિક અહેવાલ, ગુજરાત એઈડ્સ કંટ્રોલ સોસાયટી, 2016-17, પેજ નં-29-30)

ગુજરાતના જિલ્લાઓમાં એચ.આઈ.વી. પરીક્ષણ અને એચ. આઈ. વી.ગ્રસ્ત વ્યક્તિ

**(વર્ષ-2018-19)**

| જિલ્લાઓ | પરિક્ષણ | એચ. આઈ. વી.ગ્રસ્ત વ્યકિત |
|---|---|---|
| અમદાવાદ | 183380 | 1451 |
| અમરેલી | 16611 | 100 |
| આણંદ | 42792 | 248 |
| અરવલ્લી | 21008 | 136 |
| બનાસકાંઠા | 97213 | 354 |
| ભરૂચ | 39632 | 176 |
| ભાવનગર | 52562 | 347 |
| બોટાદ | 9781 | 30 |
| છોટાઉદેપુર | 14244 | 39 |
| દાહોદ | 68305 | 260 |
| દેવભૂમિ દ્વારકા | 5374 | 09 |
| ગાંધીનગર | 30214 | 240 |
| ગીર-સોમનાથ | 16382 | 39 |
| જામનગર | 32546 | 200 |
| જૂનાગઢ | 32425 | 167 |
| કચ્છ | 49942 | 340 |
| ખેડા | 31991 | 459 |
| મહીસાગર | 11270 | 63 |
| મહેસાણા | 87996 | 226 |
| મોરબી | 18627 | 89 |
| નર્મદા | 5403 | 24 |
| નવસારી | 46384 | 134 |
| પંચમહાલ | 24981 | 215 |
| પાટણ | 41498 | 230 |
| પોરબંદર | 15201 | 64 |
| રાજકોટ | 68193 | 493 |
| સાબરકાંઠા | 36394 | 266 |
| સુરત | 204159 | 1156 |
| સુરેન્દ્રનગર | 84639 | 207 |
| તાપી | 24887 | 123 |
| ડાંગ | 6091 | 11 |
| વડોદરા | 90240 | 828 |
| વલસાડ | 50679 | 299 |
| **કુલ** | **1561044** | **9023** |

(સ્રોત:વાર્ષિક અહેવાલ, ગુજરાત એઇડ્સ કંટ્રોલ સોસાયટી, 2018-19, પેજ નં-10)

**ભારતમાં એચ.આઈ.વી./ એઈડ્સની સ્થિતિ (2017)**

| વિગતો | સંખ્યા |
|---|---|
| એચ.આઈ.વી.ગ્રસ્ત વ્યક્તિઓ | 2140000 |
| એચ.આઈ.વી.ગ્રસ્ત મહિલાઓ | 908600 |
| એચ.આઈ.વી.ગ્રસ્તના નવા કેસો (2017) | 87580 |
| એ.આર.ટી. લેનાર વ્યક્તિઓ | 1181129 |
| એઈડ્સને કારણે મૃત્યુ | 69110 |

(સ્રોત: નેશનલ એઈડ્સ કંટ્રોલ સોસાયટી ટેકનિકલ રિપોર્ટ-2017:20)

## 4.3 એચ.આઈ.વી./ એઈડ્સનાં લક્ષણો

એચ.આઈ.વી.નો ચેપ છે કે નહિ તે માત્ર લોહીની તપાસથી જાણી શકાય છે. એચ.આઈ.વી.ગ્રસ્ત વ્યક્તિ એઈડ્સની અવસ્થામાં પહોંચે ત્યાં સુધી તે સામાન્ય શારીરિક ક્ષમતા ધરાવતો હોય છે. તે તમામ દૈનિક, દૈહિક, સામાજિક, વ્યવસાયિક જવાબદારી ઉપાડી શકે છે. એવું બને કે શરૂઆતમાં ચેપનાં કોઈ લક્ષણો ન દેખાય. એચ.આઈ.વી.ગ્રસ્ત વ્યક્તિઓમાં ચેપનો પ્રવેશ તથા એઈડ્સ પ્રગટ થવા વચ્ચેનાં સમયમાં વર્ષો સુધી લક્ષણ પ્રગટ થતા નથી.

એચ.આઈ.વી.ગ્રસ્ત વ્યક્તિ એઈડ્સની અવસ્થાને પહોંચતા નીચે જણાવેલાં લક્ષણો જોવા મળી શકે છે. (ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી:2010:8)

- લાંબા-ગાળાનો તાવ આવી શકે છે.
- સતત કે વારંવાર ઝાડાની તકલીફ હોઈ શકે છે.
- વજન ઘટતું જાય છે.
- ટી.બી. (ક્ષય) અને ન્યુમોનિયાનાં ચેપ લાગી શકે છે.
- મોઢામાં છાલાં થઈ શકે છે.
- જે તકવાદી રોગ હોઇ તેના લક્ષણો હોઈ શકે.

ઉપર દર્શાવેલ લક્ષણોની ઉપસ્થિતિએટલે નિશ્ચિતપણે રોગી એચ.આઈ.વી./એઈડ્સગ્રસ્ત છે. એવો અર્થ થતો નથી. આવા લક્ષણો બીજા રોગમાં પણ હોઈ શકે. એચ.આઈ.વી.નાં સમર્થન માટે લોહીની તપાસ જરૂરી છે.

## 4.4 એચ.આઈ.વી./ એઈડ્સનાં કારણો

એચ.આઈ.વી. જુદા જુદા કારણોથી વ્યક્તિને લાગુ પડતો ચેપ છે. જેમાં લોહી દ્વારા તથા એચ.આઈ.વી.ગ્રસ્ત સાથે અસલામત જાતીય સંબંધો, ઈંજેક્શનો દ્વારા તથા એચ.આઈ.વી. માતા-પિતાથી બાળકને ફેલાય છે. સૌથી વધારે અસુરક્ષિત જાતીય સંબંધ દ્વારા તેમાંય ખાસ કરીને વિજાતીય સંબંધ દ્વારા ફેલાય છે.

**1. લોહી દ્વારા**

- ચેપગ્રસ્ત લોહી વ્યક્તિને ચડાવવાથી
- ચેપગ્રસ્ત લોહી સીધા સંપર્કમાં આવવાથી

**2. જાતીય સંબંધ દ્વારા**

- અસલામત જાતીય સંબંધ (યોનિમાર્ગ, ગુદા, મુખમાર્ગે)
- શરીરના ચેપગ્રસ્ત સ્ત્રાવ જેવા કે વીર્ય કે યોનિસ્ત્રાવના સીધા સંપર્કથી

**3. ઈંજેક્શન દ્વારા**

· ચેપગ્રસ્ત સોય કે સિરીંજ દ્વારા દવાઓ કે નશીલાં દ્રવ્યો લેવાથી.

**4. માતા-પિતાથી બાળકને**

· એચ.આઈ.વી.ગ્રસ્ત માતા કે પિતા તરફથી બાળકને પોતાનાં ગર્ભસ્થકાળ, પ્રસૂતિ સમય દરમ્યાન કે માતાનાં ધાવણ દ્વારા એચ.આઈ.વી.નો ચેપ મળી શકે છે.

## 4.5 એચ.આઈ.વી./એઈડ્સ આ રીતે ફેલાતો નથી.

એચ.આઈ.વી.ના ફેલાવા બાબતે સમાજમાં ઘણી ગેરમાન્યતાઓ જોવા મળે છે. તેથી નીચેની બાબતોને ધ્યાનમાં રાખવી જોઈએ. જેનાથી એચ.આઈ.વી.નો ફેલાવો થતો અટકે તેમજ એચ.આઈ.વી.ગ્રસ્ત વ્યક્તિને સામાજિક સહકાર અને પ્રેમ મળી શકે જે તેમનો પ્રાથમિક માનવ અધિકાર છે. આ મુદ્દાની ચર્ચાજી.એચ.એસ.પી. પ્લસની માહિતી પુસ્તિકાને આધારે કરવામાં આવી છે.

(ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી, 2010: 78) માહિતી પુસ્તિકા (G.S.P.N)

- છીંક ખાવાથી
- જંતુ/મચ્છર કરડવાથી
- એચ.આઈ.વી.ગ્રસ્ત વ્યક્તિનું એઠું પાણી પીવીથી. એંઠો આહાર ખાવાથી.
- ચુંબનથી
- જાહેર સ્નાનાગારમાં સ્નાન કરવાથી
- હાથ મિલાવવાથી
- સાથે કામ કરવાથી કે એચ.આઈ.વી.ગ્રસ્ત વ્યક્તિ સાથે સ્કૂલે જવાથી
- ટેલીફોન કે મોબાઈલથી
- એચ.આઈ.વી.ગ્રસ્ત વ્યક્તિ દ્વારા વપરાયેલા કપ, થાળી કે અન્ય વાસણો વાપરવાથી-સ્પર્શ કરવાથી
- હોસ્પિટલની મુલાકાત લેવાથી
- તળાવનો ઉપયોગ કરવાથી
- એકબીજાંનાં કપડાં પહેરવાથી
- બાથરૂમનો ઉપયોગ કરવાથી

## 4.6 એચ.આઈ.વી./એઈડ્સ એક સામાજિક સમસ્યા

સામાજીક સમસ્યાનો પ્રાથમિક ખ્યાલ મેળવ્યા પછી વર્તમાન સમાજવ્યવસ્થા માટે એચ.આઈ.વી./ એઈડ્સ કેવી રીતે સમસ્યા બની રહે છે. તેની સમજ મેળવીશું. આ માટે ઉપરોક્ત સામાજિક સમસ્યાનાં લક્ષણો કેન્દ્રમાં રાખીને એચ.આઈ.વી./ એઈડ્સની સામાજિક સમસ્યા તરીકે સમજ મેળવીશું.

**1. દરેક સામાજિક સમસ્યા આદર્શ પરિસ્થિતિમાં ધોરણભંગ છે.**

સમાજવ્યવસ્થાને યોગ્ય રીતે જળવવા માટે સમાજના દરેક વ્યક્તિઓ દ્વારા સમાજનાં ધોરણોનું અનુસરણ થાય તે જરૂરી છે. જ્યારે સમાજની આદર્શ પરિસ્થિતિમાં સમાજનાં મોટાભાગના લોકો દ્વારા ધોરણભંગ વર્તન કરવામાં આવે ત્યારે તે સમાજ માટે સામાજિક સમસ્યા બની રહે છે. એચ.આઈ.વી./એઈડ્સગ્રસ્ત વ્યક્તિઓ સમાજમાં કલંક અને ભેદભાવને કારણે આત્મહત્યાનાં પ્રયાસો કરેછે. દુર્ખિમના મતે આત્મહત્યાએ ધોરણભંગ વર્તન છે તેથી એચ.આઈ.વી./ એઈડ્સ એ સામાજિક સમસ્યા બને છે. એચ.આઈ.વી./ એઈડ્સ સમાજની આદર્શ સ્થિતિ માટે યોગ્ય સ્થિતિનું નિર્માણ કરતી નથી. તેથી જ તે સામાજિક સમસ્યા બની રહે છે.

**2. સમાજ કે સમૂહનાં નોંધપાત્ર લોકોને અસર કરતી પરિસ્થિતિ છે.**

સામાજિક સમસ્યાનું એક લક્ષણ છે, સમાજના મોટાભાગનાં લોકો તેનાથી પ્રભાવિત થતાં હોય. આમ એચ.આઈ.વી./એઈડ્સગ્રસ્ત લોકોની આંકડાકીય માહિતી જોઈએ તો યુ.એન.એઈડ્સના વર્ષિક અહેવાલ પ્રમાણે 2009 સુધીમાં 33.4 મિલીયન લોકો એચ.આઈ.વી. ગ્રસ્ત બન્યા છે. એચ.આઈ.વી.ને કારણે 2.00 મિલીયન લોકો મૃત્યુ પામ્યા છે. જ્યારે 2.7 મિલીયમ નવા કેસો નોંધાયાં છે. જેના પરથી સિદ્ધાંતિક રીતે સ્પષ્ટ થાય છે કે એચ.આઈ.વી./ એઈડ્સ સમાજનાં નોંધપાત્ર લોકોને અસર કરતી પરિસ્થિતિ છે. તેથી એચ.આઈ.વી./એઈડ્સ એક સામાજિક સમસ્યા તરીકે જોઈ શકાય છે.

**3. આવી પરિસ્થિતિ લોકોને અનિચ્છનિય લાગે છે.**

સામાજિક સમસ્યાનું અન્ય એક લક્ષણ છે આવી પરિસ્થિતિ લોકોને અનિચ્છનીય લાગે છે. એચ.આઈ.વી./એઈડ્સની સ્થિતિ સમાજના દરેક લોકોને અનિચ્છનીય કે અયોગ્ય લાગે છે તેમજ તે સ્થિતિ અનિચ્છનીય હોવાને કારણે સમાજના જુદાં-જુદાં સંગઠનોતેમજ સંસ્થાઓ દ્વારા તેને દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આવી સ્થિતિ સમાજવ્યવસ્થા માટે યોગ્ય નથી, તેથી સમાજનાજુદાં-જુદાં એકમો દ્વારા એચ.આઈ.વી./એઈડ્સની સ્થિતિને દૂર કરવાની ઈચ્છા ધરાવતા હોય છે. માટે એચ.આઈ.વી./ એઈડ્સ એક સામાજિક સમસ્યા બની રહે છે.

**4. દરેક સામાજિક સમસ્યા ઉત્પન્ન થવાનાં કોઈ સમાન આધાર હોય છે.**

દરેક સામાજિક સમસ્યા પેદા થવાનાં મૂળમાં કોઈ સામાજિક ઘટના અથવા સમાજની કેટલીક વ્યવસ્થા તેમજ સંકલનના અભાવને કારણે તે સ્થિતિનું પ્રસરણ થવા લાગે છે. જેમ કે ગરીબી માટે સામાજિક-વ્યવસ્થા જવાબદાર હોઈ શકે છે. તેવી જ રીતે એચ.આઈ.વી./ એઈડ્સ માટે પણ સમાજનાં ઘણા પાયાગત પરિબળો જવાબદાર બને છે. જેના કારણે તેને સામાજિક સમસ્યાનું સ્વરૂપ આપે છે. કોઈપણ સમસ્યા ત્યારે જ સામાજિક બને છે. જ્યારે સમાજના મોટાભાગના લોકો તેને સમાજવ્યવસ્થા માટે ખતરો ઉભો કરી શકે તેમ માનતા હોય આમ કોઈપણ સમસ્યા ત્યારે જ સામાજિક સમસ્યા બને જ્યારે સમાજ તેનો સ્વીકાર કરે.

**5. મોટાભાગે દરેક સમસ્યા એકબીજા સાથે સંકળાયેલ હોય છે.**

સમાજની વિકાસમય પ્રક્રિયામાં દરેક સમસ્યા એક-બીજા સાથે આંતરક્રિયા ધરાવતી હોય છે. જેમ કે જાતીયતાના વૈજ્ઞનિક જ્ઞાનનો અભાવ તે એક સમસ્યા છે જેને કારણે એચ.આઈ.વી.નું પ્રસરણ થવા પામે છે. તેવી જ રીતે ગ્રામીણ ગરીબી અને બેકારી વ્યક્તિના શહેરમાં સ્થળાંતર માટે જવાબદાર પરીબળ છે. સ્થળાંતર સાથે જાતીય જરૂરિયાતના પ્રશ્નો સંકળાયેલ છે, આમ જાતીયતાના વૈજ્ઞાનિક જ્ઞાનનો અભાવ અને જાતીય જરૂરિયાત વ્યક્તિને અસુરક્ષિત જાતીય સંબંધ માટે જવાબદાર બનાવે છે. આવી સ્થિતિમાં તેઅસુરક્ષિત જાતીય-સંબંધ બાંધે છે. અને તે એચ.આઈ.વી. ગ્રસ્ત બને છે. આમ દરેક સમસ્યાઓ એકબીજા સાથે જોડાયેલ હોય છે. તેવી જ રીતે એચ.આઈ.વી./એઈડ્સ પણ અન્ય સમસ્યાઓ સાથે જોડાયેલી છે.

**6. સામાજિક સમસ્યા સમાજના ભાગ પર પ્રભાવ પાડે છે.**

સમાજવ્યવસ્થા કાર્યાત્મકરૂપે એક-બીજા સાથે સંકળાયેલ છે. સમાજના રચનાતંત્રના કોઈ એક ભાગમાં આવતું પરિવર્તન બીજા ભાગો પર હકારાત્મક કે નકારાત્મક અસરો ઉભી કરે છે. તેવીજરીતે એચ.આઈ.વી.ગ્રસ્તાને કારણે વિભક્ત કુટુંબનું સર્જન થાય છે, લગ્નસંસ્થા માટે સમસ્યા ઉભી થાય છે. એચ.આઈ.વી.ગ્રસ્તતા સમાજના અર્થતંત્રને નબળું કરે છે, વ્યક્તિના આરોગ્યને નબળું કરી સામાજિક ભૂમિકાને પ્રભાવિત કરે છે, સમાજના વિકાસન પ્રક્રિયા મંદ પાડે છે. આમ એચ.આઈ.વી./એઈડ્સ સમાજના અન્ય એકમો પર નકારાત્મક અસરો ઊભી કરે છે.

**7. સમસ્યાત્મક પરિસ્થિતિના નિવારણ માટે સામૂહિક રીતે કંઈક અસરકારક પગલાં ભરવાં જોઈએ તેવી તીવ્ર લાગણી પ્રવર્તે છે.**

પ્રસ્તુત લક્ષણના સંદર્ભમાં એચ.આઈ.વી.એઈડ્સની ચર્ચા કરીએ તો એચ.આઈ.વી./ એઈડ્સની સ્થિતિ નિવારણ માટે વૈશ્વિક સ્તરે યુ.એન. એઈડ્સ, નેશનલ એઈડ્સ કંટ્રોલ ઓર્ગેનાઝેશન, ગુજરાત એઈડ્સ કંટ્રોલસોસાયટી, જુદાં-જુદાં સંગઠનો, આધાર, આબાદ એન.પી. પલ્સ, ટ્રસ્ટો વગેરે એચ.આઈ.વી.ની સ્થિતિને નિવારવા માટેના પગલાંઓ ભરી રહ્યા છે તેમજ સમાજના મોટાભાગના લોકો આ સ્થિતિને દૂર કરવાની તીવ્ર લાગણી ધરાવતા હોય છે. એચ.આઈ.વી.ની સ્થિતિને લોકો ધિક્કારતા હોય છે. તેમને લાગતું હોય છે કે આ સ્થિતિને દૂર કરવી જરૂરી છે.

**8. ભેદભાવ અને કલંકિત વર્તન**

એચ.આઈ.વી./એઈડ્સને એક સામાજિક સમસ્યાનું સ્વરૂપ આપવમાં મહત્ત્વની બાબત છે. એચ.આઈ.વી. ગ્રસ્ત વ્યક્તિ સાથે સમાજના સામાન્ય લોકો દ્વારા ભેદભાવ કરવામાં આવે છે. તેમજ તેમને કાંઈ ખોટું કામ કર્યુ છે તેવો પ્રતિભાવ આપી તેમને કલંકિત કરવામાં આવતા હોય છે. આમ રોગ એ જૈવિક સમસ્યા છે. જ્યારે તેમની સાથે સંકળાયેલ સામાજિક આંતરક્રિયા અને પ્રતિભાવ તેને સામાજિક સમસ્યાનું સ્વરૂપ આપવામાં સામાન્ય લોકોના પ્રતિભાવ મહત્ત્વનાં બની રહે છે. જે એચ.આઈ.વી./એઈડ્સને સામાજિક સમસ્યાનું સ્વરૂપ આપે છે.

## 4.7 એચ.આઈ.વી./એઈડ્સની અસરો

### 4.7.1 અનૌપચારિક ધોરણ અને મૂલ્યો :

ભારતીય સમાજવ્યવસ્થામાં વર્તમાન સમયમાં પણ પરંપરાગત સમાજથી ચાલ્યા આવતા ધોરણો તેમજ મૂલ્યોનું પ્રભુત્વ છે. જે વ્યક્તિના વર્તનને દિશાનિર્દેશ કરે છે. ભારતીય સમાજમાં જાતીયતાના ધોરણો વિશ્વના અન્ય સમાજોની તુલનામાં ઘણાં ચુસ્ત છે. અહીંયા સ્ત્રીની જાતીયતાના ધોરણોને પવિત્રતા સાથે જોડવામાં આવે છે. આવી સામાજિક પશ્ચાદભૂમિકામાં વ્યક્તિ જાતીયતા સાથે સંકળાયેલી બાબતોની ચર્ચા મુક્ત પણે કરી શકતા નથી. તેમજ ભારતમાં ઘણા રાજ્યોમાં ઔપચારિક શિક્ષણવ્યવસ્થામાં જાતીય શિક્ષણના મુદ્દાને સમાવેશ કરવામાં આવ્યો નથી. તેથી જાતીયતાના વૈજ્ઞાનિક ખ્યાલો અને વિમર્શ ઊભો થઈ શક્યો નથી. આજેપણ ભારતીય સમાજમાં જાતીયતા અંગેના ધોરણોનો વિમર્શ ઠીક ઠીક બદલાયો નથી. તેમજ પિતૃસત્તાક સમાજ વ્યવસ્થા હોવાના કારણે જાતીયતા અંગે જેટલી પુરૂષોને સ્વતંત્રતા મળી છે તેટલી સ્ત્રીઓને મળી નથી જેના કારણે સ્ત્રી કે પુરૂષને એચ.આઈ.વી./એઈડ્સ તેમજ જાતીય રોગોનો ભોગ બનવું પડતું હોય છે. આવા સંજોગોમાં સ્ત્રી કે પુરૂષ જ્યારેએચ.આઈ.વી./ એઈડ્સગ્રસ્ત થાય છે ત્યારે તેમને સમાજ તરફથી કલંકિત કરવામાં આવે છે. તેમના જાતીય વર્તનના માપદંડોને આધારે તેમના પર શંકા કરવામાં આવે છે."જરૂર આને કંઈ ખોટું કામ કર્યુ હશે માટે જ તેને આ રોગ લાગુ પડ્યો છે." આવા સામાન્ય વમર્શનો ઉદ્દભવ થાય છે.ભારતીય સમાજમાં સ્ત્રીની પવિત્રતાને જાતીયતાના મૂલ્યો સાથે જોડવામાં આવે છે. આવી સ્થિતિમાં કોઈએચ.આઈ.વી./એઈડ્સગ્રસ્ત બને છે ત્યારે તેને અપવિત્ર માની તેની સાથે કલંક અને ભેદભાવ શરૂ થઈ જાય છે. વ્યક્તિને બ્લડપ્રેશર (રક્ત દબાણ) કે ડાયાબિટીસનીસમસ્યા હોય ત્યારે તેને સમાજ તરફથી ભેદભાવ સહન કરવો પડતો નથી તેના માટે સમાજ તરફથી સહકાર અને હૂંફની ભાવના હોય છે. તેને રોજ બ્લડપ્રેશરની દવા ખાવી પડતી હોય તેવા સંજોગોમાં તેને સામાજિકસહકાર મળે છે. જ્યારે તેની તુલનામાંએચ.આઈ.વી.ગ્રસ્ત વ્યક્તિને સમાજ તરફથી સહકાર મળતો નથી.

### 4.7.2 કુટુંબ અનેએચ.આઈ.વી./એઈડ્સ

ભારતીય સમાજવ્યવસ્થામાં સંયુક્ત તેમજ વિભક્ત કુટુંબો જોવા મળે છે. ભારતીય સમાજ વ્યવસ્થામાં કુટુંબ એ પાયાનું એકમ છે. જે સામાજિકરણમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.વ્યક્તિ જો સંયુક્ત કુટુંબમાં વસવાટ કરતો હોય અને આવા સંજોગોમાં પતિ કે પત્ની એચ.આઈ.વી.ગ્રસ્ત જાહેર થાય ત્યારે તેમને પૃથ્થક વસવાટ કરવાની ફરજ પાડવામાં આવે છે. તેમને કુટુંબના સભ્યોના સહવાસની ખુબ જજરૂર

હોય તેવા સંજોગોમાં તેમને મળતો પ્રેમ, સહકાર અને હૂફને તેમનાથી દૂર કરવામાં આવે છે. સામાજિક સંબંધો નબળા પડી જાય છે આવી સ્થિતિમાં એચ.આઈ.વી.ગ્રસ્ત વ્યક્તિને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડતો હોય છે. ઘણા કિસ્સાઓમાં તો કુટુંબના સભ્યો દ્વારા પૃથ્થક-નિવાસ કરતા પતિ-પત્નીને મિલકતમાં ભાગ પણ આપવામાં આવતો નથી. તેમને ભાડાના મકાનમાં વસવાટ કરવા જવું પડે છે. આમ વ્યક્તિના જીવનમાં પાયાનું એકમ કુટુંબ છે. તેમાંય ખાસ કરીને ભારતીય સમાજ વ્યવસ્થામાં કુટુંબનું મહત્ત્વ અન્ય દેશોની તુલનામાં વધારે છે. વિભક્ત કુટુંબમાં પણ ભારતીય સમાજમાં સહકારની ભાવના હોય છે. વાર-તહેવાર તેમજ સુખ-દુખમાં કુટુંબના સભ્યો મળીને સમસ્યાઓનું સમાધાન કરતાં હોય છે. પરંતુ એચ.આઈ.વી./એઈડ્સગ્રસ્ત વ્યક્તિનેતો તેના કુટુંબ તરફથી ઓછો સહકાર મળે છે. તેથી તે પોતાને એકલો પડી ગયો હોય તેવી લાગણી અનુભવે છે. જાતીયતાના શિક્ષણને અનઔપચારિક રીતે ભારતીય સમાજવ્યવસ્થામાં કુટુંબ દ્વારા સામાજિકરણમાં આવરી લેવામાં આવતી નથી. આવી સ્થિતિમાં કુટુંબના સભ્યો સાચા જાતીયતાના જ્ઞાનથી દૂર રહે છે. અને એચ.આઈ.વી.નો ભોગ બનતા હોય છે. આ સિવાય જાતીય રોગ થયો હોય એવા સંજોગોમાં પણ વ્યક્તિ કુટુંબના અન્ય સભ્યોને તેની જાણ કરતા શરમ અને સંકોચનો અનુભવ કરતી હોય છે. આ પ્રકારનું સામાજિક વાતાવરણ ભારતીય સમાજ વ્યવસ્થા અને તેમાંય ખાસ કરીને પાયાની સંસ્થા કુટુંબમાં જોવા મળે છે. તેથી એચ.આઈ.વી./ એઈડ્સ ભારતીય સમાજ વ્યવસ્થામાં નકારત્મક અસરો જન્માવે છે.

### 4.7.3 લગ્નસંસ્થા અને એચ.આઈ.વી./એઈડ્સ

ભારતીય સામાજિક વ્યવસ્થામાં લગ્નસંસ્થા એ જાતીયતાના ધોરણો સાથે સંકળાયેલી પાયાની સંસ્થા છે. ભારતીય સમાજમાં જાતીયવર્તનને કાયદેસર રીતે સ્થાપિત કરવાનું કાર્ય લગ્નસંસ્થા કરે છે. લગ્નસંસ્થા લગ્ન પહેલા જાતીય સંબંધો ન બાંધવા જોઈએ. તેવો સામાન્ય વિમર્શ ભારતીય સમાજવ્યવસ્થામાં જોવા મળે છે. આવા સંજોગોમાં વ્યક્તિ લગ્ન પહેલા કેપછીપોતાની જાતીય જરૂરિયાત તેમજ તેની સાથે સંકળાયેલ સમસ્યાની મુક્ત પણે ચર્ચા કરી શકતી નથી કેમ કે, જાતીયતાના મુદ્દાને લગ્ન અને લગ્નની વિધિ દ્વારા ધર્મ સાથેના જોડાણના આધારે પવિત્રતાનો વિમર્શ ઊભો થવા પામ્યો છે. આ સ્થિતિમાં બને છે એવું કે ઘણાં લોકોના કજોડાં-લગ્ન હોય, મોડા-લગ્ન થયા હોય આવા સંજોગોમાં પોતાની જાતીય જરૂરિયાત સંતોષવાની ઈચ્છા હોવા છતાં સમાજનો ડર લાગે છે તેને કારણે તેનામાં સાચું જાતીય જ્ઞાન આવતું નહોવાને કારણે તે સમાજને ખબર ન પડે તેની બીકે અસુરક્ષિત જાતીય સંબંધ બાંધી દેતાં હોય છે, જેની ભયંકર અસરો લગ્નસંસ્થા અને સમગ્ર સામાજિક વ્યવસ્થા પર પડતી હોય છે.

### 4.7.4 શિક્ષણસંસ્થા અને એચ.આઈ.વી./એઈડ્સ

ભારતીય સમાજવ્યવસ્થામાં બે પ્રકારે વ્યક્તિને શિક્ષણ આપવામાં આવે છે. એક ઔપચારિક અને બીજું અનઔપચારિક. આ બંને પ્રકારના શિક્ષણમાં જાતીય શિક્ષણનો અભાવ જોવા મળે છે. સમાજશાસ્ત્રી ડૉ.ગૌરાંગ જાનીના મતે"ભારતીય સમાજના ઘણાં રાજ્યોમાં જાતીય શિક્ષણ પર બંધન કે નિયંત્રણ મુકવામાં આવ્યું છે. તેમાં ગુજરાતનો સમાવેશ પણ થાય છે." જ્યાં શાળા સ્કૂલમાં બાળકોને વૈજ્ઞાનિક રીતે જાતીય શિક્ષણ આપી શકાતું નથી. આમ શિક્ષણસંસ્થાએ વૈજ્ઞાનિક જ્ઞાનના મૂલ્ય સાથે સંકળાયેલી હોવી જોઈએ. પરંતુ ભારતીય સમાજવ્યવસ્થા અને પરંપરાગત ધાર્મિક ધોરણોની અસરો વર્તમાન સમયની વૈજ્ઞાનિક શિક્ષણ પ્રણાલી પર સ્પષ્ટ દેખાય છે. શિક્ષણ સંસ્થા કોઈ પણ સમાજમાં સામાજિકરણનું મહત્ત્વનું કાર્ય કરે છે. તેમાય વર્તમાન સમયમાં કુટુંબ કરતા પણ શિક્ષણ સંસ્થાનું મહત્ત્વ વધી ગયું છે. આમ વર્તમાન સમાજમાં વૈજ્ઞાનિક જ્ઞાનનું મહત્ત્વ વધ્યું હોવા છતાં ભારતીય શિક્ષણ પ્રણાલીમાં આજે પણ પરંપરાગત જાતીયતાના ધોરણ જોવા મળે છે. જેના કારણે યુવાનો અને મહિલાઓને યોગ્ય ઉંમરે જાતીય શિક્ષણ મળતું નથી. જેના કારણે તેઓ પાસે સુરક્ષિત જાતીય સંબંધ, નિરોધ, જાતીય રોગો તેમજ એચ.આઈ.વી./એઈડ્સ અંગેનું વૈજ્ઞાનિક જ્ઞાન ન હોવાને કારણે ભારતમાં એચ.આઈ.વી.નું પ્રસરણ વધતું જાય છે, જેની નકારાત્મક અસરો વ્યક્તિ, કુટુંબ, સામાજિક સંસ્થાઓ અને સમગ્ર સમાજવ્યવસ્થા ઉપર પડતી હોય છે.

#### 4.7.5 આર્થિકસંસ્થા અને એચ.આઈ.વી./એઈડ્સ

કોઈપણ સમાજમાં અર્થવસ્થા મહત્ત્વનું અંગ છે. ભારતીય સમાજ એ વિકાસશીલ દેશમાં આવે છે. આવી સ્થિતિમાં સમાજમાં એચ.આઈ.વી.ના પ્રસરણને કારણે યુવાધનને નુકસાન થાય છે. તેમજ રોગિષ્ઠ ભૂમિકા ભારતીય અર્થતંત્રને નબળું બનાવે છે. જે દેશમાં રોગો અને રોગીઓનું પ્રમાણ વધારે તેમ ત્યાંના અર્થતંત્રનો વિકાસ ઓછો થવા પામે છે. ભારતીય સમાજ એ વિકાસશીલ સમાજ છે જો તેને વિકસિત સમાજ બનાવવો હશે તો એચ.આઈ.વી./એઈડ્સ જેવી સમસ્યાઓને અટકાવવી પડશે. જ્યારે વ્યક્તિ એચ.આઈ.વી.ગ્રસ્ત બને છે. ત્યારે બીમારીનેકારણે તેનો ધંધો-નોકરી છુટી જાય છે. તે વ્યક્તિનું ભારણ સમાજના અન્ય એકમો પર આવે છે. જેના કારણે આર્થિક સ્થિતિ પર ભારણ વધે છે. જે દેશના અર્થતંત્રની વિકાસની પ્રક્રિયામાં બાધક બને છે. આમ એચ.આઈ.વી./એઈડ્સ ભારત જેવા વિકાસશીલ સમાજને વધુ નુકસાન પહોંચાડે છે.

#### 4.7.6 ભારતીય સમૂહજીવન અને એચ.આઈ.વી./એઈડ્સ

ભારતીય સમાજવ્યવસ્થામાં પરંપરાગત રીતે લોકો સમૂહજીવનમાં માનતા આવ્યા છે. અહીંયા વ્યક્તિ એક-મેકના સહકાર સાથે જીવન પસાર કરવાનું યોગ્ય માને છે. સામાજિક સંબંધ માત્રઔપચારિકતા નથી બનતા. પરંતુ લાગણી અને સુખ-દુખના સાક્ષી બનતા હોય છે. આવી સામાજિક પશ્ચાદભૂમિકા ધરાવતાં સમાજમાં જ્યારે કોઈ વ્યક્તિ એચ.આઈ.વી./ગ્રસ્ત જાહેર થાય છે. ત્યારે સમાજના જુદાં જુદાં એકમો દ્વારા તેનું અપમાન, તેની સાથે ભેદભાવ અને કલંક લગાડવામાં આવે છે. ત્યારે તે વ્યક્તિ સમાજથી દૂર થતો જાય છે. અને દુર્ખિમના મતે તે 'એનોમી'ની સ્થિતિમાં મુકાઈ જાય છે. આવી સ્થિતિમાં મર્ટનના મતે તે ધોરણભંગ વર્તન કરે છે. એટલે કે આત્મહત્યાનો પ્રયાસ કરે છે. જે સમાજ વ્યવસ્થા માટે નકારાત્મક બાબત છે. ભારતીય સમાજમાં વ્યક્તિના જન્મથી મૃત્યુ સુધી પ્રાથમિક આંતરક્રિયામાં લાગણી અને હૂંફ જોવા મળે છે. આમ એકા-એક આ લાગણી અને હૂંફમાં ઓટ આવવાને કારણે વ્યક્તિ નિરાશ થઈ જાય છે. તેમજ હિંમતહારી જાય છે. તેને એમ લાગે છે કે, તે એકલો પડી ગયો છે. આવા સંજોગોમાં ભારતીય સામાજિક સાંસ્કૃતિક માળખામાં વ્યક્તિને સામાજિક સહકાર ન મળે તો તેની માનસિકતા પર સહુથી વધુ અસર પેદા થાય છે. કેમ કે ભારતીય સમાજવ્યવસ્થામાં પ્રાથમિક જૂથો તેમની મોટી અપેક્ષા છે. જ્યારે વ્યક્તિ એચ.આઈ.વી.ગ્રસ્ત થાય છે ત્યારે આ પ્રાથમિકજૂથો દ્વારા તેની પર મુકવામાં આવતા આક્ષેપો અને ભેદભાવ ભારતીય સમાજવ્યવસ્થા માટે અકાર્યાત્મ કહી શકાય છે.

### 4.8 નિયંત્રણ માટેના ઉપાયો અને સરકારી અને બિનસરકારી સંગઠનોની ભૂમિકા

#### 4.8.1 ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટીઃ એચ.આઈ.વી.ના નિયંત્રણ માટેના ઉપાયો

જીવવિજ્ઞાન અને તબીબી જ્ઞાનને ધ્યાનમાં લીધા વિના એચ.આઈ.વી./એઈડ્સ વિશે કેહેવું મુશ્કેલ છે. જ્યારથી આ રોગચાળાની જાણ થઈ છે. ત્યારથી એચ.આઈ.વી. સાથે જીવતા લોકો સામે ડર, ભેદભાવ, શરમ જેવી સામાજિક પ્રતિક્રિયાઓ જોવા મળે છે. સમગ્ર વિશ્વમાં એચ.આઈ.વી./એઈડ્સનો વૈશ્વિક રોગચાળો સામાજિક કલંક તથા ભેદભાવની બાબત સાથે જોડાયેલ છે. જેના કારણે એચ.આઈ.વી.ગ્રસ્ત વ્યક્તિને લોકો, કુટુંબીજનો, પ્રયજનો અને સમાજ દ્વારા બહિષ્કારનો ભોગ બનુવું પડે છે.

ગુજરાત સરકાર દ્વારા આ રોગચાળાના પ્રતિકારની શરૂઆત 1992માં 'સ્ટેટ એઈડ્સ સેલ'ની રચના દ્વારા કરવામાં આવી. ઝડપી ઔદ્યોગિકરણ અને શહેરીકરણ એ રાજ્યની લાક્ષણિકતા છે. જેથી વિસ્થાપન અને સ્થળાંતરણ વધે છે, જે સમુદાયમાં એચ.આઈ.વી.નો ચેપ ફેલાવવાનું જોખમ વધારે છે. ગુજરાત રાજ્યમાં એચ.આઈ.વી.નો સૌ પ્રથમ કેસ 1986 માં શોધાયો હતો. રાષ્ટ્રીય એઈડ્સ નિયંત્રણ સંસ્થાના માર્ગદર્શન હેઠળ રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સ્થાપવામાં આવેલ 'ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી'રાજ્યમાં એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ ભાગ-3નું અમલીકરણ કરે છે. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ એચ.આઈ.વી.નો ફેવાવો અટકાવવો, સારવાર, સારસંભાર તથા સહકાર જેવા વિવિધ પાસાંઓને આવરી લઈ સંકલિત સેવાઓ પૂરી પાડવાનો છે. આ સેવાઓખાનગી-એકમો. શૈક્ષણિક-સંશોધન, તાલીમ સંસ્થાઓ, નાગરિક સમિતિ તથા એચ.આઈ.વી.ગ્રસ્ત લોકોના સંગઠનના સહયોગથી પૂરી પાડવામાં આવે છે.

એચ.આઈ.વીના ફેલાવાને અટકાવવા માટે 'ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી'ની બહુમુખી વ્યૂહ રચનાઓ, નવીનતાઓ, ઉપલબ્ધિઓ તથા પ્રવૃત્તિઓ નીચે પ્રમાણે છે.

**(1) માહિતી, શિક્ષણ અને સંવાદ**

ભારતમાં 99.7 ટકા લોકો એચ.આઈ.વી.થી સંક્રમિત નથી. તેના માટે રોકથામનો ભાગ મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. સંવેદનશીલ જૂથો અને સામાન્ય સમુદાય જેવા કે, તરૂણો સ્થળાંતરિત યુવાનો અને મહિલાઓમાં જાગૃતિ ઊભી કરવી અને વર્તન પરિવર્તનની રણનીતિ દ્વારા એચ.આઈ.વી./એઈડ્સના પ્રસરણને નિયંત્રિત કરી શકાય છે. ઉપરોક્ત સંદર્ભે વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે વ્યક્તિથી સમૂહ સંવાદ, લોગજાગૃત, સંવેદનશીલતા અને હિમાયત, મીટિંગ, માહિતી, શિક્ષણ અને સંવાદ દ્વારા કરવામાં આવી રહ્યો છે.

**(2) સંકલિત ગ્રામીણ એચ.આઈ.વી./એઈડ્સ કાર્યક્રમ**

ગ્રામીણ સ્તરે એચ.આઈ.વી.ના રોગના રોગચાળાને પ્રતિસાદ આપવા માટે ગુજરાત રાજ્યે સંકલિત ગ્રામીણ એચ.આઈ.વી./એઈડ્સ કાર્યક્રમ નામે ખાસ કાર્યક્રમને આકાર આપ્યો છે.આ કાર્યક્રમના મુખ્ય ધ્યેય ગામડાંઓમાં સઘન રીતે પહોંચવું અને આયોજનબદ્ધ રીતે ગ્રામીણ સંસ્થાઓનું ક્ષમતાવર્ધન.

**(3) જીવનદીપ**

એચ.આઈ.વી.ના મુદ્દા અને એચ.આઈ.વી.સાથે જીવતા લોકોને મુખ્યધારામાં સમાવેશ કરવા માટે જીવનદીપ પ્રોજેકટ અમલીકરણ કરવામાં આવ્યો છે. જેમાં રાજ્ય અને જિલ્લા સ્તરે સક્ષમ વાતાવરણનું નિર્માણ કરી એચ.આઈ.વી./એઈડ્સ પ્રત્યે ફેલાયેલી ગેરમાન્યતાઓ, કલંક, ભેદભાવ અને મૌનને તોડવું તેમજ એચ.આઈ.વી./એઈડ્સ રોકથામના પ્રયત્નોમાં એચ.આઈ.વી.ગ્રસ્ત વ્યક્તિને સામેલ કરી હિમાયત, નેટવર્કિંગ અને પોઝિટીવ પ્રિવેન્શન દ્વારા કાર્યક્રમને વેગ આપવો મુખ્ય રણનીતિઓ છે.

**(4) લક્ષિત દરમ્યાનગીરી**

કેટલાક જોખમી વર્તન ધરાવતાં જૂથો જેવાં કે ફીમેલ સેક્સ વર્કર, સજાતીય સંબંધ ધરાવતા લોકો અને સ્થળાંતરિત લોકોમાં સંક્રમણને નિયંત્રિત કરવા માટે તેમજ સામાન્ય જનતામાં આ સંક્રમણનો રોકથામ માટે રાષ્ટ્રીય એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ વર્તન પરિવર્તન, પ્રત્યાયન, નિરોધ પ્રોત્સાહન, જાતીયરોગની સારવાર, સંપરામર્શ અને સારસંભાળની સેવાઓનો લક્ષિત જૂથલાભ લે તે માટે સાનુકૂળ વાતાવરણ ઊભું કરવું વગેરે જેવી વિવિધ રણનીતિઓ સાથે લક્ષિત દરમ્યાનગીરી પ્રોજેક્ટ અમલીકરણ કરવામાં આવી રહ્યો છે.

**(5) રક્ત-સુરક્ષા**

દેશમાં કુલ એચ.આઈ.વી. સંક્રમણના લગભગ 2 ટકા એચ.આઈ.વી.નું સંક્રમણ કાર્યક્રમ હેઠળ સુરક્ષિત-રક્ત અને રક્તની બનાવટોની આપ-લેમા થાય છે. રાષ્ટ્રીય એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ સુરક્ષિત-રક્ત અને રક્તની બનોવટોઉપલબ્ધ કરાવવી મુખ્ય ચિંતાનો વિષય છે. સુરક્ષિત રક્ત કાર્યક્રમમાં રક્તની આપ-લે પહેલા રક્ત યુનિટનું એચ.આઈ.વી. પરીક્ષણ, રાજ્યની રક્ત આપ-લે સુવિધાઓનુંક્ષમતાવર્ધન અને સરકારી ચેરીટી રક્ત બેંકની દરેક બ્લડ યુનિટનું પરીક્ષણ માટે સહયોગ આપવો તે આ કાર્યક્રમની મુખ્ય રણનીતિ છે.

**(6) સ્વૈચ્છિક રક્તદાન**

રક્તનું કોઈ ફેક્ટરીમાં ઉત્પાદન કરી શકાતું નથી. સુરક્ષિત-રક્ત ફક્ત વ્યક્તિગત રીતે કરાયેલા સ્વૈચ્છિક રક્તદાન દ્વારા મેળવી શકાય છે. સ્વૈચ્છિક રક્તદાનની મુખ્ય રણનીતિ સુરક્ષિત રક્ત એકત્ર કરવાની છે. રક્તદાન અમૂલ્ય દાન છે. જેની ધનવાન અને ગરીબ બંને લોકો કરી શકે છે. દરેક સ્વસ્થ્ય-યુવક નિયમિત દર ત્રણ મહિને રક્તદાન કરી શકે છે.

**(7) મમતા કેન્દ્ર**

15 વર્ષથી નાના બાળકોમાં એચ.આઈ.વી.નો સંક્રમણ મુખ્યત્વે માતા-પિતાથી લાગતો હોય છે. માતાથી બાળકને એચ.આઈ.વી. સંક્રમણ ફેલાવવાની સંભાવના 30 થી 40 ટકા હોય છે. પરંતુ, પ્રસૂતિ દરમ્યાન માતા અને નવજાત શિશુને નેવેરાપીનના એક ડોઝથી એચ.આઈ.વી. સંક્રમણના સંભાવનાને 7 ટકા સુધી ઘટાડી શકાય છે. ચેપગ્રસ્ત માતાથી બાળકને લગતા સંક્રમણને રોકવા, સગર્ભા માતાઓને એચ.આઈ.વી.ના પરીક્ષણ માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ પ્રક્રિયા એચ.આઈ.વી. ગ્રસ્ત માતાઓની ઓળખ કરવામાં અને તેના ફૉલોઅપ માટે સમર્થ કરે છે તથા નિવેરાપીન દ્વારા માતા અને નવજાત શિશુને એચ.આઈ.વી.નું જોખમ ઘટાડવા માટે સંસ્થાકીય પ્રસૂતિને સુનિશ્ચિત કરે છે.

**(8) એ.આર.ટી.સેન્ટર**

એઈડ્સના લક્ષણો દેખાય તે પહેલાં એચ.આઈ.વી. ગ્રસ્ત વ્યક્તિ લાંબું અને સ્વસ્થ જીવન જીવી શકે છે. એઈડ્સએ એચ.આઈ.વી.ના કારણે આવતો છેલ્લો તબક્કો છે.'એન્ટી રિટ્રોવાયરલ થેરાપી'ની મદદથી રોગ-પ્રતિકારકશક્તિ સામેના હુમલાને નિયંત્રિત કરી શકાય છે.દરેક એચ.આઈ.વી.ગ્રસ્ત વ્યક્તિને એ.આર.ટી. લેવાની જરૂરિયાત પડતી નથી. એચ.આઈ.વી.સંક્રમિત વ્યક્તિઓમાંથી લગભગ 10 ટકા લોકોએ એ.આર.ટી. ની જરૂર પડે છે, જેની મદદથી તેઓ ગુણવત્તાયુક્ત લાંબું જીવન જીવી શકે છે.

**(9) મહિલાઓ માટે જાગૃતિ અભિયાન**

એચ.આઈ.વી.નું પ્રમાણ માહિલાઓમાં વધુ છે. એચ.આઈ.વી./એઈડ્સ અંગેની ઓછી જાણકારી, સામાજિક નિમ્નદરજ્જો અને મહિલાઓની શારીરિક રચનાના કારણે તેમને એચ.આઈ.વી.નો ચેપ લાગવાની વધુ સંભાવના છે. હાલમાં કુલ ચેપગ્રસ્ત વ્યક્તિઓમાંથી 40 ટકા મહિલાઓ છે. મહિલાઓના આ જોખમને ધ્યાનમાં રાખીને 'નેશનલ એઈડ્સ કંટ્રોલ કાર્યક્રમ' અંતર્ગત મહિલાઓને ધ્યાનમાં રાખીને વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે.

**(10) ડ્રોપ ઈન સેન્ટર**

એચ.આઈ.વી.ગ્રસ્ત વ્યક્તિને મનોવૈજ્ઞાનિક ભાર અને સામાજિક દબાણનો અનુભવ કરવામાં આવે છે. તેઓને એવી જગ્યાની જરૂરિયાત હોય છે. જ્યાં સહાય અને માર્ગદર્શન મેળવી શકાય. 'ડ્રોપ ઈન સેન્ટર' એચ.આઈ.વી.સાથે જીવતા લોકોને એવી જગ્યા આપે છે. જ્યાં તેઓ પોતાની લાગણી અને અભિવ્યક્તિઓને વ્યક્ત કરીને એકબીજાને મદદ કરી શકે. રાષ્ટ્રીય એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ એક રણનીતિના ભાગરૂપે 'ડ્રોપ ઈન સેન્ટરો' નું નિર્માણ કરવામાં આવ્યું છે. મોટાભાગે આ કેન્દ્રો એચ.આઈ.વી.સાથે જીવતા લોકો દ્વારા ચલાવવામાં આવે છે.

**(11) વિશ્વ એઈડ્સ દિન**

સમગ્ર વિશ્વમાં 1લી ડિસેમ્બર'વિશ્વ એઈડ્સ દિન' તરીકે ઉજવવામાં આવે છે. આ દિન નિમિત્તે લોકજાગૃતિ માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જેમાં નિતીઘડવૈયા, આયોજકો, અમલીકરણકર્તા અનેસ્વૈચ્છિક કાર્યકરો એકત્ર થઈને એચ.આઈ.વી./એઈડ્સની રોકથામની ચળવળમાં પોતાની એકતા દર્શાવે છે.

**(12) વાત્સાયન કેન્દ્ર**

એચ.આઈ.વી.નું સંક્રમણનું પરિક્ષણ અન્ય બીમારીના તપાસથી અલગ છે. જેના માટે પરિક્ષણ પહેલા અને પરીક્ષણ પછી રીપોર્ટ આપ્યા પહેલા સઘન સંપરામર્શની જરૂરીયાત રહે છે.'રાષ્ટ્રીય એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ' અંતર્ગત કાઉન્સેલરની વિશેષ સેના સાથે નિયંત્રણ કાર્યક્રમ અને પરીક્ષણની સુવિધા ક્લાયન્ટ (સેવાર્થી)ને ગોપનીય વાતાવરણમાં આપવામાં આવે છે. જે

વ્યક્તિને એચ.આઈ.વી.નું સ્ટેટસ જાણવાનો અને સ્વીકારવાનો અવસર પ્રદાન કરે છે. મહત્ત્વનું છે કે, આ સુવિધા એચ.આઈ.વી.ની રોકથામ અને દેખભાળની પ્રવેશબિંદુ તરીકે કાર્ય કરે છે.

### 4.8.2 ગુજરાત સ્ટેટ નિટવર્ક ઓફ પીપલ લીવીંગ વીથ એચ.આઈ.વી./એઈડ્સની ભૂમિકા

'ગુજરાત સ્ટેટ નેટવર્ક ઓફ પીપલ લીવીંગ વીથ એચ.આઈ.વી./એઈડ્સ' (જી.એસ.એન.પી. પ્લસ) કે જેની સ્થાપના 6 ફેબ્રુઆરી 2003ના રોજ સાત એચ.આઇ.વી.ગ્રસ્ત વ્યક્તિઓ દ્વારા એચ.આઈ.વી.સાથે જીવતા લોકોને પડતી મુશ્કેલીઓ અને ભેદભાવને લોકો સામે લાવવા અને તેના સમાધાન માટે કરવામાં આવી હતી.

જી.એસ.એન.પી. પ્લસનો મુખ્ય ધ્યેય ગુજરાતમાં એચ.આઈ.વી. સાથે જીવતાં લોકો માટે એવું સક્ષમ અને સાનુકૂળ વાતાવરણનું નિર્માણ કરવાનો છે કે, જ્યાં કલંક અને ભેદભાવ વગર યોગ્ય સારવારમળી રહે તેમજ તેમના માનવ અધિકારોનું રક્ષણ થાય તેમજ તેમને સામાજિક સ્વીકૃતિ મળી રહે, હાલમાં જી.એસ.એન.પી.પ્લસ ગુજરાતમાં 24 જિલ્લામાં જિલ્લા કક્ષાના સંગઠન દ્વારા કાર્ય કરી રહ્યું છે.

ગુજરાતના 18 જીલ્લાઓમાં'જતન પ્રોજેક્ટ' ચાલી રહ્યો છે. તે અંતર્ગત એચ.આઈ.વી.સાથે જીવતા લોકોને મળીને તેમના બાળકોને એચ.આઈ.વી. પરીક્ષણ કરાવવા માટે સમજાવી રહ્યાં છે. જો બાળકોને પરીક્ષણ એચ.આઈ.વી.ગ્રસ્ત આવે તો તેમને જીંદગીના વર્ષોમાં વધારો કરતી એ.આર.ટી.દવા તેમજ અન્ય સારવાર અને સંભાળ સુધી પહોંચાડવાનું કાર્ય કરી રહ્યા છે. આ સાથે-સાથે તેઓ એચ.આઈ.વી. સાથેજીવતાં અને એચ.આઈ.વી.થી અસરગ્રસ્ત બાળકોના પ્રશ્નોને શોધી તેમનું નિરાકરણ લાવવાના પ્રયત્નો કરી રહ્યા છે.

### 4.8.3 'આધાર' સંગઠનની ભૂમિકા

'આધાર' અમદાવાદ શહેરના એચ.આઈ.વી.ગ્રસ્ત લોકોનું, લોકો માટેનું અને લોકો દ્વારા ચાલતું સંગઠન છે. વર્ષ 2004માં આધાર એક સંગઠન તરીકે રચાયું એના બીજ રોપાયાં. આધાર શબ્દનો અર્થ જ સ્વયં સૂચિત છે. આધાર એટલે કે સહારો કે ટેકો. શરૂઆતથી લઈને આજ સુધી આધારના સભ્યો એકબીજાંનો ટેકો અને પરસ્પરની હૂંફ બની રહ્યાં છે. અને એ રીતે આધાર નામને તેમણે સાર્થક કર્યુ છે. માત્ર દસ સભ્યોથી શરૂ થયેલું આધાર સંગઠન હવે 1700 થી વધારે સભ્યોનું વિશાળ કુટુંબ બની ગયું છે. વર્ષ 2005માં ચેરિટેબલ ટ્રસ્ટ તરીકે નોંધાયેલું આધાર એચ.આઈ.વી.ગ્રસ્ત લોકોના ભેદભાવમુક્ત જીવન જીવવાના અધિકારોનું રક્ષણ થાય એ દિશામાં કાર્યરત છે.

### 4.8.4 આબાદ એન.પી.પ્લસઃ અમદાવાદ જિલ્લાના એચ.આઈ.વી.ગ્રસ્ત લોકોની સંગઠનનીભૂમિકા.

'આબાદ' એન.પી.પ્લસ એટલે અમદાવાદ નેટવર્ક ઓફ પીપલ લીવિંગ વીથ એચ.આઈ.વી. પોઝિટીવ.આ અમદાવાદ જિલ્લા લેવલે કાર્ય કરતું સંગઠન છે જેની સ્થાપના 5 મે 2005ના રોજ થઈ હતી.જેમાં અમદાવાદ જિલ્લાના ગામડાંઓ તેમજ શહેરોમાં વસવાટ કરતા એચ.આઈ.વી.ગ્રસ્ત વ્યક્તિઓનું બનેલું સંગઠન છે. જેને ગુજરાત એઈડ્સ કંટ્રોલ સોસાયટી દ્વારા નાણાંકીય મદદ મળી રહે છે. આ સંગઠનનું મુખ્ય ધ્યેય એચ.આઈ.વી.ગ્રસ્ત લોકોને સ્વાસ્થ્ય અને લાંબા જીવન માટે સહાયરૂપ થવું તેમજ તેમની સાથે થતાં ભેદભાવ અને કલંકને દૂર કરીને તેમની સમસ્યાઓ નિવારવી. સાથે સાથે નવા એચ.આઈ.વી.ના કેસો અટકાવવાં.

### 4.8.5 કૈરા સોશ્યલ સર્વિસ સોસાયટી

અમદાવાદમાં આબાદ એસ.એન.પી. પ્લસ અને આધાર સંગઠન પછી એચ.આઈ.વી. ગ્રસ્ત લોકો માટે કાર્યરત આ ત્રીજી મહત્ત્વની સંસ્થા છે. કૈરા સોશ્યલ સર્વિસ સોસાયટી 1 ઓક્ટોબર 2004 થી એચ.આઈ.વી./ એઈડ્સ સાથે જીવતા લોકોનું સંગઠન અને તેમની સમસ્યાઓના સમાધાન માટે કાર્યરત છે. જેમાં એચ.આઈ.વી.ગ્રસ્ત લોકોને સામાજિક ભેદભાવ અને કલંકના વાતાવરણમાંથી મુક્ત કરવાનું કામ કરવામાં આવે છે. સાથે સાથે અનાજ, નાણાંકીય સહાય, શિક્ષણ ખર્ચ, પ્રવાસતેમજ જનજાગૃતિના કાર્યો કરવામાં આવે છે.

## 4.9 એચ.આઈ.વી./એઇડ્સના નિવારણ કે ઉપાયોમાં સમાજ-કાર્યકરની ભૂમિકા

એચ.આઈ.વી./એઇડ્સનું નિવારણ કે ઉપાયોના પગલાંઓની ચર્ચા સરકારીતંત્રો અને સ્વૈચ્છિક સંગઠનોના સંદર્ભમાં તપસ્યા બાદ, એચ.આઈ.વી./એઇડ્સની સમસ્યાને હળવી કરવા તેમજ તેના નિવારવા માટે સમાજ-કાર્યકર કેવા પ્રકારના પગલાંઓ ભરી શકે તેની ચર્ચા નીચે મુજબ છે.

- મોટાભાગના લોકોને એચ.આઈ.વી. નો ચેપ અજ્ઞાનતાને કારણે લાગતો હોય છે. તેથી એચ.આઈ.વી./એઇડ્સ અંગેની લોકોમાં જાગૃતતા આવે તેવા કાર્યક્રમોનું આયોજન સમાજ-કાર્યકરે કરવા જોઈએ. સમાજમાં એચ.આઈ.વી./એઇડ્સ અંગેની સાચી જાણકારીનું પ્રસરણ થાય તેવા પ્રયત્નો કરવાથી એચ.આઈ.વી.ગ્રસ્ત વ્યક્તિઓનું પ્રમાણ ઘટાડી શકાય છે.
- એચ.આઈ.વી.ગ્રસ્ત વ્યક્તિ સાથે તથા ભેદભાવ માટે એચ.આઈ.વી./એઇડ્સ વિશેનો સમાજના લોકોનો અજ્ઞાનતા ભરેલો ખ્યાલ જવાબદાર હોવાથી, ભેદભાવને દુર કરવા માટે સમાજમાં એચ.આઈ.વી./એઇડ્સ અંગેની સાચી જાણકારી ઉભી થાય તેવા પ્રયત્નો સમાજ-કાર્યકરે કરવા જોઈએ.
- એચ.આઈ.વી./એઇડ્સના મુદાને સામાજિક વિજ્ઞાનોનો અભ્યાસક્રમ બનાવી એચ.આઈ.વી.ગ્રસ્ત વ્યક્તિઓની સમસ્યાઓને પ્રકાશમાં લાવવાના પ્રયત્નો સામાજિક કાર્યકરે કરવાં જોઈએ.
- જૂનાગઢમાં થેલેશેમીયાગ્રસ્ત બાળકોને એચ.આઈ.વી.નો ચેપ એચ.આઈ.વી.ગ્રસ્ત લોહી ચઢાવવાને કારણે લાગ્યો હતોં તો પણ સરકારે તાત્કાલિક પગલા ન ભર્યા અને આ મુદ્દે હાઇકોર્ટ સુધી દોડવું પડ્યું. આ બાળકોનો ઉદાહરણરૂપ કિસ્સો છે. આવી બાબતોમાં સરકારનું તાત્કાલિક ધ્યાન દોરી પગલાંઓ ભરે તેવા પ્રયત્નો સમાજ-કાર્યકરે કરવા જોઈએ
- 1 ડિસેમ્બરે 'વિશ્વ એઇડ્સ દિન' ની ઉજવણી કરવામાં આવે છે. પરંતુ ત્યાર પછી આ અંગે ઓછા જાગૃતિ કાર્યક્રમો થતા હોય છે. તેથી જાગૃતિ માત્ર પ્રતીકાત્મક ન બની રહે તેવા પ્રયત્નો સામાજિક-કાર્યકરે કરવા જોઈએ. શાળા, કોલેજ, કામદાર સંગઠનો, સરકારી-બિનસરકારી ઓફિસો વગેરે સ્થળોએ સ્વૈચ્છિક સંગઠનોના સહયોગથી જનજાગૃતિ માટે સમયાંતરે કાર્યક્રમો યોજાતા રહે તેવા પ્રયત્નો સમાજ-કાર્યકર દ્વારા થવા જોઈએ.
- સરકાર દ્વારા એચ.આઈ.વી.ગ્રસ્ત મહિલાઓને દર મહીને આર્થિક સહાય આપવામાં આવે છે. આ રકમ મોંઘવારીને ધ્યાનમાં રાખી સમયાંતરે વધે તેવા પ્રયત્નો સમાજ-કાર્યકરે કરવા જોઈએ. સરકાર દ્વારા આ સહાયના નિયમો મુજબ જે મહિલાઓ વિધવા થાય તેના બે-ત્રણ વર્ષ પછી તેને એચ.આઈ.વી.ગ્રસ્તતાની જાણ થાય તો તેવા કિસ્સાઓમાં સહાય મળતી નથી. આ સહાય દરેક એચ.આઈ.વી.ગ્રસ્ત મહિલાઓને મળે તે બાબતે સમાજ-કાર્યકરે સરકારના સંબંધિત વિભાગોનું ધ્યાન દોરવું જોઈએ.
- ગુજરાતમાં ગાંધીનગર અને સુરતમાં એચ.આઈ.વી.ગ્રસ્ત અનાથ બાળકોને રાખવામાં આવે છે. સમાજના લોકો આ બાળકોને દત્તક લેતા થાય તેવા પ્રયત્નો સરકાર અને સ્વૈચ્છિક સંગઠનોના માધ્યમથી થવા જોઈએ. જેમાં સમાજ-કાર્યકરની ભૂમિકા મહત્ત્વની બની રહે છે.
- સરકારના શિક્ષણ મેળવવાના અધિકાર કાયદામાં 14 વર્ષથી નાની ઉંમરના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ મેળવવાનો અધિકાર છે. આ કાયદામાં છેવાડાના અને એચ.આઈ.વી.ગ્રસ્ત બાળકોનો પણ સમાવેશ થાય છે. તે કાયદાનો અમલ થાય અને આ પ્રકારના એચ.આઈ.વી.ગ્રસ્ત બાળકોને શિક્ષણ અને સહકાર મળે તેવા પ્રયાસો સરકાર અને શૈક્ષણિક સંસ્થાઓએ કરવા જોઈએ. આ બાબતે સમાજ-કાર્યકરે ધ્યાન દોરવું જોઈએ.
- લગ્ન પહેલા સ્ત્રી-પુરુષ પોતાનો એચ.આઈ.વી. ટેસ્ટ સ્વૈચ્છિક રીતે કરવાનો આગ્રહ રાખે-તો ભવિષ્યમાં ઊભાં થનાર પ્રશ્નોમાં ઘટાડો કરી શકાય. આ બાબતે સમાજમાં ઘણી જાગૃત્તાની જરૂરિયાત હોવાથી સમાજ-કાર્યકર મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે.

- એચ.આઈ.વી.ગ્રસ્ત વ્યક્તિઓના પ્રશ્નો સંચારમાધ્યમો દ્વારા રજૂ કરી સરકારી તેમજ ખાનગી ચેનલોએ જાહેર ખબરો અને વિશેષ કાર્યક્રમો તૈયાર કરવા જોઈએ. જેથી આ મુદ્દાનું સાચું જ્ઞાન પ્રાપ્ત થાય.
- ખાસ કરીને કામના સ્થળે માલિક મંડળો, કારખાનામાં કામ કરતા મજૂરોના મંડળો, વ્યવસાયિક મંડળોએ પોતાના સભ્યો માટે એચ.આઈ.વી./એઇડ્સ અંગે જાગૃતિ માટેના કાર્યક્રમો કરવા પ્રેરાય તેવા પ્રયત્નો સમાજ-કાર્યકરે કરવા જોઈએ તેમજ જુદાં જુદાં મજૂર સંગઠનનોને આ પ્રવૃત્તિમાં સહભાગી કરવાં જોઈએ.
- એચ.આઈ.વી.ગ્રસ્ત બાળકને શિષ્યવૃત્તિ મેળવવાના ફોર્મમાં શાળાના આચાર્યના સહી-સિક્કા જોઈતા હોય છે, આવ સંજોગોમાં બાળકની એચ.આઈ.વી.ગ્રસ્તતા જાહેર થવાના ભયથી ઘણા બાળકો શિષ્યવૃત્તિથી વંચિત રહી જાય છે, આ પરિસ્થિતિના નિવારણ માટે સમાજ-કાર્યકરે યોજના તૈયાર કરી સરકારનું ધ્યાન દોરવું જોઈએ.
- શાળાઓમાં જાતીયશિક્ષણની વ્યવસ્થા કરવી જોઈએ. સાથે-સાથે અચે.આઈ.વી.ગ્રસ્ત વ્યક્તિ પોતાની સ્થિતિ જાહેર કરી શકે તેવું સામાજિક સહકારમય વાતાવરણ પૂરું પાડવાનો પ્રયત્ન સરકાર, સ્વૈચ્છિક સંગઠનો, તેમજ જાગૃત નાગરિક તરીકે આપણે બધાયે કરવો જોઈએ, આ કાર્યમાં સમાજ-કાર્યકરની ભૂમિકા ઘણી ઉપયોગી સાબિત થઇ શકે છે. જાતીયતા અને તેની સાથે સંકળાયેલ મુદ્દાઓની જાહેરમાં વૈજ્ઞાનિક અભિગમથી ચર્ચા થવી જોઈએ, સ્વૈચ્છિક સંગઠનોને મળતી સહાય વધારવી જોઈએ તેમજ એચ.આઈ.વી. અંગે લોકોમાં સાચી અને વૈજ્ઞાનિક જાણકારીનું પ્રસરણ થાય તેવા પ્રયત્નો સામાજિક કાર્યકર દ્વારા અવિરતપણે થતા રહેવા જોઈએ.

## 4.10 ઉપસંહાર

ઔષધીય વિજ્ઞાન મુજબ કોઇપણ રોગની સમજ અને જાણકારી તેના શારીરિક લક્ષણોની તપાસ કરવાથી થાય છે, એચ.આઈ.વી./એઇડ્સ જૈવિક પરિભાષામાં એક રોગ છે, પરંતુ એચ.આઈ.વી./એઇડ્સગ્રસ્ત વ્યક્તિ સાથે સમાજના લોકો દ્વારા થતા ભેદભાવને કારણે એચ.આઈ.વી. એક વિકરાળ સામજિક સમસ્યા બની ગઈ છે. વિશ્વના ઘણાબધા દેશોમાં એચ.આઈ.વી./એઇડ્સના નિદાન માટેની દવાઓ શોધવાના પ્રયત્નો ચાલી રહ્યાં છે, પરંતુ જ્યાં સુધી આ પ્રયત્નોમાં સફળતા ન મળે ત્યાં સુધી સમાજના દરેક વ્યક્તિ, કુટુંબ, સામાજિક સંસ્થાઓ, મંડળો તેમજ સમાજ-કાર્યકરો દ્વારા એચ.આઈ.વી./એઇડ્સગ્રસ્ત વ્યક્તિઓના માનવ અધિકારોનું રક્ષણ થાય તેવા પ્રયત્નો કરવાં અનિવાર્ય છે.

## 4.11 તમારી પ્રગતિ ચકાસો

(1) એચ.આઈ.વી.ગ્રસ્ત વ્યક્તિને કઈ દવા સમયસર લેવાની હોય છે?

(અ) એ.આર.ટી. (બ) બી.આર.ટી. (ક) પેરાસીટેમોલ (ડ) બુફેન

(2) એચ.આઈ.વી.ના અંતિમ તબક્કાને શું કહેવાય?

(અ) મેલેરિયા (બ) ક્ષયરોગ (ક) એઇડ્સ (ડ) એ.આર.ટી.

(3) ભારતમાં વર્ષ 2017 સુધીમાં કેટલાં લોકોના એચ.આઈ.વી./એઇડ્સને કારણે મૃત્યુ થયાં હતાં?

(અ) 69110 (બ) 7777 (ક) 45874 (ડ) 67815

(4) ગુજરાતના જિલ્લાઓમાં વર્ષ 2018-19મા કેટલાં એચ.આઈ.વી. ગ્રસ્ત વ્યક્તિઓ હતાં?

(અ) 9752 (બ) 9023 (ક) 9255 (ડ) 8111

(5) ગુજરાતમાં વર્ષ 2018-19મા કેટલી એચ. આઈ. વી.ગ્રસ્ત ગર્ભવતી મહિલાઓ હતી?

(અ) 570 (બ) 200 (ક) 530 (ડ) 552

## 4.12 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

પ્રશ્ન-1- (અ)

પ્રશ્ન-2- (ક)

પ્રશ્ન-3- (અ)

પ્રશ્ન-4- (બ)

પ્રશ્ન-5- (અ)

## 4.13 ચાવીરૂપ શબ્દો

**(1)** **એચ.આઈ.વી. :** એચ.આઈ.વી. એટલે 'હ્યુમન ઈમ્યુનોડેફિસીયંસી વાયરસ' આ વાયરસ વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિને ક્ષિણ કરે છે. તે ખાસ કરીને સી.ડી.-4 કોશિકાઓ ઉપર હુમલો કરે છે. શરૂઆતમાં એચ.આઈ.વી.ગ્રસ્ત વ્યક્તિ સ્વસ્થ લાગે છે. પરંતું 8થી 10 વર્ષમાં તે વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિને ખતમ કરી નાખે છે.

**(2)** **એઈડ્સ :** ઈન્ટરનેશનલ એનસાયક્લોપિડીયા ઓફ એઈડ્સ પ્રમાણે 'એઈડ્સ' એ એચ.આઈ.વી.નાં ચેપ પછીનો છેલ્લો તબક્કો છે. જ્યારે વ્યક્તિને જુદાં-જુદાં તકવાદી રોગોનો હુમલો વારંવાર થાય છે. પરંતુ તેવું નથી કે વ્યક્તિ મૃત્યુ પામે, બની શકે કે તે વધારે સમય જીવી શકે છે. પરંતુ સામાન્ય રીતે એઈડ્સ એ મૃત્યુની ખૂબ જ નજીકનો સમયગાળો છે. (Rao Digumarti, 2000:1)

**(3)** **સ્વૈચ્છિક સંગઠન :** સ્વૈચ્છિક સંગઠન એ એક ચોક્કસ વિચારસરણીથી આકર્ષાઈને મિશનરી ઢબે કામ કરવા પર ભાર મૂકતું એક જૂથ છે. સમાન ધ્યેયવાળા માણસો તેમના વિચારોને અમલમાં મુકવા માટે સંગઠનોને સ્થાપતા હોય છે. સત્તા અને જવાબદારીનું વિભાજન થતાં નિર્ણયો અને કાર્યક્રમોનો અમલ કરવા માટે ઘટકો ઊભાં થાય છે. નવા કાર્યકરો દાખલ થવાથી કાર્યવાહી આગળ વધે છે. જેમ જેમ પ્રવૃતિઓ વધતી જાય છે તેમ તેમ સંગઠનનું સ્વરૂપ પણ બદલાતું જાય છે. આ સંગઠનો વ્યવહારુ અભિગમ અપનાવીને સમજાવટની પદ્ધતિ દ્વારા આર્થિક, સામાજિક અને શૈક્ષણિક પ્રવૃતિઓ કરે છે.(ડૉ. જોષી વિદ્યુત:2016:175)

## 4.14 સ્વાધ્યાય લેખન

(1) એચ.આઈ.વી./એઇડ્સનો અર્થ જણાવી, તેના કારણો સમજાવો

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

(2) એચ.આઈ.વી./એઇડ્સ એક સામાજિક સમસ્યા તરીકે સમજવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

(3) એચ.આઈ.વી./એઇડ્સના નિવારણના પગલાં કે ઉપાયોની ચર્ચા કરો?

..............................................................................

..............................................................................

.....................................................................

.....................................................................

(4) એચ.આઈ.વી./એઈડ્સના નિવારણમાં સમાજ-કાર્યકરની ભૂમિકા સ્પષ્ટ કરો?

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 4.15 પ્રવૃત્તિ

(1) એચ.આઈ.વી./એઈડ્સના ક્ષેત્રમાં કાર્યરત સ્વૈચ્છિક સંગઠનની મુલાકાત લઇ અહેવાલ તૈયાર કરો

## 4.16 કેસ સ્ટડી

(1) ગુજરાત એઈડ્સ કંટ્રોલ સોસાયટીની મુલાકાત લઇ તેની પ્રવૃત્તિઓની નોંધ તૈયાર કરો

## 4.17 સંદર્ભગ્રંથ


* Annual Report: 2009-10, Gujarat Institute of Development Research, Gota, Ahmedabad, Gujarat, India.
* Arbucias David &Golin Suzy [1988]. Say No To AIDS, P.S.I.D. Associates Inc. 10481, S.W. 123rd Street, Miami, Florida- U.S.A.
* Annual Report [2009-10]. Gujarat State AIDS Control Sociaty, Ahmedabad.
* Allen Yvonne &Micheal More [1987]. The Bulletin Living and Loving in the AIDS Free Zone. Australian Consolidated Press, 54 Park Street, Sydney NSW-2000.
* ACCESS to HIV/AIDS CARE: A studi Among People living with HIV/AIDS. The Maharashtra Associations. Anthropological Sciences centre for health Research and Development-[2006]
* AIDS epidemic updatre: December:2009. UNAIDS & World Health Organization. 20, Avenue, Appia. Ch-1211 Geneva-27. Switzerland.
* Bloom E. David, Godwin Peter [1997] The Economics of HIV and AIDS- The case of South and South East Asia, Oxford University Press, Walton Street, Oxford, New York.
* Book Of Abstracts CA Compilation of Abstacts of Research Articles on HIV/ AIDS/STI Volime-I. Resource center for sexual Health HIV/AIDS (RCSHA), 3rd Floor, K-Block, Kajkaji, New Delhi, India.
* BorRobart, &Elford íLkonathan [1994]. The Family and HIV, great Britain, Redwood Books, Trowbridge, Wilshire, British.
* Boeije Hennie, Ana;ysis in Qualitative research, SAGE Publication, 2455, Teller Road, Thousand rocks, California-91320- 2010
* Bhatt S.D., Dhoundiyal N.C. [1996]. Horns of Dilemma AIDS- Volume- I. Shree Almora Book Depot. The mall Almora. U.P. Hills, India.
* Chopra Suhita [1998]. Condoms, AIDS AND SEXUALITY. B.R. Publishing Corporation. A-6, NimriCommerical Centre, Near Bharat Nagar, Ashok Vihar, Delhi, India.

* DavedBloom.E., (1997)The Economics of HIV andAIDS - The case of South Godwin peter and south East Asia oxtord university press walton streetOxford, New york.
* Donnell O. Mary, R.N. & M.H.íLk.M. [1996]. HIV/AIDS, Loss, Graif, Challenge and Hope. Tylor & Francis, 1101, Vermont Avenue, N.W. Suite-200, Whashington. U.S.A.
* Gulalia Akash, Rao Narsimha, Bhatt Sanjay, Patterns of mobility Migration and HIV risk in India, Mohit Publications, 46756/21, Ansari Road, Darya Ganj, New Delhi-2010.
* ડૉ. ગૌરાંગ જાની, એઇડ્સ પ્રતિકાર સામયિક, (2006-2009)
* ડૉ. અલ્પેશ આર. પ્રજાપતિ (2013), એચ.આઈ.વી. ગ્રસ્ત વ્યક્તિઓ સામાજિક સમસ્યાઓ અને ઉકેલો, એક સમાજશાસ્ત્રીય અભ્યાસ, અપ્રકાશિત શોધનિબંધ, ગૂજરાત વિદ્યાપીઠ. અમદાવાદ.
* નેશનલ એઇડ્સ કંટ્રોલ સોસાયટી ટેકનિકલ રિપોર્ટ-2017:20)
* વાર્ષિક અહેવાલ, ગુજરાત એઇડ્સ કંટ્રોલ સોસાયટી, 2016-17
* વાર્ષિક અહેવાલ, ગુજરાત એઇડ્સ કંટ્રોલ સોસાયટી, 2018-19

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# MSW-105
# સામાજિક સમસ્યાઓ
# Social Problems

વિભાગ

# 4

## સામાજિક સમસ્યાની સારવાર પદ્ધતિઓ

એકમ-1 સામાજિક નીતિ

એકમ-2 સામાજિક ફાયદા

એકમ-3 સામાજિક ક્રિયા

ISBN : 978-81-943679-2-5

**લેખક**

| | |
|---|---|
| **ડૉ. અલ્પેશ પ્રજાપતિ** | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>સમાજશાસ્ત્ર વિભાગ, શ્રી આર. કે. પરીખ<br>આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદ. |

**પરામર્શક (વિષય)**

| | |
|---|---|
| **ડૉ. શિવાની મિશ્રા** | ડાયરેક્ટર,<br>સમાજકાર્ય વિભાગ,<br>સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર. |

**પરામર્શક (ભાષા)**

| | |
|---|---|
| **પ્રિ. ઘનશ્યામ કે. ગઢવી** | નિવૃત્ત પ્રિન્સિપાલ<br>શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ<br>કૉલેજ, મહેસાણા |


**Edition : 2020**

**Copyright©2020 Knowledge Management & Research Organization.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## ઘટક પરિચય :

પ્રસ્તુત વિભાગમાં કુલ ત્રણ એકમોની ચર્ચા કરવામાં આવી છે જેમાં સામાજિક સમસ્યાને હળવી કે સમાધાન માટેની સારવાર પદ્ધતિઓનો સમાવેશ થાય છે.

પ્રથમ એકમમાં ભારતમાં સામાજિકનીતિ અનેરાજ્યનીતિના નિર્દેશક સિદ્ધાંતો, સામાજિકનીતિના ઉદેશો અને મહત્ત્વ, સામાજિકનીતિની રચના અને અમલીકરણમાં સામાજિક કાર્યકરની ભૂમિકા, સામાજિક આયોજન અને સામાજિકનીતિની વચ્ચેનો સંબંધ તેમજ ભારતમાં સામાજિકનીતિ અને રાજ્યનીતિના નિર્દેશક સિદ્ધાંતોનો પરિચય આપવામાં આવ્યો છે.

બીજા એકમમાં સામાજિક કાયદાઓ, સામાજિક નિયંત્રણની વ્યવસ્થા, સામાજિક કાયદાઓનો ઐતિહાસિક સંદર્ભ, સામાજિક કાયદાઓનું મહત્ત્વ અને સમાજકાર્યમાં સામાજિક કાયદાઓ કેવી રીતે મદદરૂપ થાય છે તેની સમજ રજૂ કરવામાં આવી છે.

ત્રીજા એકમમાં સામાજિક ક્રિયાના સંદર્ભમાં સામાજિક ક્રિયાનો સૈદ્ધાંતિક ખ્યાલ, સમાજકાર્યમાં ક્રિયા-આંતરક્રિયાનું મહત્ત્વ, સમસ્યાના ઉકેલમાં સામાજિક ક્રિયાનું પ્રદાન તેમજ સમાજકાર્યકરમાં સામાજિક આંતરક્રિયાની કુશળતા કેળવવા માટેના સૂચનો પ્રસ્તુત કરવામાં આવ્યાં છે.

## ઘટકના હેતુઓ :

1. સામાજિક કાયદાઓનું મહત્ત્વ અને સમાજકાર્યમાં તેની ઉપયોગિતા સમજવી.

2. સમાજકાર્ય દરમ્યાન ક્ષેત્રકાર્યનું મહત્ત્વ સમજવું

3. સામાજકાર્યકરમાં ક્રિયા અને આંતક્રિયાનું મહત્ત્વ અને કુશળતા કેળવવાનો હેતુ

4. સામાજિક નીતિઓ અને તેના માર્ગદર્શક સિદ્ધાંતોથી પરિચિત થવાનો હેતુ.

# એકમ–1 સામાજિક નીતિ

## : એકમનું માળખું :

1.1 પ્રસ્તાવના

1.2 એકમના હેતુઓ

1.2 સામાજિકનીતિનો અર્થ

1.3 સામાજિકનીતિના ઉદ્દેશો

1.4 સામાજિક નીતિની જરૂરિયાત

1.5 સામાજિક નીતિના નમૂના કે મૉડેલ

1.6 ભારતમાં સામાજિકનીતિ અને રાજ્યનીતિના નિર્દેશક સિદ્ધાંતો

1.6.1 રાજ્યનીતિના નિર્દેશક સિદ્ધાંતો.

1.7 આયોજન અને વહીવટ સાથે સામાજિક એકીકરણ તેની પોલિસી

1.7.1 સામાજિક આયોજન અને સામાજિક નીતિ

1.8 સામાજિક નીતિની રચના અને અમલીકરણમાં સામાજિક કાર્યકરની ભૂમિકા

1.8.1 સામાજિક કાર્યકરોની ભૂમિકા

1.9 તમારી પ્રગતિ ચકાસો (MCQ)

1.10 ઉપસંહાર

1.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1.12 ચાવીરૂપ શબ્દો

1.13 સ્વાધ્યાય લેખન

1.14 પ્રવૃત્તિ

1.15 કેસ સ્ટડી

1.16 સંદર્ભગ્રંથ

### 1.1 પ્રસ્તાવના

કેટલીક વિપરીત પરિસ્થિતિઓ કે જેમાં નુકસાનકારક પરિણામો આવી શકે છે તેમજ સમાજને અસર કરી શકે છે, તે પરિસ્થિતિ સમાજના સામાન્ય કામકાજમાં અવરોધ લાવી શકે છે. આવી હાનિકારક પરિસ્થિતિઓને સામાજિક સમસ્યાઓ તરીકે ઓળખવામાં આવે છે. દરેક સમાજમાં અમુક નિયમો અને મૂલ્યો હોય છે. જ્યારે આ ધારાધોરણો અને મૂલ્યોનું ઉલ્લંઘન થાય છે, ત્યારે તે સામાજિક સમસ્યાઓમાં પરિણમે છે. આ પ્રકારના ધારાધોરણો અને મૂલ્યોનું વિચલન સમાજમાં સમસ્યાઓ ઊભી કરે છે. સામાજિક સમસ્યાઓના કેટલાંક ઉદાહરણોમાં વ્યસન, આતંકવાદ, યુવા-અશાંતિ, કિશોરાપરાધ, ભ્રષ્ટાચાર, મહિલાઓ સામેના ગુનાઓ, પર્યાવરણીય અધોગતિ વગેરે છે.

સામાજિક સમસ્યાઓ સમાજના રચનાતંત્ર અને કાર્યત્મક પાસાઓમાં જોખમ ઉભું કરે છે. તેથી સામાજિક સમસ્યાને હળવી કરવા કે નિવારણ માટે જુદી જુદી સારવાર પદ્ધતિઓ દ્વારા સમાધાનો શોધવામાં આવે છે. કોઈપણ સામાજિક સમસ્યાના સમાધાન માટે સમાજ-કાર્યકર પાસે તે સમસ્યા અંગેનો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને સાચી-માહિતી હોવી અનિવાર્ય છે. સમસ્યાના નિવારણ માટે સમાજ કાર્યકરે જે તે

સમસ્યાના કારણો, અન્ય સામાજિક પરિબળો સાથેનો તેનો સંબંધ, તેની કર્યાત્મક બાજુ, તેના પરિણામો તેમજ પરિણામોની રચનાતંત્રના અન્ય ભાગો પરની અસરો વગેરે અંગેની પદ્ધતિસરની માહિતી હોવી અનિવાર્ય છે. કોઈપણ સમસ્યાનું નિવારણ વ્યવસ્થિત માહિતી-જ્ઞાન વગર કરવું જોખમ ભરેલું છે. કોઈપણ સમસ્યાના નિવારણ માટેનું આયોજન અને તેનો અમલ કરનાર સંસ્થાઓ વચ્ચે સુમેળ હોવો અનિવાર્ય છે. ગમે તેટલી પદ્ધતિસરની અને વ્યવસ્થિત માહિતી હોય, પરંતુ નિવારણમાં રુકાવટ આવે છે. એટલે સામાજિક સમસ્યાના નિરાકરણમાં ત્રણ બાબતોનું આંતરસંકલન મહત્ત્વનું છે. એક સમસ્યા અંગેની પદ્ધતિસરની માહિતી, બીજું સરકાર કે ખાનગી સંસ્થાઓ દ્વારા સમસ્યાના નિવારણ માટેનું આયોજન અને નીતિ અને, ત્રીજું સરકારી તંત્ર, પોલીસ કે સામાજિક કાર્યકરો દ્વારા કાર્યક્રમોનો અમલ. આમ આ ત્રણ બાબતો સમસ્યાના નિવારણમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સામાજિક સમસ્યાનો નિવારણ માટે સરકાર દ્વારા અનેક યોજનાઓ અને નીતિઓ અમલમાં મુકવામાં આવી છે આ નીતિઓ અંગે સમાજ કાર્યકર માહિતગાર હોવો અનિવાર્ય છે. જેથી તે પોતાના સમાજકાર્યમાં ઉપયોગી દૃષ્ટિકોણ કેળવી શકે માટે પ્રસ્તુત પ્રકરણમાં સામાજિક નીતિ અને સમાજકાર્ય વચ્ચેના આંતરસંબંધ થકી કેવી રીતે સામાજિક સમસ્યાઓને હળવી કરી શકાય તેનો ખ્યાલ મેળવીશું.

## 1.2 એકમના હેતુઓ

- ભારતમાં સામાજિકનીતિ અને રાજયનીતિના નિર્દેશક સિદ્ધાંતો સમજવા.
- સામાજિક નીતિના ઉદ્દેશો અને મહત્ત્વ સમજાવું.
- સામાજિક નીતિની રચના અને અમલીકરણમાં સામાજિક કાર્યકરની ભૂમિકા સમજાવી.
- સામાજિક આયોજન અને સામાજિક નીતિની વચ્ચેનો સંબંધ સમજવો.
- ભારતમાં સામાજિકનીતિ અને રાજયનીતિના નિર્દેશક સિદ્ધાંતોનો પરિચય મેળવવો.

## 1.2 સામાજિકનીતિનો અર્થ

સામાજિકનીતિ સરકાર દ્વારા અપનાવવામાં આવતી અને અનુસરવામાં આવતી કાર્યવાહીનો એક સમાધાન માર્ગ છે. સામાજિકનીતિમાં નક્કી કરેલા ધ્યેય કે લક્ષ્ય સુધી પહોચવા માટેની વ્યુહરચનાઓની વિભાવના છે. સામાજિકનીતિ લોકકલ્યાણ અને સુધારણા માટે રચાયેલ સરકારના તથ્યોના સારાંશને રજૂ કરે છે. સરકાર સામાજિકનીતિ કે આયોજનો દ્વારા સામાજિક સમસ્યાઓના સમાધાન માટેના ધ્યેયો કે લક્ષ્યો નક્કી કરતી હોય છે. જાહેરનીતિએ જાહેર કરેલા ઉદ્દેશોને પ્રાપ્ત કરવા ક્રમિક તબક્કાઓમાં અનુસરવાના માધ્યમ અને પદ્ધતિઓ સૂચવવાની ક્રિયાની વ્યુરચના છે. સામાજિકનીતિ શબ્દનો અર્થ નાગરિકને આવશ્યક સેવાઓ પૂરી પાડીને તેના કલ્યાણ પર સીધી અસર પડે તેવા પગલાઓને ધ્યાનમાં રાખી સરકાર દ્વારા થતા આયોજનો છે. "સામાજિક પરિવર્તન અને નિયંત્રણની દિશા તરફ એક સ્થાઈ અને સુસંગત દૃષ્ટિકોણ જે લક્ષ્ય અથવા સાધનોથી સંબંધિત હોય છે, જે સામાજિક નીતિને પ્રગટ કરે છે."(હરિકૃષ્ણ રાવતઃ 1986: 152)

સામાજિકનીતિ સરકારના એવા વહીવટી પગલાઓ, કાયદાકીય સુધારા, જેને સરકારના સાર્વભોમ પ્રભુસત્તાનું પીઠબળ મળેલું હોય છે અને જેનો હેતુ સમાજિક ન્યાય, સામાજિક સુધારણા અને કલ્યાણનો હોય છે. સામાજિકનીતિઓને સિદ્ધાંત અથવા રચાયેલ ક્રિયાના અભિગમ તરીકે સમજી શકાય છે, જેમાં સમાજના જીવનની એકંદરે ગુણવત્તા, વ્યક્તિગત અને જૂથોના જીવનના સંજોગો તેમજ વ્યક્તિઓ, જુથો અને સમગ્ર સમાજમાં આંતર-સામાજિક સંબંધોનો સ્વભાવનો સમાવેશ થાય છે. સામાજિકનીતિ એ સામાન્ય માર્ગદર્શિકા અથવા સિદ્ધાંતોનો સંદર્ભ આપે છે જે સરકાર દ્વારા અથવા સંગઠન દ્વારા ક્રિયાના કોઈ ચોક્કસ માર્ગને દિશા આપે છે. સામાજિક નીતિનું મુખ્ય લક્ષણ એ તેનું વિતરણ અથવા ફરીથી વિતરણપાત્ર છે. સામાજિકનીતિ એ એક વર્ગના સંશાધનો સમાજના અન્ય વર્ગમાં સ્થાનાંતરિત કરવાની પ્રક્રિયા છે.

## 1.3 સામાજિકનીતિના ઉદ્દેશો

સામાજિક નીતિ નક્કી કરેલાં ધ્યેય, લક્ષ્ય અને સમસ્યાના સમાધાન સુદી પહોચવા માટેની વિવિધ તબક્કાઓમાં વહેચાયેલ પ્રક્રિયા સૂચવે છે. સામાજિક સમસ્યાઓના સમાધાન માટે સામાજિક નીતિઓ અમલમાં મુકાતી હોય છે. જુદી-જુદી સામાજિકનીતિના ઉદ્દેશો જુદાંજુદાં હોય છે. જે-રીતે સામાજિક સમસ્યાઓ સાથે જુદાંજુદાં પરિબળો સંકળાયેલ હોય છે તેજ રીતે સામાજિક સમસ્યાઓના સમાધાન માટે નક્કી થયેલ નીતિ કે આયોજનના ઉદેશો પણ જુદાં જુદાં હોય છે. જેમ સામાજિક સમસ્યા સાપેક્ષ હોય છે તેમ સામાજિકનીતિ પણ સાપેક્ષતાની લાક્ષણિકતા ધરાવે છે, તેમછતાં સામાજિક નીતિના કેટલાંક સર્વસામાન્ય ઉદ્દેશો નીચે મુજબ કહી શકાય છે.

- સામાજિકનીતિનો ઉદ્દેશ સામાજિક પરિવર્તન લાવવાનો છે.
- સામાજિકનીતિ સામાજિક એકીકરણનું લક્ષ્ય રાખે છે.
- સામાજિકનીતિ જીવનની ગુણવત્તામાં સુધારો લાવવાનું લક્ષ્ય રાખે છે.
- સામાજિકનીતિનો ઉદ્દેશ સ્ત્રોતોની ફરીથી વહેચણી દ્વારા સમાનતા અને સામાજિક ન્યાયને પ્રોત્સાહન આપવાનો છે.
- સામાજિકનીતિનો હેતુ ગરીબી અને તેના પરિણામોને દૂર કરવાનો છે.
- સામાજિકનીતિ દ્વારા લાંબાગાળે સામૂહિક ગરીબીની સમસ્યા ઉભી કરવા માટેના જવાબદાર પરિબળોને નિયંત્રિત કરવાનો છે.

## 1.4 સામાજિક નીતિની જરૂરિયાત

સામાજિક નીતિ મુખ્યત્વે દિશાનિર્દેશો અને હસ્તક્ષેપોનો સંદર્ભ આપે છે, જેનો હેતુ મનુષ્યને સુધારવાનો છે. શિક્ષણ, આરોગ્ય, આવાસ અને સામાજિક સુરક્ષા માટેની માનવ-જરૂરિયાતોને પહોંચીવળવા અને કલ્યાણ કરવું તે સામાજિક નીતિનું મહત્ત્વ છે. શૈક્ષણિક સંદર્ભ અને સામાજિકનીતી એ સામાજિક સેવાઓ અને કલ્યાણરાજયના અભ્યાસને સંદર્ભિત કરે છે, જેમાં શામેલ છે સામાજિક સલામતી, આવાસ, આરોગ્ય, સામાજિક-કાર્ય. શિક્ષણસંસ્થાઓ અને સામાજિક માળખાંમાં સામાજિકનીતિ ઘણીવાર શિક્ષણ જેવી સામાજિક સેવાઓ તરીકે વ્યાખ્યાયિક કરવામાં આવે છે. આરોગ્ય,રોજગાર અને સામાજિક સુરક્ષા, પુનઃ વિતરણ, સંરક્ષણ સામાજિક ન્યાય બાબતે સામાજિકનીતિ દ્વારા લોકોને નીતિ નિર્માણના કેન્દ્રમાં લાવવાની છે. સામાજિકનીતિ સવશેષ કલ્યાણ પ્રદાન કરે છે. પરંતુ તેમની જરૂરિયાતો અને પ્રશ્નો કે જરૂરિયાતોને મુખ્ય ક્ષેત્રોમાં લાવીને સ્થિરતા અને સામાજિક એકતા પ્રદાન કરે છે. સામાજિકનીતિને પરિવર્તનના સકારાત્મક સાધન તરીકે જોઈ શકાય છે. સામાજિક નીતિનો મુખ્ય મુદ્દો એ છે કે ખાનગીજીવનમાં જાહેર-રાજ્યની સંડોવણી તેનો અર્થ એ છે કે નીતિ સરકાર દ્વારા લોકો તરફ રાજકીય (લોકશાહી) પ્રક્રિયા દ્વારા બનાવવામાં આવે છે આ પ્રક્રિયાનો અંતિમ ઉદ્દેશ સામાજિક નીતિ દ્વારા રાજ્યની 'સુખાકારી' તરફ સરકારની દખલ છે.

સામાજિક નીતિની જરૂરિયાત કે મહત્ત્વને નીચેના મુદ્દાઓથી સમજી શકાય છે.

1. માનવકલ્યાણમાં, શિક્ષણ, આરાગ્ય, આવાસ સેવાઓમાં સુધારો કરવો.
2. આર્થિક-સુરક્ષા માટેની માનવ જરૂરિયાતોને પૂરી કરવી.
3. સામાજિક નીતિના મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોમાં સુખાકારી અને કલ્યાણનું મહત્ત્વ.
4. ગરીબીમાં ઘટાડો અને બેરોજગારી વીમા માટેનું મહત્ત્વ
5. સામાજિક-સુરક્ષા, ન્યાય, રહેવાની શરતો, પશુ અધિકાર, પેન્શન વગેરે દ્વારા સુખાકારી માટે.
6. આરોગ્ય-સંભાળ અને સામાજિક આવાસની જરૂરીયાતને પહોચીવળવા માટે.
7. કુટુંબ-નીતિ અને સામાજિક સંભાળ માટેનું મહત્ત્વ.
8. બાળ સુરક્ષા, સામાજિક સુરક્ષા અને શિક્ષણ-નીતિ માટેનું મહત્ત્વ.

9. ગુના અને ગુનાહિત ન્યાય માટેનું મહત્ત્વ.

10. શહેરી વિકાસ અને મજૂરના પ્રશ્નોનું સમાધાન શોધવા માટે.

## 1.5 સામાજિક નીતિના નમુના કે મોડેલ

**મૉડેલ એ :** સામાજિક નીતિનું શેષ કલ્યાણ મોડેલઃ આ મોડેલ ઉદાર પરિસ્થિતિ સાથે સંબંધિત છે. ઔદ્યોગિકરણ અને શહેરીકરણ સાથે સાથ આપતા સુસંગત સામાજિક પરિવર્તન સાથે તેમજ એક અનિચ્છામાંથી બહાર આવવા થઈ તે વિશેષ પરિસ્થિતિ હેઠળ, બજારમાં અથવા કુટુંબમાં થતી ખામી, કેટલીક આવશ્યક જોગવાઈ/સામાજિક આવશ્યકતાઓને પૂરક બનાવવાની માંગ કરી શકે છે. આ અભિગમ સંબંધીતો અને બજારને વ્યક્તિની જરૂરીયાતોને પૂર્ણ કરવા માટેના એક માત્ર સાધન તરીકે સમજે છે. "અર્થ પરીક્ષણ" અને "ઓછી યોગ્યતા" પર મહત્ત્વ છે.

**મૉડેલ બી :** ઔદ્યોગિક સિદ્ધિ કે સામાજિક નીતિનું પ્રદર્શન મોડેલઃ આ નમુનો સામાજિક કલ્યાણ સંસ્થાઓ માટે એક મહત્ત્વપૂર્ણ કાર્ય શામેલ કરે છે. આ મોડલનો કેન્દ્રવર્તી ખ્યાલ છે સામાજિક આવશ્યકતાઓ મેરીટ, જોબ પ્રેઝન્ટેશન અને આઉટપુટના આધારે મળવી જોઈએ. તે પ્રોત્સાહનો, સખત મહેનત અને મહેનતાણું, વર્ગ અને જૂથની વફાદારીની રૂપરેખા સાથે સંબંધિત વિવિધ આર્થિક અને માનસિક સિદ્ધાંતોનું પરિણામ છે.

**મૉડેલ સી :** સામાજિકનીતિનું સંસ્થાકીય વિતરણ મોડલઃ આ મોડેલ સાંપ્રદાયિક સલામતીને સંસ્કૃતિમાં એક મુખ્ય સમાવિષ્ઠ સંસ્થા તરીકે જુએ છે, સાર્વત્રિક સેવાઓ બજારને ઈચ્છિત ધોરણે બાહ્ય પ્રદાન કરે છે. તે મુખ્યત્વે સમય દ્વારા શક્તિસ્ત્રોતો ઉપર પુનઃરોજગારની વ્યવસ્થાને સમાવવાનું પ્રતિનિધિત્વ છે. આમ સામાજિક નીતિ, પૂર્વગ્રહમુક્ત અને નિષ્પક્ષતાની વર્તમાન વિભાવનામાં મહત્ત્વપૂર્ણ સ્થાન મળે છે. ભારત સામાજિક નીતિઓની કલ્પના કરતી વખતે આ મૉડેલનું પાલન કરે છે.

## 1.6 ભારતમાં સામાજિકનીતિ અને રાજ્યનીતિના નિર્દેશક સિદ્ધાંતો

રાજ્યનીતિના સિદ્ધાંતો જે કાયદાકીય અધિકારો એટલે આજીવિકાના પર્યાપ્ત માધ્યમોનો અધિકાર, સ્વાસ્થ્ય અને શક્તિને સુરક્ષિત કરવી, બાળકોની નાની વયનો દુરૂપયોગ ન કરવો; શોષણ સામે રક્ષણ, નૈતિક અને ભૌતિકત્યાગ સામે રક્ષણ; બેરોજગારીના કિસ્સામાં કામ, શિક્ષણ, જાહેર સહાયનો અધિકાર; કાર્ય અને પ્રસૂતિ રાહતની ન્યાયી અને માનવીય પરિસ્થિતિઓ; 14 વર્ષની વય સુધી મફત અને ફરજિયાત શિક્ષણની જોગવાઈ; નબળા વર્ગના શૈક્ષણિક અને આર્થિક હિતોંની વિશેષ કાળજી વગેરે સામાજિક નીતિમાં મહત્ત્વના છે.

સામાજિકનીતિ એ ફક્ત સરળ કલ્યાણ વિચારણાઓનું પરિણામ નથી, પરંતુ વિકાસની પ્રક્રિયામાં એક મુખ્ય સાધન છે, જે વ્યાપક વ્યૂહરચનાના ભાગરૂપે આર્થિકનીતિના સહયોગથી પદ્ધતિઓનું કાર્ય કરવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે, જેમાં વધુ ફેલાવો અને અસરકારકતા ખુબજ મહત્ત્વની છે. જો કે, વિકાસની વ્યૂહરચનાની અંદર સામાજિકનીતિને વધુ મજબૂત રીતે ઉભી કરવા અને તેની વચ્ચે આર્થિકનીતિ વચ્ચેના જોડાણોનું નિર્માણ કરવા માટે, નીતિના બંને પાસાઓ વિકસિત થાય છે. તેથી રાજકીય અર્થતંત્ર સંદર્ભોથી વાકેફ રહેવું જરૂરી છે. યોગ્ય અને ટકાઉ વિકાસ માટે વધુ અસરકારક સાધન એ સામાજિક નીતિ છે. ટૂંકમાં સામાજિક નીતિ સંબંધિત નીતિઓ, યોજનાઓ અને સંસ્થાઓની જટિલ કે આર્થિક પ્રવૃત્તિની સામાજિક પરિસ્થિતિઓ સાથે સંબંધિત છે. સામાજિક નીતિ મૂડી અને મજૂર વચ્ચેના વ્યાપક સામાજિક કરારને પ્રતિબિંબિત કરે છે. વિકાસશીલ અર્થવ્યવસ્થામાં આ ખાસ કરીને વિકાસ પ્રોજેક્ટના સંચાલન માટે મૂડી અને મજૂર વચ્ચેના સામાજિક કરારનો સંદર્ભ આપે છે. રાષ્ટ્ર-રાજ્યની એજન્સીનો ઉપયોગ કરીને આર્થિક વિકાસ દ્વારા મોટાભાગના નાગરિકો માટે ભૌતિક કલ્યાણ વધારવાના પ્રોજેક્ટ તરીકે વ્યાખ્યા કરવામાં આવી છે. ભારત સહિતના ઘણા વિકાસશીલ દેશોમાં આ પ્રોજેક્ટ આંશિક અથવા મોટા પ્રમાણમાં અધૂરો રહેલો છે તેમ છતાં આ અધૂરી સ્થિતિને હજી પણ કેટલાંક કિસ્સાઓમાં રોકી શકી નથી. તેથી સ્પષ્ટ થાય છે કે સામાજિક નીતિનું એક મહત્ત્વ એ

મ

છેકે જે મૂળભૂત સમાનતા અને નિમ્ન જીવનનિર્વાહ વિશેની માન્ય ચિંતાઓથી પણ આગળ વધે છે. એક વિકાસ સંદર્ભમાં સામાજિકનીતિ સમાજ વિકાસ માટે અનેક સ્તરે, મુડીવાદી વિકાસ પ્રોજેક્ટમાં મુખ્ય ભૂમિકા ભજવી શકે છે સૌથી મૂળભૂત સ્તરે વિવિધ પ્રકારની સામાજિક નીતિઓ આધુનિકીકરણના સંદર્ભમાં 'વ્યવસ્થા' કરવાની રાજ્યની ક્ષમતા માટે નિર્ણાયક છે. ત્યારે સામાજિકનીતિ પુનર્વસન અને સામાજિક એકીકરણ માટેનું મૂળ સાધન બની શકે છે. ઘણીવાર સામાજિકનીતિ અનેક સંઘર્ષને સમાવવાનું સૌથી અસરકારક માધ્યમ છે જે સમાજને અસ્થિર કરે છે.

બીજી મહત્ત્વપૂર્ણ, અને સંબંધિત, સમાજિક નીતિની ભૂમિકા અલબત્ત કાયદેસરની છે. માત્ર રાજ્યની જ નહીં પણ વિકાસ યોજનાની પણ કાયદેસરની આ જરૂરિયાત લાંબાગાળાની પ્રક્રિયા માટે અને ટૂંકા ગાળાના કટોકટી સંચાલનના સંદર્ભમાં બંને થાય છે. આમ લાંબાગાળાનું આયોજન કરવું તે, ખાસ કરીને વૃદ્ધિના માર્ગમાં મહત્ત્વપૂર્ણ છે, જે ઉચ્ચરોકાણ અને બચત પર આધાર રાખે છે. જેનાથી વર્તમાનના વપરાશને આધારે ભાવિ વપરાશ માટે વિકાસ-વૃદ્ધિની તરફેણમાં વિચારવામાં આવે છે. ખેડુતોના સંજોગોમાં સામાજિક નીતિ દ્વારા મૂળભૂત જરૂરિયાતો અને સામાજિક સેવાઓ પ્રદાન કરવા તરફ દોરવામાં આવે છે જેઓ વર્તમાન વપરાશના સંદર્ભમાં આર્થિક વૃદ્ધિથી મેળવેલાં લાભથી વંચિત છે, તે સામાજિક સ્થિરતા અને સાતત્યની ખાતરી કરવા માટે માત્ર મહત્ત્વપૂર્ણ જ નહીં પણ જરૂરી રહેશે. વૃદ્ધિ અથવા આવકમાં સક્રિય અસ્થિરતા ઉત્પન્ન, અથવા જે પણ પ્રકારની સમાયાંતરે કટોકટી તરફ વલણ ધરાવે છે સમાજિક નીતિ કટોકટીના સૌથી ખરાબ સામાજિક પ્રભાવોને ઘટાડવા માટેના સાધન તરીકે પણ કામ કરી શકે છે. ભારતની કેટલીક સામાજિક નીતિઓ જોઈએ તો 1986 શિક્ષણ પર રાષ્ટ્રીય નીતિ (1968), 1987 પાણી અંગેની રાષ્ટ્રીય નીતિ (2012), 1988 યુવા પર રાષ્ટ્રીય નીતિ (2003-2014), આરોગ્ય પર 1995 રાષ્ટ્રીય નીતિ (2002), વૃદ્ધ વ્યક્તિ માટે 1999 રાષ્ટ્રીય નીતિ, 2000 રાષ્ટ્રીય વસ્તી નીતિ, 2001 રાષ્ટ્રીય નીતિ મહિલા સશક્તિકરણ, 2006 પર્યાવરણ પર રાષ્ટ્રીય નીતિ, 2013 રાષ્ટ્રીય સાયબર સુરક્ષા નીતિ, 2015 કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા પર રાષ્ટ્રીય નીતિ વગેરે છે.

### 1.6.1 રાજ્યનીતિના નિર્દેશક સિદ્ધાંતો.

ભારતીય બંધારણના ભાગ ચાર હેઠળ રાજ્ય નીતિના નિર્દેશક સિદ્ધાંતોની ચર્ચા નીચે મુજબ કરવામાં આવી છે

- આર્ટિકલ 37: કહે છે દેશના શાસન માટે નિર્દેશક સિદ્ધાંતો મૂળભૂત છે અને કાયદાઓ બનાવવામાં આ સિદ્ધાંતોનો અમલ રાજ્યની ફરજૂ રહેશે.
- આર્ટિકલ 38: રાજ્ય લોકોની કલ્યાણ અને સમાજ વ્યવસ્થાના સંપૂર્ણ વિકાસ માટે પ્રોત્સાહિત કરશે.
- આર્ટિકલ 39: રાજ્ય ખાસ કરીને સલામતી તરફ તેની નીતિ દિશામાન કરશે. પુરુષો અને મહિલાઓને સમાનરૂપે જીવન માટે તેમના પૈસા કમાવવાનો અધિકાર છે. સમુદાયના ભૌતિક સંશાધનોની માલિકી, નિયંત્રણ અને શ્રેષ્ઠ રીતે વિતરણ કરવામાં આવે છે. સ્ત્રી-પુરુષ બંને માટે સમાન પગાર છે. કામદાર પુરુષો અને સ્ત્રીઓનું સ્વાસ્થ્યની સમાન સંભાળ લેવી.
- આર્ટિકલ 40: રાજ્ય ગ્રામ પંચાયતોને સ્વરાજ્યના એકમ તરીકે ગોઠવવાના પગલા લેશે.
- આર્ટિકલ 41: રાજ્ય તેની આર્થિક ક્ષમતા અને વિકાસના સીમાની અંદર બેરોજગારી, વૃદ્ધાવસ્થા, માંદગી અને અપંગતાના કેસોમાં કામ કરવાની અધિકારોને સુરક્ષિત કરવા, શિક્ષિત કરવા અને જાહેર સહાય માટે અસરકારક જોગવાઈ કરશે.
- આર્ટિકલ 42: રાજ્યની ન્યાયપૂર્ણ અને માનવીય કાર્યની સલામતી અને પ્રસૂતિ રાહત માટેની યોજનાઓ કરશે.
- આર્ટિકલ 43: રાજ્ય કામદારોને કૃષિ, ઔદ્યોગિક અથવા અન્ય કામ એક આજીવિકા વેતન

માટે સલામત રહે તે માટે પ્રયત્નો કરશે અને કુટિર ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય જવાબદાર રહેશે.

- આર્ટિકલ 45: ચૌદ વર્ષની વય પૂર્ણ ન થાય ત્યાં સુધી તમામ બાળકો માટે આ સંસ્થાનની શરૂઆતથી દસ વર્ષના સમયગાળાની અંદર રાજ્ય પૂરી પાડવા માટે અનુરોધ કરશે.
- આર્ટિકલ 46: રાજ્ય ખાસ કરીને અનુસુચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને નબળા વર્ગના શૈક્ષણિક અને આર્થિક હિતોં માટે વિશેષ કાળજી સાથે પ્રોસાહન આપશે.
- આર્ટિકલ 47: રાજ્ય પોષક તત્ત્વોના સ્તર અને તેના લોકોના જીવનધોરણ વધારતા હેતુનું નિયમન કરશે અને આરોગ્ય માટે હાનિકારક પીણાંઓ અને દવાઓ પર પ્રતિબંધ લાવવા પ્રયાસ કરશે.
- આર્ટિકલ 48: રાજ્ય પર્યાવરણની સુરક્ષા અને સુધારણા માટે અને દેશના જંગલો અને વન્યજીવોની સલામતી માટે કાર્ય કરશે.
- આર્ટિકલ 49: રાજ્ય હંમેશા ઐતહાસિક સ્મારકો કલાત્મક સ્થાનોનું રક્ષણ કરશે.
- આર્ટિકલ 50: રાજ્ય જાહેર સેવાઓમાં ન્યાય પાલિકાઓને કરોબારીથી અલગ કરશે.
- આર્ટિકલ 51: રાજ્ય પ્રયાસ કરશે કે આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીને પ્રોત્સહાન આપવું, રાષ્ટ્રો વચ્ચેના માનવીય સંબંધો જાળવવા, આંતરરાષ્ટ્રીય કાયદાઓ અને એક બીજા માટે આદર અને લવાદ દ્વારા આંતરરાષ્ટ્રીય વિવાદોના સમાધાનને પ્રોત્સાહિત કરશે.
- આર્ટિકલ 39-બી:રાજ્ય ખાસ કરીને આવકની અસમાનતાઓને ઘટાડવાનો પ્રયાસ કરશે
- આર્ટિકલ 350: લઘુમતી વર્ગના લોકોને ખાસ કરીને લઘુમતી વર્ગના બાળકોને માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ આપવાની ફરજ રાજ્યના અધિકારીઓની છે.
- આર્ટિકલ 351: હિન્દી ભાષાને ભારતના લોકોમાં ફેલાવવી એ સંઘની ફરજ રહેશે જે આપણી સાંસ્કૃતિક અને સામાજિક તત્ત્વોનો વિકાસ કરશે.

## 1.7 આયોજન અને વહીવટ સાથે સામાજિક એકીકરણ તેની પોલિસી

યોજના શબ્દના ઘણાં વિશેષણો છે, એટલે કે આર્થિક આયોજન, સામાજિક આયોજન, લોકશાહી આયોજન, ફાસીવાદી આયોજન, સામ્યવાદી આયોજન, વગેરે જુદાં જુદાં ઉદ્દેશો ધરાવતા હોય છે. આ શબ્દની યોજના સામાન્ય રીતે આર્થિક આયોજનના અર્થમાં ફાળવણીની જેમ વપરાય છે. નાણાંની દષ્ટિએ રાજ્ય અને ખાનગી એજન્સીઓ બંનેનાં સંશાધન બનાવ્યાં છે. આ અર્થમાં પછી આયોજન યોગ્ય સંપત્તિના ઉત્પાદન અને વિતરણ સાથે સંબંધિત છે.યોજના એ ભાવ અને આવકના રોકાણોના જવાબમાં સંસાધનોની ફાળવણીને બદલે અધિકાર દ્વારા નક્કી કરવામાં આવેલા લક્ષ્યો માટે સંસાધનોની સામાન્ય ફાળવણી છે. અગાઉ જણાવ્યા મુજબ 'આયોજન' શબ્દનો ઉપયોગ આર્થિક અર્થમાં થાય છે પરંતુ આ અર્થમાં પણ તેનો સામાજિક પ્રભાવ પડે છે. અને આર્થિક આયોજનમાં સમાજિક આયોજનનો પણ સમાવેશ થાય છે. જો કે, એક ટૂંકા અર્થમાં 'સામાજિક આયોજન' શબ્દ વિવિધ સમાજ કલ્યાણ સેવાઓના આયોજન માટે મર્યાદિત છે. આયોજનના ઉદ્દેશ્ય આર્થિક અને સામાજિક બંને છે અને એકબીજાં સાથે સંકળાયેલાં છે. તેના આર્થિક પાસામાં યોજના, વિકાસના દર, ઉદ્યોગો અને કૃષિ વચ્ચે વધુ સંતુલન, કુદરતી અને માનવ સંસાધનોને વધુ સારી રીતે ઉપયોગમાં લેવાની અને સમગ્ર શ્રમબળની આવકના વાજબી સ્તરે રોજગારની તકોની માંગ કરે છે. સામાજિક આયોજનની તુલનામાં અર્થશાસ્ત્રના આયોજનના લક્ષ્યો અને પદ્ધતિઓ વધુ સંકુચિત રીતે નિર્ધારિત છે અને માપન માટે વધુ સક્ષમ છે. બીજી બાજુ, સામાજિક આયોજનના વ્યપક લક્ષ્યો છે, ખાસ કરીને વસ્તીના જુદાં જુદાં વર્ગ માટે સમાન તકની શરતોનું નિર્માણ અને દરેક નાગરિક માટે સંપૂર્ણ જીવન અને તે ફક્ત પ્રયત્નો અને સંઘર્ષના સમયગાળામાં ચોક્કસ બની શકે છે. વ્યાપક દષ્ટિકોણ પર સામાજિક આયોજનમાં પ્રોયત્નોના ચાર મુખ્ય ક્ષેત્રોનો સમાવેશ થાય છે એમ કહી શકાય, (અ)શિક્ષણ, આરોગ્ય અને આવાસ જેવી મૂળભૂત સામાજિક સેવાઓનો વિકાસ (બ) સમાજકલ્યાણ જેમાં ઓછામાં ઓછી સુવિધાઓ અને ગ્રામીણ અને

શહેરી કલ્યાણની જોગવાઈ (ક) સમુદાયના નબળા અને વધુ સંવેદનશીલ વર્ગનું કલ્યાણ અને સામાજિક સલામતી અને (ડ) સામાજિક યોજના વધુ સારી રીતે આવાસો, મોટી આર્થિક સુરક્ષા, વધુ સારા આરોગ્ય, વધુ ફુરસદનો સમય, વધુ શિક્ષણ અને પ્રવર્તમાન સુવિધાઓને આગળ ધપાવીને જનતાની સ્થિતિમાં સુધારણા સાથે સંબંધિત છે.

### 1.7.1 સામાજિક આયોજન અને સામાજિક નીતિ

સામાજિક આયોજન અથવા રાષ્ટ્રીય પ્લાનિંગ કોઈપણ દેશની સામાજિક નીતિ સાથે ગાઢ સંબંધ ધરાવે છે. સામાજિક આયોજન તે આયોજન છે જે કોઈ ચોક્કસ સામાજિક નીતિને નિર્દેશિત કરે છે. જ્યાં સમાજનીતિને આર્થિક રીતે નીચલા વર્ગ તરીકે ઓળખાતા સમાજમાં તે વર્ગના કલ્યાણને પ્રોત્સાહન આપવા રજ્ય દ્વારા લેવામાં આવેલા પગલા તરીકે વર્ણવવામાં આવે છે. પહેલા આ સામાજિકનીતિ મોટેભાગે ખાનગી વ્યક્તિઓના હાથમાં હતી આ સામાજિકનીતિ તેના મૂળમાં માનવીની ઈચ્છાઓથી પ્રેરિત હતી. બાલ્યાવસ્થા, માંદગી, માનસિક અસમર્થતા વગેરે સમયે મદદ જરૂરી હોય છે. કુદરતી આપત્તિ અથવા દુર્ઘટનાના પ્રભાવોને અટકાવવા. આધુનિક સમાજમાં સામાજિક કાર્યનું મુખ્ય કાર્ય એ લોકોને વિવિધ પ્રકારની સેવાઓ પ્રદાન કરવાનું છે. ખાસ કરીને બાળકો, મહિલાઓ, અપંગો, નિરાધારો, આશ્રિતો, અપંગ વ્યક્તિઓ માટે સેવાઓ અને સામાજિક કાર્યમહત્ત્વના છે.

**(1)** **જાહેર સહાય :** જાહેર સહાય એક પ્રકારની સહાય છે, જે અરજદારને તેની સામાજિક અને આર્થિક રીતે આપવામાં આવતી જાહેર સહાયની રકમ કાનૂની જરૂરિયાતોને આધારે આપવામાં આવે છે. તે સરકારી જોગવાઈઓ પર આધારિત છે તેમાં વૃદ્ધ, અંધ, અપંગ અને નિરાધાર લોકોને સહાય આપવામાં આવે છે. કેટલાક જરૂરિયાત મંદોને સંસ્થાકીય સંભાળ પણ આપવામાં આવે છે.

**(2)** **સામાજિક વિમો :** વૃદ્ધાવસ્થા, બેરોજગારી, ઔધોગિક અકસ્માતો અને વ્યાવસાયિક રોગો જેવી આકસ્મિક સ્થિતિને આવરી લે છે. સામાજિક વીમા કેટલાક જોખમોને આવરી લે છે જેમ કે નિવૃત્તિ પછી જૂની પેન્શન યોજના, અસમર્થતા દરમિયાન પેન્શન, તબીબી માંદગીના સમયમાં સંભાળ, રોજગારની ઈજા દરમિયાન તબીબી સંભાળ અને રોકડ ભથ્થાં, બેરોજગારીના સમયગાળા દરમિયાન મૃત્યુ અને પત્ની અને આશ્રયદાતાઓને રોકડ ભથ્થું, સામાજિક વીમા હેઠળના લાભો ફક્ત તે જ વ્યક્તિને આપવામાં આવે છે જેઓ યોગદાનની ચોક્કસ રકમ ચૂકવે છે.

**(3)** **કૌટુંબિક સેવાઓ :** કુટુંબ કૌટુંબિક સંગઠનના ક્ષેત્રમાં પણ સામાજિક કાર્યની ભૂમિકા ભજવવાની છે અને વ્યક્તિગત સંબંધ, લગ્ન, આરોગ્ય અને આર્થિક સમસ્યાઓ તરફ સહાય અને સલાહ આપે છે. અહી સામાજિક કાર્યકર વ્યક્તિ અને તેના પરિવાર વચ્ચે સુમેળભર્યા સંબંધો સ્થાપિત કરવાની જવાબદારી ધરાવે છે તે કુટુંબ સંસ્થાને સહાયતા અને સલાહ દ્વારા તેમની સેવા આપે છે.

**(4)** **બાળ કલ્યાણ સેવાઓ :** અનાથઃ નિરાધાર, અપરિણીત માતાઓથી જન્મેલા બાળકો, વિકલાંગ બાળકોના રક્ષણ સંભાળ, શિક્ષણ અને પુનર્વસન માટેની રહેણાંક સંસ્થાઓ શામેલ છે. બાળકલ્યાણ સેવામાં બાળકોના ડે કેર સેન્ટર્સ, મનોરંજન અને સાંસ્કૃતિક કેન્દ્રો સામેલ છે.

**(5)** **વિકલાંગો માટે કલ્યાણ સેવાઓ :** સામાજિક-કાર્ય શારીરિક અને માનસિક વિકલાંગ વ્યક્તિઓ માટે આ સંદર્ભમાં પણ પ્રદાન કરે છે. સેવાઓમાં શારીરિક અને માનસિક વિકલાંગોના રક્ષણ અને સંભાળ માટેની સંસ્થાઓ સામેલ છે. વિકલાંગો માટે કાર્યરત વિકલાંગો અને નાના અને સરળ ઉત્પાદન એકમો માટેની છાત્રાલયો અને તેથી વધુ તેમના કલ્યાણને પ્રોત્સાહન આપવા માટે, માનસિક વિકલાંગ બાળકો અને વિકલાંગ બાળકો માટેની વિશેષ શાળાઓ પણ ઊભી કરવામાં આવે છે.

**(6)** **મહિલા-કલ્યાણ સેવાઓ :** સામાજિક કાર્યમાં મહિલા કલ્યાણ પ્રવૃત્તિઓનો પણ ભારતીય સંદર્ભમાં, આઝાદી પૂર્વે જ સમજાઈ ગયું હતું કે મહિલાઓની સમસ્યાઓનું નિરાકરણ લાવવું

જોઈએ જેથી તેઓ આરામદાયક જીવન જીવી શકે અને દેશની રાજકીય મુક્તિમાં સક્રિય ભૂમિકા નિભાવે. રાજા રામમોહનરાય, દયાનંદ સરસ્વતીદ્ર, ઈશ્વચંદ્ર વિદ્યાસાગર, સ્વામી વિવેકાનંદ, એમ.રાનડે. રામાબાઈ અને બીજાં ઘણાં લોકોએ ભારતીય મહિલાઓની મુક્તિ માટે અગ્રેસર પ્રયાસો કયા હતાં ગાંધીજી મહિલાઓને સ્વાતંત્ર્ય લડતમાં ભાગ લેનાર ઘણી મહિલાઓને તેમની સ્વતંત્રતાની લડતમાં જ નહીં પરંતુ રાષ્ટ્રીય પુનઃનિર્માણમાં પણ તેમની ભૂમિકા સમજાવવામાં આવી હતી. આઝાદી પછી મહિલાઓની સમસ્યાઓના નિરાકરણ માટેના પ્રયત્નો કરવામાં આવ્યા મહિલાઓના કલ્યાણ માટે વિશિષ્ટ પગલાં લેવાનું પણ જરૂરી માનવામાં આવતું હતું.

(7) **મજૂર-કલ્યાણ સેવા :** આ પ્રવૃત્તિઓ શ્રમ કલ્યાણમાં સેવાઓના પ્રકારો સામેલ છે. આ યોજનાઓમાં કામદારોના કલ્યાણ અને અન્ય સેવાઓ અને સુવિધાઓ શામેલ છે, જેમાં કાર્યરત વ્યક્તિઓને તેમના કાર્ય સ્થળનું વાતાવરણ, સ્વાસ્થ્ય સેવા, વીમા યોજના, રહેઠાણ અને નોકરી સ્થળની સુવિધાઓ વગેરે અંગે નીતિઓ ઘડવામાં આવી છે.

સામાજિક આયોજન એ પ્રક્રિયા છે કે જેના દ્વારા નીતિ ઘડનારાઓ, ધારાસભ્યો, સરકારી એજન્સીઓ, આયોજકો અને ઘણીવાર મંડળો સમુદાયની સમસ્યાઓ હલ કરવાનો પ્રયાસ કરે છે, અથવા અમુક પરિણામો લાવવાના હેતુસર નીતિઓ ઘડી અમલીકરણ અને સમુદાયમાં પરિસ્થિતિ સુધારવા પ્રયાસ કરે છે.

## 1.8 સામાજિક નીતિની રચના અને અમલીકરણમાં સામાજિક કાર્યકરની ભૂમિકા

અસ્તિત્વની સમસ્યા એ ચોથા વિશ્વને પજવતો મૂળ પ્રશ્ન છે સામાજિક કાર્યકરે વ્યક્તિગત અને સમુદાયના સ્તરે એક સરળ વ્યવહારિક ક્રિયા પહેલાથી અસ્તિત્ત્વમાં છે તે માટે માનવ સંભવિત અને પ્રાકૃતિક સંપત્તિની દૃષ્ટિએ ટકાઉ પદ્ધતિને જીવંત બનાવવા માટે, હકીકતમાં જીવન કાર્યકારી અને જીવન માટે ઉપલબ્ધ સ્થાનિક સંસાધનોનો ઉપયોગ થવો જોઈએ. સમાજકાર્ય કરે માથાદીઠ આવક અથવા પોષણ ધોરણના આધારે ગરીબી સ્તરની સ્થિરતામાં જીવન ટકાવી રાખવાની કલ્પના વિકસિત કરવી જોઈએ.

સામાજિક કાર્યકરો અને સામાજિક નીતિ ઘડવી.: સામાજિક નીતિ અને સામાજિક કાર્યમાં વૈવિધ્યસભર અને કાયમી બદલાતા સંબંધ છે. કલ્યાણ રાજ્યોના કર્મચારીઓ તરીકે અને વ્યાવસાયિકો તરીકે ઘણીવાર સામાજિક નીતિઓ લાગુ કરવા માટેનો ચાર્જ લેવામાં આવે છે. તેથી સામાજિક કાર્યકરો અંદરના ફેરફારોથી ખૂબ જ સ્પષ્ટ રીતે પ્રભાવિત થાય છે. કલ્યાણ-રાજ્યો અને વિવિધ સંસ્થાઓ જે તેમને સમાવે છે તેજ સમયે સામાજિક ન્યાયને પ્રોત્સાહન આપવું અને ગ્રાહકોની સુખાકારી આગળ વધારવા માટે સામાજિક કાર્યકરો દ્વારા વૈશ્વિક ધોરણે મૂળભૂત વ્યાવસાયિક લક્ષ્યો તરીકે ગણવામાં આવે છે. પરિણામે ઐતહાસિક રીતે સામાજિક કાર્યકરો નિતિની પ્રક્રિયાને અસર કરવાના પ્રયત્નોમાં રોકાયેલા છે. જે સામાજિક ન્યાયને આગળ ધપાવી શકે છે અને તેમના ગ્રાહકોને હાનિકારક ગણાતી નીતિઓનો વિરોધ કરે છે. ઘણાં કલ્યાણકારી રાજ્યોમાં ચાલી રહેલ આર્થિક સંકટ અને કલ્યાણ શાસનના પરિવર્તનથી વંચિત સામાજિક જૂથો માટે પડકારો પેદા થયા છે. અને સામાજિક કાર્યકરો જે તેમની સેવા આપે છે તે સામાજિક કાર્યકરો તેમની વિરોધાભઆસી નીતિઓનો અમલ કરવા માટે જરૂરી છે.વ્યવસાયિક મૂલ્યો અને આર્થિક-રાજકીય વાતાવરણથી નિરાશ ક્લાયન્ટ્સ સાથે કામ કરવું. શાસનના નવા સ્વરૂપોએ સામાજિક નીતિ ઘડવાની પ્રક્રિયા પણ સામાજિક કાર્યકરો માટે વધુ સુલભ બનાવી દીધી છે. જ્યારે સામાજિક સેવાઓમાં સામાજિક કાર્યકરોની વધતી વ્યવસ્થાકીય ભૂમિકાએ સામાજિક નીતિ પર તેમનો પ્રભાવ વધાર્યો છે. નીતિ પરિવર્તન પર કેન્દ્રિત સમાજિક કાર્ય પ્રથા સામાજિક કાર્ય, શિક્ષણ અને વ્યાવસાયિક પ્રવચનના પગલે નીતિ નિર્માતાઓને સામેલ કરવા સામાજિક કાર્યકરોની તૈયારી વધારી છે.

### 1.8.1 સામાજિક કાર્યકરોની ભૂમિકા

સામાજિક કાર્યકરો સામાન્ય રીતે નીચેના ક્ષેત્રોમાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે.

1. મદદની જરૂર હોય તેવા લોકોને ઓળખો.
2. ગ્રાહકોની જરૂરિયાતો, પરિસ્થિતિઓ, શક્તિઓ અને તેમના લક્ષ્યો નક્કી કરવા માટે સપોર્ટ નેટવર્કની આકારણી કરો.
3. તેમના ગ્રાહકોની સુખાકારીમાં સુધારો કરવાની યોજનાઓનો વિકાસ કરો.
4. માંદગી, છૂટાછેડા અથવા બરોજગારી જેવા તેમના જીવનમાં થતા ફેરફારો અને પડકારોને સમાયોજિત કરવામાં ગ્રાહકોને સહાય કરવી.
5. સંશોધન કરી ગ્રાહકોને સંશાધનોનો પુનઃઉપયોગોની જાણકારી આપવી.
6. બાળ-સંભાળ, આરોગ્ય સંભાળ, મેડીકલેઈમ જેવા લાભો મેળવવા અને મેળવવા માટે ગ્રાહકોને સરકારી એજન્સીઓ સાથે કામ કરવામાં સહાય કરો.
7. બાળક દૂરૂપયોગ જેવી કટોકટીની પરિસ્થિતિઓમાં પ્રતિસાદ આપો.
8. ક્લાયંટ્સને તેમની સુખાકારીમાં સુધારો થાયે તેવા સંસાધનો મેળવવા માટે મદદ કરવા અને સહાય કરો.
9. તેમની પરિસ્થિતિમાં સુધારો થયો છે તેની ખાતરી કરવા માટે ગ્રાહકો સાથે ફોલોઅપ કરો.
10. સેવાઓની અસરકારકતા છે તેની ખાતરી કરવા મૂલ્યાંકન સેવાઓ સામાજિક કાર્યકરો લોકોને તેમના જીવનમાં પડકારોનો સામનો કરવામાં મદદ કરે છે. સમાજ-કાર્યકર ઘણી વિકટ પરિસ્થિતિઓમાં મદદ કરે છે જેમ કે, બાળકને દત્તક લેવું અથવા બીમારી હોવાનું નિદાન થાય ત્યારે જોઈતી સહાય માટે મદદરૂપ થાય છે. સામાજિક કાર્યકરો બાળકો, અપંગ લોકો અને ગંભીર બીમારીઓ અને વ્યસનોવાળા લોકો સાથે કામ કરી શકે છે તેમનું કાર્ય ગ્રાહકના પ્રકારનાં આધારે બદલાય છે.

## 1.9 તમારી પ્રગતિ ચકાસો (MCQ)

(1) કયા આર્ટિકલ મુજબ રાજ્ય ખાસ કરીને આવકની અસમાનતાઓને ઘટાડવાનો પ્રયાસ કરશે?

(અ) આર્ટિકલ-32 (બ) આર્ટિકલ-20-એ

(ક) આર્ટિકલ-33 (ડ) આર્ટિકલ-39-બી

(2) કયા આર્ટિકલ પ્રમાણે રાજ્ય ગ્રામ પંચાયતોને સ્વરાજ્યના એકમ તરીકે ગોઠવવાના પગલાં લેશે?

(અ) આર્ટિકલ-39 (બ) આર્ટિકલ-87

(ક) આર્ટિકલ-40 (ડ) આર્ટિકલ-89

(3) કયા આર્ટિકલ મુજબ રાજ્ય લોકોની કલ્યાણ અને સમાજ વ્યવસ્થાના સંપૂર્ણ વિકાસ માટે પ્રોત્સાહિત કરશે?

(અ) આર્ટિકલ- 35 (બ) આર્ટિકલ-38

(ક) આર્ટિકલ-74 (ડ) આર્ટિકલ-73

(4) શિક્ષણ પર રાષ્ટ્રીય નીતિ ક્યારે ઘડવામાં આવી?

(અ) 1986 (બ) 1950

(ક) 1975 (ડ) 1974

(5) કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા પર રાષ્ટ્રીય નીતિ કયા વર્ષમાં તૈયાર થઈ?

(અ) 2015 (બ) 2005

(ક) 2007 (ડ) 2002

## 1.10 ઉપસંહાર

સમાજવ્યવસ્થા અને તેની પેટા-વ્યવસ્થાના સર્વાંગી વિકાસ માટે સામાજિક નીતિ અને આયોજનો મહત્ત્વના બની રહે છે. સામાજિક નીતિ એ નાગરિકોના બંધારણીય મૂળભૂત અધિકારોના રક્ષણ માટે હોય છે. રાષ્ટ્રના વિકાસના લાભો દરેક વર્ગ અને સમુદાય સુધી પોહચાડવા માટે સામાજિક નીતિ અને આયોજનની જરૂરિયાત ઊભી થાય છે. સમાજના દરેક વર્ગના લોકોને વિકાસની મુખ્ય ધારામાં લાવવા માટે નીતિ આયોજનો ઘડવામાં આવે છે. સમાજ-કાર્યકરે આ નીતિ અને આયોજનો વાસ્તવમાં જેને માટે નક્કી થયાં છે તેમના સુધી પહોંચે છે કે નહિ તેની તકેદારી રાખવાની મહત્ત્વની ભૂમિકા અદા કરવાની હોય છે.

## 1.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

પ્રશ્ન-1-(ડ)

પ્રશ્ન-2-(ક)

પ્રશ્ન-3-(બ)

પ્રશ્ન-4-(અ)

પ્રશ્ન-5-(અ)

## 1.12 ચાવીરૂપ શબ્દો

**(1)** **સામાજિક નીતિ :** "સામાજિક પરિવર્તન અને નિયંત્રણની દિશા તરફ એક સ્થાઈ અને સુસંગત દષ્ટિકોણ જે લક્ષ્ય અથવા સાધનોથી સંબંધિત હોય છે, જે સામાજિક નીતિને પ્રગટ કરે છે."(હરિકૃષ્ણ રાવતઃ 1986: 152)

**(2)** **મૂળભૂત અધિકારો :** ભારતીય બંધારણ વ્યક્તિને સ્વતંત્રતા, સમાનતા, શોષણ વિરુદ્ધ અધિકાર, ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર, સંસ્કૃતિ અને શિક્ષણનો અધિકાર, બંધારણીય કે કાનૂની ઉપાયો કરવાનો અધિકાર અને આત્મસન્માન સાથે જીવવાનો મોલિક અને મૂળભૂત અધિકાર આપે છે.

**(3)** **સમાજ કલ્યાણ :** "સમાજ કલ્યાણ સામાજિક સેવાઓ તથા સંસ્થાઓની એક સંગઠિત વ્યવસ્થા છે, જેનું કાર્ય જીવન તથા સ્વાસ્થ્યના સંતોષજનક સ્તરને કરવા હેતુ વ્યક્તિઓ અને સમુદાયોની સહાયતા કરવાનો છે"(Walter A. Friedlander:1955:4)

## 1.13 સ્વાધ્યાય લેખન

(1) સામાજિક નીતિનો અર્થ આપી, તેના ઉદ્દેશો અને મહત્ત્વ સમજાવો

(2) સામાજિક નીતિની રચના અને અમલીકરણમાં સામાજિક કાર્યકરની ભૂમિકા સમજાવો.

(3) સામાજિક આયોજન અને સામાજિક નીતિની ટૂંકમાં ચર્ચા કરો

(4) ભારતમાં સામાજિકનીતિ અને રાજયનીતિના નિર્દેશક સિદ્ધાંતો ચર્ચો.

## 1.14 પ્રવૃત્તિ

ગુજરાત રાજ્યની જુદી જુદી કલ્યાણ યોજનાઓ અંગે નૌધ તૈયાર કરો

## 1.15 કેસ સ્ટડી

કલ્યાણ યોજનાઓના લાભાર્થીઓની મુલાકાત લઇ અહેવાલ તૈયાર કરો

## 1.16 સંદર્ભગ્રંથ

(1) Walter A. Friedlander (1955) Introduction to Social Welfare, Prentice-Hall, U.S.A.

(2) Edwin Sutherland and Donald Cressey (1965) The Times of India Press,

Bombay. (Sixth Edition)

(3) Dhanagare D. N., Social Policy Concerns in Indian Sociology, Sociological Bulletin, vol-53, Page-4, íLkanuary-Apil-2004.

(4) R. M. Maclver (1977) The Modern State, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ (અનુવાદ- હસમુખ પંડ્યા)

(5) સંઘવી નગીનદાસ, કીર્તિદેવ દેસાઈ અને ભોગીલાલા ગાંધી (1969) સ્વરાજ્ય દર્શન,જ્ઞાન- ગંગોત્રી ગ્રંથ શ્રેણી-5, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, આણંદ.

(6) ઠાકોરભાઈ નાયક (1987) ગુજરાતના આદિવાસી લઘુવીસ્તારોનું આયોજન, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

(7) એમ. એન. શ્રીનિવાસ (1966) આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન, રાજકમલ પ્રકાશન, દિલ્લી. (હિન્દી)

(8) ઘનશ્યામ શાહ (1985) પછાતપણાનો માપદંડ એક ચર્ચા, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત

(9) જોષી વિદ્યુત અને કિરણ દેસાઈ, ગુજરાતનું પર્યાવરણ: જંગી કવાયત પણ પરિણામ શૂન્ય, અર્થાત, ગ્રંથ-20, પેજ-67, જાન્યુઆરી-માર્ચ,2001. (લેખ)

(10) પારેખ ભીખુ, ભારત વિષે પુનઃ કલ્પના, અર્થાત, ગ્રંથ-23, પેજ-1, ઓકટોબર-ડિસેમ્બર,2004. (લેખ)

(11) ડી. એ. દેસાઈ, સામાજિક ન્યાય અંગેની નિસ્બત,અર્થાત, ગ્રંથ-23, પેજ-1, ઓકટોબર- ડિસેમ્બર,2004. (લેખ)

(12) વ્યક્તિલક્ષી સહાય કાર્યક્રમો તથા યોજનાઓની રૂપરેખા, સંકલન-પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય.

(13) પાઠક દેવવ્રત અને કાંતિભાઈ દેસાઈ (1955) નાગરિકતા પરિચય, અનડા બુક ડીપો, ગાંધીમાર્ગ, અમદાવાદ.

(14) ડૉ. પટેલ તારા (1982) કૌટુંબિક સમસ્યાઓ અને નિવારણ,ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

(15) ડૉ. દેસાઈ નીરા (1983) ગુજરાતમાં ઓગણીસમી સદીમાં સામાજિક પરિવર્તન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(16) મહુમ્મદ જમાલ પટીવાલા (2013) નાગરિક અને માનવઅધિકાર સુરક્ષા કાર્યકર્તાઓ માટે માર્ગદર્શિકા, એસોસિયેશન ફોર પ્રોટેક્શન ઓફ સિવિલ રાઈટ્સ, અમદાવાદ.

(17) શાહ અરવિંદ અને ચુડાસમા રમણિક (1968) ભારતનો સામાજિક ઈતિહાસ, બી. એસ. શાહ, પાનકોર નાકા, અમદાવાદ

(18) ઠાકોર જયશ્રી બી. (1974) સામાજિક કાર્યની પદ્ધતિઓ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

(19) દવે હંસાબહેન એમ. (1972) સામાજિક કાર્ય,ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ (20) દેસાઈ અક્ષયકુમાર (1960) સમાજ, ખંડ-1,ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ(અનુવાદ)

(21) શાહ હેમંતકુમાર (2014) સચ્ચાઈ ગુજરાતકી, નાગરિક સ્વાતર્ત્ય,સંગઠન, ગુજરાત.

(22) શાહ હેમંતકુમાર (2016) જાહેર વહીવટ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

(23) www.guide2socialwork.com

(24) www.wikipedia/social/policy <http://www.wikipedia/social/policy>

(25) www.researchgate.net <http://www.researchgate.net> Articlr- Casimir Raj M., Indian Social Policy: Nature, Emergence and Approaches Review of Literature, íLkuly-2016.

# એકમ–2 સામાજિક કાયદાઓ

## : એકમનું માળખું :

2.1 પ્રસ્તાવના
2.2 એકમના હેતુઓ
2.3 સામાજિક કાયદા અને ન્યાયનો ખ્યાલ
2.4 સામાજિક કાયદાની જરૂરિયાત કે મહત્ત્વ
2.4.1 સામાજિક નિયંત્રણ માટેનું
2.4.2 સમાયોજનમાં સહાયક
2.4.3 ન્યાય દ્વારા નિયંત્રણ
2.4.4 કુપ્રથાઓ કે રિવાજોના અંત માટે
2.4.5 મૌલિક કે મૂળભૂત અધિકારોના રક્ષણ માટેની જરૂરિયાત
2.5 સ્વતંત્રતા પહેલાં અને આઝાદી પછીના સામાજિક કાયદાઓ
2.5.1 સ્વતંત્રતા પહેલા સામાજિક કાયદાઓ
2.5.2 આઝાદી પછીના સામાજિક કાયદાઓ
2.6 સામાજિક પરિવર્તનના સાધન તરીકે સામાજિક કાયદા
2.6.1 સામાજિક કાયદા અને જ્ઞાતિસંસ્થા
2.6.2 સામાજિક કાયદા અને લગ્નસંસ્થા
2.6.3 સામાજિક કાયદા અને કુટુંબસંસ્થા
2.6.4 સામાજિક કાયદા અને આર્થિકસંસ્થા
2.6.5 સામાજિક કાયદા અને મહિલાઓ
2.6.6 સામાજિક કાયદા અને બાળકો
2.6.7 સામાજિક કાયદા અને દિવ્યાંગ
2.6.8 સામાજિક કાયદા અને શિક્ષણસંસ્થા
2.6.9 સામાજિક કાયદા અને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો
2.7 સામાજિક કાયદા અને ન્યાયને પ્રોત્સાહિત કરવામાં સામાજિક કાર્યકરને ભૂમિકા
2.8 તમારી પ્રગતિ ચકાસો (MCQ)
2.9 ઉપસંહાર
2.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો
2.11 ચાવીરૂપ શબ્દો
2.12 સ્વાધ્યાય લેખન
2.13 પ્રવૃત્તિ
2.14 કેસ સ્ટડી
2.15 સંદર્ભગ્રંથ

## 2.1 પ્રસ્તાવના

સમાજકાર્ય એક વ્યાવસાયિક સેવા છે, જેનો હેતુ લોકોની વ્યક્તિગત તથા સામૂહિક પરિસ્થિતિમાં મદદ કરવાનો છે. જેથી તેઓ પોતાની વિશેષ જરૂરિયાતો તથા યોગ્યતાઓ પ્રમાણે સંતોષકારક સંબંધ બાંધી શકે અને જીવનનું ઊંચું સ્તર મેળવી શકે. સમાજકાર્યને વ્યવસાયિક સેવા કહેવામાં આવે છે જેમાં માત્ર વૈજ્ઞાનિક જ્ઞાન નહિ પણ નિપુણતા અને અનુભવ ઉપર પણ આધાર રાખવો પડે છે. સમાજકાર્ય એ વિશેષ પ્રકરાનું જ્ઞાન છે જેનો આધાર માનવીના વ્યવહાર પર અને તે વ્યવહારમાં આવતા પરિવર્તનો પર છે. સમાજકાર્ય માનવીના વ્યવહારનો અભ્યાસ કરે છે. સમાજકાર્ય દરમ્યાન વ્યક્તિને મદદ કરવાની હોય છે જેથી વ્યક્તિના સામાજિક, સંસ્કૃતિક, આર્થિક, માનસિક તેમજ ઐતિહાસિક સંદર્ભનું જ્ઞાન મહત્ત્વનું બની જાય છે. સમાજકાર્ય દ્વારા વ્યક્તિ, કુટુંબ, જૂથ તેમજ સમુદાયની જરૂરિયાતો પૂરી પાડવા માટે વ્યવસ્થા તંત્ર ઊભું કરવું પડે છે. સમાજ કાર્યકર દ્વારા માત્ર સમસ્યાઓનો ઉકેલ શોધવામાં નથી આવતો પરંતુ તે સમસ્યાને કેવી રીતે અટકાવી શકાય તેના માટે સાવચેતીના પગલાંઓ પણ ભરવામાં આવે છે. સમાજકાર્યના અનેક ક્ષેત્રો છે, જેમાં મહિલા કલ્યાણ, બાળ કલ્યાણ, વૃદ્ધ કલ્યાણ, યુવા કલ્યાણ, મજુર કલ્યાણ, પછાત અને નબળા વર્ગોનું કલ્યાણ, શારીરિક અને માનસિક અશક્ત લોકોનું કલ્યાણ વગેરેનો સમાવેશ થાય છે. આ વિવિધ કલ્યાણ ક્ષેત્રોમાં સામાજિક કાર્યકર પાસે કાયદાનું જ્ઞાન હોવું આવશ્યક છે. સામાજિક કાયદાઓ દ્વારા સમાજમાં નિયંત્રણની વેવસ્થા સદીઓથી ઊભી કરવામાં આવી છે.

સામાજિક વ્યવસ્થાનું સુચારુ સંચાલન અને જાળવણી માટેના ધોરણો સામાજિક રચનાતંત્રમાં કાર્યરત છે. આ ધોરણો બે પ્રકારે સામાજિક વ્યવસ્થા અને તેમાં રહેતા લોકોના વર્તનને નિયંત્રણમાં રાખે છે. એક ઔપચારિક ધોરણ અને બીજા અનઔપચારિક નિયમો કે ધોરણો. ઔપચારિક ધોરણોને કાયદાઓ તરીકે પરિભાષિત કરવામાં આવે છે. કાયદાઓ બંધારણના માધ્યમથી સામાજિક વ્યવસ્થાની જાળવણી અને તંગદિલી નીવારવાનું કાર્ય કરે છે. આ સામાજીક કાનૂની કાયદાઓનું જ્ઞાન સમાજ કાર્યકર પાસે હોવું અનિવાર્ય છે. કાયદાઓનું જ્ઞાન અને તેનું મહત્ત્વ સમજવાથી સમાજ કાર્યકર પોતાના કાર્યમાં સફળ થાય છે.

## 2.2 એકમના હેતુઓ

- સામાજિક કાયદાઓ સમજવા
- સામાજિક નિયંત્રણની વ્યવસ્થા સમજવી
- સામાજિક કાયદાઓનો ઐતિહાસિક સંદર્ભ સમજવો.
- સામાજિક કાયદાઓનું મહત્ત્વ સમજવું
- સમાજકાર્યમાં સામાજિક કાયદાઓ કેવી રીતે મદદરૂપ થાય છે તેની સમજ પ્રાપ્ત કરવી.

## 2.3 સામાજિક કાયદા અને ન્યાયનો ખ્યાલ

કાયદો સામાજિક નિયંત્રણનું ઔપચારિક સાધન છે. આદિમ સમુદાયોમાં સામાજિક પ્રથાઓ સામાજિક નિયંત્રણનું કાર્ય કરતી હતી. કાયદો આધુનિક અને જટિલ સમાજ વ્યવસ્થામાં નિયંત્રણ માટેનું પ્રભાવશાળી સાધન છે. કાનૂન એક સૂત્ર છે જે ક્રિયાની આવશ્યકતાને અભિવ્યક્ત કરે છે. કાયદાઓ વ્યક્તિને માર્ગદર્શન આપવાનું કાર્ય કરે છે, વ્યક્તિએ કોઈ નિશ્ચિત પરિસ્થિતિમાં શું કરવું અને શું ન કરવું તેનું જ્ઞાન કાયદા દ્વારા મળે છે. રાજ્ય કે રાષ્ટ્ર દ્વારા બંધારણમાં નિર્મિત નિયમો કે કાયદાઓના પાલનની જવાબદારી મહત્ત્વનું કાર્ય છે. સામાજિક કાયદાઓમાં બે પ્રકારના કાયદાઓનો સમાવેશ થાય છે એક ઔપચરિક અને બીજા અનઔપચરિક કાયદાઓ. કાયદો શબ્દ મોટેભાગે ઔપચરિક નિયમો કે ધોરણોની વ્યાખ્યા કરે છે.

મેકાઈવર અને પેજના મતે " કાયદો નિયમોનો એવો સંગ્રહ છે જે રાજ્યના ન્યાયાલયો દ્વારા માન્ય, અર્થઘટનાત્મક અને વિશિષ્ટ પરિસ્થિતિઓમાં લાગુ પાડવામાં આવે છે." (MacIver and Page :Society:1959:175)

કાનૂન કે કાયદા રાજ્ય કે બંધારણ દ્વારા સ્વીકૃત હોય છે, જેને ન્યાયાલયના માધ્યમથી સ્પષ્ટ વ્યાખ્યા કરવામાં આવી હોય છે. અદાલતો દ્વારા કાયદાઓને વ્યવહારુરૂપ આપવામાં આવે છે.

હોબ્સના મતે "કાયદાઓ એક સામાજિક આદર્શ નિયમો છે, જેનું ઉલંઘન કરવાથી સજાની વ્યવસ્થા અથવા વાસ્તવમાં શારીરિક બળનો પ્રયોગ એ પક્ષ દ્વારા કરવામાં આવે છે જેને આ પ્રકારના કાર્ય કરવા સમાજ દ્વારા માન્ય કે વિશેષ અધિકાર પ્રાપ્ત હોય" (દાસ મિશ્રા:1974:66)

"બ્રિટિશ રાજ્ય અમલ દરમ્યાન અનેક પ્રતિનિધિ સંસ્થાઓનો જન્મ થયો છે. ખાસ કરીને કંપની અમલના અંત બાદ એ વિશેષ બને છે. પ્રજાની માંગણીને માન આપીને ઈ.સ. 1862, 1892, 1909, 1919 અને 1935માં કાયદા દ્વારા શાસનમાં ભાગ લેવાની તક ઓછેવત્તે અંશે પ્રજાને અપાઈ છે. લોકો પોતાને માટે કાયદા ઘડે એ માટે જોગવાઈ થઇ છે. એ સિવાય સામાન્ય વહીવટને લગતા દીવાની અને ફોજદારી કાનૂનો પણ અંગ્રેજોએ ઘડ્યા. એમાં પણ હિન્દી ફોજદારી ધારો અને એના સંચાલન માટેના કાયદા તો ખુબ જ મહત્ત્વના છે. આશરે સૌ વર્ષ પહેલાં રચાયેલાં આ કાયદાઓ નહીવત સુધારા સાથે આજે પણ અમલમાં છે." (શાહ અરવિંદ અને રમણિક ચુડાસમા:1968:320)

"રાજ્યની અદાલતોએ સ્વીકારેલાં, અર્થ ઘટાવેલાં અને અમુક પરિસ્થિતિને લાગુ પડેલાં નિયમોના સમુહને આપણે કાયદાઓ-કાનૂનો કહીએ છીએ."(અક્ષયકુમાર દેસાઈ:1960:382)

કાયદાની કેટલીક લાક્ષણિકતાઓ છે જેમકે કાયદા પાછળ સરકારનું સત્તાનું પીઠબળ રહેલું હોય છે, વર્તમાન સમાજમાં કાયદાનું પાલન વ્યક્તિએ ફરજીયાત કરવું પડે છે, કાયદાના ભંગ બદલ સજા કે શિક્ષાની જોગવાઈ કરવામાં આવી હોય છે.

"ન્યાયતંત્રની વ્યવસ્થિત ગોઠવણ ઈ. સ. 1861માં થાય છે. એમાં હાઇકોર્ટ માટેનો કાનૂન પાસ થાય છે. આ અગાઉ 1833માં યોગ્ય કાનુન ઘડવા માટે વિચારણા થઇ. બીજે જ વર્ષે 'લો-કમીશન' નિમાયું પણ ખરું ઇન્ડિયન પીનલ કોડ એ મેકોલેએ તૈયાર કરેલ મુસદ્દાનુ જ પરિણામ છે. ભારતભરમાં સમાન કાનૂનો અમલ કરવાનું ઠરાવ્યું. મુંબઈ, મદ્રાસ, અને કલકત્તા માટે હાઇકોર્ટ સ્થાપવામાં આવી.

ટૂંકમાં કંપનીના અમલમાં જેમ વિસ્તાર વધતો ગયો તેમ ન્યાયતંત્ર વિસ્તરતું ગયું. તાજની સત્તા બાદ એ વધુ વ્યવસ્થિત થાય છે. સમાન કાનૂનીકરણ તેઓની વિશીષ્ટતા છે. પ્રજાની માંગણીઓ પ્રમાણે અને તેમની અનુકુળતા પ્રમાણે ન્યાયના ચોકઠામાં તેઓએ ફેરફાર કર્યા છે. (શાહ અરવિંદ અને રમણિક ચુડાસમા:1968:322-323)

આમ ટૂંકમાં સામાજિક કાયદો એ રાજ્ય દ્વારા નિર્મિત અને માનવ વ્યવહાર સાથે સંબંધિત સામાન્ય નિયમો છે. આ નિયમોના ભંગ બદલ સજાની જોગવાઈ કરવામાં આવી હોય છે.

## 2.4 સામાજિક કાયદાની જરૂરિયાત કે મહત્ત્વ

કાયદા-કાનનું સામાજિક નિયંત્રણનું મહત્ત્વનું સાધન છે. પહેલાના સમયમાં સમાજ નાનો અને સરળ હતોં જેમાં દરેક વ્યક્તિ અન્ય વ્યક્તિઓને વ્યક્તિગત રીતે જાણતો હતોં. એક સ્થળ પર એક સમાન સંસ્કૃતિ અને પ્રથાઓ પાડનાર લોકો સામુદાયિક ભાવનાથી જીવન ગુજારતા હતાં. આ સમયમાં સમુદાયની સામાજિક પ્રથાઓ અને રિવાજો સામાજિક નિયંત્રણનું કાર્ય કરતી હતી. પરંતુ આધુનિક સમાજ વિશાળ અને જટિલ હોવાથી દરેક વ્યક્તિ એક-બીજાંથી પરિચિત શકય નથી બનતી, એકજ સ્થળે અનેક સંસ્કૃતિના લોકો વસવાટ કરે છે જેમને માત્ર કાનુન અને કાયદાઓના નિયંત્રણ દ્વારા વર્તન સંબંધી માર્ગદર્શન અને સજાની વ્યવસ્થા કરવામાં આવી છે. કાયદાઓ નક્કી કરેલાં વિસ્તારમાં રહેતા તમામ લોકોને સમાનરૂપથી લાગુ પડે છે.

### 2.4.1 સામાજિક નિયંત્રણ માટેનું

કાયદાઓ રાજ્ય દ્વારા સ્થાપિત બંધારણીય નિયમો દ્વારા જેતે વિસ્તાર કે પ્રદેશના લોકોના વર્તન સંબંધી ધોરણોના માધ્યમથી વ્યક્તિએ કેવા પ્રકારના વર્તન કરવા અને કેવા પ્રકારના વર્તન ન કરવા તેનું માર્ગદર્શન આપી વ્યક્તિના વર્તનને નિયંત્રિત કરવાની મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સામાજિક કાયદાઓ

દ્વારા સમાજના વ્યક્તિઓમાં વર્તનની સમાનતા અને સામ્યતા માટે ઉપયોગી બની રહે છે. વ્યક્તિ સમાજમાં પોતાને ગમતા વર્તન જે સમાજ કે અન્ય વ્યક્તિ માટે નુકશાન કારક હોય તેના પર નિયંત્રણ મુકે છે. જો કોઈ વ્યક્તિ કાયદાનો ભંગ થતો હોય તેવા વર્તન કરે તો તેને સજા કે દંડ કરવાની વ્યવસ્થા હોવાથી કાયદો વ્યક્તિના વર્તનને નિયંત્રણમાં રાખવાનું મહત્ત્વનું કાર્ય કરે છે. આમ રાજ્યના દંડના ભયથી વ્યક્તિ કાયદાનું ઉલ્લંઘન કરતા અચકાય છે, જેનાથી વ્યક્તિનો વ્યવહાર નિયંત્રિત થાય છે.

### 2.4.2 સમાયોજનમાં સહાયક

સામાજિક કાયદાઓ વ્યક્તિને વર્તન સંબંધિત માર્ગદર્શન પૂરું પાડે છે. જેથી કઈ પરિસ્થિતિમાં કેવા પ્રકારનું વર્તન યોગ્ય કહેવાય તેનાથી વ્યક્તિને સભાન રાખે છે. કાયદા-કાનનું બાબતે વ્યક્તિની આ પ્રકારની સભાનતા વ્યક્તિને સમાયોજન કે અનુકૂલન સાધવામાં ઉપયોગી નીવડે છે. ઉદાહરણ તરીકે મિલ કામદાર માટેના કાયદાઓ મિલ મજુરોના માલિકો દ્વારા થતા શોષણ સામે રક્ષણ આપતા હોવાથી વ્યક્તિ અનુકૂલન સાધી નોકરી કરી શકે છે. કાનૂનમાં દરેક વર્ગને સમાન ન્યાયની વ્યવસ્થા હોવાને કારણે દરેક વ્યક્તિને તંદુરસ્ત સામાજિક વાતાવરણ પૂરું પડી કાયદાઓ સમાંયોજનમાં સહાયક બની રહે છે.

### 2.4.3 ન્યાય દ્વારા નિયંત્રણ

અપરાધ અને સજા ન્યાયતંત્રના મહત્ત્વના પાસાંઓ છે. વ્યક્તિ જયારે અપરાધી પ્રવૃત્તિઓ કરે છે ત્યારે કાયદાકીય જોગવાઈ મુજબ તેને સજા થતી હોય છે. સમાજના લોકોને ન્યાય અને ન્યાય પ્રણાલી પર વિશ્વાસ હોવાથી તેઓ અદાલતોનો સહારો લેવાનું વધારે પસંદ કરતા હોય છે. ન્યાય ઉપર લોકોનો વિશ્વાસ વ્યક્તિને કાયદાનું પાલન કરાવવા માટે પ્રેરે છે. સજાની વ્યવસ્થા વ્યક્તિને ન્યાયની ખાતરી આપે છે જેથી વ્યક્તિ પોતે પોલીસ અને ન્યાયાલયનો આસરો લઇ પોતાના વર્તનને નિયંત્રિત કરતો હોય છે. આમ ન્યાય પ્રણાલી ઉપર શ્રદ્ધા અને વિશ્વાસ વ્યક્તિઓના વર્તનને નિયંત્રિત કરવામાં ઉપયોગી ભૂમિકા ભજવે છે. ઉદાહરણ તરીકે ખૂની વ્યક્તિને કાયદા દ્વારા સજા થાય છે ખુનનો ભોગ બનનાર વ્યક્તિના કુટુંબીજન સામે તેનું ખૂન નથી કરતા તેઓને કાયદા ઉપર વિશ્વાસ હોય છે.

### 2.4.4 કુપ્રથાઓ કે રીવાજોના અંત માટે

પરંપરાથી ભારતીય સમાજમાં અનેક કુરિવાજો અને પ્રથાઓ જોવા મળે છે જેમકે પડદાપ્રથા, બાળલગ્ન, દહેજ, સતીપ્રથા, કન્યાવિક્રય, વરવિક્રય, દેવદાસી પ્રથા, વિધવા પુનઃલગ્ન નિષેધ, અંતરલગ્ન પ્રથા વગેરે જેવી પ્રથાઓ અને સીવાજો ભારતીય બંધારણ મુજબ અપરાધ ગણવામાં આવે છે. કાયદાઓ દ્વારા આ પ્રકારની પ્રથાઓ અને કુરિવાજો ઉપર નિયંત્રણ મુકવામાં આવ્યું છે. આ આ કુરિવાજો અને પ્રથાઓના બંધનમાંથી કાયદો વ્યક્તિને મુક્ત કરી સમાનતાનું વાતવરણ તેમજ વ્યક્તિગૌરવ સાથે આત્મસમાનથી જીવવાની તક પૂરી પડે છે. જ્ઞાતિના કેટલાંક સ્થાપિત હિતોં આ પ્રકારના કાયદાઓનું ઘણીવાર વિરોધ કરતા હોય છે.

### 2.4.5 મૌલિક કે મૂળભૂત અધિકારોના રક્ષણ માટેની જરૂરિયાત

ભારતીય બંધારણ વ્યક્તિને સ્વતંત્રતા, સમાનતા, શોષણ વિરુદ્ધ અધિકાર, ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર, સંસ્કૃતિ અને શિક્ષણનો અધિકાર, બંધારણીય કે કાનૂની ઉપાયો કરવાનો અધિકાર અને આત્મસમાન સાથે જીવવાનો મૌલિક અને મૂળભૂત અધિકાર આપે છે. વ્યક્તિ કાયદાના માધ્યમથી પોતાના તમામ મૌલિક અધિકારોનું રક્ષણ કરી શકે છે. ભારતીય સમાજમાં વ્યક્તિને કેટલાક અધિકારો પ્રાપ્ય થાય છે જેમકે જીવનનિર્વાહનો અધિકાર, શિક્ષણનો અધિકાર, સુરક્ષાનો અધિકાર, સમાનતાનો અધિકાર, સાર્વજનિક વસ્તુના ઉપયોગનો અધિકાર વગેરે મળેલ છે. આ અધિકારો ગરીબ હોય કે અમીર દરેકને સમાનતા બક્ષે છે. આ અધિકારોના રક્ષણ માટે રાજ્ય પોલીસતંત્ર, કાયદા અને ન્યાયતંત્ર દ્વારા પ્રયત્નશીલ હોય છે. આ મૌલિક અધિકારો વ્યક્તિમાં લોકશાહી પ્રત્યે લાગણી અને વિશ્વાસ જન્માવે છે. જેથી સામાજિક વિકાસ અને પ્રગતી માટેનું યોગ્ય સામાજિક વાતવરણ સર્જાય છે.

## 2.5 સ્વત્રંતા પહેલાં અને આઝાદી પછીના સામાજિક કાયદાઓ

### 2.5.1 સ્વતંત્રતા પહેલા સામાજિક કાયદાઓ

બ્રિટિશ સમય અગાઉ વિવિધ તબક્કે વહીવટીતંત્ર, કાનૂન અને ન્યાય વિષે કેવી સગવડોમાં રાજાશાહી મુખ્યત્વે હોવાથી રાજા વહીવટીતંત્રનો વડો હતોં. શરૂઆતમાં નાનાં રાજ્યો હોવાથી સરળ વહીવટ શક્ય હતોં. પરંતુ જેમ જેમ વિસ્તાર વધ્યો તેમ તેમ વહીવટીતંત્રની જરૂરત પડી. મોર્ય અને ગુપ્ત સમયમાં વિશાળ સામ્રાજ્ય હોવાથી મોટો પાયા પર વ્યવસ્થિત વહીવટીતંત્ર ગોઠવાતું. મુસ્લિમોએ પણ એ પ્રમાણે જ વહીવટીતંત્ર ગોઠવ્યું હતું. બ્રિટિશ રાજયને પણ વિશાળ પાયા પર વહીવટીતંત્ર ગોઠવવું પડ્યું. તેઓએ નવી ઢબે વહીવટીતંત્ર ગોઠવ્યું. 1780થી 1880 વચ્ચેના સમયગાળા દરમ્યાન બ્રિટિશ લોકોએ ધીમે ધીમે પગપેસારો કરવા માંડ્યા. ખિસ્તી મિશનરીઓએ વિચારો આપ્યા કે હિન્દુ સમાજના માળખામાં ઘણા ધાર્મિક અને સામાજિક સુધારા કરવાની જરૂર છે. ખાસ કરીને હિંદુ સમાજમાં બાળલગ્ન, બહુપત્નીપ્રથા, કન્યાઓને દૂધ પીતી કરવી, સતીપ્રથા, વિધવા પુનર્લગ્ન પ્રતિબંધ વગેરે ઘણી ગંભીર વિચારણા માંગી લે તેવી બાબતો હતી. ખ્રિસ્તી મિશનરીઓ ઉપરાંત અંગ્રેજી કેળવણીની પણ અસર થઇ અને નવું વાતવરણ સર્જાયું. નવા જ્ઞાનના પ્રસાર સાથે નવી વિચારસરણી પણ પ્રસાર પામી. ભારતીય લોકોમાં નવા મૂલ્યો દાખલ થયા તેમાં જુના રીતરિવાજો મુસીબત સમાન લાગવા માંડ્યા. 1818માં સતીપ્રથાને ગેરેકાયદેસર ઠરાવતું બિલ રજૂ કર્યું અને 1828માં તે કાયદા તરીકે સ્વીકર્યું. હિંદુ વિધવા પુનર્લગ્ન બિલ 1856માં કાયદા તરીકે પસાર થયું. 1881માં ફેક્ટરી એક્ટ પસાર થયો, આ કાયદાથી સ્ત્રીઓ, પુરુષો અને બાળકોનાં કામનો સમય નક્કી થયો. Hindu Gains of Learning Act 1930 મુજબ સંયુક્ત કુટુંબની મિલકતમાંથી કોઈ સભ્ય અભ્યાસ કરી પોતાની સ્વતંત્ર નોકરી દ્વારા જે કમાણી કરે તેના પર તેનો આગવો અધિકાર આપવામાં આવ્યો. 1946માં પરણિત હિંદુ સ્ત્રી પૃથક નિવાસ અને ભરણપોષણ અધિકાર કાનૂન અમલમાં આવ્યો. દહેજના સંદર્ભમાં 1872નો પુરાવાનો કાયદાઓ અમલમાં આવ્યો. 1898માં ક્રિમિનલ પ્રોસિજર કોડથી પત્ની અને તેના આધારિત બાળકોને ભરણપોષણનો અધિકાર મળ્યો. 1946માં પરણિત હિંદુ સ્ત્રી પૃથક નિવાસ અને ભરણપોષણ અધિકાર કાનૂનના અમલમાં આવ્યો. 1936નો પારસી લગ્ન અને છૂટાછેડા કાયદો અમલમાં આવ્યો. 1869માં ભારતીય છૂટાછેડા કાયદો અમલમાં આવ્યો. 1874 અન 1937માં ધી મેરિડ વિમેન્સ પ્રોપર્ટી એક્ટ પસાર કરવામાં આવ્યો. હિંદુ વરસાધારો 1929મ પસાર કરવામાં આવ્યો. અને અંતે સંયુક્ત રાષ્ટ્રોએ 1948માં માનવ અધિકારો અંગેનું ઘોષણાપત્ર પણ જાહેર કર્યું.

આ સમયગાળા દરમ્યાન ઘણાં સમાજ સુધારકોના પ્રયત્ન મહત્ત્વના રહ્યા તેમાં રાજા રામમોહન રાય, દ્વારકાનાથ ટાગોર, શશીપાદ બેનરજી, કેશવચંદ્ર સેન, કરશનદાસ મુળજી, નર્મદ, ઈશ્વરચંદ વિદ્યાસાગર, જસ્ટિસ રાનડે, ચંદાવરકર, દયાનંદ સરસ્વતી, સ્વામી વિવેકાનંદ, એની બેસન્ટ, સર સૈયદ અહમદખાન, જ્યોતિબા ફૂલે, પ્રો. કર્વે, રમાબાઈ રાનડે, ગોખલે, ગાંધીજી વગેરે.

### 2.5.2 આઝાદી પછીના સામાજિક કાયદાઓ

સામાજિક કાનૂનીકરણ એટલે કાયદાના ઘડતર અને અમલની પ્રક્રિયા. સામાજિક સુધારણાના હેતુથી રાજ્ય દ્વારા કોઈ કાયદો બનાવવામાં આવે છે ત્યારે તેવા કાયદાઓને સામાજિક કાનૂન તરીકે ઓળખવામાં આવે છે. આઝાદી પછી ભારતમાં બંધારણના માધ્યમથી અનેક સામાજિક કાયદાઓ ઘડવામાં આવ્યા જેમના ઘણાખરા તો બ્રિટિશ શાશન કાળના છે. ભારતીય સંવિધાનમાં નાગરિકના મૂળભૂત અધિકારો, મૂળભૂત ફરજો અને રાજયના માર્ગદર્શક સિદ્ધાંતો દ્વારા કલ્યાણ રાજયની પ્રાપ્તિ માટે વિવિધ સામાજિક કાયદાઓ અમલમાં આવ્યા જેના થાકી સામાજિક વ્યવસ્થામાં લોકશાહીના મૂલ્યોની જાળવણી કરી શકાય. આ કાયદાઓ નીચે મુજબ છે

1. 1955નો હિંદુ લગ્ન ધારો અને છૂટાછેડાનો કાયદા જેના માધ્યમથી જ્ઞાતિના લગ્ન સંસ્થા પરના અધિકારો સમાપ્ત કરી વ્યક્તિની સ્વતંત્રતામાં વધારો કરે છે. છૂટાછેડા સમયે સ્ત્રી અને તેના બાળકોને વિશેષ અધિકારો બક્ષે છે.

2. 1955નો અસ્પૃશ્યતા અપરાધ કાનૂન જેના માધ્યમથી અસ્પૃશ્યતાના વ્યવહારને ગુનો ગણવામાં આવે છે.

3. 1955માં પ્રોટેક્શન ઓફ સિવિલ રાઈટસ એક્ટ જે 1976માં અમલમાં આવ્યો જ્યારે 1989નો પ્રિવેન્શન ઓફ એટ્રોસીટીઝ એક્ટ જે 1990થી અમલમાં આવ્યો છે તેના દ્વારા જ્ઞાતિ આધારિત અત્યાચારો નિવારવાનો પ્રયત્ન થયો છે.

4. હિંદુ વિધવા પુનર્લગ્ન કાનૂન અને બાળલગ્ન પ્રતિબંધક કાનુનના માધ્યમથી સમાજના પરંપરાગત કુરિવાજોને ખતમ કરવાનો પ્રયત્ન થયો છે.

5. જમીન ટોચ મર્યાદા કાનૂન દ્વારા ભૂમિ સીમા નક્કી કરવામાં આવી છે. પસૂતિ-રાહત કાનૂન દ્વારા સ્ત્રીને પસૂતિ સમયના લાભો અપાવે છે. દહેજ પ્રતિબંધક ધારો-1961 અને 1984 દહેજના દૂષણને દૂર કરવા માટે ઘડવામાં આવ્યો છે.

6. 1986ના બાળમજૂરી નિયંત્રણ કાયદા મુજબ 14 વર્ષની વયના બાળકોને મજૂરી કાર્યથી દૂર રાખવા માટે છે. પ્રાથમિક શિક્ષણ કે રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ અને મજુરી કરવાથી દૂર રાખવા માટે ઘડાયો છે.

7. મજૂર કલ્યાણ કાયદા, લઘુતમ વેતન ધારો, બાંધવા મજુર નાબુદી, શાહુકાર ધારો, સહકારી મંડળીનો કાયદો વગેરે વ્યક્તિના આર્થિક અધિકારોનું રક્ષણ કરે છે.

8. 1985ના નશીલાદ્રવ્ય સંબંધિત કાયદાઓ સમાજમાં નશીલાં પદાર્થોની હેરાફેરી, વેચાણ અને ઉપયોગ પર લગામ લગાવે છે.

9. 1948ના ફેક્ટરી એક્ટ અને 1986ના બાળમજુરી પ્રતિબંધ મુજબ 14 વર્ષથી નાની વયના બાળકોને ફેકટરીમાં નોકરી રાખવા પર પ્રતિબંધ મુકે છે. ભ્રૂણહત્યા ડામવા માટે 1994ના કાયદા દ્વારા લિંગ પરિક્ષણ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

10. 1961નો મેટરનિટી બેનિફિટ કાનૂન સ્ત્રીના પ્રસૂતિ સંબંધિત અધિકારોનું રક્ષણ કરે છે.

11. 1976નો સમાન વેતન ધારો વ્યક્તિના આર્થિક અધિકારો અને સમાન પગાર ધોરણનું રક્ષણ કરે છે.

12. 1956ના હિંદુ વારસધારાથી બધીજ મિલકતમાં સ્ત્રીને ભાગીદારી આપી સ્ત્રીના અધિકારોનું રક્ષણ કરે છે.

13. 1956ના કાયદાથી સ્ત્રીઓ અને છોકરીઓના અનૈતિક વેપાર ઉપર પ્રતિબંધિત કાનુન મુજબ અનિયંત્રિત જાતીય સંબંધો સામે મહિલાઓના અધિકારોનું રક્ષણ કરે છે.

14. 1951નો લોકપ્રતિનિધિત્વ ધારો સ્ત્રીના રાજકીય દરજ્જામાં સુધારો અને રાજકીય ભાગીદારી વધારવા માટે ઘડાયો છે. 73માં બંધારણીય સુધારો અધિનિયમ 1992થી સ્ત્રીઓને પંચાયતમાં અનામત આપવામાં આવી છે.

15. 1989ના અનુસૂચિત જાતિ અને આદિજાતિ અધિનિયમ જે 1990થી અમલમાં આવ્યો છે તે મુજબ અનુચૂચિત જાતિ અને જનજાતિના અધિકારોનું રક્ષણ કરવામાં આવ્યું છે.

16. 1979ના આંતરરાજ્ય શ્રમિક સ્થળાંતર રોજગારીનું નિયંત્રણ અને શ્રમ કાર્યની શરતો અંગેનો ધારો શ્રમિકોના હિતોંનું રક્ષણ કરે છે.

17. 1993માં પછાત વર્ગો માટે રાષ્ટ્રીય પંચની રચના કરી સમાયંતરે તેના નિર્દેશો અને સુધારા મુજબ અન્ય પછાત વર્ગોના હિતોંનું રક્ષણ કરતા શિક્ષણ, નોકરી અને રાજકીય અનામત આપી તેમની સામાજિક આર્થિક સ્થિતિમાં સુધારો લાવવાનો પ્રયત્ન થયો છે.

18. 1995ના વિકલાંગ ધારા અનુસાર શારીરિક અને માનસિક ખામી ધરાવતા વ્યક્તિઓના વિશેષ અધિકારોનું રક્ષણ કરવામાં આવ્યું છે.

19. 1993ના માનવ અધિકાર પંચની રચના, માનવ અધિકાર સંરક્ષણ ધારામાં માનવ સુરક્ષા કાનુનની જોગવાઈ અને માનવ અધિકારોનો ઉલ્લેખ ભારતીય બંધારણમાં મૂળભૂત અધિકારો તરીકે થયો છે.

20. 1984ની જંગલ નીતિ, 1952, 1988, 1974, 1980, 1981 1986 1992 ના ફોરેસ્ટ એક્ટ અને 1992ના પ્રદૂષણ અટકાયત અને નિયંત્રણ ધારા મુજબ જંગલ અને પર્યવરણના રક્ષણ માટેના પ્રયત્ન થયાં છે.

આમ ઉપરોક્ત સામાજિક કાયદાઓના માધ્યમથી વ્યક્તિના મૂળભૂત અધિકારોનું રક્ષણ અને જતન કરવામાં આવે છે. જેથી લોકશાહી મૂલ્યોને ટકાવી રખાય.

## 2.6 સામાજિક પરિવર્તનના સાધન તરીકે સામાજિક કાયદા

સામાજિક કાયદાઓ દ્વારા સામાજિક વર્તન પર નિયંત્રણ અને માર્ગદર્શન દ્વારા સામાજિક પરિવર્તનો તપાસી શકાય છે. સામાજિક પરિવર્તન માટેના જવાબદાર પરિબળોમાં કાયદો એક મહત્ત્વનું પરિબળ છે. બ્રિટિશ શાસન અને આઝાદ ભારતમાં ઉપરોક્ત ચર્ચા મુજબ અનેક સામાજિક કાયદાઓ અસ્તિત્વમાં આવ્યા છે. આમતો દરેક કાયદાઓ પાછળનો હેતુ સમાજવ્યવસ્થામાં સ્થિરતા, પ્રગતિ અને ન્યાયનો હોય છે. કાયદાઓ સમાજના હિતમાટે ઘડવામાં આવ્યાં હોય છે. સામાજિક સમસ્યાઓના સમાધાન અને નિવારણ માટે કાયદાનું પીઠબળ જરૂરી છે. સમાજકાર્ય દરમ્યાન સમાજ-કાર્યકર પાસે કાયદાઓનું જ્ઞાન અને સમજ હોવી અનિવાર્ય બની રહે છે. તેથી સમાજ કાર્યકરે સામાજિક કાયદાઓ સાથે સંકળાયેલ સર્વાંગી પાસાંઓનો અભ્યાસ અને સમજ કેળવવી અનિવાર્ય બની રહે છે, માટે સામાજિક કાયદાઓ કેવા પ્રકારે સામાજિક વ્યવસ્થા અને તેના કર્યાત્મક પાસાઓમાં પરિવર્તન નીપજાવે છે તેની ચર્ચા નીચે મુજબ છે. ઉપરોક્ત સામાજિક કાયદાઓને ધ્યાનમાં રાખી કાયદાઓની સામાજિક આસરો નીચે મુજબ નૌધી શકાય છે.

### 2.6.1 સામાજિક કાયદા અને જ્ઞાતિસંસ્થા

ભારતીય સમાજવ્યવસ્થા બે પ્રકારના સ્તરીકરણોમાં વિભાજીત છે, એક જ્ઞાતિ આધારિત સ્તરીકરણ અને બીજું ભૂમિના સંબંધોના પાયા પરનું સ્તરીકરણ. આ બંને સ્તરીકરણમાં ઊંચનીચનો કોટીક્રમ અને ભેદભાવ જોવા મળતો હતોં. પરંતુ ખેડી તેની જમીન, જમીનની ટોચ મર્યાદા કાનૂન, અસ્પૃશ્યતા નિવારણ કાનૂન જેવા સામાજિક કાયદાઓ એ જ્ઞાતિ વ્યવસ્થાના આ માળખામાં પરિવર્તનો નિપજાવ્યા છે. હિંદુ સ્પેશ્યલ મેરેજ એક્ટથી જ્ઞાતિના આંતરલગ્નના રિવાજને પડકારી આંતરજ્ઞાતિય લગ્નોને પ્રોત્સાહન આપ્યું છે. જ્ઞાતિના પાયા પર થતા ધર્મિક આધારો પરના ભેદભાવ અને અસ્પૃશ્યતામાં ઘટાડો નોધાયો છે.

### 2.6.2 સામાજિક કાયદા અને લગ્નસંસ્થા

હિંદુ લગ્ન ધારાએ ભારતીય લગ્ન સંસ્થાના કર્યાત્મક પાસાઓ પર અસર ઉપજાવી છે. પોતાનીજ જ્ઞાતિમાં લગ્ન કરવાના રિવાજો બદલાવા લાગ્યા છે. સ્ત્રીને છૂટાછેડા અને ભરણપોષણ અધિકાર મળવાથી સ્ત્રીનું સશક્તિકરણ થયું છે. દહેજ પ્રતિબંધક ધારાએ દહેજના દૂષણ સામે રક્ષણ આપી કુટુંબ અને વ્યક્તિની સુરક્ષામાં વધારો કર્યો છે. આંતરજ્ઞાતિય અને આંતરધમીયા લગ્નોને પ્રોત્સાહન અને સુરક્ષા પ્રદાન થવાથી આ પ્રકારના લગ્નો થતા જોવા મળે છે. લગ્ન પર જ્ઞાતિના નિયંત્રણ ઘટવા લાગ્યા છે.

### 2.6.3 સામાજિક કાયદા અને કુટુંબસંસ્થા

સદીઓથી ભારતીય સમાજ પુરુષપ્રધાન રહ્યો છે પરંતુ સ્ત્રીઓને કાયદાકીય મિલકત અધિકાર, મફત અને ફરજીયાત શિક્ષણ, છૂટાછેડા અને ભરણપોષણનો અધિકાર સંબંધી કાયદાઓને કારણે કુટુંબ અને સ્ત્રીઓના દરજ્જાઓમાં પરિવર્તન નીપજાવ્યું છે. પુરુષપ્રધાન કૌટુંબિક વ્યવસ્થામાં પરિવર્તનો આવતાં જાય છે. આર્થિક ક્ષેત્રે સ્ત્રી ભાગીદારી કુટુંબના કર્યાત્મક માળખામાં પરિવર્તન નીપજાવે છે.

### 2.6.4 સામાજિક કાયદા અને આર્થિકસંસ્થા

ફેક્ટરી એક્ટ, સમાન વેતન ધારો, વિમા યોજનાઓ, બાળ મજૂરી પ્રતિબંધ ધારો વગેરે કાયદાઓ દ્વારા વ્યક્તિના આર્થિક હિતોનું રક્ષણ થવાથી સમાજની આર્થિક બાબતોમાં પરિવર્તન આવ્યા છે. હવે સ્ત્રી-પુરુષના વેતનમાં ભેદભાવ ઘટવા લાગ્યાં છે. પસૂતિ સમયમાં સ્ત્રીઓને રજાઓ અને અન્ય કાયદાકીય લાભો મળવાથી મહિલાઓ આર્થિક ક્ષેત્રે વધારે કાર્યરત બની છે. સમાન કામ સમાન વેતનના બંધારણીય સિદ્ધાન્તથી આર્થિક ક્ષેત્રોમા થતા ભેદભાવ ઘટવા લાગ્યાં છે. જ્ઞાતિ આધારિત વ્વસ્યનું માળખું તૂટ્યું છે.

### 2.6.5 સામાજિક કાયદા અને મહિલાઓ

સામાજિક કાયદાઓનો સૌથી વધારે હકારાત્મક પ્રભાવ મહિલાઓના સામાજિક-આર્થિક દરજ્જા ઉપર પડ્યો છે. લગ્નધારો, ભરણપોષણ અધિકાર, છૂટાછેડા સમયના અધિકારો, સમાન વેતન અધિકાર, પસુતી ધારો, દહેજ પ્રતિબંધક ધારો, મેટરનિટી એક્ટ, મહિલાઓને મિલકત અધિકાર વગેરે કાયદાકીય જોગવાઈને કારણે મહિલાઓના સામાજિક આર્થિક દરજ્જામાં સુધારો થયો છે. મહિલાઓ આર્થિક ક્ષેત્રે મજબુત બની છે. રાજકીય અનામત અંતર્ગત મહિલાઓના દરજ્જામાં પરિવર્તન લાવી તેમની રાજકીય ભાગીદારી વધારી છે. મહિલાઓ ઘરેલું હિંસા અધિનિયમ અંતર્ગત પોતાનું રક્ષણ કરતી થઇ છે. સ્ત્રીઓ કન્યા ભ્રૂણહત્યા સામે આવાજ ઉઠાવતી થઇ છે. મહિલાઓ પોતાના સામાજિક, આર્થિક અને રાજકીય અધિકારો પ્રત્યે જાગૃત થવા લાગી છે. અનૈતિક અને જબરદસ્તી દેહ વેપાર પ્રતિબંધક કાયદાઓ થકી મહિલોની સુરક્ષા વધી છે.

### 2.6.6 સામાજિક કાયદા અને બાળકો

14 વર્ષ સુધીના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણના અધિકારો મળવાથી શાળાઓમાં બાળકોની સંખ્યા વધવા લાગી છે. બાળમજુરી પ્રતિબંધક ધારા હેઠળ બાળકો પાસે બાળ મજૂરી કરવવાનું પ્રમાણ ઘટતું જાય છે. શાળામાં મધ્યાન ભોજન જેવી યોજનાઓને કારણે બાળકો મજૂરીએ જવાને બદલે શાળામાં અભ્યાસ કરવા જતા થયા છે. છૂટાછેડા લીધેલ સ્ત્રીના બાળકોને ભરણપોષણ અધિકારોથી સુરક્ષિત કરવામાં આવ્યા છે. નશીલાં દ્રવ્યોની હેરાફેરી તેમજ ઉપયોગ સંબંધિત કાયદાઓ એ બાળકના બાળપણની સુરક્ષિત કર્યા છે.

### 2.6.7 સામાજિક કાયદા અને દિવ્યાંગ

શારીરિક અને માનસિક રીતે દિવ્યાંગ વ્યક્તિઓ માટેની કાયદાકીય જોગવાઈ થકી દિવ્યાંગ વ્યક્તિઓના માનવ અધિકારોનું રક્ષણ થવાથી તેઓ માનભેર સમાજમાં જીવતા થયા છે. વિકલાંગ ધારો 1995થી દિવ્યાંગ લોકો પોતાના મૂળભૂત અધિકારો જેવાં કે પુનર્વસનનો અધિકાર, શિક્ષણનો અધિકાર, રોજગારી સંબંધિત અધિકારો, સહાયક સાધનોની સગવડનો અધિકાર, પરિવહનમાં સુગમતાનો અધિકાર, સામાજિક સુરક્ષાની જોગવાઈ વગેરે પ્રત્યે જાગૃત થાય છે

### 2.6.8 સામાજિક કાયદા અને શિક્ષણસંસ્થા

સામાજિક કાયદાઓ અને તેની જાગૃતતા પ્રત્યે શિક્ષણ સંસ્થાઓ મહત્ત્વની જબબદારી અને ભૂમિકા ભજવી થઇ છે. સામાજિક કાયદાઓને અભ્યાસમાં સ્થાન આપી સામાજિક કાયદાઓ પ્રત્યે લોકોને જાગૃત કરવાનું કાર્ય શિક્ષણ સંસ્થાઓ થકી થવા લાગ્યું છે. આવાના ભવિષ્યના સમાજ માટે બાળકો અને યુવાનો સામાજિક કાયદાઓ પ્રત્યે જાગૃત અને સભાન બને તેની મહત્ત્વની જવાબદારી શિક્ષણ સંસ્થાઓ ઉઠાવી રહી છે. મફત અને ફરજીયાત શિક્ષણના અધિકારોના રક્ષણની જવાબદારી શિક્ષક અને શૈક્ષણિક સંસ્થાઓ ઉપાડી રહી છે. આમ સામાજિક કાયદાઓ થકી શિક્ષણ સંસ્થાઓની ભૂમિકા બદલાવા લાગી છે.

### 2.6.9 સામાજિક કાયદા અને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો

ભારતીય બંધારણ જયારે અમલમાં આવ્યું ત્યારે કેટલાક હકારાત્મક ભેદભાવવાળા કાયદાઓ ઘડવામાં

આવ્યાં, જેના થકી સદિયોથી અન્યાય અને અસ્પૃશ્યતાનો ભોગ બનેલ જ્ઞાતિઓ તેમજ આદિવાસી સમુદાયોને સવિશેષ કાયદાકીય જોગવાઈ કરી તેમન સામાજિક-આર્થિક દરજ્જાને સુધારવા માટેના પ્રયત્ન કરવામાં આવ્યા જેના હકારાત્મક પરિણામ સામાજિક વ્યવસ્થામાં જોવા મળે છે અન્ય પછાત વર્ગોમાં સમાવિષ્ટ જ્ઞાતિઓને શિક્ષણ, નોકરી અને રાજકીય અનામત દ્વારા તેમના હિતોંનું રક્ષણ કરવામાં આવ્યું જેના હકારત્મક પરિણામો આવ્યા છે. આમ સદીઓથી વંચિત અને શોષિત વર્ગના લોકોને સામાજિક કાયદાઓ થકી અનામત આપી સામાજિક સુરક્ષા અને પ્રગતિનો અવકાશ પૂરો પાડવામાં આવ્યો છે.

## 2.7 સામાજિક કાયદા અને ન્યાયને પ્રોત્સાહિત કરવામાં સામાજિક કાર્યકરને ભૂમિકા

સામાજિક કાયદાઓ સામાજિક સમસ્યાઓનો સમાધાન અને સમસ્યાને હળવી કરવા માટે ઘડતાં હોય છે. આ કાયદાઓ પ્રત્યે સમાજને જાગૃત કરવાની મહત્ત્વની ભૂમિકા સમાજ કાર્યકરે અદા કરવાની હોય છે. સામાજિક કાયદાનું મહત્ત્વ અને તેના પ્રત્યે સમાજના લોકો જાગૃત થાય તેવા પ્રયત્નો સામાજિક કાર્યકર દ્વારા થવા જોઈએ. સામાજિક કાયદા પ્રત્યે સમાજના લોકોને જાગૃત કરવા માટે સોશ્યલ મીડિયા, શેરી નાટકો, વિવિધ સ્પર્ધાઓ યોજવી જોઈએ. સામાજિક સમસ્યાનો ભોગ બનેલ વ્યક્તિના પડખે સમાજ કાર્યકરે ઊભા રેહવું અનિવાર્ય છે. શાળા-કૉલેજોના અભ્યાસક્રમ અને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા યુવાપેઢીને સામાજિક કાયદાઓ પ્રત્યે જાગૃત કરવાની મહત્ત્વની ભૂમિકા સમાજ કાર્યકર નિભાવી શકે છે. સમાજ કાર્યકર જુદી જુદી સામાજિક કલ્યાણ યોજનાઓ સમાજના વિવિધ અને જરૂરિયાતમંદ વ્યક્તિઓ કે સમુદાયો સુધી પોહચે તેનું ધ્યાન સામાજિક કાર્યકરે રાખવું જોઈએ. સમાજ-કાર્યકરે વિવિધ સામાજિક સંગઠનો, કુટુંબ, ધર્મિક જૂથોના વડાઓ, જ્ઞાતિના આગેવાનો વગેરેને સામાજિક કાયદાઓના જાગૃતિ અભ્યાનમાં સાંકળવાં જોઈએ. સામાજિક કાયદા અને ન્યાયને પ્રોત્સાહન મળે તે માટે સમાજ-કાર્યકરે અભ્યાસ, નિદાન અને ચિકિત્સા અભિગમનો ઉપયોગ કરી સમાજકાર્ય કરવું જોઈએ. બાળ-અપરાધ, બાળ-મજૂરી, ઘરેલું હિંસા, કુટુંબ કલ્યાણ, મજૂરોના પ્રશ્નો સંબંધિત કાયદાઓમાં સમાજ કાર્યકરે વ્યક્તિગત ભૂમિકા ભજવી સમાજકાર્ય કરવું જોઈએ. જયારે સામાજિક કાર્યકરો સામાજિક પ્રકિયા દ્વારા સામુહિક પ્રશ્નો જેવાં કે કામદાર અને માલિકોના સંબંધો, મહિલાઓની સમસ્યાઓ, કામદારોનું સ્વાસ્થ્ય, સર્વજનિક મદદ, મનોરંજન, નૈતિકતા, શારીરિક સ્વાસ્થ્ય, સામાજિક શિક્ષણ, ગુનાહિત પ્રવૃત્તિઓને અટકાવવી, બુદ્ધિજીવીઓનો વિકાસ અને મદદ વગેરે પાસાઓ અંગે વિચાર કરી યોગ્ય સમાજકાર્યની પદ્ધતિનો ઉપયોગ કરી સમાજકાર્યનું આયોજન કરવું જોઈએ. જરૂર પડે સામાજિક કાર્યકરે સંશોધન કરી યોગ્ય માહિતી મેળવી ભવિષ્યના કાર્યક્રમો અને આયોજનો તૈયાર કરી સામાજિક કાયદો પ્રત્યે મદદ અને સામાજિક જાગૃતિ લાવવાના પ્રયત્નો કરવા જોઈએ.

## 2.8 તમારી પ્રગતિ ચકાસો (MCQ)

(1) સામાજિક હિત માટેના કાયદા એટલે ?

(અ) સામાજિક કાયદા (બ) સામાજિક નિયમ

(ક) સંસ્કૃતિ (ડ) રીવાજો

(2) હિંદુ લગ્ન ધારો ક્યારે અમલમાં આવ્યો હતોં ?

(અ) 1855 (બ) 1955

(ક) 1865 (ડ) 1982

(3) માનવ અધિકાર પંચની રચના કઈ સાલમાં થઇ હતી?

(અ) 1952 (બ) 1965

(ક) 1990 (ડ) 1993

(4) સામાજિક કાનૂનીકરણ શું છે ?

(અ) પ્રક્રિયા (બ) પ્રથા

(ક) રીવાજ (ડ) બંધારણ

(5) લોકપ્રતિનિધિત્વ ધારો ક્યારે ઘડાયો?

(અ) 1978 (બ) 1984

(ક) 1951 (ડ) 1956

## 2.9 ઉપસંહાર

સામાજિક દૂષણો દૂર કરવા માટે અથવાતો સામાજિક પરિસ્થિતિમાં સુધારા કરવા માટે ધારાગૃહ દ્વારા કોઈ કાયદો પસાર કરવામાં આવે છે. સામાજિક સુધારણાના હેતુથી જયારે કોઈ કાયદાઓ પસાર કરવામાં આવે તેને સામાજિક કાયદા તરીકે ઓળખવામાં આવે છે, આવા કાયદાઓ દ્વારા સામાજિક પરિવર્તનની અપેક્ષા રાખવામાં આવતી હોય છે. માત્ર સામાજિક કાયદાઓના ઘડતર કરાવથી તેના હેતુ ફલિત થતા નથી. કાયદાના ઘડતરની સાથે-સાથે કાયદાના અમલની પ્રક્રિયા, પોલીસની ભૂમિકા, ન્યાય પ્રક્રિયા, સ્વૈચ્છિક સંગઠનો, સમાજ કાર્યકરની ભૂમિકા, સામાજિક જાગૃતતા વગેરે પાસાંઓ મહત્ત્વના બની રહે છે. આ તમામ પાસાંઓ અંગે સમાજ કાર્યકરે પોતાના સમાજકાર્ય દરમ્યાન ધ્યાનમાં રાખવાના હોય છે.

## 2.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

(1)- અ

(2)- બ

(3)- ડ

(4)- અ

(5)- ક

## 2.11 ચાવીરૂપ શબ્દો

**(1)** **સામાજિક કાનૂનીકરણ :** સામાજિક કાયદાઓના ઘડતર અને અમલની પ્રક્રિયા એટલે સામાજિક કાનૂનીકરણ.

**(2)** **સામાજિક કાયદા :** સામાજિક સુધારણાના ઉદેશથી રાજય દ્વારા કોઈ કાયદો બનાવે છે ત્યારે તેવા ધોરણો કે નિયમોને સામાજિક કાનૂન કહેવામાં આવે છે.

**(3)** **ધોરણભંગ :** સમાજ દ્વારા બનાવેલ નિયમો જે વ્યક્તિના વર્તન ઉપર નિયંત્રણ મુકે છે તેને ધોરણ કહેવામાં આવે છે અને જયારે વ્યક્તિ આ પ્રકારના ધોરણનો વિરુદ્ધનું વર્તન કરે તેને ધોરણભંગ કહેવામાં આવે છે.

**(4)** **સજા :** વ્યક્તિ જયારે કોઈ કાયદાનો ભંગ કે ધોરણભંગ વર્તન કરે છે ત્યારે તેની પ્રતિક્રિયા સ્વરૂપે થતો વ્યવહાર જેને સજા તરીકે ઓળખવામાં આવે છે.

## 2.12 સ્વાધ્યાય લેખન

(1) સામાજિક કાયદાનો અર્થ આપી, સામાજિક કાયદાની જરૂરિયાત કે મહત્ત્વ સમજાવો.

....................................................................

....................................................................

....................................................................

....................................................................

.................................................................

.................................................................

.................................................................

(2) સ્વતંત્રતા પહેલાં અને આઝાદી પછીના સામાજિક કાયદાઓની ચર્ચા કરો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(3) સામાજિક પરિવર્તનના સાધન તરીકે સામાજિક કાયદાની ચર્ચા કરો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(4) સામાજિક કાયદા અને ન્યાયને પ્રોત્સાહિત કરવામાં સામાજિક કાર્યકરને ભૂમિકા સમજાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 2.13 પ્રવૃત્તિ

(1) સામાજિક કાયદાઓના સંદર્ભમાં કાર્યકરતી કોઈ એક સ્વૈચ્છિક સંસ્થાની મુલાકાત લઈ અહેવાલ તૈયાર કરો

## 2.14 કેસ સ્ટડી

(1) ભરણપોષણ મેળવતી મહિલાઓ અને તેની સમસ્યાઓનો કેસ સ્ટડી તૈયાર કરો.

## 2.15 સંદર્ભગ્રંથ

(1) ઝવેરી મહેન્દ્ર (1977) સામાજિક પરિવર્તન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

(2) ડૉ. પટેલ તારા (1982) કૌટુંબિક સમસ્યાઓ અને નિવારણ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

(3) ડૉ. દેસાઈ નીરા (1983) ગુજરાતમાં ઓગણીસમી સદીમાં સામાજિક પરિવર્તન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(4) મહુમ્મદ જમાલ પટીવાલા (2013) નાગરિક અને માનવઅધિકાર સુરક્ષા કાર્યકર્તાઓ માટે માર્ગદર્શિકા, એસોસિએશન ફોર પ્રોટેક્શન ઓફ સિવિલ રાઈટ્સ, અમદાવાદ.

(5) શાહ અરવિંદ અને ચુડાસમા રમણિક (1968) ભારતનો સામાજિક ઈતિહાસ, બી. એસ. શાહ, પાનકોર નાકા, અમદાવાદ

(6) મિશ્રા સુબોધ અને પી. દાસ (1974) સામાજિક નિયંત્રણ અને પરિવર્તન, શ્રીરામ મેહરા એન્ડ કંપની, આગરા. (હિન્દી)

(7) ડૉ. મગનભાઈ પટેલ (1989) પ્રાચીન ભારતમાં નારી, વિદ્યાનગર આણંદ.

(8) એ. જી. શાહ અને જે. કે. દવે (2007) આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન, અનડા બુક ડીપો, અમદાવાદ.

(9) એ. જી. શાહ અને જે. કે. દવે (2006) સામાજિક કલ્યાણ અને સામાજિક કાનૂનીકરણ, અનડા બુક ડીપો, અમદાવાદ

(10) ઠાકોર જયશ્રી બી. (1974) સામાજિક કાર્યની પદ્ધતિઓ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

(11) દવે હંસાબહેન એમ. (1972) સામાજિક કાર્ય, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

(12) દેસાઈ અક્ષયકુમાર (1960) સમાજ, ખંડ-1, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ (અનુવાદ)

| એકમ–3 | સામાજિક ક્રિયા |
|---|---|

: એકમનું માળખું :

3.1 પ્રસ્તાવના

3.2 એકમના હેતુઓ

3.3 સામાજિક-ક્રિયાની વ્યાખ્યા અને ખ્યાલ

3.4 સામાજિક ક્રિયાના સિદ્ધાંતો

3.4.1 સમાજકાર્યના સંદર્ભમાં વિકસેલ સામાજિક ક્રિયાના સિદ્ધાંતો

3.4.2 દુર્ખીમનો સામાજિક ક્રિયાના વિચારો કે સિદ્ધાંત

3.4.3 પેરટોનો સામાજિક ક્રિયાનો વિચાર કે સિદ્ધાંત

3.4.4 મેકસ વેબરનો સામાજિક ક્રિયાનો વિચાર કે સિદ્ધાંત

3.4.5 પાર્સન્સનો સામાજિક ક્રિયાનો વિચાર કે સિદ્ધાંત

3.5 સામાજિક ક્રિયામાં સામેલ કુશળતા.

3.6 સામાજિક ક્રિયા માટે સામાજિક કાર્યકર દ્વારા જરૂરી કુશળતા

3.7 સામાજિક ક્રિયાના નમૂનાઓ

3.7.1 જનહિત માટે ચુનંદા લોકો દ્વારા શરૂ કે હાથ ધરવામાં આવતી કાર્યવાહી અંતર્ગત મૉડેલ

3.7.2 લોકપ્રિય સામાજિક ક્રિયા મૉડેલ

3.8 સામાજિક-કાર્ય પરિબળોમાં સામાજિક ક્રિયાનો ઉપયોગ.

3.9 તમારી પ્રગતિ ચકાસો

3.10 ઉપસંહાર

3.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

3.12 ચાવીરૂપ શબ્દો

3.13 સ્વાધ્યાય લેખન

3.14 પ્રવૃત્તિ

3.15 કેસ સ્ટડી

3.16 સંદર્ભગ્રંથ

## 3.1 પ્રસ્તાવના

સમાજવ્યવસ્થાને સમજવા માટે સમાજ વિજ્ઞાનીઓ દ્વારા બે પ્રકારના પરિપ્રેક્ષ્યનો વિકાસ થયો છે. એક સમાજવ્યવસ્થાને સમજવા માટે સંસ્થા અને જૂથોને સમજવા અનિવાર્ય છે તેવું માનનાર મેક્રો લેવલના સિદ્ધાંતો અને બીજું સમાજના રચનાતંત્રને સમજવામાં વ્યક્તિની ક્રિયા અને આંતરક્રિયાને મહત્ત્વની ગણતા માઈક્રો લેવલના સિદ્ધાંતો. માઈક્રો લેવલના સિદ્ધાંતો વ્યક્તિની ક્રિયા, આંતરક્રિયા અને ભૂમિકાના માધ્યમથી સમાજવ્યવસ્થાને સમજવા પર ભાર મુકે છે, આ સિદ્ધાંતોના મતે વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે થતી સામાજિક આંતરક્રિયા સમાજવ્યવસ્થાને સમજવામાં ઉપયોગી છે. સામાજિક-ક્રિયા

કે આંતરક્રિયા સમાજવ્યવસ્થાનો પાયો છે, માટે સમાજ-કાર્યકર જયારે સમાજકાર્ય કરવા ક્ષેત્રમાં જાય ત્યારે સામાજિક ક્રિયાના મૂળભૂત તત્ત્વો, આંતક્રિયાના સિદ્ધાંતો તેમજ આંતર્ક્રિયાની કુશળતા ઘણી મહત્ત્વની બની રહે છે. કુશળ સામાજિક ક્રિયાના માધ્યમથી સમાજ-કાર્યકર વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના આંતર્વૈયાક્તિક અને સમુદાયના પ્રશ્નો ઉકેલવામાં સફળતા પ્રાપ્ત કરી શકે છે. સમાજકાર્યના વિવિધ ક્ષેત્રો જેવા કે બાળ કલ્યાણ, યુવા કલ્યાણ, મહિલા કલ્યાણ, મજૂર કલ્યાણ, આરોગ્ય કલ્યાણ, ગ્રામ કલ્યાણ, પછાતવર્ગ કલ્યાણ અને શારીરક-માનસિક ક્ષતિ ધરાવતા લોકોના કલ્યાણ કાર્યમાં સમાજ-કાર્યકર માટે સામાજિક ક્રિયા અને આંતરક્રિયાની કુશળતા મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સમાજકાર્યની કેટલીક કાર્યપદ્ધતિઓ જેમાં સામાજિક વ્યક્તિગત મદદ, સામાજિક જૂથકાર્ય અને સામૂહિક સંગઠન કાર્યમાં સામાજિક ક્રિયા અને આંતરક્રિયા ઘણું મહત્ત્વનું પાસું છે. સમાજ-કાર્યકર દ્વારા થતા જુદાંજુદાં સંશોધનોમાં ક્ષેત્રકાર્ય દરમ્યાન સામાજિક ક્રિયા આંતરક્રિયાની કુશળતા મહત્ત્વની બની રહે છે, માટે કુશળ સમાજકાર્ય માટે સમાજ-કાર્યકર પાસે સામાજિક ક્રિયા, આંતરક્રિયા તેમજ તેની સાથે સંકળાયેલ સૈદ્ધાંતિક ખ્યાલો અને પાસાઓની વૈજ્ઞાનિક સમજ હોવી અનિવાર્ય છે. આ બાબતને કેન્દ્રમાં રાખી પ્રસ્તુત પ્રકરણમાં ચર્ચા નીચે મુજબ કરી શકાય છે.

## 3.2 એકમના હેતુઓ

- સામાજિક ક્રિયાનો સૈદ્ધાંતિક ખ્યાલ પ્રાપ્ત કરવો.
- સમાજકાર્યમાં ક્રિયા-આંતરક્રિયાનું મહત્ત્વ સમજવું
- સમસ્યાના ઉકેલમાં સામાજિક કિયાનું પ્રદાન સમજવું
- સમાજ કાર્યકરમાં સામાજિક આંતરક્રિયાની કુશળતા કેળવવા

## 3.3 સામાજિક-ક્રિયાની વ્યાખ્યા અને ખ્યાલ

સમાજકાર્યની એક પદ્ધતિ તરીકે સામાજિક ક્રિયાને શિક્ષણ, પ્રચાર, સમજાવટ અથવા કાર્યકારી દ્વારા માનવામાં આવતા ઉદેશોવતી દબાણ દ્વારા વર્તમાન સામાજિક પદ્ધતિઓ અથવા પરિસ્થિતિમાં ફેરફાર લાવવા અથવા અટકાવવાના પ્રયત્નો તરીકે વ્યાખ્યાબદ્ધ કરી શકાય છે, જેને સામાજિક ઈચ્છનીય માનવામાં આવે છે. સામાન્ય રીતે સામાજિક ક્રિયામાં જૂથો અથવા વ્યક્તિઓના ટેકા સાથે જાહેર અભિપ્રાય અથવા સત્તવાર નીતિ અથવા કારોબારી ક્રિયાને પ્રભાવિત કરવાના સંગઠિત પ્રયત્નો શામેલ છે. જયારે કોઈ ક્રિયા અન્ય વ્યક્તિઓની ક્રિયાથી પ્રભાવિત થાય છે ત્યારે તેને સામાજિક ક્રિયા તરીકે ઓળખવામાં આવે છે. મનુષ્યના જીવનમાં અનેક જરૂરિયાતો હોય છે વ્યક્તિ જે કઈપણ કાર્ય કરે છે તેની પાછળ કોઈને કોઈએ ઉદેશ કે હેતુ જરૂર હોય છે અને આ હેતુને પુરા કરવા માટે તેને ક્રિયા કરવી પડે છે, જેને સામાજિક ક્રિયા તરીકે ઓળખવામાં આવે છે

મેક્સ વેબરના મતે "કોઈ ક્રિયાને ત્યારે સામાજિક ક્રિયા કહેવામાં આવેશે જયારે વ્યક્તિ કે વ્યક્તિઓ દ્વારા લગાવેલ વ્યક્તિનિષ્ઠ અર્થ ને કારણે તે ક્રિયા બીજા વ્યક્તિઓના વ્યવહારથી પ્રભાવિત હોય અને તેના દ્વારા તેમની ગતિવિધિઓ નિર્ધારિત હોય."(Max Weber:1947:80)

સામાજિક ક્રિયા વર્તમાન સામાજિક પદ્ધતિઓમાં ફેરફાર સાથે સંબંધિત છે. સામાજિક ક્રિયામાં ધ્યેય શામેલ છે જે સામાજિક કાર્યકર્તાઓ દ્વારા ઇચ્છનીય અને યોગ્ય ઘણી સ્વીકારવામાં આવે છે. સામાજિક ક્રિયા હંમેશા સામાજિક ક્રીયાવાહક સિવાય અન્ય લોકો દ્વારા ક્રિયા લાવવાની કોશિશમાં શામેલ હોય છે. સામાજિક ક્રિયામાં શિક્ષણ, પ્રચાર, સમજાવટ, અથવા દબાણ જેવી કોઈપણ પદ્ધતિઓનો સમાવેશ થાય છે, પરંતુ તે શારીરિક જબરદસ્તી અથવા મજબુરીની ભલામણ કરતું નથી. સામાજિક ક્રિયા અમુક સામાજિક મૂલ્યોને બદલે અમુક પદ્ધતિઓ અને કાર્યવાહીથી ઓળખાય છે.આમ ક્રિયામાં તે તમામ માનવીય વ્યવહાર સામેલ છે, જેમની સાથે ક્રિયા કરવાવાળા વ્યક્તિનિષ્ઠ અર્થ જોડતા હોય, એક બીજાના વ્યવહારથી પ્રભાવિત થતા હોય તેમજ તે પ્રભાવિતપણાને કારણે સામાજિક વ્યવહારો આગળ ધપતા હોય તેને સામાજિક ક્રિયા તરીકે પરિભાષિત કરી શકાય.

"અન્ય વ્યક્તિ કે વ્યક્તિઓ દ્વારા પ્રેરિત અથવા પ્રભાવિત વ્યવહારને સામાજિક ક્રિયા કહેવામાં આવે છે. સામાજિક ક્રિયા માટે એક વ્યક્તિથી વધારે વ્યક્તિઓને શારીરિક રૂપથી ઉપસ્થિત રહેવું આવશ્યક નથી, પરંતુ એના માટે વ્યક્તિઓનો કોઈપણ વ્યવહાર કે પરોક્ષ વ્યવહાર હોવો આવશ્યક છે. મેક્સ વેબરના મત મુજબ કોઈપણ ક્રિયાને ત્યારે સામાજિક ક્રિયા કહેવામાં આવે છે જયારે તે ક્રિયાનો કર્તા અથવા કર્તાઓ દ્વારા લગાવેલ વ્યક્તિપરક અર્થ અનુસાર તે ક્રિયાના બીજા વ્યક્તિઓની મનોવૃતિઓ તથા ક્રિયાઓનો, સમાવેશ હોય, તથા તેજ દરમ્યાન તે વ્યક્તિ તેનાથી પ્રભાવિત પણ થાય. વેબરે સામાજિક ક્રિયાના મુખ્ય ચાર પ્રકારો બતાવ્યાં છે. બુદ્ધિસંગત, ભાવાત્મક, મૂલ્યાંકનાત્મક અને પરંપરાનુંગત."(હરિકૃષ્ણ રાવત:સમાજશાસ્ત્ર કોશ:1986:144)

"સામાજિક ક્રિયાનો ચોક્કસ અર્થ આપતા મેક્સ વેબર નિર્દેશ કરે છે કે માનવીની પ્રત્યેક ક્રિયા સામાજિક ક્રિયા નથી, જયારે કર્તા પોતાની ક્રિયાને ભાવનિષ્ઠ અર્થ આપી અન્ય કર્તાઓના વર્તનને ધ્યાનમાં રાખી પોતાના વર્તનને અનુસાર ગોઠવે ત્યારે તેને સામાજિક ક્રિયા કહેવામાં આવે છે."(ડૉ. વાય.એ.પરમાર:2002:232)

થિયોડોર્સન અને થિયોડોર્સન ના મતે "ક્રિયા એવો વ્યવહાર છે જેનો વ્યક્તિ માટે કોઈ અર્થ હોય, મતલબ તેનો વ્યવહાર ઉદ્દેશપૂર્ણ કે હેતુપૂર્ણ હોય."(A Modern Dictionary of Sociology:1969:80)

"કિંગ્સલે ડેવિએ પોતાની પુસ્તક 'સામાજિક ક્રિયાના તત્ત્વો' માં સામાજિક ક્રિયાના ચાર તત્ત્વોની ચર્ચા કરી છે. જેમાં કર્તા, ધ્યેય, પરિસ્થિતિ અને સાધન(વિરેન્દ્ર શર્મા:2000:98). સામાજિક કાર્ય દરમ્યાન આ ચાર તત્ત્વો મહત્ત્વના હોય છે ઉદાહરણ તરીકે સમજીએ તો કોઈ સમાજ-કાર્યકર (કર્તા) કોઈ સમસ્યાના(પરિસ્થિતિ) નિદાન માટેનું લક્ષ્ય(ધ્યેય) નક્કી કરી તે કોઈ સ્વૈચ્છિક સંસ્થા (સાધન) અને તેની પાસે ઉપલબ્ધ સાધનો અને વ્યવસ્થાનો ઉપયોગ કરી જે તે સમસ્યાનું સમાધાન શોધે ત્યારે તેની આ ક્રિયાને સામાજિક ક્રિયા કહેવામાં આવે છે.

## 3.4 સામાજિક ક્રિયાના સિદ્ધાંતો

સિદ્ધાંત એ ઘટનાની તપાસ, સંશોધન અને તથ્યોના અવલોકનના માધ્યમથી ઘડાતો અભિગમ કે દષ્ટિબિંદુ છે, સામાજિક ઘટનાઓને સમજવા માટે બે પ્રકારના અભિગમો વિકસ્યાં છે એક બૃહદ એટલે કે મેક્રોઅબેને બીજા સૂક્ષ્મ એટલેકે માઈક્રો અભિગમ કે સિદ્ધાંત. સામાજિક ક્રિયાને વિષયવસ્તુ બનાવી સામાજિક ઘટનાઓને તપાસતા અભિગમ માઈક્રો સિદ્ધાંત તરીકે ઓળખવામાં આવે છે. સામાજિક વિજ્ઞાનોમાં સામાજિક ક્રિયાને કેન્દ્રમાં રાખી નીચે મુજબના અભિગમો કે સિદ્ધાંતો વિકાસ પામ્યા છે.

### 3.4.1 સમાજકાર્યના સંદર્ભમાં વિકસેલ સામાજિક ક્રિયાના સિદ્ધાંતો

સમાજકાર્યને કેન્દ્રમાં રાખીને કેટલાંક સામાજિક ક્રિયાના સિદ્ધાંતો વિકસ્યાં છે જેમ વિશ્વનીયતા નિર્માણનો સિધ્ધાંત આ સિદ્ધાંત મુજબ સંબંધિત સંગઠન અને ચળવળના અનુઆયીઓને ન્યાય, સમાનતા અને સત્યાના પ્રયોજક અને સમર્થક તરીકેની આગેવાનોની જાહેર છબી બનાવવી. કાર્યદક્ષીકરણનો સિદ્ધાંત જે જેમાં કાર્યદક્ષીકરણ એ લોકોને ખાતરી આપવાની પ્રક્રિયા છે અથવા અંદોલનના હેતુઓ કાયદેસર અને નૈતિક રીતે યોગ્ય છે તેવું દર્શાવતો સિદ્ધાંત છે. નાટકીયકરણનો સિદ્ધાંત કે જેમાં ચળવળના નેતાઓ લોકોમાં હિમત, સંવેદનશીલ સમાચાર, શક્તિશાળી સૂત્રો અને પ્રયુક્તિઓ દ્વારા ભાવનાત્મક અપીલ કરી લોકોને પ્રોત્સાહિત કરવાનો પ્રયત્ન કરે છે. બહુવિધ વ્યૂહરચનાનો સિદ્ધાંત કે જેમાં સામાજિક ક્રિયાના લક્ષણો અને હેતુઓને પ્રાપ્ત કરવા માટે બહુવિધ વ્યૂહરચનાનો ઉપયોગ કરવો અનિવાર્ય છે, આ વ્યુહરચનાઓમાં શૈક્ષણિક વ્યૂહરચના, અનુકુળ વ્યૂહરચના અને શક્તિ વ્યુહરચનાનો સમાવેશ થાય છે. બેવડા અભિગમનો સિદ્ધાંત જેમાં સામાજિક કાર્યકર્તાએ ક્રિયા વ્યવસ્થા કે કાઉન્ટર સિસ્ટમ વિકસાવી જોઈએ, જેમાં વિરોધીઓને સામેલ કર્યા વગર સ્વ-સહાય ધોરણે જનતાની જરૂરિયાતો માટે ફાયદાકારક બનવવામાં આવે. કાઉન્ટર સિસ્ટમ પરંપરાગત કરતા વધારે બહેતર હોવી જોઈએ. પરંપરાગત વ્યવસ્થા વિકાસલક્ષી કામગીરીમાં પરિવર્તિત થવી જોઈએ. અનેક પ્રકારના પ્રોગ્રામોનો સિદ્ધાંત જેમાં સામાજિક, આર્થિક અને રાજકીય કાર્યક્રમોની સાથે સમાજકાર્ય કરવાની ભલામણ કરે છે.

સામાજિક ક્રિયાની વ્યૂહરચનાનો સિદ્ધાંત જેમાં સામાજિક ક્રિયા માટે વ્યુહરચનાને ત્રણ ભાગમાં વહેચવામાં આવી છે. જેમાં એક સોદાબાજી, વાટાઘાટો અને હિમાયત, બીજો વિરોધાભાસી અને ત્રણ સામાજિક ક્રિયાની પ્રયુક્તિઓ.આં સિદ્ધાંતમાં સામાજિક ક્રિયાની જુદીજુદી પ્રયુક્તિઓના પાસાઓની ચર્ચા કરવામાં આવી છે, જેમકે હકીકત શોધવી, ઓપચારિક અને બિનઔપચરિક બંને માધ્યમોનો ઉપયોગ કરી પ્રચાર, હિમાયત શિક્ષણ અને જાગૃતિ લાવવી, સંસ્થાકીય વ્યવસ્થા અને રાજકીય પ્રક્રિયાઓ દ્વારા સમર્થન અને અનુ કૂળ અભિપ્રાયો એકત્રિત કરવા, નાટક તેમજ અન્ય રીતે ગુસ્સો, હૂંફ અને વિરોધ પ્રદર્શિત કરવો, સહયોગ પ્રાપ્ત કરવો, સુત્રોચારનો ઉપયોગ કરવો, વાટાઘાટો, સોદાબાજી અને લવાદ, તેમની પ્રગતિમાં વિક્ષેપ અને હળવી બળજબરીથી હળવા પ્રતિકાર, વિરોધ, કૂચ, મોરચો, ધરણાં, હડતાલ, બહિષ્કાર અને ઉપવાસ કરવા. મજબૂત રણનીતિ તૈયાર કરવી વગેરે જેવી સામાજિક ક્રિયાની પ્રયુક્તિઓ અપનાવવી. સમસ્યાના નિદાન માટે તેના વિશે માહિતી એકત્ર કરવી અને સંશોધનો કરવા સમાજ-કાર્યકર માટે હિતાંવી છે.

### 3.4.2 દુર્ખીમનો સામાજિક ક્રિયાના વિચારો કે સિદ્ધાંત

દુર્ખીમ સામાજિક તથ્યોની વિભાવના દ્વારા સામાજિક ક્રિયાની વ્યાખ્યા કરે છે. તેમની પુસ્તક 'ધી રૂલ્સ ઓફ સોશિયોલોજીકલ મેથડ' (1895) માં સામાજિક તથ્યોના માધ્યમથી સામાજિક ક્રિયાની ચર્ચા કરે છે. તેમના મતે સામાજિક ઘટનાઓ વ્યક્તિગત ઘટનાઓ કરતા ભિન્ન હોય છે, તેમજ સામાજિક તથ્યો વ્યક્તિગત તથ્યોથી ભિન્ન હોય છે. તેમના મતે સામાજિક ક્રિયા અને સામાજિક તથ્યો બંને વ્યક્તિગત ચેતનાની બહાર વિદ્યમાન હોય છે. સામાજિક ક્રિયાઓ, પ્રક્રિયાઓ અને ઘટનાઓનું નિયંત્રણ, સંચાલન અને નિદર્શક સમાજ દ્વારા થાય છે. સામાજિક ક્રિયાઓનો જન્મ સામૂહિક પ્રતિનિધિત્વને કારણે થાય છે. સામુદાયિક ચેતના સમુદાયન નિર્ધારણ કરે છે. જયારે અનેક વ્યક્તિઓ વચ્ચે પરસ્પર આંતરક્રિયા થાય છે, ત્યારે તે એકબીજાંને પ્રભાવિત કરે છે તથા સામુહિક વિચાર અને સામૂહિક ચેતનાનો જન્મ થાય છે. આ સામૂહિક ચેતનાનો સમુદાયના સર્વે સંબંધિત વ્યક્તિઓ સ્વીકાર કરે છે.સામાજિક ક્રિયા સામાજિક તથ્ય છે અને સામાજિક પરિસ્થિતિનું જ પરિણામ સામાજિક ક્રિયા છે. દુર્ખીમે સામાજિક ક્રિયાના ચાર તત્ત્વો રજૂ કર્યા છે જેમાં લક્ષ્ય, સાધન, ધોરણો અને તાર્કિકતા. વ્યક્તિ તાર્કિકતાને આધારે લક્ષ્ય અને સાધનોની પસંદગી કરે છે. દુર્ખીમે સામાજિક ક્રિયાની બે લાક્ષણિકતા બતાવી છે અને બહ્યતા અને બીજી બાધ્યતા. બહ્યતા એટલે સામાજિક ક્રિયા વ્યક્તિથી બહાર હોય છે જે વ્યક્તિના નિયંત્રણથી સ્વતંત્ર હોય છે. જયારે વ્યક્તિ સમાજ વિરુધ્ધની પ્રવૃત્તિ કરવાનું વિચારે છે ત્યારે તેને મૂલ્યો, પરંપરાઓ અને સામાજિક નિયમો રોકે છે. જે સમજમાં વિદ્યમાન હોય છે. બાધ્યતા એટલે સામાજિક તથ્યો વ્યક્તિ ઉપર દબાવ લાવતા હોય છે. તેમના મતે સામાજિક ક્રિયાના નિર્ણાયક, નિયંત્રણ અને સંચાલન સામૂહિક પ્રતિનિધિત્વ, સામૂહિક ચેતના કે સમાજ છે. વ્યક્તિ જે સામાજિક ક્રિયા કરે છે તેના ઉપર સામાજિક માળખાના નિયમો, ધોરણો અને મૂલ્યોનો પ્રભાવ હોય છે જેને સામાજિક તથ્યો તરીકે ઓળખવામાં આવી છે. દુર્ખીમે ધાર્મિક ક્રિયાઓ, વિશ્વાસ, શ્રદ્ધા, કર્મ વગેરે સામાજિક ક્રિયાના પરિણામો છે.

### 3.4.3 પેરટોનો સામાજિક ક્રિયાનો વિચાર કે સિદ્ધાંત

પેરટોના મતે વ્યક્તિને પોતાની અનેક આવશ્યકતાઓ પૂરી કરવા માટે અનેક સામાજિક ક્રિયાઓ કરવી પડે છે. તેમને સામાજિક ક્રિયાના ને મૂળભૂત આધારો દર્શાવ્યાં છે એક લક્ષ્ય અને બીજું સાધન. વ્યક્તિ પોતાના લક્ષ્ય સુધી પહોંચવા માટે સાધનોની પસંદગી અને ઉપયોગ કરતો હોય છે. તેમના મતે સામાજિક ક્રિયા તાર્કિક અને અતાર્કિક એમ બંને પ્રકારની હોય છે. તેથી પેરટોએ સામાજિક ક્રિયાના બે પ્રકારો આપ્યો છે એક તાર્કિક ક્રિયાઓ અને બીજી અતાર્કિક ક્રિયાઓ. તેમને તાર્કિક ક્રિયાનો આધાર વસ્તુપરક જયારે અતાર્કિક ક્રિયાનો આધાર વ્યક્તિપરક બતાવ્યો છે. તાર્કિક ક્રિયામાં કર્તા પોતાના લક્ષ્ય સુધી પહોચવા માટે એવા સાધનોની પસંદગી કરે છે જે તર્કની કસોટી ઉપર ખરા ઉતરે તથા અનુભવ ઉપર આધારિત હોય. તાર્કિક ક્રિયામાં લક્ષ્ય અને સાધનો બંનેમાં તાલમેલ હોય છે. આવી સામાજિક ક્રિયાઓ વસ્તુપરક હોય છે. આનાથી બિલકુલ વિપરીત અને ભિન્ન ક્રિયા અતાર્કિક ક્રિયા હોય છે. અતાર્કિક ક્રિયાઓ વ્યક્તિપરક હોય છે. અતાર્કિક ક્રિયાઓ કલ્પના અને અનુમાનો ઉપર આધારિત

હોય છે. ધ્યેયની અજ્ઞાનતા વ્યક્તિને તાર્કિક અને અતાર્કિક ક્રિયાને સમજવામાં મુશ્કેલી ઊભી કરે છે. કલ્પના દ્વારા સર્જેલાં લક્ષ્યો વ્યક્તિને ધ્યેય અને સાધનો અંગે નિર્ણય લેવામાં મુશ્કેલી ઊભી કરે છે. વ્યક્તિ જયારે તાર્કિક લક્ષ્ય અને સાધનોની યોગ્ય પસંદગી કરી શકતો નથી ત્યારે સમાજમાં અસમતુલા પેદા થાય છે.

### 3.4.4 મેકસ વેબરનો સામાજિક ક્રિયાનો વિચાર કે સિદ્ધાંત

મેક્સ વેબરના મતે સામાજિક ક્રિયા અન્ય વ્યક્તિઓ, ભૂતકાળ, વર્તમાન કે ભવિષ્ય તરફ અભિમુખ હોઈ શકે છે. તેમના મતે સામાજિકક્રિયામાં બે કે તેથી વધારે વ્યક્તિ હોવા આવશ્યક છે. આ બે વ્યક્તિઓ પરસ્પર પોતાના વ્યવહારથી પ્રભાવિત થતા હોય છે. સામાજિક ક્રિયા પરિચિત અને અપરિચિત સાથે થતી હોય છે. સામાજિક ક્રિયા ભૂતકાળ, વર્તમાન કે ભવિષ્ય અંગેના અનુમાનોથી પ્રભાવિત હોઈ શકે છે.ઉદાહરણ તરીકે ભૂતકાળમાં અપરાધનો ભોગ બનેલ વ્યક્તિ વર્તમાનમાં બદલો લેવાની ક્રિયા કરતો હોય અથવા ભવિષ્યમાં અપરાધ કે હુમલાથી બચવા માટે સામાજિક ક્રિયા કરી શકે છે. વેબરના મતે દરેક ક્રિયા સામાજિક ક્રિયા હોતી નથી. વ્યક્તિની ક્રિયા જયારે સામેવાડી વ્યક્તિ ઉપર પ્રભાવ પાડે ત્યારે સામાજિક ક્રિયા બને છે,જેમકે એકાંતમાં ધ્યાન-પ્રાથના સામાજિક ક્રિયા નથી. વ્યક્તિ કે કર્તાને તેમના લક્ષ્ય હોય છે આ લક્ષ્યોને પુરા કરવા માટે કર્તા પાસે અનેક સાધનો હોય છે. આ લક્ષ્ય અને સાધનો સમાજ માન્ય કે અમાન્ય હોય હોઈ શકે. કર્તા આ સાધનની પસંદગી પોતાની વિવેક-બુદ્ધિ અને તાર્કિકતાને આધારે કરે છે. કેટલાક લક્ષ્યો એવા હોય છે જે પુરા કરવાથી તે ભવિષ્યમાં સાધન બની જતા હોય છે. આ સાધન અને લક્ષ્યની પસંદગીની તાર્કિકતાની પ્રક્રિયાના આધારે વેબરે સામાજિક ક્રિયાના ચાર પ્રકારો પાડ્યાં છે. જેમાં તારીકિક ક્રિયા, મૂલ્ય અભિમુખ તાર્કિક ક્રિયા, પારસ્પરિક ક્રિયા અને ભાવાત્મક ક્રિયા. વ્યક્તિ જયારે કોઈ તર્ક દ્વારા લક્ષ્ય અને સાધનોની પસંદગી કરે તેને તાર્કિક ક્રિયા કહેવામાં આવે છે. કર્તા સમાજના મૂલ્યને પ્રાપ્ત કરવા માંગે છે, જેને પ્રાપ્ત કરવા માટે કર્તા કિમતની ચિંતા કરતો નથી, સાધનની પસંદગી મૂલ્ય પ્રાપ્તિ માટે હોય છે. મૂલ્ય જે લક્ષ્ય હોય છે, તેને પ્રાપ્ત કર્યા પછી લક્ષ્યને સાધન તરીકે ઉપયોગ કરવાનું નથી વિચારતો, લક્ષ્ય તેનો અંતિમ ઉદેશ્ય હોય આવી સામાજિક ક્રિયા એટલે મૂલ્યાભિમુખ સામાજિક ક્રિયા. જે ક્રિયાનું નિર્ધારણ પરંપરાઓ કરતી હોય તેને પારસ્પરિક સામાજિક ક્રિયાઓ તરીકે ઓળખવામાં આવે છે, પારસ્પરિક ક્રિયાઓમાં એવીજ ક્રિયાઓ કરવામાં આવે છે જે સદીઓથી સમાજના લોકો કરતા આવ્યા હોય. ભાવાત્મક ક્રિયાઓ વ્યક્તિ વિચારપૂર્વક નથી કરતો, ભાવાત્મક ક્રિયામાં કર્તા નાતો કોઈ લક્ષ્ય કે સાધન નક્કી કરે છે. આવેગમાં આવીને થતી ક્રિયાઓ જેવીકે પ્રેમ, ધૃણા, દયા, ઈર્ષા, ક્રોધ વગેરે ભાવનાત્મક ક્રિયાઓ છે. વેબરના મતે સામાજિક ક્રિયાના આ ચાર પ્રકારો સંપૂર્ણ માનવીય વ્યવહારોની વ્યાખ્યા કરવામાં સમર્થ છે.

### 3.4.5 પાર્સન્સનો સામાજિક ક્રિયાનો વિચાર કે સિદ્ધાંત

સામાજિક ક્રિયા કર્તાની પરિસ્થિતિ વ્યવસ્થામાં એવી પ્રક્રિયા છે જેને એકલો કર્તા કે સામુહિકરૂપમાં એ સમૂહના વ્યક્તિઓ માટે જેનું પ્રરણાત્મક મહત્ત્વ હોય છે. સામાજિક ક્રિયામાં એક વ્યક્તિ કે સમુદાય હોઈ શકે છે. સામાજિક ક્રિયા એવી પ્રક્રિયા છે જે કર્તા, પરિસ્થિતિ અને સામાજિક વ્યવસ્થા વચ્ચે થાય છે. આ પ્રક્રિયા કર્તા માટે પ્રેરણાના સ્વરૂપમાં મહત્ત્વની હોય છે. પર્સન્સ એ સામાજિક ક્રિયાને સામાજિક વ્યવહારના સ્વરૂપમાં તપાસી છે. કર્તા સમાજની અન્ય વ્યક્તિઓ સાથે આંતર્ક્રિયાથી જોડાયેલ હોય છે. માનવ પોતાની જરૂરિયાતોની પૂર્તિ સમાજમાં રહીને કરે છે, માટે મનુષ્ય જે પણ કઈ ક્રિયા કરે છે તેની પાછળ કર્તા કે વ્યક્તિનું કોઈને કોઈ ધ્યયે અવશ્ય હોય છે. પર્સન્સના મતે ક્રિયા સંબંધો ઉપર આધારિત હોય છે. ક્રિયાનો અર્થ ત્યારેજ બને જયારે તે કોઈ સંબંધમૂલક વ્યવસ્થાને જન્મ આપે. કર્તાના વ્યવહારો પરિસ્થિતિમાં જ શક્ય બને છે. તેમના મતે વ્યક્તિએ પરિસ્થિતિ તરફ અભિમુખ થવું અનિવાર્ય છે. આ પરિસ્થિતિઓના ત્રણ પાસાંઓ તેમને આપ્યા છે. જેમાં સામાજિક, ભૌતિક અને સંસ્કૃતિક પરિસ્થિતિ. પર્સન્સ એ સામાજિક ક્રિયાના ત્રણ સિદ્ધાંતોનું મૂલ્યાંકન કર્યું છે જેમાં ક્રિયાનો પ્રત્યેક્ષવાદી સિદ્ધાંત, ક્રિયાનો ધારધોરણનો સિદ્ધાંત અને ક્રિયાનો સ્વેચ્છામૂલક સિદ્ધાંત. સામાજિક ક્રિયાના ત્રણ પક્ષો પર્સન્સ

દ્વારા આપવામાં આવ્યાં છે એક સાંસ્કૃતિક પક્ષ, વ્યક્તિત્વ પક્ષ અને સામાજિક પક્ષ. પ્રત્યક્ષવાદી સિદ્ધાંતકારોના મતે ક્રિયા કરતાં પહેલાં વ્યક્તિ લક્ષ્ય અને સાધન પસંદગી તર્કને આધારે કરે છે. જેમાં લક્ષ્ય, સાધન અને તાર્કિકતા મહત્ત્વની બાબત છે. ક્રિયાના ધારાધોરણના સિદ્ધાંતકારોના મતે વ્યક્તિ સામાજિક ક્રિયા કરતા પહેલા લક્ષ્ય અને સાધનોની પસંદગી સમાજના પરંપરાગત પ્રચલિત ધોરણો અનુસાર કરે છે. પર્સન્સક્રિયાનો સ્વેચ્છામૂલક સિદ્ધાંતમાં સામાજિક ક્રિયા માટે લક્ષ્ય, સાધન, તાર્કિકતા અને ધોરણો કે માનકો મહત્ત્વના છે.

## 3.5 સામાજિક ક્રિયામાં સામેલ કુશળતા.

સમાજકાર્ય દરમ્યાન સમાજ કાર્યકરે પોતાના કાર્યમાં કુશળતા રાખવી અનિવાર્ય છે. સમાજકાર્યમાં સમાજ-કાર્યકરની ભૂમિકા સ્વીકૃતિના સિદ્ધાંતના પાયા ઉપર ચચાયેલ હોય છે મુલાકાતની કળા તેનું આગવ પાસું છે જેમાં, ગુસ્સો, તેનું વર્તન ગમે તેટલું અણગમો ઉપજાવનાર હોય, સંજોગો કે પરિસ્થિતિમાં હોય કે મિજાજવાળું હોય અથવા તો મોકળાશ વાળું ન પણ હોય તેમ છતાં આવા સંજોગોમાં સમાજકાર્યકર સમભાવ સાથે વ્યક્તિ દયાને ક્રન્દ્રમાં રાખી સ્વીકારવાની કુશળતા ધરાવનાર હોવો જોઈએ. સમાજ-કાર્યકર તેને સહાનુભૂતિ અને વ્યક્તિ જે કોઈ ઉચ્ચારે છે તેની ટીકા અથવા, સહનશીલતાનો અણગમો કાર્ય વિના તેની સમસ્યામાં, ફરિયાદ ગણી અને વ્યક્તિત્ત્વને સમજવાની શક્તિ કે કુશળતા સમાજ-કાર્યકરમાં હોવી અનિવાર્ય છે. સમાજ-કાર્યકરે પોતાના મૂલ્યો તેમજ પૂર્વગ્રહો, પોતાના ગમા-અણગમા.દૂર રાખી કુશળતાપૂર્વક સમાજકાર્યના સંદર્ભમાં કાર્ય કે વર્તન કરવાની નૈતિક જવાબદારી ધરાવનાર વ્યક્તિ તરીકેની સમજશક્ત અને કુશળતા સમાજ-કાર્ય કરે વિકસાવવી અનિવાર્ય છે. સમસ્યાનો ભોગ બનેલ વ્યક્તિ કે જૂથને સર્વ પ્રથમ સમાજ કાર્ય કરે આવકારવી અને તેની શાંતિ આપવી અનિવાર્ય છે. સમાજ કાર્યકરે સામેની વ્યક્તિમાં પોતાના તરફ વિશ્વાસ સંપાદિત થાય તેવા પ્રયત્ન કરવા જોઈએ. કેટલીકવાર સમાજ-કાર્યકર પોતાની માનસિક તંગદિલીને કારણે શાંતિનો ભંગ કરે છે. અન્ય સવાલો કે ચર્ચાનો ન કરતા સમાજ-કાર્યકરે પોતાની કુશળતાનો ઉપયોગ કરી સીધા સવાલો, પ્રયોગની કુશળતાનો ઉપયોગ કરી પરિસ્થિતિ કે સમસ્યાને તપાસવાનો પ્રયત્ન કરવો જોઈએ જે વ્યક્તિ બીજાંને મદદ કરે છે તેનું વર્તન અને વ્યવહાર મદદ માંગનાર વ્યક્તિ માટે ખૂબજ મહત્ત્વનું હોય છે. અધીરો સામાજિક કાર્યકર માહિતી મેળવી શકતો નથી તેમ ખુબજ શાંત સામાજિક કાર્યકર વ્યક્તિ પાસેથી જરૂરી માહિતી પ્રાપ્ત કરી શકતો નથી. એજ પ્રમાણે જરૂર કરતા વધારે સવાલો પૂછનાર સામાજિક કાર્યકર સામેવાળી વ્યક્તિને મુશ્કેલીમાં મૂકી દેતાં હોય છે. મુલાકાત દરમ્યાનની સમાજ કાર્યકરની વર્તણૂંક વ્યક્તિ કે માહિતીદાતા ઉપર ખૂબજ સચોટ અસર કરે છે.

## 3.6 સામાજિક ક્રિયા માટે સામાજિક કાર્યકર દ્વારા જરૂરી કુશળતા

સમાજકાર્યના સંદર્ભમાં સામાજિક કાર્યકરને કામ કરવાની આવડત કે કૌશલ્ય એ છે કે કોઈ વ્યક્તિએ આપેલ જાણકારીમાં તેનાજ જ્ઞાનને ગાલુ કરી શકે. કૌશલ્યનો વિકાસ તાલીમ, અભ્યાસ, અનુભવ, સંશોધન અને માનવ-વર્તન પર આધારિત છે. અસરકારક કેસની કામગીરી માટે સમાજ-કાર્યકરે જરૂરી કુશળતા પ્રાપ્ત કરવી અનિવાર્ય છે.

**(1)** **સંબંધ અને આંતરસંબંધોમાં કુશળતાઃ** સમાજ-કાર્યની પ્રક્રિયાના કૌશલ્યની સહાય માટે ક્લાયન્ટ અને કેસ-વર્કર (સામાજિક કાર્યકર) વચ્ચેના સામાજિક સંબંધોમાં કાર્યસંબંધ આવશ્યક છે. ક્લાયન્ટ અને તેની સમસ્યાઓ પ્રત્યે આદર અને સાચો રસ દર્શાવવા માટે, તેના મંતવ્યો અને મૂલ્યોનો આદર કરવો, તેને દરેક તબક્કે સામેલ કરવું તેમજ તેની સમસ્યાઓનું સમાધાન શોધવું. દરેક વ્યક્તિ સન્માનનીય છે. દરેક વ્યક્તિને પોતાનું સ્વમાન હોય છે અને દરેક વ્યક્તિના વ્યક્તિત્ત્વનો આદર થવો જોઈએ. પછી ભલે તે ગરીબ હોય, અભણ હોય કે વ્યેસની કે ગુનેગાર હોય તોપણ તે એક સ્વમાની વ્યક્તિ છે. અને તેનો તે રીતે સ્વીકાર થવો જોઈએ. વ્યક્તિ ગુણદોષથી ભરેલો છે છતાં બીજાં લોકોની મદદ મેળવવાનો અધિકારી છે આ બાબતોની કુશળતા સમાજ-કાર્યકરમાં હોવી અનિવાર્ય છે.

(2) **સમસ્યાઓને ઉંડાણપૂર્વક શોધવામાં કુશળતાઃ** યોગ્ય સમાજકાર્ય માટે કેસ કાર્યકરએ મનો-સામાજિક અભ્યાસ અને ગ્રાહકોની સમસ્યાઓની સંપૂર્ણ તપાસ કરવી પડશે. તેને સાંભળવાની, વર્તન અને માનવીય સમસ્યાઓ પ્રત્યે રસ દર્શાવવા અને આદર દર્શાવવાની ક્ષમતા સમાજ-કાર્યકર પાસે હોવી જરૂરી છે.

(3) **સંશાધનોના ઉપયોગમાં કૌશલ્યઃ** ક્લાયંટને સામાજિક કેસના કામમાં મદદ કરવા માટે વિવિધ શારીરિક અને માનવ-સંશાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. કેસ કાર્યકરને ક્લાયન્ટને મદદ કરવા માટે આવા તમામ સ્ત્રોતોનો ઉપયોગ કરવાની ક્ષમતા અને કુશળતાની જરૂર હોય છે.કેસ કાર્યકર્તાઓનું કૌશલ્ય ક્લાયન્ટને એવી રીતે મદદરૂપ થવું કે જેથી તેની સ્વ-છબીને નુકસાન ન કરે. તે માટે જરૂરી સંશાધનો શોધી કાડવામાં અને તેનો ઉપયોગ કરવામાં સમાજ-કાર્યકર નિપૂર્ણ હોય તે આવશ્યક છે..

(4) **વૈકલ્પિક સમાધાનો શોધવામાં કુશળતાઃ** સમાજ-કાર્યકરેસારા સંબંધ સ્થાપિત કર્યા પછી, તેની સમસ્યાઓની શોધખોળ કરી તેમાં ઉપલબ્ધ સંસાધનોનો ઉપયોગ કર્યા પછી આગામી મહત્ત્વપૂર્ણ પગલું એ છે કે સમસ્યાને અસરકારક રીતે હલ કરવા માટે શક્ય અભિગમની ચર્ચા કરવી. ક્લાયન્ટને તેના દરેક સૂચનો સાથે દરેક વિકલ્પને સમજવામાં અને પરિસ્થિતિમાં ક્રિયાના શ્રેષ્ઠ સંભવિત માર્ગ માટે નિર્ણય લેવામાં મદદ કરવા માટેનું કૌશલ્ય સમાજ-કાર્યકર પાસે હોવું જોઈએ.

(5) **વિશ્લેષણાત્મક અને સંશોધન કુશળતા:** સમાજ-કાર્યકર વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ ધરાવનાર સંશોધક હોવો જોઈએ તેનામાં સંશોધનની કુશળતા અને વિશ્લેષણની સમજ અને શક્તિ હોવી જોઈએ. સામાજિક સમસ્યાઓના સમાધાન માટે સમાજ-કાર્યકરે સંશોધનો કરી સમસ્યાના કારણો જાણવા જોઈએ જેથી તે સમસ્યાના સમાધાન કે હેળવી કરવા માટે યોગ્ય સામાજિક ક્રિયા કરી શકે. કોઈ એકજ ઘટના કે સમસ્યા માટે અનેક પરિબળો જવાબદાર હોય છે આવા સંજોગોમાં સમાજ-કાર્યકર પાસે વિશ્લેષણ કરવાનો આગવો દૃષ્ટિકોણ કે અભિગમની કુશળતા હોવી અનિવાર્ય છે. વિશ્લેષણ જેટલું તથ્યોની નજીક હશે તેટલું સમાજ-કાર્ય સફળ થશે, માટે સમાજ-કાર્યકરે સંશોધક અને વૈજ્ઞાનિક વિશ્લેષક તરીકેની કુશળતા પ્રાપ્ત કરવી જોઈએ.

(6) **હસ્તક્ષેપ કુશળતા:** સમાજ-કાર્યકર પાસે હસ્તક્ષેપ દ્વારા પોતાની રજૂઆત અને વાત મુકવાની કુશળતા ધરાવનાર હોવો અનિવાર્ય છે. સમાજ-કાર્યકર જયારે પોતાના વિચારો મુકે ત્યારે તેનામાં હસ્તક્ષેપ કરવાની કુશળતા હોવી જોઈએ જેથી કરીને ક્ષેત્રકાર્ય દરમ્યિાન લાભાર્થી વ્યક્તિ, જૂથ કે સમુદાયને અણગમતો વ્યક્તિ ના લાગે. વાતની વચ્ચે કે ચર્ચા દરમ્યાન ખૂબ જ સોમ્ય ભાવે પોતાની વાત કે વિચારો મુકવાની કુશળતા સમાજ-કાર્યકરમાં હોવી અનિવાર્ય છે.

(7) **મેનેજમેન્ટલ સ્કિલ્સ:** સમાજ-કાર્યકર સામાજિક જૂથ કાર્ય માટે લોકો સાથે હેતુપૂર્વકના સંબંધો બાંધવાની કુશળતા મેળવવી જોઈએ. કાર્યકરે જૂથને સ્વીકારવાની કુશળતા મેળવવી જોઈએ. જૂથ સાથેના તેના સંબંધો હેતુપૂર્વકના અને વ્યવસાયી વાસ્તવિકતા પર રચાયેલાં હોવાં જોઈએ. સામાજિક કાર્યકરે જૂથના સભ્યોને પરસ્પર ઓળખવામાં અને સ્વીકારવામાં મદદ કરીને સામાન્ય હેતુઓ નક્કી કરવામાં અને હેતુપૂર્વક જ સંબંધો બાંધવા વિષે સજાગ બનાવવા જોઈએ. સામાજિક કાર્યકરે જૂથની કક્ષા નક્કી કરવાની કુશળતા પ્રાપ્ત કરવી જોઈએ. જૂથ કેટલી ઝડપે પ્રગતી કરી શકે તેમ છે તેનું પૃથક્કરણ કરવાની કુશળતા કેળવવી જોઈએ. સમાજ-કાર્યકરે જૂથના સભ્યોને સક્રિય બનાવી આયોજનો કરી નેતૃત્વ કેળવી શકે તેવું આયોજન કરવું જોઈએ. આ તમામ બાબતો મેનેજમેન્ટ સ્કીલનો એક ભાગ છે જેને સમાજ કાર્યકર પોતાના સમાજકાર્ય દરમયાન સામાજિક ક્રિયા અને કુશળતાના સંદર્ભમાં ખ્યાલ કરવો જોઈએ.

(8) **તાલીમ કુશળતા:** સામાજિક કાર્યમાં તાલીમ દ્વારા કુશળતા પ્રાપ્ત કરવી અનિવાર્ય છે. કાર્યકર તાલીમ લીધેલો, અનુભવી અને ક્ષેત્રથી પરિચિત, સહાનુભૂતિ ધરાવતો, તટસ્થ, સંશોધકની

દૃષ્ટિ અને અભિગમ ધરાવનાર, કાર્યકર જૂથની પ્રવૃત્તિઓમાં રસપૂર્વક ભાગ લે, મદદકર્તાનો ભાગ ભજવી શકે, સંકલન કરતા અને માર્ગદર્શક તરીકનો લોકશાહી આગેવાન છે તમામ પાસાંઓની તાલીમા આપી કુશળ કરવા જોઈએ. સમાજ-કાર્યકર પોતાના ક્ષેત્રકાર્ય દરમ્યાન તે પોતાના લાભાર્થીને તાલીમ આપી શકે તેટલો કુશળ હોવો જોઈએ. સામાજિક ક્રિયાના સંદર્ભમાં સમાજકાર્ય દરમ્યાન પોતાના જૂથ, સંગઠન અને લાભાર્થીને સમજાય તે રીતે પોતાની વાત મૂકી શકે તેવી કુશળતા પ્રાપ્ત કરવી જોઈએ.

## 3.7 સામાજિક ક્રિયાના નમૂનાઓ

સામાજિક ક્રિયાના બે પ્રકારો સમાજકાર્યના સંદર્ભમાં પાડવામાં આવ્યા છે એક જનહિત માટે ચુનંદા લોકો દ્વારા શરૂ કે હાથ ધરવામાં આવતી કાર્યવાહી અને પોપ્યુલર કે લોકપ્રિય સામાજિક ક્રિયા. આ બંને પ્રકારોને આધારે સામાજિક ક્રિયાના પેટા નમૂના કે મૉડેલ આપવામાં આવ્યા છે જે નીચે મુજબ છે.

### 3.7.1 જનહિત માટે ચુનંદા લોકો દ્વારા શરૂ કે હાથ ધરવામાં આવતી કાર્યવાહી અંતરગત મોડેલ

કાયદાકીય કાર્યવાહીનું મોડેલ જેમાં પસંદગીના લોકો સમસ્યા સામે લોકોનો અભિપ્રાય બનાવી સામાજિક નીતિમાં ફેરફાર કરવાનો પ્રયાસ કરે છે.મંજૂર મોડેલ કે જેમાં સમાજ માટે લાભ મેળવવા માટે કેટલાંક આર્થિક, સામાજિક, રાજકીય અથવા ધાર્મિકશાસ્ત્રો પર મેળવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. ડાયરેક્ટ શારીરિક મૉડલ આ મૉડેલમાં પસંદગીના વ્યક્તિઓ અન્યાયના કારણો શોધી તેને માટે જવાબદાર લોકો સામે પગલા લઈ સજા કરે છે.

### 3.7.2 લોકપ્રિય સામાજિક ક્રિયા મૉડેલ

વિવેકબુદ્ધિ મોડલમાં શિક્ષણ દ્વારા લોકોમાં જાગૃતિ લાવવાની કલ્પનાઓ કરવામાં આવે છે. સિદ્ધિના વિરોધાભાસને દૂરુપયોગ માટે સંઘર્ષને પ્રોત્સાહન આપતા મોડેલને સત્યશોધન માટેનું તર્કબદ્ધ મોડેલ કહેવામાં આવે છે. જયારે સીધી ગતિશીલતા મોડેલ જેમાં ચોક્કસ મુદ્દાઓ પર કર્મશીલો દ્વારા સમસ્યાના સમાધાન માટે લોકોના ઉદેશો સક્રિય કરવા માટે વિરોધ પ્રદર્શન અને હડતાળા માટે લોકોને એકત્રિત કરવામાં આવે છે.

## 3.8 સામાજિક-કાર્ય પરિબળોમાં સામાજિક ક્રિયાનો ઉપયોગ.

સમાજ-કાર્યકર સમાજકાર્યના ક્ષેત્રોમાં પોતાની સામાજિક ક્રિયાની કુશળતાના માધ્યમથી અનેક રીતે સમાજ ઉપયોગી કાર્ય કરી શકે છે. સામાજિક કાર્યકર તેમના ગ્રાહકોની જરૂરિયાતોને પૂરી કરવામાં વિવિધ પ્રકારની ભૂમિકાઓ ભજવે છે. સંભાળ આપનાર તરીકે તે લોકોને પ્રોત્સાહન આપવાની, રોગનિવારક રીતે સમસ્યાઓવાળા લોકોને સલાહ અને સમર્થન આપે છે. સલાહકાર તરીકે તે વ્યક્તિગત અને જૂથો સાથે તેમની સમસ્યાઓ અને કાર્યક્રમોમાં સહાયતા માટે કાર્ય કરે છે. દલાલ કરીકે તે લોકોને જરૂરી સેવાઓ તેમના સુધી પહોચાંડવા માટે તેમજ વ્યવસ્થાને વધુ ઉપયોગી બનાવવામાં મદદ કરે છે. એક ગતિશીલ તરીકે તે વ્યક્તિગત અને જૂથોમાં નવા સંસાધનો લાવવાનો પ્રયાસ કરે છે. મૂલ્યાંકનકાર તરીકે તે વ્યક્તિગત અને જૂથોની નબળાઈ, શક્તિ, તેમની જરૂરીયાત અને સમસ્યાઓનું મૂલ્યાંકન કરે છે. એડ્વોકેટ તરીકે તેઓ વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા માટે નીતિઓ, યોજનાઓ અને કાયદાના સુધારણા માટે કામ કરે છે. સમાજ-કાર્યકરની સક્ષમ તરીકેની ભૂમિકામાં તે ક્લાયંટને સંક્રમિત તણાવની પરિસ્થિતિનો સામનો કરવા સક્ષમ બનવામાં મદદરૂપ થવાની જવાબદારી સ્વીકારે છે. સમાજ-કાર્યકર ઉદ્દેશ્યની પ્રાપ્તિમાં આવતી વિશિષ્ટ કુશળતામાં આશા પહોંચાડવા, પ્રતિકાર અને દ્વેષ ઘટાડવા, અનુભૂતિઓને ઓળખવા અને મેનેજ કરવા, વ્યક્તિગત શક્તિને ઓળખવા અને તેનું સમર્થન કરવા, સમસ્યાઓને વધુ સરળતાથી ઉકેલી શકાય તેવા ભાગોમાં તોડી નાખવા, લક્ષ્યો પર ધ્યાન કેન્દ્રિત કરવા મદદરૂપ બને છે.

સુવિધા આપનારની ભૂમિકામાં સમાજ-કાર્યકર લોકોને તેમની પ્રવૃત્તિઓ અને સંસાધનોને જોડીને કુશળતા સુધી પહોંચી પરિવર્તનના પ્રયત્નોને ઝડપી કરવાની જવાબદારી છે. સમાજ-કાર્યકર ગતિશીલ

ભૂમિકામાં લોકો અને સંસ્થાઓના પરસ્પર મહત્ત્વના લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે તેમના સંસાધનોને જોડવામાં મદદ કરવા માટે જવાબદારની ભૂમિકા ભજવે છે.સમાજ કાર્યકર ગ્રાહકોને એક સાથે લાવવામાં, તેમના લક્ષ્યો પ્રાપ્ત કરવા માટેના પગલાંઓ સ્પષ્ટ કરીને વધુ ટેકો મેળવવા માટેની યોજનાઓ ઘડીને પરિપૂર્ણ થાય તેવા પ્રયત્નો કરે છે.સમાજ-કાર્યકર શિક્ષણની ભૂમિકામાં ગ્રાહકોને જરૂરી અનુકૂલનશીલ કુશળતા શીખવવાની જવાબદારી નિભાવે છે. સમાજ-કાર્યકર ક્લાયન્ટને સમજી શકાય તે રીતે માહિતી પ્રદાન કરીને સલાહ અને સૂચનો આપીને, વિકલ્પો અને તેના સંભવિત પરિણામોને ઓળખવામાં મદદરૂપ બને છે.સમસ્યા હલ કરવાની રીતો શીખવવા અને સમજને સ્પષ્ટ કરવા સમાજ-કાર્યકરની મહત્ત્વની ભૂમિકા રહેલી છે. સામાજિક કાર્યકરો સામાજિક સમસ્યાઓ અથવા અન્યાય વિશે સામાન્ય લોકોને સજાગ કરે છે અને આ પરિસ્થિતિને દૂર કરવા માટે ટેકો મેળવે છે.સામાજિક કાર્યકરો સંસાધનોને એકત્રિત કરે છે, ગઠબંધન બનાવે છે અને કાયદાકીય કાર્યવાહી કરે છે. નવા કાયદા ઘડવા માટે પ્રયત્ન કરે છે. તેઓ સામાજિક નીતિઓ માટે માર્ગદર્શક બને છે અને સાથે-સાથે નવા ભંડોળ ઊભા કરવા અથવા ભંડોળના પુનઃસ્થાપનોની શરૂઆત કરે છે. સામાજિક કાર્યકર્તા સમુદાયના પ્રશ્નોના નિરાકરણ, સામાજિક અન્યાય નિવારણ અને સામાજિક સુધારણા ઉત્પન્ન કરવા સમુદાય આધારિત પ્રયત્નોને સશક્ત બનાવે છે.

સમાજ-કાર્યકર કુટુંબની સમસ્યાને નિવારવા માટે કેટલાક ઉપાયો કે ભૂમિકા ભજવી શકે છે જેમકે, કુટુંબની વ્યક્તિઓ વચ્ચે અનુકૂલન તથા જવાબદારીની સોંપણી, ભવિષ્ય માટેનું આર્થિક તેમજ કુટુંબ આયોજન, કુટુંબ સલાહ કેન્દ્રો, કાનૂની ઉપાયો વગેરે. સામાજિક સમસ્યાઓના સમાધાન માટે સમાજ કાર્યકર જેતે સમસ્યા અંગે વૈજ્ઞાનિક સંશોધનો કરી તે સમસ્યા સર્જન માટેના કારણો જાણી તેને નિવારવા માટેના પ્રયત્નો કરી શકે છે. જુદીજુદી સ્વૈચ્છિક સંસ્થાઓમાં આ સંદર્ભે અનેક કાર્યો થયાં છે તેમાંથી જ્ઞાન મેળવી સમાજ-કાર્યકર પોતાની ભૂમિકા વધારે સ્પષ્ટ કરી શકે છે. સમાજ-કાર્યકરે સમાજમાં લોકશાહી મૂલ્યોનો ફેલાવો થાય તે માટેની આદર્શ ભૂમિકા ભજવી શકે છે. જેમકે શેરી-નાટકો, શાળા-કોલેજમાં જાગૃતિ કાર્યક્રમ, યુવા-જાગૃતિ ક્લબો, સેમિનાર, જૂથ-ચર્ચા, ક્વીઝ સ્પર્ધા, વર્કશોપ, સિમ્પોઝીયમ, રમતગમત દ્વારા જાગૃતિ, ચિત્ર-સ્પર્ધા, વગેરેના માધ્યમથી લોકશાહી મૂલ્યો પ્રત્યે સમાજ-કાર્યકર મહત્ત્વની સામાજિક-ક્રિયા કરી શકે છે. ભારતમાં સમાજ-સુધારણાનો ઈતિહાસ ઘણો જૂનો છે તેનો અભ્યાસ કરી સમાજ-કાર્યકર પોતાના સમાજ-કાર્યના ક્ષેત્રોમાં નવીનતા લાવી સામાજિક સુધારણાની મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. યુવાનોમાં તમાકુનું વ્યેસન, દારૂનું વ્યસન, બાળ-મજુરી અટકાવવા, મહિલા અત્યાચારો અને ઘરેલું હિંસા રોકવા, સાયબર ક્રાઈમનો ભોગ બનતા લોકોને અટકાવવા, એસીડ એટેક અને બળાત્કારનો ભોગ બનેલ વ્યક્તિને સુરક્ષા અને ન્યાય પ્રદાન કરવામાં સમાજ-કાર્યકર મહત્ત્વની ભૂમિકા અદા કરી શકે છે. ગંભીર બીમારી જેવીકે એઇડ્સ, મેલેરિયા, ટી.બી. અને કોરોના જેવા વાયરસ જાન્ય રોગોથી કેવી રીતે બચાવ કરી શકાય તે બાબતે સમાજ-કાર્યકરે જાગૃતિ ફેલાવી મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે.

## 3.9 તમારી પ્રગતિ ચકાસો

(1) સામાજિક ક્રિયાનું કયું એક તત્ત્વ છે?

(અ) કર્તા (બ) મૂલ્ય

(ક) પરંપરા (ડ) વિચાર

(2) સમાજ-કાર્યકર માટે કઈ એક કુશળતા અનિવાર્ય છે ?

(અ) ધોરણ (બ) હસ્તક્ષેપ

(ક) સંઘર્ષ (ડ) વિરોધ

(3) સમાજકાર્યને કેન્દ્રમાં રાખીને કયો સામાજિક ક્રિયાના સિદ્ધાંતો વિકસ્યા છે

(અ) વિશ્વનીયતા નિર્માણ (બ) કાર્યાત્મકવાદ

(ક) સંઘર્ષવાદ (ડ) વિચારશીલતા

(4) શિક્ષણ દ્વારા લોકોમાં જાગૃતિ લાવવાની કલ્પનાઓ કયા મોડેલમાં કરવામાં આવે છે ?

(અ) શૈક્ષણિક મૉડેલ (બ) સામાજિક મૉડેલ

(ક) કલ્પનાશક્તિ મૉડેલ (ડ) વિવેકબુદ્ધિ મૉડલમાં

(5) સમાજ-કાર્યકરનું સમાજની અપેક્ષા મુજબનું વર્તન એટલે?

(અ) કાર્યકરનું વર્તન (બ) કાર્યકરનો દરજ્જો

(ક) વિશ્વાસ (ડ) કાર્યકરની ભૂમિકા

## 3.10 ઉપસંહાર

સમાજકાર્યને વ્યાવસાયિક સેવા કહેવામાં આવે છે જેમાં વૈજ્ઞાનિક જ્ઞાનની સાથે નિપુણતા અને અનુભવ ઉપર આધાર રાખવામાં આવે છે. સમાજકાર્ય વિશેષ પ્રકારનું જ્ઞાન છે જેનો આધાર માનવીના વ્યવહાર પર અને તે વ્યવહારમાં આવતા પરિવર્તનો પર છે. સમાજકાર્ય જેને સેવા આપવામાં આવે છે તે વ્યક્તિ,જૂથ કે સમુદાયના સ્વાવલંબન પર ભાર મુકે છે. સમાજકાર્યમાં માનવીની મદદ કરવાની ભાવન રહેલી છે માટે તે માનવીના સામાજિક, આર્થિક તેમજ માનસિક પાસાઓને સમજવાનો પ્રયત્ન કરે છે. આ તમામ પાસાઓને ધ્યાનમાં રાખી સમાજકાર્ય દરમ્યાન સમાજ-કાર્યકરે સામાજિક ક્રિયા, આંતરક્રિયા અને કુશળતા સાથે સંકળાયેલ તમામ પાસાઓ અંગે વૈજ્ઞાનિક અભિગમ કેળવી સમાજની સમસ્યાઓના સમાધાન માટે પ્રયત્નો કરવા જોઈએ. આ પ્રયત્નો અને પગલાઓના માધ્યમથી સમાજ-કાર્યકર સમાજના સર્વાંગી વિકાસમાં મહત્ત્વનું પ્રદાન અને યોગદાન આપી શકે છે.

## 3.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

પ્રશ્ન-1-(અ)

પ્રશ્ન-2-(બ)

પ્રશ્ન-3-(અ)

પ્રશ્ન-4-(ડ)

પ્રશ્ન-5-(ડ)

## 3.12 ચાવીરૂપ શબ્દો

**(1) સામાજિક ક્રિયા :** "સામાજિક ક્રિયાનો ચોક્કસ અર્થ આપતા મેક્સ વેબર નિર્દેશ કરે છે કે માનવીની પ્રત્યેક ક્રિયા સામાજિક ક્રિયા નથી, જયારે કર્તા પોતાની ક્રિયાને ભાવનિષ્ઠ અર્થ આપી અન્ય કર્તાઓના વર્તનને ધ્યાનમાં રાખી પોતાના વર્તનને અનુસાર ગોઠવે ત્યારે તેને સામાજિક ક્રિયા કહેવામાં આવે છે."(ડૉ. વાય.એ.પરમાર:2002:232)

**(2) આંતરક્રિયા :** એક વ્યક્તિ જયારે કોઈ અન્ય વ્યક્તિ કે જૂથ સાથે ક્રિયા કરે તેના પ્રતિ-ઉતરમાં સામેવાળી વ્યક્તિ કે જૂથ પ્રતિક્રિયા આપે તેને આંતરક્રિયા કહેવામાં આવે છે. આમ ક્રિયા પ્રતિક્રિયાનો સરવાળો એટલે આંતરક્રિયા

**(3) સમાજ-કાર્યકરની ભૂમિકા :** ભૂમિકા શબ્દ દરજ્જા સાથે સંકળાયેલ છે. સમાજમાં દરેક વ્યક્તિ જુદાજુદા દરજ્જો ધારણ કરે છે આ દરજ્જાઓને અનુરૂપ વ્યક્તિને ભૂમિકા ભજવવાની હોય છે જે સમાજ દ્વારા અપેક્ષિત હોય છે. સમાજ-કાર્યકરના દરજ્જા પર બેઠેલ વ્યક્તિ જયારે સમાજની અપેક્ષા મુજબનું કાર્ય કરે ત્યારે તેને સમાજ કાર્યકરની ભૂમિકા તરીકે ઓળખવામાં આવે છે.

## 3.13 સ્વાધ્યાય લેખન

(1) સામાજિક ક્રિયાનો ખ્યાલ આપી, સામાજિક ક્રિયાના સિદ્ધાંતો સમજાવો.

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

(2) સામાજિક-ક્રિયામાં સામેલ કુશળતાઓ ચર્ચો.

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

(3) સામાજિક-ક્રિયાના નમૂનાઓ જાણવી,સામાજિક કાર્ય પરિબળોમાં સામાજિક-ક્રિયાનો ઉપયોગ સમજાવો.

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

## 3.14 પ્રવૃત્તિ

(1) કોઈપણ એક સામાજિક સમસ્યા સંદર્ભે ફોકસ ગૃપ ડિસ્કશન(સમૂહ કેન્દ્રિત ચર્ચા)નું આયોજન કરી તેનું સંચાલન કરો.

## 3.15 કેસ સ્ટડી

(1) કોઈપણ એક સ્વૈચ્છિક સંગઠનના કાર્યકરોની મુલાકાત લઇ તેમને ક્ષેત્રોમાં સમાજ-કાર્ય દરમ્યાન ઉભી થતી સમસ્યાઓ અંગે જાણકારી મેળવી અહેવાલ તૈયાર કરો

## 3.16 સંદર્ભગ્રંથ

(1) Max Weber (1947) The Theory of Social and Economic Organisation, The Free Press, USA

(2) G.A. Theodorson and G.A. THeodorson, (1969) A Modern Dictionary of Sociology, Barnes & Nobel Books, New York.

(3) કિંબાલ યંગ અને રેમંડ ડબ્લ્યુ મેક,(હિન્દી) સમાજશાસ્ત્રના સિદ્ધાંતો,ઇવાનસ્ટન, ઇલિનોય.

(4) શર્મા વીરેન્દ્ર પ્રકાશ (2000),સિદ્ધાંતિક સમાજશાસ્ત્ર, પંચશીલ પ્રકાશન, જયપુર. (હિન્દી)

(5) હરિકૃષ્ણ રાવત (2007) સમાજશાસ્ત્રીય ચિંતક અને સિદ્ધાંતકાર, રાવત પબ્લિકેશન, જયપુર.(હિન્દી)

(6) હરિકૃષ્ણ રાવત (1986) સમાજશાસ્ત્રીય કોશ, રાવત પબ્લિકેશન, જયપુર.(હિન્દી)

(7) ડૉ. પરમાર વાય.એ. (1986) સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ

(8) ડૉ. પટેલ તારા (1982) કૌટુંબિક સમસ્યાઓ અને નિવારણ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

(9) ઠાકોર જયશ્રી બી. (1974) સામાજિક કાર્યની પદ્ધતિઓ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

(10) દવે હંસાબહેન એમ. (1972) સામાજિક કાર્ય, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

(11) દેસાઈ અક્ષયકુમાર (1960) સમાજ, ખંડ-1, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ(અનુવાદ)

(12) www.guide2socialwork.com

(13) www.wikipedia/socialaction <http://www.wikipedia/socialaction>

BAOU
Education for All

# ડો.બાબાસાહેબ આંબેડકર
# ઓપન યુનિવર્સિટી

જ્યોર્તિમય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે,
છારોડી, અમદાવાદ-૩૮૨૪૮૧
વેબસાઈટ : www.baou.edu.in